ભેટ !

પરોપકારાર્થે સતાં વિભૂતયઃ

શ્રી જૈન હિતોપદેશ

ભાગ ૨—૩ જો.

નીતિ અને વૈરાગ્યના વિષયથી ભરપુર.

શાંતમૂર્તિ મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી શિષ્યાણુ

મુનિ કર્પૂરવિજયજી વિરચિત.

સ્વધર્મી ભાઇઓ બ્હેનોને વાંચવા ભણવા નિમિત્ત.

છપાવી પ્રસિદ્ધ કર્ત્તા.

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ—મ્હેસાણા.

અમદાવાદ

સત્યવિજય પ્રિન્ટીંગ પ્રેસમાં શા. ગીરધરલાલ

હુકમચંદે છાપ્યું.

વીર સંવત્ ૨૪૩૫. સને ૧૯૦૯. વિક્રમ સંવત્ ૧૯૬૫.

કીમત. ૦—૬—૦

પ્રસ્તાવના.

આજ કાલ દુનિયામાં બહુધા જનસ્વભાવનું વલણ સંસ્કૃત અને માગધી ભાષામાં લખાયેલા કઠીન શાસ્ત્રીય વિષયો તરફ ન દોરાતાં સ્વભાષામાં લખાયેલા સરલ વિષયો તરફ દોરાવા લાગ્યું છેઃ તેથી કરીને દિવસે દિવસે શાસ્ત્ર સંબંધી ઉચ્ચ જ્ઞાન હીન, હીનતર થતું જાય છે. જ્યાં સુધી ગુજરાતી ભાષામાં અનેક ગ્રંથો બહાર પડયા નહોતા, ત્યાં સુધી ઉચ્ચ તત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ઉમેદ ધરાવનારાઓ સંસ્કૃત તથા પ્રાકૃત ભાષાઓનો અભ્યાસ કરી તે દ્વારા ઉચ્ચજ્ઞાન મેળવતા હતા; પણ તેવા મનુષ્યો સંખ્યામાં થોડા અને કોઈક ઠેકાણે જોવામાં આવતા. જ્યારે ગુજરાતી ભાષામાં કથારૂપે, નાટકરૂપે, કે તત્ત્વજ્ઞાનરૂપે અનેક ગ્રંથો બહાર પડયા, ત્યારે લોકોનું શાસ્ત્રીય કઠીન ભાષા તરફ દુર્લક્ષ થયું અને તેથી તે દ્વારા ઉચ્ચ તત્વજ્ઞાન મળતું હતું તે બંધ થયું તેથી શાસ્ત્ર સંબંધી ગુઢ રહસ્યોને સ્વભાષામાં બહાર પાડવા જરૂર જણાઈ. વાંચવાનો શોખ વધતો ગયો તેમ તેમ ભિન્ન ભિન્ન વિષયોના પુસ્તકો બહાર પડતા ગયા. પણ તેમાં ધર્મનું સ્વરૂપ સમજાવવાને યોગ્ય ગ્રંથો બહુજ થોડા છે. તેથી જમાનાને અનુસરતી ભાષામાં વધારે પુસ્તકો બહાર પડવાની આવશ્યકતા જણાયાથી અમારા તથા બીજા સજ્જનોના આગ્રહથી મુનિ મહારાજ શ્રી વૃદ્ધિચંદ્રજીના શિષ્ય શાંતમુર્તિ મુનિમહારાજ શ્રી કર્પુરવિજયજીએ મધ્યમ તથા કનિષ્ટ પંક્તિના અભ્યાસીઓને અલ્પ શ્રમે ધર્મતત્ત્વનો બોધ થાય એવા હેતુથી જૈન હિતોપદેશ નામના પુસ્તકની રચના સરલ અને રસીલી ભાષામાં કરી છે. જેનો પહેલો ભાગ અમારા તરફથી અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. તે પુસ્તક વિશેષ પ્રકારે જનપ્રિય થઈ પડયું છેઃ જેના પરિણામે, આ બીજા તથા ત્રીજા ભાગનું

પુસ્તક અમારા વાંચકવર્ગ સમક્ષ મૂકવા અમો ભાગ્યશાળી થયા છીએ.

આ જૈન હિતોપદેશનું પુસ્તક પોતાના નામ પ્રમાણે પોતાનું ગાંભીર્ય મહત્વ અને બોધકત્વ જણાવે છે. વળી આ પુસ્તકનો ક્રમ એવી તો સરલતાથી ગોઠવવામાં આવ્યો છે કે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ટ એ ત્રણે વર્ગના વાંચક અધિકારીઓ સ્વસ્વ બુદ્ધિ અનુસારે નિઃશંકપણે તેનો લાભ લઇ શકશે એ નિર્વિવાદ છે; સિદ્ધાંતરૂપ સમુદ્રને પાર ઉતારવા માટે નૌકા તુલ્ય આ ગ્રંથ રત્નનું એકજવાર અવલોકન કરવાથી તેની ખરી ઉપયોગીતા સજ્જનો સહેજે સમજી શકશે.

શ્રી જૈન હિતોપદેશ ભાગ ૨ જાની શરૂઆતમાં મગલાચરણરૂપે સાંપ્રતકાળમાં વિચરતા શ્રી સીમંધર જીનની સ્તુતિ કઠિણ શબ્દની ફુટનોટ સાથે આપ્યા બાદ શ્રી ગણેંદ્ર મુનિ વિરચિત સુભાષિત રત્નાવળી ગ્રંથમાંથી ધર્મ નીતિ અને શુભ વ્યવહારને ઉપયોગી જુદા જુદા ૪૫ વિષયો ઉપર સ્ફુટપણે વિવેચન કર્યું છે. ઉક્ત વિષયોનું અત્ર દિગ્દર્શન કરવા કરતાં એકજ વખત તેને વાંચી મનન કરવાનું કામ અમો વાંચકવૃંદનેજ સોંપીએ છીએ. ત્યાર પછી સુમતિ અને ચારિત્ર રાજના સુખદાયક સંવાદમાં પતિત ચારિત્ર ધારીને પંચ મહાવ્રતમાં પુનઃ સ્થિર કરવા માટે કરેલો રસિક બોધ નોવેલરૂપે આપેલ છે. પછી ' ધર્મની કુંચી ' એ વિષયમાં ધર્મરત્નને લાયક જીવના ગુણાનું પ્રથમ સામાન્યથી અને પછી વિશેષથી વિવેચન આપ્યું છે અને અંતમાં પરમાત્મ છત્રીસી અને અમૃતવેલીની સઝાય આપવામાં આવીછે.

શ્રી જૈન હિતોપદેશ ભાગ ત્રીજામાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વિરચિત શાસન નાયક વીરાધિવીર શ્રી વર્દ્ધમાન જીનના સ્તોત્રનો સારાંશ, મંગલાચરણરૂપે આપીને પ્રથમ જ્ઞાનસાર સૂત્ર (અષ્ટકજી)ના મૂળ શ્લોકો તેના રહસ્યાર્થ સાથે આપેલ છે જે એવી તો સરલતાથી સ્ફુટપણે લખાયેલ છે કે સાધારણ જ્ઞાનવાળાને

પણ તે સહજ રીતે સમજમાં આવી શકે તેમ છે. પછી વૈરાગ્ય સાર અને ઉપદેશ રહસ્ય એ નામના વિષયમાં વૈરાગ્ય અને ઉપદેશમય બાબતનો સારો સમાવેશ કરવામાં આવ્યો છે. ત્યાર પછી આધ્યાત્મિક વિષયની પુષ્ટીકારક અધ્યાત્મ ગીતા, સંયમ, બત્રીસી અને ક્ષમા છત્રીશીકઠીન શબ્દની ફુટનોટ સાથે આપી ગ્રંથની સમાપ્તી કરવામાં આવી છે.

દરેક જૈનશાળાના બાળકોને ક્રમસર વાંચનમાળા ચલાવવાની આવશ્યકતા આપણી કોન્ફરન્સ તરફથી જે સ્વીકારવામાં આવી છે તે વાંચનમાળાની ગરજ આ પુસ્તકનો પહેલેથી ક્રમસર અભ્યાસ કરવાથી કેટલાક અંશે સરશે એમ અમારૂં નિષ્પક્ષપાતપણે માનવું છે. તેથી તેનો ઘટતો ઉપયોગ કરવા અમે સહુ સજ્જનોને સાગ્રહ વિજ્ઞપ્તિ કરીએ છીએ.

આ ગ્રંથની પ્રથમાવૃત્તિની દોઢ હજાર નકલ છતાં છ માસમાં તે ખપી જવાથી આ બીજી આવૃત્તિ છપાવવાની અમારે જરૂર પડી છે. ઘણીજ ટુંક મુદતમાં પુસ્તકની મોટા જથામાં માગણી થવી એ પુસ્તકની મહત્વતા પ્રગટ દર્શાવે છે. આ ગ્રંથ ભારતવર્ષીય સર્વ મતાનુયાયી જનોને અત્યંત ઉપયોગી થઇ પડયો છે તે તેની પ્રથમ આવૃત્તિ ઉપરથી જણાઇ આવેલ છે.

પૂજય મુનિશ્રીના પ્રયાસ માટે અમે અંતઃકરણથી આભાર માનવા સાથે ઉક્ત ગ્રંથરત્નનો લાભ લેઇ તેઓ સાહેબના પરિશ્રમને સર્વ ભવ્યાત્માઓ સાર્થક કરો એમ ઇચ્છી અત્ર વીરમીએ છીએ.

આ ગ્રંથ છપાવવાને આશ્રયદાતા, સદ્‌ગૃહસ્થોનો અંતઃકરણથી આભાર માની તેમનું અનુકરણ કરવા અન્ય ધનિકોને નમ્રવિજ્ઞપ્તી કરીએ છીએ. ઇતિશમ્

લી. પ્રસિદ્ધ કર્તા.

અનુક્રમણિકા,

શ્રી જૈનહિતોપદેશ ભાગ ૨ જો.

૧ સદ્ભાષિતાવળી.... .... ૫ થી ૧૦૮

૧ શિષ્ટ સેવિત સન્માર્ગનું સેવનકર ૧૦
૨ શિષ્ટ નિંદિત પાપ કાર્યનો પરિહાર કર.... ૧૧
૩ નિર્મળ શ્રદ્ધાન કર ૧૨
૪ મિથ્યાત્વનો ત્યાગ કર.... .... ૧૪
૫ સમ્યગ્ જ્ઞાનનું સેવન કર ૧૬
૬ સદાચારનું સેવન કર.... .... ૧૮
૭ ઇંદ્રિયોનું દમન કર ૧૯
૮ સ્ત્રીનો સંગ-પરિચય તજ ૨૦
૯ વિષય રસનો ત્યાગ કર.... ... . ૨૩
૧૦ શ્રી વીતરાગ દેવની ભક્તિ કર.... .... ૨૪
૧૧ સદ્ગુરૂનું સેવન કર ૨૫
૧૨ તપ કરવામાં યથાશક્તિ પ્રયત્ન કર ૨૬
૧૩ જીહ્વાને વશ કર ૨૮
૧૪ રાગ દ્વેષનો ત્યાગ કર.... .... ૩૦
૧૫ ક્રોધાદિક કષાયને દૂર કર ૩૨
૧૬ અહિંસા વ્રતનો આદર કર ૩૫
૧૭ સત્ય વસ્તુનું પાલન કર ૩૭
૧૮ અદત્તનો ત્યાગ કર ૩૯

૧૯ બ્રહ્મચર્યનું સેવન કર.... .... ૪૦
૨૦ પરિગ્રહ મૂર્છાનો પરિહાર કર.... .... ૪૨
૨૧ વૈરાગ્ય ભાવ ધારણ કર.... .... ૪૪
૨૨ ગુણી જનોનો સંગ કર.... .... ૪૬
૨૩ શ્રી વીતરાગને ઓળખી વીતરાગનું સેવન કર. ૪૭
૨૪ પાત્રાપાત્રને સમજી સુપાત્રે દાન દે. ૪૯
૨૫ જરૂર જણાય ત્યાંજ જિનાલય જયણાથી કરાવવું. ૫૦
૨૬ નિર્મળ ભાવનાઓ ભાવ ૫૨
૨૭ રાત્રીભોજનનો ત્યાગ કર ૫૪
૨૮ મોહ માયાને તજીને વિવેક આદર ૫૬
૨૯ ખોટી મમતાનો ત્યાગ કર ૫૭
૩૦ સંસારસાયરનો પાર પામવા પ્રયત્ન કર.... ૫૯
૩૧ ધૈર્યને ધારણ કર. ૬૧
૩૨ દુઃખદાયી શોકનો ત્યાગ કર..... .... ૬૫
૩૩ મનનો મેલ દૂર કર, ... ૬૭
૩૪ માનવ દેહની સફળતા કરી લે ૭૧
૩૫ પ્રાણાન્તે પણ વ્રત ભંગ કરીશ નહિ.... ૭૩
૩૬ મરણ વખતે સમાધિ સાચવવા ખૂબ લક્ષ રાખજે. ૭૬
૩૭ આ ભવ પરભવ સંબંધી ભોગાશંસા કરીશ નહિ. ૭૮
૩૮ સ્વકર્તવ્ય સમજીને સ્વપરહિત સાધવા તત્પર રહે. ૮૦
૩૯ પંચ પરમેષ્ઠિ મહામંત્રનું નિરંતર સ્મરણ કર ૮૬
૪૦ ધર્મ રસાયણનું સેવન કર ૮૮
૪૧ વૈરાગ્ય ભાવથી લક્ષ્મી વિગેરે ક્ષણિક પદાર્થો—
નો મોહ તજી દે ૯૦

૪૨ સારભૂત એવા સદ્‌વિવેકનું જ સેવન કર.... ૯૭
૪૩ ધર્મરૂપી સંબલ બને તેટલું સાથે લઇ લે. ૯૯
૪૪ મનુષ્ય ભવ ફરી ફરી મળવો મુશ્કેલ છે એમ
સમજી શીઘ્ર સ્વહિત સાધિ લે ૧૦૦
૪૫ પુરૂષાર્થ વડેજ સર્વ કાર્ય સિદ્ધ થાય છે માટે
પુરૂષાર્થનેજ અંગીકાર કર. ૧૦૩
૨ સુમતિ અને ચારિત્ર રાજનો સુખદાયક સંવાદ. ૧૦૯ થી ૧૪૫
૩ ધર્મરત્નની પ્રાપ્તિને માટે અવશ્ય પ્રાપ્ત કરવા યો-
ગ્ય ગુણો અથવા ધર્મની ખરી કુંચી .... ૧૪૬ થી ૧૫૭
૪ ધર્મની દશ શિક્ષા ૧૫૮
૫ પરમાતમ છત્રીશી ૧૬૦
૬ અમૃતવેલીની સઝાય ૧૬૩

શ્રી જૈનહિતોપદેશ ભાગ ૩ જો.

૧ હેમચંદ્રાચાર્ય વિરચિત મહાવીર જીનસ્તોત્ર.... ૧ થી ૬
૨ જ્ઞાનસાર સૂત્ર .... ૭ થી ૧૨૧
૩ વૈરાગ્ય સારને ઉપદેશ રહસ્ય ૧૨૨
૪ અધ્યાત્મ ગીતા ૧૬૦
૫ ક્ષમા છત્રીશી ૧૬૬
૬ યતિ ધર્મ બત્રીશી ૧૭૦

શુદ્ધિપત્રક–ભાગ બીજો.

પૃષ્ઠ.	લીંટી.	અશુદ્ધ	શુદ્ધ.
૧૦	૩	त्यंज	त्यज
૧૨	૧૨	दोषोष्भितः	दोषोज्झितः
૨૦	૨૦	મમમાં	મર્મમાં
૨૩	૩	લોક્રમાં	લોકમાં
૩૭	૫	તથા	તેથી
૩૯	૧૫	દરવાનો	કરવાનો
૯૫	૧૮	ચરાચર જ્યોતિષ્ ચક્ર	તીર્ચ્છા લોકમાંજ એમનો સમાવેશ થાય છે એમ સમજવું
,,	૨૦	વ્યંતરવાણુવ્યંતર	
૧૪૩	૨૩	દેનારા	દેનારાકર્મ
૧૪૭	૧૦	સાૈમ્ય	સોમ્ય
૧૫૩	૨૩	સેવાવાળો	સેવવાવાળો
૧૫૧	૨૧	તેથી	તેની

જૈન હિતોપદેશ ભાગ ત્રીજો.

૧૭	૧૬	ववतु	वक्तु
૨૦	૮	मज्जत्यज्ञ	मज्जत्यज्ञः
૨૩	૪	शल	शैल
૩૧	૧૨	आतम	आत्मा
૪૦	૩	वेष्मनि	वेश्मनि
૪૦	૧૫	क्राया	क्रिया
૪૨	૨૨	અનુકૂ	અનુકૂલ
૫૦	૮	शक्नोति	श क्नोति
૯૧	૧૧	એક	એકતો
૧૦૫	૧૨	જેવો	જેવી

मंगलाचरणरूप.

શ્રી સીમંધર[1] જિન—સ્તુતિ.

પ્રભુ નાથ તું તિર્યલોકનો,[2] પ્રત્યક્ષ ત્રિભુવન ભાણુ;
સર્વજ્ઞ સર્વદર્શી[3] તુમે, તુમે શુદ્ધ સુખની ખાણુ જિનજી
વિનતી છે એહ. ૧

પ્રભુ જીવ જીવન ભવ્યના, પ્રભુ મુઝ જીવન પ્રાણુ;
તાહરે દર્શને સુખ લહું, તુંહિ જગત સ્થિતિ [illegible]ણુ. જિ૦ ૨
તુજ વિના હું બહુ ભવ ભમ્યો, ધર્યા વેશ અનેક;
નિજ ભાવને પરભાવનો, જાણ્યો નહી સુવિવેક. જિ૦ ૩

ધન્ય તેહ જે નિત્ય [4]પ્રહસમે, દેખે જે જિન મુખ ચંદ;
તુજ વાણી અમૃત રસ લહી, પામે તે પરમાનંદ. જિ૦ ૪
એક વચન શ્રી જિનરાજનો, નયગમ[5] ભંગ પ્રમાણુ;
જે સુણે રુચિથી તે લહે, નિજ તત્ત્વ સિદ્ધિ અમાન. જિ૦ ૫

જે ક્ષેત્ર વિચરો નાથજી, તે ક્ષેત્ર અતિ સુપસથ્થ;[6]
તુજ વિરહ જે ક્ષણુ જાય છે, તે માનીયેં અકયથ્થ[7]. જિ૦ ૬
શ્રી વીતરાગ દર્શન વિના, વીત્યો જે કાલ અતીત[8];
તે અફળ મિચ્છા દુક્કડં, તિવિહં તિવિહની રીત. જિ૦ ૭
પ્રભુ વાત મુજ મનની સહુ, જાણોજ છો જિનરાજ;

---

૧ મહાવિદેહ ક્ષેત્રમાં વિચરતા જિનવર. ૨ ત્રણ લોકનો. ૩ સર્વ વસ્તુને સર્વથા સાક્ષાત દેખવાવાળા. ૪ પ્રભાત સમયે. ૫ નૈગમાદિક સાત નયો. ૬ સુંદર મંગલકારી. ૭ અકૃતાર્થ-નિષ્ફળ. ૮ ગયેલો કાળ.

સ્થિર ભાવ જો તુમચો[1] લહું, તો મિલે[2] શિવપુર સાથ[3]. જિ૦ ૮
પ્રભુ મિળે હું સ્થિરતા લહું, તુજ વિરહે ચંચળ ભાવ;
એકવાર જો તન્મય[4] રમું, તો કરૂં અચલ સ્વભાવ. જિ૦ ૯
પ્રભુ અછો ક્ષેત્ર વિદેહમાં, હું રહું ભરત મઝાર;
તો પણ પ્રભુના ગુણ વિષે, રાખું સ્વચેતન સાર. જિ૦ ૧૦
જો ક્ષેત્ર ભેદ ટળે પ્રભુ, તો સરે સઘળાં કાજ;
સન્મુખ ભાવ અભેદતા. કરી વરૂં આતમરાજ. જિ૦ ૧૧
પર પુંઠ ઇહાં જેહની, એવડી જે છે સ્વામ;[5]
હાજર હજૂરી તે મળે, નીપજે તે કેટલો કામ. જિ૦ ૧૨
ઇંદ્ર ચંદ્ર નરેંદ્રનો, પદ ન માગું તિલ માત્ર;
માગું પ્રભુ મુજ મનથકી, ન વીસરો ક્ષણ માત્ર. જિ૦ ૧૩
જ્યાં પૂર્ણ સિદ્ધ સ્વભાવની, નવી કરી શકું નિજ રિદ્ધ[6];
ત્યાં ચરણ શરણ તુમારડો, એહિજ મુજ નવનિધ[7]. જિ૦ ૧૪
મ્હારી પૂર્વ વિરાધના,[8] યોગે પડયો એ ભેદ;
પણ વસ્તુ ધર્મ વિચારતાં, તુજ મુજ નહિં છે ભેદ. જિ૦ ૧૫
પ્રભુ ધ્યાન રંગ અભેદથી, કરી આત્મભાવ અભેદ;
છેદી વિભાવ[9] અનાદિનો, અનુભવું સ્વસંવેદ.[10] જિ૦ ૧૬
વિનવું અનુભવ મિત્રને, તું ન કરીશ પર રસ ચાહ[11]
શુદ્ધાત્મ રસ રંગી[12] થઇ, કરી પૂર્ણ શક્તિ અબાહ[13]. જિ૦ ૧૭
જિનરાજ સીમંધર પ્રભુ, તેં લહ્યો કારણ શુદ્ધ;

---

૧ તમારો–તમારી જેવો. ૨ મળે–પ્રાપ્ત થાય. ૩ મોક્ષ સહાયી, અંતે સખાઇ. ૪ ભેદભાવ રહિત. ૫ સ્વામી, ૬ રિદ્ધિ. ૭ નિધિ. ૮ કસૂર. ૯ વિરૂદ્ધ ભાવ, વિષય કષાયાદિ. ૧૦ સ્વરૂપ–આત્મભાવ, આત્મ દર્શન–સાક્ષાત્કાર. ૧૧ ચાહના અભિલાષા. ૧૨ નિર્મળ સ્વભાવમાં મગ્ન. શાન્તરસ નિમગ્ન ૧૩ અબાધ–વિઘ્ન રહિત.

હવે આત્મ:સિદ્ધિ નિપાવવી, શી ઢીલ કરીએ બુદ્ધ. જિ૦ ૧૮
કારણે કાર્ય સિદ્ધિનો, કરવો ઘટે ન વિલંબ;
સાધવી પૂર્ણાનંદતા[૧], નિજ કર્તૃતા અવિલંબ. જિ૦ ૧૯
નિજ શક્તિ પ્રભુ ગુણમાં રમે, તે કરે પૂર્ણાનંદ;
ગુણગુણી ભાવ અભેદથી, પીજીયે શમ-મકરંદ[૨]. જિ૦ ૨૦
પ્રભુ સિદ્ધ બુદ્ધ મહોદયી[૩], ધ્યાને થઇ લયલીન[૪];
નિજ દેવચંદ્ર પદ આદરે, નિત્યાત્મ[૫] રસ સુખ પીન[૬]. જિ૦ ૨૧

ઇતિ.

---

૧ સ્વભાવ પૂર્ણતા. ૨ શાન્તરસ. ૩ મહા ભાગ્યવંત. ૪ એકાગ્ર. ૫ સહજ સ્વભાવ-પરમાત્મ ભાવ. ૬ પુષ્ટ મત્ત.

सुभाषित रत्नावली.

પ્રસ્તાવના.

વિદીત થાયકે 'સુભાષિત રત્નાવલી' નામનો એક સંસ્કૃત પદ્યાત્મક ગ્રંથ શ્રી ગણેંદ્ર કૃત પ્રથમ મારા જોવામાં આવ્યો. તેની ફક્ત એકજ પ્રત મળવાથી અને તે પણ અત્યંત અશુદ્ધ હોવાથી ઉક્ત ગ્રંથના મૂળ સાથે તેનું ભાષાંતર કરવા જે પ્રથમ વિચાર પ્રભવ્યો હતો તે તેવા રૂપમાં અમલમાં મૂકી શકાયો નહિ. પરંતુ તેની શરૂઆતમાં સાર રૂપે જે શ્લોકો દાખલ કર્યા છે તે સાથે થોડાક બીજા શ્લોકોનું ભાષાંતર આદિમાં કાયમ રાખીને બાકીના વિષયોનું વિવેચન કંઇક સ્વતંત્ર રીતે સ્વક્ષયોપશમાનુસારે કરવું દુરસ્ત ધારી ઉક્ત ગ્રંથમાં કહેવા ધારેલા વિષયો પૈકી બની શકયા તેટલા લગભગ ૪૫ વિષયો દાખલ કરવામાં આવ્યા છે. વર્ત્તમાન સમયને અનુસારે જિજ્ઞાસુ ભાઇ બ્હેનોને ઉક્ત વિષયો સંબંધી સંક્ષેપથી બોધ પૂર્વક શુભ ક્રિયા રૂચિની વૃદ્ધિ થાય અને એમ યથાશક્તિ જ્ઞાન અને ક્રિયાના સંમેલનથી વીતરાગ પ્રભુની પવિત્ર આજ્ઞાનુસાર સ્વહિત આચરવા તેઓ સમર્થ થાય એવી સદ્બુદ્ધિથી પ્રેરાઇને આ પ્રસ્તુત પ્રયત્ન કરવામાં આવ્યો છે. આવા શુભાશયયુક્ત પ્રયત્નની સાર્થકતા કરવા ભવ્ય ભાઈ બ્હેનોને કંઇક સાગ્રહ ભલામણ કરૂં તો તે કંઈ ખોટું કહેવાશે નહિ. વર્તમાનકાળે કંઇક જાગૃત થતી જિજ્ઞાસા સ્વક્ષયોપશમાનુસાર લખી તે જિજ્ઞાસુ વર્ગ સમક્ષ મૂકવાને જેમ હું સ્વકર્તવ્ય સમજું છું તેમ તેનો યથાશક્તિ આદર કરવા રૂપ નિજ કર્તવ્ય કરવાને કૃતજ્ઞ ભાઇ બ્હેનો ચૂકશે નહિ એમ સમજીને પ્રસ્તુત ગ્રંથ સંબંધી પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું.

શુભંસ્યાત્ સર્વ સત્ત્વાનામ્. સન્મિત્ર કર્પૂરવિજય.

श्री जैनहितोपदेश भाग २जो.

सद्भाषितावली.

श्री गणेन्द्रै र्विरचिता.

पीठिका.

जिनाधीशं नमस्कृत्य, संसारांबुधितारकं ॥
स्वान्यस्य हित मुद्दिश्य, वक्ष्ये सद्भाषितावलीम् ॥१॥
धर्मत्वं कुरु दुस्त्यजं त्यज महापापं बुधै र्निदितं,
सम्यक्त्वं भज शर्मदं त्यज महामिथ्यात्व मूलंच वै ॥
सच्छास्त्रं पठ वृत्त माचर जयं पंचेन्द्रियाणां च भो,
नारी संगमपि स्वयं त्यज सदा कामं कलंकास्पदम् ॥२॥
दृष्ट्वा स्त्री सुशरीर रूपमतुलं मध्ये विचारं कुरु,
श्री तीर्थेश्वर पाद सत्कमलयोः सेवां सदा सद्गुरौ ॥
बाह्याभ्यंतर सत्तपः कुरु सदा जिह्वां वशे चानय,
भ्रात स्त्वं त्यज द्वेष राग सहितान् सर्वान् कषायांश्चवै।३।
सर्वेषु जीवेषु दयां कुरुत्वं, सत्यंवचो ब्रूहि धनं परेषां ॥

वाऽब्रह्म सेवां त्यज सर्वकालं, परिग्रहं मुञ्च कुयोनिद्वारं ।४।
वैराग्य सारं सज सर्वकालं, निर्ग्रंथ संगं कुरु मुक्ति बीजं ॥
विमुच्य संगं कुजनेषु मित्र, देवार्चनं त्वं कुरु वीतरागे ।५।
दानं त्वं कुरु पात्रसारमुनय चैत्यालयं भावनां,
रात्रौ भोजनवर्जनं त्यज महागार्हस्थ्यभावं सुहृद् ॥
देहं त्वं त्यज भोग सारमपिवै संसार पारं व्रज,
धीरत्वंकुरु मुंच शोकमशुभं शौचं च नीरंविना ॥६॥
सारं त्वं कुरु देहमेव सफलं धृत्वा व्रतं मा त्यज,
सन्यासे मरणं च भोगविषये चाशामिहाऽमुत्र च ॥
मध्यस्थं हितमेव जाप्य जपनं रोगस्य निर्नाशनं,
जीवस्या शरणं चलंच विभवं सारं विवेकं भज ॥७॥
संबलं कुरु वै धर्मं, मानुष्यं दुर्लभं भवेत् ॥
अयोग्यं च परित्यज्य, मुक्ति योग्यं समाचर ॥ ८ ॥

॥ इति पीठिका ॥

सुभाषित रत्नावली मुख प्रवेश.

સંસાર સમુદ્રથી તારણહાર શ્રી જિનેશ્વર દેવને નમસ્કાર કરી સ્વપરના હિતને માટે હું સુભાષિત રત્નાવળીની વ્યાખ્યા કરૂં છું. ૧

ભોભદ્ર! તું ધર્મ આચરણ કર, જ્ઞાનીએ નિંદેલાં મહા-પાપનો ત્યાગ કર, સુખદાયી સમકીતનું સેવન કર, મહા દુઃખ-દાયી મિથ્યાત્વનો ત્યાગ કર, ઉત્તમ જ્ઞાનનો અભ્યાસ કર, વ્રતનું સેવન કર અને પાંચે ઇંદ્રિયોનું દમન કર, સ્ત્રીના સંગનો પણ ત્યાગ કર, તેમજ સદોષ કામ સેવાનો સર્વદા ત્યાગ કર. ૨

સ્ત્રી સંબંધી સુંદર દેહનું અતુલ રૂપ દેખીને ભોભદ્ર! તું મનમાં નિર્દોષ વિચાર કર. શ્રી તીર્થંકર દેવનાં ચરણકમળની સેવા કર, સદ્‌ગુરૂની સદા ભક્તિ કર. બન્ને પ્રકારના શુદ્ધ તપનું સેવન કર. અને જીભને વશ કર, તેમજ હે ભાઇ! રાગ દ્વેષ. સહિત સર્વ કષાયનો તું (કાળજીથી) ત્યાગ કર. ૩

હે ભદ્ર! તું સર્વે જીવોમાં દયા ભાવ રાખ્ય, સત્ય વાણી વદ, પરધન અને અબ્રહ્મ સેવાનો સર્વથા ત્યાગ કર, તેમજ દુ-ર્ગતિદાયક પરિગ્રહ મૂર્ચ્છાને ત્યજ. ૪

સર્વદા શ્રેષ્ઠ વૈરાગ્યને ભજ; મુક્તિદાયક નિર્ગ્રંથ મુનિનો સંગ કર, અને દુર્જનોનો સંગ ત્યજી દે, હે મિત્ર! તું :વીતરાગ દેવની ભાવથી ભક્તિ કર. ૫

વળી પાત્રાપાત્રનો વિવેક રાખીને તું દાન દે, જિન ચૈત્ય કરાવ, રૂડી ભાવના ભાવ્ય, રાત્રિભોજનનો ત્યાગ કર, તેમજ હે મિત્ર, તું સંસારિક મોહને ત્યજી દે; કેવળ ભોગના સાધનરૂપ

એવા દેહની મૂર્છા ત્યજ, અને સંસારનો પાર પામ. તેમજ ધીરપણું ધારણકર, દુઃખદાયી શોકનેત્યજ અને મનનો મેલ દૂર કર. ૬

શ્રેષ્ઠ એવો માનવ દેહ પામીને સારાં વ્રત નિયમ પાળી તેને સફળ કરવો, વ્રત ભંગ નહિ કરવો; સમાધિવાળું મરણ કરવું, આ ભવ પરભવ સંબંધી ભોગાશંસા તજી દેવી; મધ્યસ્થ રહી સ્વપર હિત સાધવું, પરમેષ્ઠિનો જાપ જપવો; ધર્મ રસાયણ સેવવું, વૈરાગ્ય ભાવના ભાવવી, લક્ષ્મી વિગેરે ક્ષણિક વસ્તુ ઉપરથી મોહ ત્યજી દેવો અને સારભૂત એવા વિવેકને ભજવો. ૭

હે સુભગ ! તું ધર્મરૂપી સંબલ (ભાતું) સાથે લઇલે, ફરી ફરી મનુષ્યભવ પામવો દુર્લભ છે, માટે અયોગ્ય આચરણ ત્યજી દઈ જેથી જન્મમરણનો અંત આવે એવું યોગ્ય આચરણ સેવીલે. ૮

" ઇતિ પ્રસ્તાવના. "

धर्म कुरु.

धर्मं करोति यो नित्यं, स पूज्य स्त्रिदशेश्वरैः ॥
लक्ष्मीस्तं स्वयमायाति, भुवन त्रय संस्थिता. ॥९॥
धर्मवतोहि जीवस्य, भृत्यः कल्पद्रुमो भवेत् ॥
चिंतामणिः कर्म करः, कामधेनुश्च किंकरी. ॥ १० ॥
धर्मेण पुत्र पौत्रादि, सर्वं संपद्यते नृणां; ॥
गृह वाहन वस्तूनि, राज्यालंकरणानि च. ॥ ११ ॥

वरं मुहूर्त मेकंच, धर्म युक्तस्य जीवितं ॥
तद्धीनस्य वृथा वर्ष, कोटा कोटि विशेषतः ॥ १२॥
यम दम समयातं, सर्व कल्याण बीजं ॥
सुगति गमन हेतु, तीर्थनाथैः प्रणीतं; ॥
भवजलनिधिपोतं, सार पाथेय मुच्चै,
स्त्यज सकल विकारं, धर्ममाराधय त्वम्. ॥ १३ ॥

पापंत्यज.

पापं शत्रुं परं विद्धि, श्वभ्र तिर्यग्गतिप्रदं ॥
रोग क्लेशादि भांडारं, सर्व दुखाकरं नृणाम् ॥ १४ ॥
जीवंतोऽपि मृता ज्ञेया, धर्म हीनाहि मानवाः ॥
मृता धर्मेण संयुक्ता, इहा मुत्र च जीविताः ॥१५॥
पापवतो हि नास्त्यस्य, धन धान्य गृहादिक ॥
वस्त्रालंकार सद्वस्तु, दुःख क्लेशानि संति च ॥ १६ ॥
मित्र शत्रू च विज्ञेयौ, पुण्य पापे शरीरिणां ॥
जीवेन व्रजतः सार्धं, सुखदुःखफलप्रदौ ॥ १७ ॥
सकल भव निदानं, रोग शोकादि बीजं ॥
नरक गमन हेतु सर्व दारिद्र मुलम् ॥

इह परभव शत्रुं, दुःख दानैक दक्षं ॥
त्यंज मुनिवर निन्द्यं पाप बीजं समस्तम् ॥ १८ ॥

૧ શિષ્ટ સેવિત સન્માર્ગનું સેવન કર.

જે નિત્ય સ્વકર્તવ્ય સમજીને સન્માર્ગનું સેવન કરે છે તે ઇંદ્રોને પણ માન્ય થાય છે, અને સકલ લક્ષ્મી તેને સ્વયં આવી મળે છે. પુન્યશાળીને પગલે પગલે નિધાન છે. ૯

સન્માર્ગગામી ધર્મી જીવને કલ્પવૃક્ષ સેવક થઇને રહે છે, ચિંતામણિરત્ન તેનું ચિંતિત કાર્ય સાધી આપે છે, અને કામધેનૂ તેના સકલ મનોરથ પૂરે છે. ૧૦

ધર્મ સેવનવડે પ્રાણીઓને પુત્ર પૌત્રાદિક પ્રાપ્ત થાય છે તેમજ રાજ્યના અલંકારભૂત એવાં ઘર વાહન વિગેરે વસ્તુઓ પણ સહજે મળે છે. ૧૧

ધર્મે કરીને યુક્ત એવા જીવનું બે ઘડી જેટલું પણ જીવતર લેખે છે, અને ધર્મહીન જીવનું તો કોટા કોટી કલ્પ સુધીનું પણ જીવન નકામું છે. ૧૨

તે માટે હે ભવ્ય ! યમ–મહાવ્રતાદિ અને દમ–ઇંદ્રિયદમન આદિથી યુક્ત, સર્વ કલ્યાણનું મૂળ કારણ, સદ્‌ગતિ ગમનનું હેતુ, ભવ સમુદ્રથી પાર પમાડવાને પ્રવહણ તુલ્ય અને ભવાન્તરમાં સાર શંબલરૂપ એવા ઋષભાદિક તીર્થનાથોએ પ્રગટ કરેલા ધર્મનું તું સર્વવિકાર રહિતપણે સેવન કર. ૧૩

૨ शिष्ट निंदित पाप कार्यनो परिहार कर.

પ્રાણીયોને નર્ક તિર્યંચ ગતિ આપનાર, રોગ શોકાદિ દુઃખના નિધાન, અને સકલ કલેશનાં સ્થાનરૂપ પાપને તું પરમ શત્રુ સમજ. ૧૪

ધર્મહીન માનવોને જીવતા છતાં પણ મુઆ માનવા, અને ધર્મે કરી યુકત માનવો મુઆ છતાં આલોક અને પરલોકમાં જીવતાજ જાણવા. ૧૫

પાપવંત પ્રાણીને ધન ધાન્ય ગૃહાદિક તથા વસ્ત્ર અલંકારાદિક શુભવસ્તુ પ્રાપ્ત થઈ શકતી નથી, તેને તો કેવળ દુઃખ અને કલેશજ પ્રાપ્ત થાય છે. ૧૬

પુણ્ય અને પાપ પ્રાણીયોના મિત્ર અને શત્રુ છે, એમ જાણવું, કેમકે સુખ દુઃખ ફળને આપનારા તે બંને પ્રાણીની સાથેજ જાય છે. ૧૭

ભવ ભ્રમણના નિદાનરૂપ અને રોગ શોકાદિકના બીજ રૂપ નર્ક ગમનના હેતુ રૂપ અને સર્વ દારિદ્રના મુળરૂપ આ ભવ અને પરભવના શત્રુરૂપ અને દુઃખ દેવામાં એક્ક્ષારૂપ એવાં સમસ્ત પાપનાં નિંદ્ય કારણોને હે સુવ્રત ! તું તજીદે. સમસ્ત પાપકાર્યથી તદ્દન અલગા રહેવું એજ સાર છે. ૧૮

सम्यक्त्वं भज.

सम्यग् दर्शन संशुद्धः सत्य मानुच्यते बुधैः ॥
सम्यक्त्वेन विना जीवः पशुरेव न संशयः ॥ १९ ॥

सम्यक्त्व युक्त जीवस्य, हस्ते चिंतामणिर्भवेत् ॥
कल्पवृक्षो गृहे तस्य, कामगव्य नुगामिनी ॥ २० ॥
सम्यक्त्वाऽलंकृतो यस्तु, मुक्ति श्री स्तं वरिष्यति ॥
स्वर्गश्रीः स्वय मायाति, राज लक्ष्मी सुखी भवेत् ।२१।
यत्र कुत्रापि सद् दृष्टिः पूज्यः स्याद्भुवनैरपि ॥
सम्यक्त्वेन विना साधुः निन्दनीयः पदे पदे ॥ २२॥
सकल सुख निधानं, धर्म वृक्षस्य बीजं ॥
जनन जलधि पोतं, भव्य सत्त्वैकपात्रं ॥
दुरित तरु कुठारं, ज्ञान चारित्र मूलं ॥
त्यज सकल कुधर्मं, दर्शनं त्वं भजस्व ॥ २३ ॥
भाषा बुद्धि विवेक वाक्य कुशलः शंकादि दोषोझ्भितः ।
गंभीरः प्रशमश्रिया परिगतो वश्येन्द्रियो धैर्यवान् ॥
.........निश्चयो विरतितो भक्तिश्च देवे गुरा,
वौचित्यादि गुणैरलंकृत तनुः सम्यक्त्व योग्यो भवेत २४

---

३ निर्मळ श्रद्धानकर.

તત્ત્વ શ્રદ્ધાથી સંસ્કાર પામેલા જીવોજ સાચા ગણાય એમ સમયના જાણુ કહે છે. શુદ્ધ શ્રદ્ધા વિનાના જીવ તો કેવલ પશુ

રૂપજ છે. એમાં સંશય નથી. સમકિતવંત જીવના હાથમાંજ ચિંતામણિ રત્ન છે, તેના આંગણામાંજ કલ્પવૃક્ષ ઉગ્યો છે. અને કામધેનુ તો તેની સહચારિણીજ છે. જે સમ્યકત્વ ભૂષણથી ભૂષિત છે તેનેજ મુક્તિ કન્યા વરનારી છે. સ્વર્ગ લક્ષ્મી તો તેને સ્વયં આવી મળે છે, અને રાજલક્ષ્મીનું તો કહેવુંજ શું? સમકીતવંત જીવ સર્વ રીતે સુખીજ થાય છે. સમકિત દૃષ્ટિ જીવ ત્રણે ભુવનમાં ગમે ત્યાં પૂજનિક થાય છે અને સમકિત ગુણ વિનાનો તો પગલે પગલે નિંદાપાત્ર બને છે. ૨૨

"વીતરાગ પ્રભુનાં એકાંત હિતકારી વચનનું સાવધાનપણે શ્રવણ કરીને તેમાં કૃત્યાકૃત્ય, ત્યાજ્યાત્યાજ્ય અને હિતાહિતના નિર્ણયપૂર્વક શ્રદ્ધા-આસ્તા બેસવી તેનું નામ સમકિત છે." શંકા, કંખા, ફળ સંદેહ, મિથ્યાત્વિની પ્રશંસા, અને તેનો પરિચય એ પાંચ દૂષણો સમકિતવંતને દૂર કરવાનાં છે. અને શુદ્ધ દેવ-ગુરૂ તથા ધર્મ-તીર્થની ભક્તિ પ્રભાવનાદિક ઉત્તમ ભૂષણો તેણે યત્નથી ધારણ કરવાનાં છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને, આસ્તિકતા રૂપ પાંચ લક્ષણ પણ સમકિતવંત જીવમાં અવશ્ય હોવાં જોઇએ. એટલે કે અપરાધિ ઉપર પણ ક્ષમા, અવિકારી એવા મોક્ષ સુખની અભિલાષા; સંસારથી વિરકતતા, દુઃખી ઉપર દયા અને વીતરાગના વચનની પૂર્ણ પ્રતીતિ એથી સમકીત ઓળખાય છે." એમ સમજીને હે ભદ્ર! તું સકલ સુખનું નિધાન, ધર્મવૃક્ષનુ બીજ, ભવનિધિ પાર પમાડનારૂં પોત, ભવ્યતાવંતનેજ પ્રાપ્ત થનારૂં, પાપ તરૂનું ઉચ્છેદનારૂં અને જ્ઞાન-ચારિત્રનું મૂળ એવું સમકિત સકલ કુધર્મના ત્યાગપૂર્વક તું અંગીકાર કર. ૨૩

ભાષા, બુદ્ધિ, વિવેક અને વાક્યમાં કુશળ, શંકાદિ દોષ-રહિત, ગંભીર, સમતાવંત, જિતેન્દ્રિય, ધૈર્યવાન્, તત્ત્વગ્રાહી, દેવ-ગુરૂ ભક્ત, અને ઉચિતતા વિગેરે ગુણોથી ભૂષિત એવો ભવ્ય આત્માજ સમકિત પામવાને અધિકારી છે. ૨૪

---

૪ मिथ्यात्वनो त्याग कर.

અજ્ઞાનથી અથવા સમ્યગ્ જ્ઞાનની ખામીથી સત્યાસત્ય યા તત્ત્વાતત્ત્વ સંબંધી શુદ્ધ સમજ વિનાની અથવા કદાગ્રહવાળી વિપરીત બુદ્ધિનુ નામ મિથ્યાત્વ છે, તેથી જીવ સત્ય માર્ગને ત્યજી અસત્ય માર્ગે દોરવાઇ જાય છે. અથવા સત્ય માર્ગને સારી રીતે સમજી શકતો નથી, તેમજ કવચિત ગાઢ મિથ્યાત્વ યોગે સન્માર્ગને ત્યજી અસત્ માર્ગનું સ્થાપન કરવા ભારે પરિશ્રમ કરી અનેક ભોળા જીવોને ઉન્માર્ગે ખેંચી જાય છે. સત્ય માર્ગમાં ખોટી શંકાઓ કરવાથી અથવા મિથ્યાત્વિઓનો પરિચય કરી તેમનાં પરસ્પર અસંબદ્ધ વચન સાંભળવાથી યા તેમની પ્રશંસા કરવાથી સમકિતવંત જીવને પણ ઉકત મહા દોષની પ્રાપ્તિ થઈ જાય છે, કે જેને પછીથી હઠાવી કાઢવા ભારે પરિશ્રમ કરવાની ખાસ જરૂર પડે છે. ઉક્ત મિથ્યાત્વ યોગે જીવો ભિન્ન ભિન્ન વિપરીત કરણી કરવામાં પ્રવર્તે છે. તેથી ઉક્ત દોષના પ્રકાર તથા તેના સ્વામીને જાણવાની જરૂર છે.

मिथ्यात्वना प्रकार तथा उक्त दोषने सेवनारनां नाम.

૧ આભિગ્રહિક–પરીક્ષા રહિત કેવળ સ્વસમય પ્રમાણે એકાંતવાદી દર્શનો.

૨ અનભિગ્રહિક–વિવેક શૂન્યપણે સત્યાસત્યને સમજ્યા વિના સર્વ દર્શનને સમાન સમજનાર.

૩ સાંશયિક–સત્ય સર્વજ્ઞ વચનમાં (ન્યાય વિરુદ્ધ) શંકા ધારનાર મૂઢાત્મા.

૪ અનાભોગિક–ઉપયોગ શૂન્યપણે મૂર્ચ્છિત દશામાં વર્તનાર એકેંદ્રિય, વિકલેંદ્રિય વિગેરે.

૫ આભિનિવેશિક–જાણી જોઇને હઠ કદાગ્રહથી સત્ય વસ્તુનો અનાદર કરીને અસત્ય વસ્તુ (ધર્મ) નો સ્વીકાર કરી તેનુંજ સ્થાપન કરનાર નિન્હવો વિગેરે.

ઉક્ત મિથ્યાત્વ મહા દોષથી ભરેલા જીવો સત્ય ધર્મને સેવી શકતા નથી. જેમ જ્વરાતુર જીવને દૂધ સાકર ભાવતાં નથી તેમ મિથ્યામતિને સત્ય ધર્મ રૂચતો નથી. જેમ રોગીને કુપથ્ય વ્હાલું લાગે છે તેમ તેને કુધર્મ પ્રિય લાગે છે, છતાં પરોપકારૈકનિષ્ટ સદ્વૈદ્ય સમાન સદ્‌ગુરૂ મિથ્યામતિને વારવા અને શુભ મતિને ધારવા ભવ્ય જીવોને નીચે મુજબ હિતોપદેશ આપે છે હે ભવ્યો ! સકલ પાપનું મૂળ, દુઃખ વૃક્ષનુ બીજ, નર્કગૃહનું દ્વાર, સ્વર્ગ, અપવર્ગનું ભારે વિઘ્ન, પરમ પુરૂષ નિંદ્ય, અને મૂઢ

લોકોએ સેવિત એવા સકલ અસાર મિથ્યાત્વ બીજનો તમે ત્યાગ કરો કે જેથી સમકિત અમૃતનું સેવન કરી તમે અક્ષય સુખના અધિકારી થાઓ."

૫ सम्यग् ज्ञाननुं सेवन कर.

જેના વડે (આત્મ) વસ્તુ ધર્મનું યથાર્થ ભાન થાય અને અજ્ઞાન અંધકાર દૂર થાય તેમજ જેથી તત્કાલ મિથ્યાત્વ ભ્રમને દૂર કરનાર સમકિત ગુણ પ્રગટ થાય તેને જ્ઞાની પુરૂષો સમ્યગ્ જ્ઞાન કહે છે.

સમ્યગ્ જ્ઞાનીને ગમે તેવું શાસ્ત્ર સમપણે પરિણમે છે. ગમે તેમાંથી તે સાર માત્ર ગ્રહી શકે છે. ટુંકાણુમાં પ્રાપ્ત પરમાર્થથી તે સુખે સ્વપર હિત સાધી શકે છે. અજ્ઞાની યા શુષ્કજ્ઞાની તેમ કદાપિ કરી શકતો નથી,

સમ્યગ્ જ્ઞાનીને સમ્યગ્ જ્ઞાનના બળથી સમજાયેલા રાગ દ્વેષાદિક અંતરંગ શત્રુવર્ગને દમવા મુખ્ય લક્ષ્ય રહે છે. તેની સકલ કરણી તેવા મુખ્ય લક્ષ્યથીજ પ્રવર્તે છે. તેથી તેને આ દૃશ્ય દુનીયા કેવલ સ્વાર્થમય ભાસે છે. જે એક વસ્તુને સંપૂર્ણ જાણે છે તે સર્વ વસ્તુને સંપૂર્ણ જાણે છે; એટલે કે જે સર્વ ભાવને સર્વથા જાણે છે, તે એક ભાવને સંપૂર્ણ જાણી શકે છે. આ વાતની ખાત્રી સમ્યગ્ જ્ઞાનથી સારી રીતે થઇ શકે છે. માટેજ સત્સમાગમ કરીને યા પરોપકારશીલ મહા પુરૂષ પ્રણીત પરમાગમની સહાય મેળવીને સમ્યગ્ જ્ઞાનનો ખપ કર્યા કરવો યોગ્ય છે. એવા ખપી પુરૂષોજ પરમ પદના અધિકારી થઇ શકે છે.

જેમ પૂર્વે એક પણ પદનું સમ્યગ્ રીત્યા શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાથી કઇક ભાગ્યવંત ભવ્યોનું કલ્યાણ થયું છે, તેમ સર્વકાળે થઇ શકે તેમ છે. જ્યારે એક પણ પદ સંબંધી સમ્યગ્ જ્ઞાનનો આવો અપૂર્વ મહિમા છે તો પછી તેવાં અનેક પદવાળા સમ્યગ્ જ્ઞાનનું તો કહેવુંજ શું ?

જ્ઞાની પુરૂષો સમ્યગ્ જ્ઞાનને અપૂર્વ અમૃત, અપૂર્વ રસાયણ અને અપૂર્વ ઐશ્વર્ય કહિને બોલાવે છે. અને તે યથાર્થ છે, કેમકે તેથીજ આત્મા પરમપદનો ભોગી થઇ શકે છે.

સમ્યગ્ જ્ઞાનયુકત આત્માજ સ્વર્ગ અને મોક્ષ સંબંધી લક્ષ્મીનો અધિકારી થાય છે. પણ અજ્ઞાન અને અવિવેકાત્માતો દુઃખમય સંસારસાગરમાંજ ભ્રમણ કરે છે.

જ્ઞાનવંત-વિવેકી ગમે ત્યાં કર્મ-મુકત થાય છે, ત્યારે અજ્ઞાની પ્રાણી જ્યાં ત્યાં કર્મથી બંધાય છે.

જ્ઞાનહીન પ્રાણી પુન્ય પાપ, ગુણ અવગુણ, તથા ત્યાજ્યાત્યાજ્ય વિગેરેના વિવેકને જાણી શકતા નથી. જેમ જન્માંધ જીવ સૂર્યના સ્વરૂપને જાણી શકતા નથી તેમ અજ્ઞાની અવિવેકી જીવ પણ હિતાહિત, ઉચિતાનુચિત, તેમજ ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય સંબંધી ગુણદોષનું યથાર્થ સ્વરૂપ સમજવાને સમર્થ થઇ શકતો નથી.

ઉકત હેતુ માટે સમ્યગ્ જ્ઞાનનું જેમ બને તેમ આરાધન કરવા શાસ્ત્રકાર આપણું લક્ષ ખેંચવા ભાર દઇને કહે છે કે—

"હે ભવ્યો ! નિર્મળ ગુણનું નિધાન, સમસ્ત વિજ્ઞાનનું બીજ, મુમુક્ષુજનોએ સેવવા યોગ્ય, સર્વ તત્ત્વપ્રકાશક, પાપતરૂનું

નિકંદક અને મનરૂપ મહોન્મત્ત હાથીનો ગર્વ ગાળવાને કેસરી સિંહ સમાન, સર્વજ્ઞ ભાષિત સમ્યગ્ જ્ઞાનનું તમે જરૂર યથાશકિત આરાધન કરો. તેનું વિરાધન તો તમે કદાપિ કરશો નહિ.

---

૬ सदाचारनु सेवन कर.

આચારની શુદ્ધિ કરવી, સદાચરણનું સેવન કરવું એજ સમ્યગ્ જ્ઞાન-દર્શનનું ફળ છે. સમ્યગ્ જ્ઞાન-દર્શન છતાં સદાચાર (સમ્યક્ ચારિત્ર ગુણ) પ્રાપ્ત થયો નહિ તો વાંઝીયા વૃક્ષની પેરે તે જ્ઞાન-દર્શનને અધ્યાત્મી પુરૂષો નકામાં કહે છે, એમ સમજી જેમ બને તેમ સદ્વ્રતો સેવવા આત્માર્થી જનોએ અહોનિશ ઉજમાળ રહેવુંજ યોગ્ય છે. દશ દૃષ્ટાંતથી દુર્લભ મનુષ્યદેહ પામ્યાનું ખરૂં ફળ એજ છે.

શુદ્ધ ચારિત્રયુકત એક દિવસનું પણ જીવિત લેખે છે, પરંતુ ચારિત્રહીન કોટી વર્ષનું પણ જીવન નકામું છે. શુભકરણી વિનાના દિવસ માત્ર વાંઝીયા લેખવાના છે.

સંઘયણ-શરીરબળ હીણું છતાં જે ચારિત્રને સમ્યગ્ આચરે છે તે ઉત્કૃષ્ટ શરીરબળની અપેક્ષાએ સહસ્રગણું ફળ પામે છે. સંઘયણનું બાનું કાઢીને ચારિત્ર ગુણમાં શિથિલ થવાને બદલે ઉલટો અધિક પ્રયત્ન કરવો યુકત છે. છતાં શિથિલતાને ભજનાર પ્રગટ સ્વપરનાં અહિતનાજ ભાગી થાય છે.

ચારિત્રવંત સ્વ મર્યાદાને સેવતો જે જે વસ્તુને ઇચ્છે છે તેને તે તત્કાળ આવી મળે છે એવો સમ્યગ્ ચારિત્રનો મહિમા પ્રગટ છતાં તેમાં કોણ પ્રમાદી થશે ?

હીન સંઘયણ છતાં જે એક વર્ષની દીક્ષા બરાબર પાળવી તે ઉત્કૃષ્ટ સંઘયણની સહસ્ર વર્ષની દીક્ષા બરાબર સમજવી યુક્ત છે. એમ વિચારી તપ, જપ, જ્ઞાન, ધ્યાન વિગેરે સદનુષ્ઠાનમાં સદા સાવધાનપણે વર્તવામાંજ સ્વપરહિત સમાયેલું જાણવું.

ચારિત્રથી ચલાયમાન થઇ ભ્રષ્ટ થયેલો જીવ જીવતો છતો મૂઆ બરોબર છે. અને ચારિત્ર સંયુક્ત આત્મા મૂઆ છતાં ઉભય લોકમાં અમર થઇ રહે છે. ઉક્ત હેતુથી ચારિત્ર ગુણની પુષ્ટિ માટે શાસ્ત્રકાર ભાર મુકીને ઉપદેશે છે કે—

"સકલ મદરહિત, દેવમાન્ય, સર્વ તીર્થનાથોએ સાદર સેવવાયોગ્ય મહા ગુણસાગર પંડિતોએ સેવિત, મુકિત સુખનું અવંધ્ય બીજ, નિર્મળ ગુણનિધાન, સર્વ કલ્યાણનું મૂળ કારણ, અને સકળ વિકારરહિત એવું નિર્મળ ચારિત્ર હે ભવ્યો! તમે ભાવથી ભજો, જેથી અક્ષય અનંત સુખને તમે સહજે વરો."

---

७ इंद्रियोनुं दमन कर.

નાયક એવા મને પ્રેરેલા ઇંદ્રિય–ચોરોએ ધર્મ ધનનું હરણ કરીને બાપડા લોકોને આકુળવ્યાકુળ કરી મૂકયા છે. તેથી તેમને વશ કરવાને ભગીરથ પ્રયત્ન કરવાની જરૂર છે. અન્યથા તે સર્વને વશ કરી જીવની ભારે દુર્દશા કરશે.

જેમ ઇંધનથી અગ્નિ તૃપ્ત થતો નથી અને ગમે તેટલી નદીયોથી પણ દરીયો પૂરાતો નથી તેમ વિષયસુખથી કદાપિ પણ ઇંદ્રિયો તૃપ્ત થવાની નથી. એમ મધ્યસ્થપણે વિચાર કરી વિવેકથી સંતોષવૃત્તિ ધારવી યોગ્ય છે.

જેણે વૈરાગ્ય ખડ્ગથી ઇંદ્રિય ચોરોને હણ્યા છે તેનોજ ખરેખર મોક્ષ થાય છે. બાકી બીજા કાયાકલેશો વડે શું વળવાનું છે ? માટે પ્રથમ મન અને ઇંદ્રિયોનેજ વશ કરી લેવાની જરૂર છે. તે વિના કરવામાં આવતી કષ્ટકરણી કષ્ટહરણી થવાની નથી.

મનનો જય કરીને જેમણે ઇંદ્રિયોનો નિગ્રહ કર્યો નથી તેમણે સાધુ-મુદ્રા ધારણ કરીને કેવળ પોતાના આત્માને ઠગ્યોજ છે. એમ નિશ્ચય સમજવું.

જે પોતાની ઇંદ્રિયોને પણ જીતવાને સમર્થ થઈ શકતા નથી તેમની દીક્ષા કે તપસ્યામાં કાંઈ માલ જેવું નથી. ઇંદ્રિ-યોના ગુલામ થઇને ઉલટા તે ધર્મની અપભ્રાજનારૂપ મહા અનર્થને પેદા કરે છે. માટે દીક્ષા ગ્રહણ કર્યા પહેલાંજ યોગ્ય વિચાર કરવાની જરૂર છે. દીક્ષા લીધા બાદ તો ઇંદ્રિયો ઉપર સંપૂર્ણ કાબુ રાખવા અહોનિશ લક્ષ રાખી રહેવાની ખાસ જરૂર છે. કેમકે વિરક્ત આત્માને પણ તે વિષયપાસમાં પાડી નાંખતાં ચુકતી નથી.

ઇંદ્રિયરૂપી દુર્ધર ચોરો જીવનાં વ્રતજ્ઞાનાદિ ગુણ રત્નથી ભરેલા જગતારક ભાંડને ક્ષણવારમાં સ્ખલના પમાડે છે. તેથી જે મુનીશ્વરો સંનદ્ધ થઇને મહાવ્રતરૂપી બાણો સાવધાનપણે અહી મર્યાદામાં રહ્યા છતાં ધ્યાનરૂપ તીરથી તેમને મમમાં હણે છે, તેઓજ સુખેસમાધે મોક્ષપુરીમાં જઇ શકે છે.

---

८ स्त्रीनो संग-परिचय तज.

સ્ત્રી કેવળ કામવિકારનું ઘર છે, એમ સમજી સાધુ જ-

નોએ તેની સંગતિ વારવી યોગ્ય જ છે. ભલા ભલા પણ સાધુ સ્ત્રી સંગતથી નિશાન ચુકી ગયા છે. તેથી બ્રહ્મચારીજનોએ સ્ત્રીઓના પરિચયથી દૂર રહેવું જ હિતકારી છે. એમ વર્તવાથી જ નવકોટિ શુદ્ધ બ્રહ્મચર્યની રક્ષા થઇ શકે છે.

દુનિયામાં ગહનમાં ગહન સ્ત્રી ચરિત્ર જ છે. તેથી જેમ બને તેમ સાધુ પુરૂષોએ તેનાથી ચેતતાં રહેવાની જરૂર છે. જેવો મૂષકને માર્જારી તરફથી ભય રાખવાની જરૂર છે. તેમ બ્રહ્મચારી સાધુને પણ સ્ત્રીસમુદાય તરફથી ભય રાખવાની જરૂર પડે છે, સ્ત્રીજનોનો પરિચય સાધુજનોને હિતકારી નથી જ એ નિર્વિવાદ સિદ્ધ છે.

અગ્નિથી લાલચોળ થયેલી લોહમય પૂતળીનું આલિંગન કરવું સારૂં પણ નર્કના દ્વારભૂત નારીના નિતંબનું સેવન કરવું સારૂં નથીજ.

સ્ત્રીને એક દૂઝતી વિષની વેલ છે એમ સમજીને તેનાથી દૂર રહેવું.

સ્ત્રીનાં મોહમય વચન વિલાસ યા હાવભાવથી લોભાઇ પ્રબળ કામથી પીડિત થઇ અંતે આપ ખુદ ચાલનાર સાધુ બ્રહ્મ-વ્રતથી ભ્રષ્ટ થાય છે.

સ્ત્રીના ચિર પરિચયથી સાધુ કુલબાલુકની પેરે માર્ગભ્રષ્ટ થઇને મહા વિડંબનાપાત્ર થાય છે, અને ક્ષણિક સુખને માટે અક્ષયસુખથી ચુકી જાય છે. તેથી આત્માર્થી સાધુજનોએ સ્ત્રી સંગથી દૂર રહેવું જ યુકત છે.

જયારે ચિત્રાદિમાં નિર્માણ કરેલી નારી પણ મનને ક્ષોભ કરે છે તો પછી સાક્ષાત્ જીવતી જયોત (મહામાયા) નારી સાથે

સંસર્ગ વાર્તાદિક કરતાં કેમ કાયમ રહી શકાય એ જરૂર વિચારવા જેવું છે.

સર્પ, વ્યાઘ્ર, ચૌરાદિકની સાથે સહવાસ કરતાં એટલું નુકશાન નથી જેટલું સ્ત્રીની સાથે ક્ષણમાત્ર રહેતાં સંભવે. એમ સમજીને શાણા સાધુઓએ ક્ષણમાત્ર પણ સ્વચ્છંદપણે સ્ત્રીનો સંગ યા પરિચય કરવો યોગ્ય નથી.

સાપણી સ્પર્શ કરીને કરડે છે અને નારી તો દૂરથીજ ડંસ મારે છે. તેથી એમ સમજાય છે કે દૃષ્ટિ વિષ સર્પની જેમ તેની દૃષ્ટિમાંજ ઝેર રહેલું છે. એવી સ્ત્રીનું નામ સાંભળતાંજ સ્થાનાન્તર ચાલ્યા જવું જોઇએ.

સર્વ રીતે સંયમ પ્રાણને હરનારી હોવાથી નારીને શાસ્ત્રકારે પ્રત્યક્ષ રાક્ષસી કહીને બોલાવી છે. છતાં તેનો વિશ્વાસ કરનાર સાધુના ચરિત્ર વિષે વધારે શું કહેવું ? સ્ત્રીસંગી સાધુ જરૂર સંયમથી ભ્રષ્ટ થઈ જાય છે.

સારાંશ એ છે કે ભવભીરૂ હોવાથી જેઓ ભગવંતની આજ્ઞા મુજબ સ્ત્રીના અંગોપાંગને પણ દૃષ્ટિ દઇને નીરખતા નથી, વિકારબુદ્ધિથી (પશુવૃત્તિથી) તેની સાથે વાત પણ કરતા નથી, અને મનથી વિષયસુખની ભાવના કરતા નથી, એમ સર્વ રીતે સાવધાન થઇને બ્રહ્મચર્યનું પાલન કરે છે તેજ મહાત્માઓ આ દુરતર ભવોદધિને સહજમાં તરીને અક્ષયસુખના અધિકારી થાય છે. એવા મહાશયોનાંજ શુદ્ધ ચરિત્ર અનુકરણ કરવા યોગ્ય છે. વળી કહ્યું છે કે—

न च राजभयं न च चोरभयं, इहलोकं सुखं परलोक हितं॥
वर कीर्तिकरं नरदेवनतं, श्रमणत्व मिदं रमणीयतरं.॥१॥

જેને નથી તો રાજભય અને નથી તો ચોરભય, આ લોકમાં પણ સુખકર અને પરલોકમાં પણ હિતકર, શ્રેષ્ટ એવી કીર્ત્તિ–કૌમુદીને વિસ્તારનાર અને જેને નર દેવાદિક નમેલા છે, એવું આ પ્રકટ અનુભવાતું સાધુપણુંજ શ્રેયઃકારી છે માટે તેમાં વિશેષે આદર કરવો.

---

९ विषयरसनो त्याग कर.

જાણે કેવલ નર્કનુંજ સ્થાન ન હોય ! એવી અસાર નિંદનીય, અશુચિ અને દુર્ગંધી એવી સ્ત્રીની યોનિમાં કામાન્ધ માણસ કીડાની પેરે ક્રીડા કરે છે. ભવભીરૂ વિવેકાત્મા તો સ્વપ્નમાં પણ તેનો સંગ ઈચ્છતો નથી.

ચામડાથી વીંટેલા હાડપિંજરવાળા અને દુર્ગંધી એવા શ્લેષ્માદિકથી ભરેલા કામિનીના મુખને કામાન્ધ માણસ શ્વાનની પેરે ચાટે છે.

માંસના લોચા જેવાં સ્ત્રીનાં સ્તનો અને વિષ્ટાદિથી ભરેલા કૃમાકુળ સ્ત્રીના ઉદરમાં કામાન્ધ માણસ કાગડાની જેમ ક્રીડા કરે છે.

ગોરી ચામડીથી વીંટેલું અને વસ્ત્રાભરણથી ભૂષિત કરેલું સ્ત્રીનું રૂપ જોઇને હે ! ભદ્ર ! તું વિવેકથી વિચાર કર. પણ તેમાં પતંગની પેરે તું એકાએક ઝંપલાઇ પડીશ નહિ. નહિતો છેવટ પશ્ચાત્તાપ કરીશ. સ્વભાવિક રીતેજ અધિક અશુચિથી ભરેલા અને અનેક દ્વારથી અશુચિને વહન કરતાં છતાં ચામડાથી મઢેલા સ્ત્રીના દેહનું અંતર સ્વરૂપ વિચારીને તું વિવેકથી તેને પરિહાર કર.

કામાન્ધ માણુસ કામરાગને વશ થયો થકો દોષાંકુર સ્ત્રીમાં ગુણનોજ આરોપ કર્યા કરે છે, અને વિષયરસના ત્યાગી એવા વિવેકી હંસની પણ હાંસી કરી સ્વઉત્કર્ષ બતાવવા માગે છે. પણ અંતે તો કાચ તે કાચ અને મણિ તે મણિજ છે.

ઘૂવડ દિવસે દેખતું નથી અને કાગડો રાત્રે દેખતો નથી પણ કામાન્ધ તો રાત્ર કે દિવસે કંઇપણ દેખી શકતો નથી. મોહ મહા મદિરાના જોરથી તેની શુદ્ધબુદ્ધ ખોવાઇ જવાથી તે મૂર્છિતપ્રાયઃ થઇ જાય છે.

કામાન્ધ માણુસ જિહ્વા અને કામને વશ પડયો જે જે પાપકર્મ કરે છે તેનાં અગણ્ય ફળ તે નરકાદિક ગતિમાં જઇને ભોગવે છે.

કામાન્ધ માણુસ સુખ, દુઃખ, હિતાહિત, પુણ્ય, પાપ તેમજ સમીપસ્થ વધ, બંધન અને મરણને પણ જાણી શકતો નથી. તેને દુર્ગતિનો ડર હોતો નથી, તેથી તે નિશંકપણે પશુક્રીડા (મથુન–પશુક્રિયા) કરવામાંજ મશગૂલ રહે છે. અને સાંઢની જેમ સ્વચ્છંદપણે મ્હાલવામાંજ સાર સમજે છે.

તિલ માત્ર સુખને માટે કામાન્ધ માણુસ સારાં વ્રતને તજીદે છે. અને આ લોક અને પરલોકમાં મેરૂ જેવડાં મોટાં દુઃખ માથે વ્હોરી લે છે.

વિષમ એવા કામ–બાણથી પીડિત થઇ જે ધર્મરૂપ ચિંતામણિને તજી દેછે, તે હતભાગ્ય અનેક જન્મમરણ સંબંધી દુઃખને સાધી દુર્ગતિમાં જાય છે.

૧૦ श्री वीतरागदेवनी भक्ति कर.

જે સુબુદ્ધિ પુરૂષ એકાગ્રચિત્તે સદા વીતરાગ પ્રભુની સેવા કરે છે તે સ્વર્ગ અને રાજ્યાદિ સંબંધી સર્વ સુખને ભોગવીને અંતે અક્ષયપદને પામે છે.

વીતરાગ પ્રભુને તજીને જે રાગ દ્વેષ યુકત દેવને ભજે છે તે દુર્મતિ ચિંતામણિ રત્નને ત્યજીને ધૂળનું ઢેકું હાથમાં લેવા જેવું કરે છે.

જિનેશ્વર દેવનું સ્મરણ માત્ર કરવાથી રોગ શોક ભય કલેશ ગ્રહ સાકિણિ અને દારિદ્રાદિક સર્વ દુઃખ દૂર થઇ જાય છે.

જે મુગ્ધ અનેક દેવ અને અનેક ગુરૂને સેવે છે તે કાર્યાકાર્ય સંબંધી વિચારશૂન્ય ઉન્મત્ત જેવો છે, એમ જાણવું.

ભવ્ય કમળોને પ્રબોધ કરનાર, સર્વ દુઃખને દૂર કરનાર, ત્રિભુવનપતિને સેવવા યોગ્ય, ધર્મ રત્નના સાગર, સ્વપરને અત્યંત હિતકારી, સ્વર્ગ અને મોક્ષસુખના મુખ્ય સાધનભુત અને સકળ ગુણના નિધાન એવા તીર્થનાથ શ્રી વીતરાગપ્રભુની હે ભવ્યો! તમે ભાવથી ભકિત કરો જેથી અનુક્રમે સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીને પામી તેનું સમ્યગ્ આરાધન કરીને તમે અક્ષય–અવિનાશી સુખના સંપૂર્ણ અધિકારી થાઓ.

---

११ सद्गुरुनुं सेवन कर

જે ગુરૂ જ્ઞાન અને ચારિત્રથી યુકત છતાં ધર્મોપદેશક, નિર્લોભી અને ભવ્ય જીવોનો નિસ્તાર કરનાર છે, તેનુંજ આત્મહિતૈષીએ સેવન કરવું યુક્ત છે.

જે સદ્દગુરૂ સ્વયં ભવસમુદ્ર તરી શકે છે તેજ અન્ય જીવોને પણ તારી શકે છે. જે પોતેજ ભવસાગરમાં ડૂબે છે તે પરને શી રીતે તારી શકશે? એમ વિચારીને સદોષ-સારંભી ગુરૂનો ત્યાગ કરવો.

સદ્દગુરૂ સેવક સુબુદ્ધિ પુરૂષ સ્વર્ગ અને મોક્ષ સંબંધી સુખને પામે છે. પણ કુગુરૂ કામી દુર્બુદ્ધિ તો નરક અને તિર્યંચ ગતિનેજ પ્રાપ્ત થાય છે.

જે નિર્ગ્રંથ ગુરૂને તજીને કુગુરૂની સેવા કરે છે તે ઘરના આંગણે ઉગેલા કલ્પવૃક્ષને છેદીને ધંતૂરાને વાવવા જેવુંજ કરે છે.

માતાપિતા અને સર્વ કુટુંબાદિક, દુર્ગતિમાં પડતા જીવનો ઉદ્ધાર કરવા અસમર્થ છે. પણ એક સદ્દગુરૂ, પવિત્ર ધર્મની સહાયથી અનેક ભવ્ય જીવોને આ ભવસાગરથી તારવાને સમર્થ થઇ શકે છે.

જેને સ્વપર સંબંધી સમ્યગ્ વિચાર વર્તે છે, જે સંસારના પારને પામેલા છે, વળી નિરૂપમ ગુણે કરીને યુકત, જ્ઞાન વિજ્ઞાનમાં દક્ષ, જીતેન્દ્રિય, ભવ્ય જીવોને તારવા પોત સમાન, અને સકળ દોષરહિત એવા સદ્દગુરૂની હે ભવ્યો! તમે ભાવથી ભકિત કરો.

---

૧૨ तप करवामां यथाशक्ति प्रयत्न कर.

જે સુબુદ્ધિ તપનું સ્વરૂપ સમજીને કેવળ આત્મકલ્યાણ માટે તેનું સેવન કરે છે તેને અનુક્રમે સર્વ કર્મનો અંત થતાં મુકિતકમળા પણ વરે છે તો પછી સ્વર્ગ સંબંધી સુખ અને

રાજ્યના સુખનું તો કહેવુંજ શું ? તેવાં સુખ તો પ્રાસંગિક હોવાથી સહજે સંપજે છે.

અનશન, ઊનોદરી વૃત્તિ સંક્ષેપ, રસત્યાગ, કાયકલેશ અને સંલીનતારૂપ બાહ્યતપ તથા પ્રાયશ્ચિત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાઉસ્સગ્ગ (સમાધિ) રૂપ અભ્યંતર તપને જે વિવેકથી સેવે છે તે મહાશયની સકળ મનોરથમાળા ફળીભૂત થાય છે.

બાહ્યતપથી જેમ અભ્યંતરતપની પુષ્ટિ થાય તેમ લક્ષ્ય રાખવાની ખાસ જરૂર છે. વળી જેમ ધર્મસાધનમાં વધારે સાવધાનપણું રહે, કષાયની મંદતા થાય અને પરિણામની શુદ્ધિ થાય તેમ લક્ષ્ય રાખીને તપ કરવો. સમતાપૂર્વક તપ કરવાથી નિકાચિત કર્મના પણ બંધ તૂટી જાય છે. વિવેકયુકત તપ સંયમથી ગમે તેવાં અઘોર પાપનો પણ ક્ષય થાય છે.

જે કરતાં દુર્ધ્યાન થાય અથવા આગળ ઉપર ધર્મસાધન અટકી પડે એવાં અજ્ઞાન તપ ઘણા કરવા કરતાં વિવેકયુકત સ્વલ્પ તપથી વિશેષ હિત થઇ શકે છે. જે સ્વાધીનપણે તપ સંયમથી દેહનું દમન કરે છે તેને કદાપિ પરતંત્રતા સંબંધી દુઃખ સહન કરવું પડતું નથી. પણ શરીર–મમતાથી જે કંઇ પણ તપ જપ સંયમ સેવતા નથી તેમને પરાધીનપણે બહુજ શોચવું પડે છે. અંતે પણ તપ જપ સંયમ વિના સકળ દુઃખનો અંત નથી તો પછી શા માટે પ્રાપ્ત થયેલી શુભ સામગ્રીનો લાભ લેવા ચુકવું જોઇયે ? પુણ્ય સામગ્રીને પામીને તેનો સદુપયોગ નહિ કરનારને તેવી સામગ્રી પુનઃ પ્રાપ્ત થવીજ મુશ્કેલ છે. માટે જેમ બને તેમ તેનો સદુપયોગ કરવોજ યુક્ત છે.

ચ્યાર જ્ઞાને કરી યુક્ત અને સુર-સેવિત એવા તીર્થનાથ પણ જ્યારે કર્મ ક્ષય માટે તપ કરે છે તો પછી સામાન્ય જનોએ તે શા માટે કરવો ન જોઇયે? આત્મ ઉન્નતિ માટે તે કરવાની ખાસ આવશ્યકતા છે.

કર્મરૂપ પર્વતનું ભેદન કરવા વજ્ર સમાન, સ્વર્ગ અને મોક્ષ સુખ સાધવાને મંત્ર સમાન અને વિષય વિકારને હઠાવવાને શ્રેષ્ઠ ઉપાય રૂપ એવા સમાધિકારક તપનું હે ભવ્યો! તમે ભાવથી સેવન કરો.

જે સમતાપૂર્વક શુદ્ધ તપનું સેવન કરે છે તે ચિલાતિ પુત્રની પેરે સ્વર્ગ સંબંધી સુખને પામી અંતે દૃઢપ્રહારીની જેમ અવિચળ સુખને પામે છે. અથવા નાગકેતુની પેરે કલ્યાણ પરંપરાને સુખે સાધી શકે છે.

---

૧૩ जीह्वाने वश कर.

રસનેંદ્રિયમાં લંપટ છતો જે મૂઢ ભક્ષ્યાભક્ષ્યનો ખ્યાલ રાખતો નથી તે કુબુદ્ધિ અભક્ષ્ય ભક્ષણથી અધોગતિનેજ પામે છે.

આદુ, મૂળા, ગાજર, પિંડ, પિંડાળુ, સૂરણ, ગરમર, નીલીગળો, બટાટા, સક્કરકંદ વગેરે સર્વ ભૂમિકંદ, કોમળ પત્ર-ફૂલ કે ફળ, વિષ, હિમ, કરા, અજાણ્યાં ફળ, કાચું મીઠું, તિલ, ખસખસ રાત્રિભોજન, રિંગણ, વિંગણ, બહુબીજ ફળ, તુચ્છ ફળ, વડબીજ પ્રમુખ, બે રાત્રી ઉપરાંતનું દહિં, ત્રણ રાત્રિ ઉપરાંતની છાશ, કઠોળ સાથે કાચો ગોરસ (દૂધ, દહિં કે છાશ) મધ, માખણ, વાસી અન્ન, બોળ અથાણું અને સડી ગયેલી વસ્તુ

વિગેરે અભક્ષ્યાદિકનું સ્વરૂપ સમજીને સુબુદ્ધિજનોએ તેનો ત્યાગ કરવો યોગ્ય છે. કેમકે ક્ષણિક વિષય સુખની ખાતર તેથી અસંખ્ય કે અનંત જીવોનો વિધ્વંસ થાય છે.

એક તલમાત્ર ભૂમિકંદમાં પણ અનંત જીવો રહેલા છે. તેથી પશુની પેરે વિવેકરહિત તેવી અભક્ષ્ય, અનંતકાય વસ્તુઓને પ્રમાણ રહિત ખાનાર માણસો અનંત જીવોનો સંહાર કરી ક્ષણિક તૃપ્તિ મેળવી અધોગતિને પામી અનંત જન્મ મરણ સંબંધી દુઃખને પ્રાપ્ત થાય છે.

તિલમાત્ર સુખને માટે મેરૂથી પણ મોટું દુઃખ મૂર્ખ લોકો અજ્ઞાનતાથી માગી લેછે જિહ્વેંદ્રિયને વશ કરી અભક્ષ્ય માત્રનો ત્યાગ કરનાર સુબુદ્ધિજનો સર્વત્ર સુખી થાય છે.

રસલંપટ જીવો અનેક વ્યાધિઓને ભોગ થઇ પડે છે તેમ જીતેંદ્રિય કદાપિ થઇ પડતો નથી. એમ સમજીને પણ અભક્ષ્યભક્ષણથી સદંતર દૂરજ રહેવા પ્રયત્ન કરવો.

ઔષધ ઉપચારની ખાતર મધ, માખણ વિગેરે અભક્ષ્ય વસ્તુ વાપરી ખાનારને પણ પરિણામે અહિતજ કહેલું છે. તેથી તેવા વિષમ સંયોગોમાં વિવેકી માણસોએ વિશેષે સાવચેત રહેવું યોગ્ય છે. (યુકતછે.)

પવિત્ર દીક્ષા ગ્રહણ કર્યા છતાં રસનેંદ્રિયને વશ થઇ યથેચ્છિત ભોજન કરનાર ભિક્ષુ મંગૂ આચાર્યની પેરે વિડંબનાપાત્ર થાય છે.

તેથી ઉભય લોકનાં સુખને ઇચ્છતા આત્માર્થી જીવોએ જીહ્વાને જેમ બને તેમ વિવેકથી વશ કરવા સતત પ્રયત્ન કરવો યુક્તજ છે.

જેમ કુપથ્ય ભોજનથી માઠાં પરિણામ આવે છે તેમ તેવાં વિવેક વિનાનાં રાગદ્વેષ યુક્ત સ્વાર્થી વચનોથી પણ વિપરીતજ પરિણામ આવે છે એમ સમજીને સ્વપરને હિતકારી સત્ય અને પ્રિય વચનજ પ્રસંગોપાત બોલવાની ટેવ પાડવી. જરૂર વિનાનું, વગર વિચાર્યું, સ્વચ્છંદપણે બહુ બોલવાની કુટેવથી જીવ ઘણીવાર જીવના પણ જોખમમાં આવી પડે છે એમ વિચારીને શાણા માણસોએ હિત, મિત, પ્રિય, એવું સત્ય પણ પ્રસંગોપાત જરૂર જેટલુંજ નમ્રપણે બોલવાની ટેવ રાખવી. આથી સવ કોઇને સંતોષ મળવાનો સારો સંભવ રહે છે. રાગદ્વેષ રહિત મધ્યસ્થપણે વિચારીનેજ પ્રસંગોપાત પ્રિય અને સત્ય વચન વદવાથી તે પરને પણ પ્રાયઃ હિતકારીજ થાય છે.

૧૪ राग द्वेषनो त्याग कर.

અનાદિ કુકર્મના યોગથી જીવને રાગદ્વેષરૂપ ભારે દુસ્તર વિકાર થયા છે, જેથી જીવ એકને દેખી રાજી થાય છે અને બીજાને દેખી કરાજી થાય છે. તેમજ તે ચેપી રોગ અનેક ભવ સંતતિ સુધી ચાલ્યા કરે છે.

ઉકત મહાવિકારથી જીવને સ્વપરનું યથાર્થ ભાન થઇ શકતું નથી. તેથી તેને ગુણદોષ સંબંધી ઉલટું અવળું જ ભાન થાય છે. रागी दोषं न पश्यति—વિષય સુખમાં મગ્ન થયેલો જીવ સ્ત્રી આદિક પદાર્થોમાં રહેલા દોષોને તેમજ તેમના સંગ-પરિચયથી ભાવી દોષોને નહિ સમજતાં ઉલટા તેમાં ગુ-ણોનોજ આરોપ કરીને અંધ પ્રવૃત્તિ કર્યા કરે છે. એવીજ રીતે

ઈર્ષ્યા–દ્વેષથી જેનું અંતઃકરણ કલુષિત થઇ ગયું છે તેની મતિ પણ વિપરીતજ દોરાવાથી સામામાં ગમે તેવા સદ્ગુણો છતાં અને તેવા સદ્ગુણી–સમર્થની સાથે દ્વેષબુદ્ધિ રાખવાથી ભાવી અનર્થને તે મુઢાત્મા સમજી શકતો નથી, એટલુંજ નહિ પણ સામાનામાં રહેલા સદ્ગુણોને તે જડમતિ કેવળ દોષરૂપેજ લેખે છે અને તેને તૃણની જેમ ગણી મિથ્યાભિમાનથી તેની સાથે વર બાંધીને ઉલટો અનર્થજ પેદા કરે છે. વડના બીજની પેરે આગળ જતાં તેની પરંપરા વધતીજ જાય છે. એમ સમજીને શાણા માણસોએ જેમ બને તેમ શીઘ્ર ઉકત મહા વિકારોને ઉપશમાવવા અવશ્ય ઉદ્યમ કરવો ઘટે છે.

રાગ અને દ્વેષ હલાહલ ઝેર કરતાં પણ અધિક દુઃખદાયી નીવડે છે.

જો સમતા ભાવિત સત્ પુરૂષોની સોબત કરીને તેમની હિત શીખામણથી પોતાની અનાદિની ભુલ સમજવામાં આવે અને તેથી પોતાના વિકારોને વારવાને જોઇતો પ્રયત્ન કરવામાં આવે તો અનુક્રમે સતત શુભ અભ્યાસના બળથી આપણામાં જડ ઘાલી બેઠેલા રાગ દ્વેષાદિ વિકારોનો સમૂળગો અંત આવી શકે. પણ જયાં સુધી ઉકત મહા વિકારોનો અંત ન આવે ત્યાં સુધી તેમનું ઉન્મૂલન કરવા અડગ પ્રયત્ન કર્યાજ કરવો જોઇએ.

રાગ અને દ્વેષથી અંધ થયેલા પ્રાણીયોની પ્રાયઃ અધોગતિજ થાય છે. એવા અંધ જીવોને ખરી આંખ આપનારા અલૌકિક શસ્ત્રવૈદ્ય સમાન કોઇક સત્ પુરૂષનો સમાગમ ભાગ્યોદયે થઇ આવે અને જો તેમની સમ્યગ્ ઉપાસના કરવામાં આવે તો સદુદ્યમના સ્વાદિષ્ટ ફળ રૂપે આપણા અનાદિના મહા વિ-

કારો નષ્ટ થઈ આપણને સમતા રૂપી દિવ્ય ચક્ષુની સ્વતંત્ર પ્રાપ્તિ થઇ શકે.

---

१५ क्रोधादि कषायने दूर कर.

ક્રોધ, માન, માયા, અને લોભ એ ચ્યાર કષાય છે. અપ્રીતિ લક્ષણ ક્રોધ, અહંભાવ લક્ષણ માન, દંભ લક્ષણ માયા, અને અસંતોષ લક્ષણ લોભથી અનુક્રમે પ્રીતિ વિનય, મિત્રાઇ, અને સુખ શાન્તિનો નાશ થાય છે. માટે સમજુ માણસને તે અવશ્ય પરિહરવા યોગ્યજ છે.

દ્વેષ યા ઈર્ષ્યા થકી ક્રોધ અને માન પેદા થાય છે તેમજ કામ યા રાગાન્ધતાથી માયા અને લોભ પેદા થાય છે અને જેમ જેમ તેમને તેથી પોષણ મળતું જાય છે તેમ તેમ તેઓ વૃદ્ધિ પામતા જાય છે.

બાહ્ય અને અંતર બે પ્રકારના શત્રુઓમાં અજ્ઞાની લોકો જેના પ્રતિ વૈરભાવ રાખે છે તે બાહ્યશત્રુ છે, અને જ્ઞાની પુરૂષો જેમનો ક્ષય કરવા અહોનિશ યત્ન કર્યા કરે છે તે અંતરંગ શત્રુઓ-કામ, ક્રોધાદિક છે. બાહ્યશત્ર ઉપર કષાય કરવો તે અપ્રશસ્ત છે. અને અંતરંગ શત્રુઓ ઉપર કષાય કરવો તે પ્રશસ્ત કહેવાય છે. પ્રશસ્ત કષાયના યોગે અપ્રશસ્ત કષાયનો અનુક્રમે અભાવ થાય છે, તેથી પ્રશસ્ત કષાય અપ્રશસ્ત રાગાદિને દૂર કરવા અમોઘ ઉપાય તુલ્ય છે.

અંતે તો સર્વ પ્રકારના કષાય સર્વથા પરિહરવાથીજ પરમપદ પ્રાપ્ત થાય છે. જયાં સુધી લેશ માત્ર રાગ, દ્વેષાદિક

વિકાર હોય ત્યાં સુધી વીતરાગતા હોઇ શકે નહિ અને તે વિના અક્ષયપદના અધિકારી થઇ શકાયજ નહિ. માટે વીતરાગ દશાને પ્રગટ કરવા રાગદ્વેષ અને કષાય માત્રનો ક્ષય કરવાને સતત–પ્રયત્ન કરવો જોઇયે.

ક્ષમા ગુણવડે ક્રોધનો, વિનય–નમ્રતા ગુણથી માનનો, સરલતાગુણથી માયા–કપટનો, અને સંતોષ ગુણથી લોભનો પરાજય કરવો. કહ્યું છે કે—

ક્ષમા સાર ચંદનરસેં, સિંચો ચિત્ત પવિત્ર;
દયા વેલ મંડપ તળે, રહો લહો સુખ મિત્ર.
દેત ખેદ વર્જિત ક્ષમા, ખેદ રહિત સુખરાજ;
તામે નહિ અચરિજ કછુ, કારણ સરિખો કાજ.

क्षमा खड्गः करे यस्य, दुर्जनः किं करिष्यति ॥
अतृणे पतितो वह्निः स्वयमेवो पशाम्यति.

મૃદુતા કોમળ કમલથેં, વજ્રસાર અહંકાર;
છેદતહે એક પલકમે, અચરિજ એહ અપાર.

માયા સાપણી જગડસૈ, ગ્રસૈ સકળ ગુણસાર;
સમરો ૠજુતા જાંગુલી, પાઠ સિદ્ધ નિરધાર.

કોઉ સયંભૂ રમણકો, જો નર પાવૈ પાર;
સોભી લોભ સમુદ્રકો, લહૈ ન મધ્ય પ્રચાર.

મન સંતોષ અગસ્તિકું, તાકે શોષ નિમિત્ત;
નિતુ સેવો જિનિ સો કિયો, નિજબલ અંજલિ મિત્ત.

પૂર્વોક્ત બે પ્રકારના કષાય સમજવાનું ફળ એ છે કે જેનાથી ભવ સંતતિ વધે એવા અપ્રશસ્ત કષાયથી દૂર રહેવા માટે પ્રથમ તો પ્રશસ્ત રાગાદિક સેવવાં. એટલે કે શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મ પ્રતિ પ્રેમભાવ ધારણ કરવો ને વધારવો. તે એટલે સુધી કે સંસાર સંબંધી ખોટો રાગ સમૂળગો નષ્ટ થઇ જાય. અને આત્મ-ગુણનું આપણને સહજ ભાન થાય અને છે-વટે વીતરાગદશા, પ્રગટ કરવાને સર્વ પ્રમાદ દોષનો પરિહાર કરીને સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રના દૃઢ અભ્યાસથી આ-પણે સર્વથા નિષ્કષાયપણું પામીયે.

જેઓ શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મ ઉપર નિર્મળ રાગ કરવાને બદલે ઉલટો કરાગ-દ્વેષ પેદા કરે છે, તે હતભાગ્યોને ભવિષ્યમાં અનંત ભવ ભ્રમણ કરવું પડશે. અને તેમને પ્રાપ્ત સામગ્રી પુનઃ પામવી દુર્લભ થઇ પડશે.

જેઓ પોતે ગુણી છતાં ગુણવંત ઉપર રાગ ધરશે તેઓ અવશ્ય ઉભય લોકમાં સુખ અને યશના ભાગી થઈ અંતે અક્ષય પદને પામશે.

દીક્ષા ગ્રહણ કરીને જે ક્રોધાદિ કષાયને સેવશે-હિતકારી વચન કહેનારની ઉપર કોપશે, તપશ્રુતનો ગર્વ કરશે અથવા પૂજા પ્રતિષ્ઠાદિકથી મનમાં અભિમાન ધરશે, ખરા ગુણ વિના ખોટો આડંબર રચી દંભવૃત્તિ ચલાવશે અને વસ્ત્ર પાત્ર પુસ્તક યા શિષ્ય શિષ્યાઓનો ખોટો લોભ રાખશે, તેમની ઉપર

મમતા ધારણ કરશે તો તે સ્વચારિત્રને નિષ્ફળ કરીને અંતે અધોગતિને પામશે. સહજ સુખદાયી ચારિત્રને ધારીને જે ભવભીરૂ સાધુઓ રાગ દ્વેષાદિક દુષ્ટ વિકારના ઉત્પાદક અનુકુળ યા પ્રતિકુળ કારણો મળતાં છતાં નિરતિચારપણે સ્વસંયમને પાળે છે તેજ ખરા ધીરવીર સાધુઓ છે એમ નિશ્ચે જાણવું. કહ્યું પણ છે કેઃ—

વિકારહેતૌસતિવિક્રિયંતે, યેષાં ન ચેતાંસિ ત એવ ધીરાઃ—

રાગ દ્વેષ યા કામક્રોધાદિ વિકાર ઊપજે, એવાં કારણ વિદ્યમાન છતાં જેમનાં ચિત્ત જરાએ ક્ષોભ પામતાં નથી તેજ ધીર—વીર પુરૂષો છે.

---

१६ अहिंसा व्रतनो आदर कर.

પ્રમાદ યુક્ત આચરણથી સ્વપર પ્રાણનો નાશ કરવો તેનું નામ હિંસા છે. મદ્ય, વિષય, કષાય, નિદ્રા, અને વિકથા એ પાંચ પ્રમાદ જીવોને દુર્ગતિમાં પાડનાર છે તેથી તે અવશ્ય વર્જ્ય છે. સર્વ પ્રમાદ રહિત થઇને “ આત્મવત્ સર્વ ભૂતેષુ ” સર્વ પ્રાણીને સ્વસમાન લેખનાર મહાશય અહિંસા વ્રતને યથાર્થ પાળી શકે છે.

સર્વ જીવને અભય દાન દેનાર જેવો કોઇ ઉત્કૃષ્ટ પુણ્યવાન્ નથી. કેમકે સર્વ દાન કરતાં અભય દાન ચઢીયાતું છે.

દુનિયામાં વહાલામાં વ્હાલી ચીજ પ્રાણજ પોતાના ગણાય છે. તેથી કોઈ ક્ષુદ્ર જીવના પણ પ્રિય પ્રાણ અપહરવા યત્ન કરવો નહિ.

સર્વે જીવિતજ ઇચ્છેછે, કોઇપણ મરણને ઈચ્છતુંજ નથી. એમ સમજી નિર્ગ્રંથ પુરૂષો અહિંસાવ્રતનો અત્યંત આદર કરે છે.

મનથી, વચનથી, કે કાયથી હિંસા કરવા, કરાવવા કે

અનુમોદવાનો સાવધાનપણે ત્યાગ કરવાથીજ અહિંસાવ્રતનું પૂર્ણ રીતે પાલન થાય છે.

જે જેવા મંદ કે ઉત્કૃષ્ટ પરિણામથી પરને પરિતાપ કરે છે તે તેનો તેવોજ અલ્પ કે અધિક વિપાક ભોગવે છે; તથા કોઇ રીતે કોઇને પણ પીડા ઉપજે એવું મનથી, વચનથી, કે કાયાથી, કરવું, કરાવવું કે અનુમોદવું નહિ. કેમકે જેવું બીજ વાવીયે તેવુંજ ફળ પામીયે. વળી આપણને દુઃખમાત્ર અનિષ્ટ છતાં જો આપણે અન્યને આપણા તુચ્છ સ્વાર્થની ખાતર જાણી જોઇને અસમાધિ ઉપજાવિયે તો પછી તેના બદલા તરીકે આપણને પણ અસમાધિજ પેદા થાય તેમાં આશ્ચર્ય શું? તથા ઉત્તમ રસ્તો એજ છે કે સારા કે નરસા અનુકુળ કે પ્રતિકુળ સંજોગોમાં સહનશીળપણું ધારણ કરીને કોઇ જીવને કંઇપણ અસમાધિ નહિ કરતાં બની શકે તેટલી સમાધિ કરવા પ્રયત્નશીલ થાવું. આવા કઠીણ પણ સીધે રસ્તે ચાલનાર સત્પુરૂષને કદાપિ કંઇપણ કષ્ટ પ્રાપ્ત થવાનું નથી, એટલુંજ નહિ પણ તે સત્પુરૂષ પોતાના સદાચરણથી શ્રેષ્ઠ સુખનોજ અધિકારી થવાનો.

શરીર સંબંધી અનેક પ્રકારના વ્યાધિ, નિર્ધનતા, પરતંત્રતા, અને વૈર, વિગ્રહ વિગેરે સર્વ હિંસાનાં ફળ સમજીને સુબુદ્ધિજનોએ અહિંસાનોજ આદર કરવો.

આરોગ્ય, સૌભાગ્ય, સ્વામિત્વ, અને સમાધિ પ્રમુખ અહિંસાનાં ફળ સમજીને શાણા માણસોએ અહિંસાવ્રતનોજ અત્યંત આદર કરવો યુક્ત છે.

सत्य व्रतनुं पालन कर.

પ્રિય અને હિતકારી વચનને જ્ઞાની પુરુષો સત્ય કહે છે, અને સત્ય છતાં અપ્રિય, કટુક અને અહિતકારી વચન અસત્યજ કહ્યું છે. તથા વક્તાએ વચન વ્યવહારમાં વિશેષે વિવેક રાખવાની જરુર છે.

આંધળો, લુચ્ચો લબાડ, ચોર, દુષ્ટ, ધીઠ વિગેરે વચનો રાગદ્વેષાદિક વિકારથી ઉચ્ચરાયેલાં હોવાથી તે પ્રસંગે અસત્ય ઠરે છે.

વૈર, ખેદ, અવિશ્વાસાદિ અનેક દોષો અસત્ય બોલવાથી ઉદ્ભવે છે. તેમજ આલોકમાં વસુરાજાની પેરે અપવાદ અને પરલોકમાં અનર્થ પરંપરાને પામે છે.

અસત્ય બોલનારને પોતાના વચનપર પ્રતીતિ બેસાડવા અનેક કુતર્કો કરવા પડે છે તેથી તેનું મન મહા માઠા ધ્યાનમાંજ મગ્ન રહેછે.

સત્ય બોલનારનું મન નિર્ભય રહે છે, તેથી તેને ખોટા સંકલ્પ વિકલ્પ કરવા પડતા નથી. સત્ય વચનમાં ટેક રાખનારને દેવતા પણ સહાય કરે છે.

સત્ય વચન ક્ષીરસમુદ્રના જળ જેવું મીઠું છે તેથી સત્યનુંજ પાન કરનારને ખારા સમુદ્રનાં જળ જેવાં અસત્ય વચનથી કદાપિ સંતોષ વળતોજ નથી.

અસત્ય ભાષણથી ભોળા લોકોને અવળે રસ્તે દોરનાર જેવો કોઇપણ વિશ્વાસઘાતી–મહાપાપી નથી. તેથી સભાસમક્ષ ભાષણ કરનારે પોતાની જવાબદારી સારી રીતે વિચારી રાખવાની

જરૂર છે. કેમકે તેના ઉપર લાખોગમે માણસોના ભવિષ્યનો સવાલ રહેલો છે.

સત્યના રાગીએ લક્ષમાં રાખવું જોઇયે કે દુનિયામાં અસત્ય બોલવાનાં કારણ માત્ર ક્રોધ, માન, માયા, લોભ, ભય કે હાસ્યજ હોય છે, અને જેમ બને તેમ કાળજીથી તેવાં કારણોને દૂર કરીને સત્યજ વચન વદવું. એવા સત્યવાદીનો સુયશ કાલિકાચાર્યની પેરે ચિર સ્થાયી રહે છે.

સત્યની ખાતર પોતાના પ્રિય પ્રાણને પણ ગણે નહિ તેજ સત્ય ધર્મનો અધિકારી છે. એમ સમજીનેજ યુધિષ્ઠિર પ્રમુખે પ્રાણાંત સુધી તે વ્રતનું પાલન કર્યું છે.

જે માણસ વિવેકથી વિચારીને પ્રસંગોપાત, હિત, મિત, ભાષણથી સર્વને પ્રિય લાગે એવું સત્ય વચન બોલે છે. તેનું વચન સર્વ માન્ય થવાથી અંતે તે અભીપ્સિત કાર્ય સુખે સાધી શકે છે.

તોતડી જીભ, મૂંગાપણું, મુખપાકાદિ રોગ, મૂર્ખતા, દુઃખર અને અનાદેયવચનાદિક સર્વ અસત્યનાંજ ફળ સમજીને તેનાથી સુબુદ્ધિજનોએ દૂર રહેવું. તેમજ બીજા પણ યોગ્ય જીવોને દૂર રહેવા પ્રેરણા કરવી.

ચોખી જીભ, સુસ્પષ્ટ ભાષિત્વ, નિર્દોષતા, પાંડિત્ય, સુસ્વર, અને આદેયવચનાદિક સર્વ સત્યનાંજ ફળ સમજીને શાણા માણસોએ સદા સત્યનોજ પક્ષ કરીને સત્યવ્રતનું પાલન કરવા ઉજમાળ રહેવું.

૧૮ अदत्तनो त्याग कर.

સાક્ષાત્ અન્યાયથી દાવપેચ કરીને પરાઇ વસ્તુ છીનવી લેવી, તેમ કરવા બીજાને ઉશ્કેરણી કરવી, તેને સહાય આપવી, જાણી જોઇને ચોરાઇ વસ્તુ લેવી, થાપણ ઓળવવી, અને વિશ્વાસઘાત કરવો એ બધા ચોરીના પેટામાં આવી જાય છે. એમ સમજીને દક્ષ, નીતિવંત અને દયાળુ શ્રાવકે તેનાથી બીલકુલ દૂરજ રહેવું

દસ પ્રાણ ઉપરાંત પૈસાને લોકો અગીયારમો પ્રાણ લેખે છે તો એવા પ્રાણપ્રિય દ્રવ્યનું અપહરણ કરનાર માણસ પરાયા પ્રાણના હરણ કરનાર કરતાં પણ અધિક પાતકી ઠરે છે, અને તેથી તે આલોકમાં પ્રત્યક્ષ વધ બંધનાદિક પામીને પરભવમાં નરકનો અધિકારી થાય છે.

મુમુક્ષુ સાધુને તો એથી પણ અધિક બારીકીથી અદત્તનો ત્યાગ દરવાનો છે. તેને તો મનથી પણ અદત્ત લેવાનો સખ્ત નિષેધ કહેલો છે.

સ્વામી અદત્ત, જીવ અદત્ત, તીર્થંકર અદત્ત, અને ગુરૂ અદત્ત એમ ચ્યાર પ્રકારનું અદત્ત સર્વથા તજી સાધુને મહાવ્રત પાળવાનું છે. તેમાં જેટલો જેટલો અનાદર કરાય છે તેટલું તેટલું મહાવ્રત દૂષિત થતું જાય છે. તેથી તેનું સ્વરૂપ યથાર્થ સમજીને સુસાધુ જનોએ અદત્તથી સર્વથા દૂર રહેવા યત્નવંત રહેવાની અવશ્ય જરૂર છે.

આહાર, પાણી, ઔષધ, ભેષજ; વસ્ત્ર, પાત્ર, અને રહેઠાણ વિગેરે તેના ધણીની રજા શિવાય લઇ વાપરવાથી સ્વામી-અદત્ત લાગે છે.

ઘર ધણીયે આપ્યાં છતાં જો તે તે વસ્તુ સચેત (સજીવ) અથવા અચેત (નિર્જીવ) નહિ થયેલી એવી મિશ્ર છતી લઇ વાપરવામાં આવે તો તે લેનાર અને વાપરનાર સાધુને જીવ-અદત્ત લાગે છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવને પ્રધાન કરીને પ્રવર્તતી એવી પ્રભુ આજ્ઞાને પ્રમાણ કરવાને બદલે સ્વચ્છંદપણે વ્યવહાર ચલાવવાથી આપખુદ વર્તનથી તીર્થંકર અદત્ત લાગે છે.

તેમજ ગીતાર્થ ગુરૂ મહારાજની તેવીજ હિતકારી આજ્ઞાને અવગણી આપમતે ચાલનાર સાધુને ગુરુ અદત્ત લાગે છે.

અદત્તનું સ્વરુપ સમ્યગ્ વિચારીને જે ભવભીરુ જનો તે-નાથી અલગા રહેશે તે સ્વર્ગાદિકની સંપદાને સાક્ષાત્ પામી અંતે અવિચળ સુખના અધિકારી થાશે.

---

૧૯ ब्रह्मचर्यनुं सेवन कर.

દેવતા, મનુષ્ય અને તિર્યંચ સંબંધી વિષયભોગોથી વિ-રમીને સહજ સંતોષધારી, ધર્મધ્યાનમાં નિમગ્ન રહેવું તેનું નામ બ્રહ્મચર્ય છે.

મનથી પણ ઉક્ત વિષયોને નહિ ઇચ્છવારૂપ મહાવ્રત મુ-મુક્ષ પુરુષોને હોય છે, અને યથાસંભવ સામાન્યપણે તો તે વ્રત ગૃહસ્થ શ્રાવકોને પણ હોય છે. મુનિયોમાં સ્થૂલભદ્રાદિકનાં અને ગૃહસ્થોમાં વિજય શેઠ અને વિજયા શેઠાણી તથા સુદર્શન શેઠ વિગેરેનાં તેમજ અનેક સતા અને સતીઓનાં દૃષ્ટાન્તો જગ-જાહેર છે.

અનાદિની વિષયવાસના ભાગ્યયોગે સર્વથા અથવા અંશ-

થી ઉપશાન્ત થયે છતે ઉક્ત મહાવ્રત સર્વથી કે દેશથી ઉદય આવે છે. ઉક્ત મહાવ્રતના દૃઢ અભ્યાસપૂર્વક ભાવનાથી તેની સિદ્ધિ થતાં તે મહાશયને સહજ સંતોષજન્ય અનંત સુખ વ્યાપી જાય છે અને એવા સ્વાભાવિક સુખમાં નિમગ્ન થયેલા યોગી પુરુષને કદાચ અપ્સરા ચલાયમાન કરવા યત્ન કરે તો તે તદ્દન નિષ્ફળ જાય છે. એવા સ્વાભાવિક આત્મ સુખનીજ કામનાથી જે મહાશયો ઉક્ત મહાવ્રતને સેવે છે તે સકળ સુરાસુરને માન્ય થઇને અક્ષયસુખના અધિકારી થાય છે.

ઉક્ત મહાવ્રતની રક્ષા માટે પ્રથમ નવ બ્રહ્મ—વાડો પાળવાની જરુર રહે છે. માટે તે વાડોનું સ્વરુપ સમજી દરેક સુમુક્ષુએ તેનો ખપ કરવો યુક્ત છે.

૧ વસતિ–સ્ત્રી, પશુ, પંડક વિગેરે રહે ત્યાં બ્રહ્મચારીને રહેવું કલ્પે નહિ.

૨ કથા–કામકથા કરવી ઘટે નહિ.

૩ નિષદ્યા–સ્ત્રી વિગેરેનું આસન શયન વિગેરે વાપરવું નહિ.

૪ ઇંદ્રિય–સ્ત્રી આદિકનાં અંગોપાંગ રાગબુદ્ધિથી નીરખવાં નહિ.

૫ કુડયંતર–ભીંત અથવા પડદા પાસે સ્ત્રી આદિકનો વાસ તજવો.

૬ પૂર્વક્રીડા–પૂર્વે અવ્રતીપણે કરેલી કામ ક્રીડા સંભારવી નહિ.

૭ પ્રણીત ભોજન–રસકસવાળા ઘેબર પ્રમુખનું સ્નિગ્ધ ભોજન કરવું નહિ.

૮ અતિમાત્રાહાર–પ્રમાણુથી વધારે લૂખું ભોજન પણુ કરવું નહિ.

૯ વિભૂષા–સ્નાન, વસ્ત્રાલંકારથી કે તૈલાદિકના મર્દનથી બ્રહ્મચારીને સ્વશરીરની શોભા કરવી કરાવવી નહિ.

એ પ્રમાણે અખંડ બ્રહ્મચર્યને પાળીને પુર્વે અનેક શુદ્ધાશયો જેમ અક્ષય સુખને પામ્યા છે તેમ વર્તમાન અને અનાગત કાળમાં પણ પવિત્ર પુરુષાર્થ ફોરવનારા અનેક મહાશયો એ નિર્મળવ્રતને નિરતિચારપણે પાળીને આત્મોન્નતિ કરી અન્યને દૃષ્ટાંતરૂપ થઇને અંતે અક્ષય સંપદાને વરશે.

---

૨૦ પરિગ્રહ—મૂર્ચ્છાનો પરિહાર કર.

સચેત, અચેત, કે મિશ્ર એવી અલ્પ મૂલ્ય કે બહુ મૂલ્યવાળી વસ્તુ ઉપર મૂર્ચ્છા થવી તેને જ્ઞાની પુરૂષો પરિગ્રહ કહે છે. તે પરિગ્રહ બે પ્રકારનો છે.

ધન, ધાન્ય, રૂપું, સોનું, દ્વિપદ, ચતુષ્પદ વિગેરે બાહ્ય પરિગ્રહ છે. તથા વેદોદય ૩, હાસ્યાદિ ૬, મિથ્યાત્વ ૧ અને કષાય ૪ મળીને ૧૪ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ કહ્યો છે.

એ બન્ને પ્રકારનો પરિગ્રહ સર્વથા પરિહરે તે નિર્ગ્રંથમુનિ કહેવાય છે.

અંતરનો પરિગ્રહ તજ્યા વિના બાહ્ય પરિગ્રહના ત્યાગ માત્રથી કંઇ કલ્યાણ નથી. શું કાંચળી માત્ર તજવાથી સર્પ નિર્વિષ થઇ શકે છે?

બંને પ્રકારના પરિગ્રહને તૃણવત્ તજીને જે સંસારથી ન્યારા રહીને સંયમને સાધે છે તેનાં ચરણકમળને ત્રણે જગત પૂજે છે.

પરિગ્રહ એક એવા પ્રકારનો ગ્રહ છે કે જેના યોગે આખી

જગત્ પીડા પામે છે. પરિગ્રહ ગ્રહથી ઘેલો થયેલો સાધુ પણ જેમ આવે તેમ લવ્યા કરે છે.

જેમ અત્યંત ભારથી ઝાઝ જળમાં ડૂબી જાય છે તેમ પરિગ્રહ ગ્રહથી ગ્રસ્ત થયેલો જીવ પણ આ ભયંકર ભવસાગરમાં ડૂબે છે.

જેમ જેમ જીવને દૈવવશાત્ લાભ મળતો જાય છે તેમ તેમ તેને લોભ વધતો જાય છે, અને તે એટલો બધો કે તેની કંઇપણ હદ રહેતી નથી, જેથી તે અનેક પ્રકારના પાપારંભ કરીને પણ પૈસા પેદા કરવા પ્રયત્ન કર્યા કરે છે, તેથી જિન શાસનાનુયાયી દરેક આત્માર્થી જીવને ઉચિત છે કે તેણે '**પાણી પહેલાંજ પાળ**' ની પેરે પ્રથમથીજ પરિગ્રહનું પ્રમાણ કરીને રહેવું. અને નિયમિત ધનધાન્ય–નીતિથીજ પેદા કરવા ખાસ લક્ષ્ય રાખવું. ભાગ્યવશાત્ વિશેષ દ્રવ્યની પ્રાપ્તિ થઇ તો સદ્ગુરૂની સલાહ મુજબ પુણ્યક્ષેત્રમાં તેનો વિવેકથી વ્યય કરીને કૃતાર્થ થાવું એ પ્રમાણે જે શુભાશય મૂર્છાને મારે છે તે ઉભયલોકમાં અવશ્ય સુખી થાય છે.

'ઇચ્છા તો આકાશની જેવી અનંતી છે' એમ નિશ્ચયથી સમજીને અનહદ એવા લોભનો નિગ્રહ કરવા પરિગ્રહનું પ્રમાણ તો અવશ્ય કરવું. અન્યથા મમ્મણશેઠ વિગેરેની પેરે નિર્મર્યાદ લોભતૃષ્ણાથી માઠા હાલ થશે.

પરિગ્રહનું પ્રમાણ કરીને યથાપ્રાપ્તમાં સંતોષવૃત્તિ ધારવાથી ઉભય લોકમાં કેવું સુખ મળે છે, તેને માટે આનંદ કામદેવાદિક અનેક શ્રાવકોનાં અને પુણીયા શ્રાવક વિગેરેનાં દૃષ્ટાન્ત જગપ્રસિદ્ધ છે.

ધર્મનાં સાધનભૂત વસ્ત્ર, પાત્ર અને પુસ્તકાદિક ઉપગરણો

પરિગ્રહરૂપ નથી પણ જો મૂર્છા રાખીને તેમનો સદુપયોગ કરવામાં ન આવે તો તે સર્વ પરિગ્રહરૂપ થઈ પડે છે. કેમકે મૂર્છા એજ પરિગ્રહ છે એમ જ્ઞાતપુત્ર શ્રી મહાવીર સ્વામીએ કહેલું છે. માટે મૂર્છા તજીને જેમ તપ, જપ, સંયમવડે દેહને સાર્થક કરવામાં આવે છે, તેમ ધર્મોપગરણને પણ તે તે ધર્મ કાર્યમાં મૂર્છારહિત ઉદાર દીલથી ઉપયોગપૂર્વક વાપરી સાર્થક કરવા, એ વીરપુત્રોની ફરજ છે.

---

૨૧ वैराग्य भाव धारण कर.

संपदो जलतरंग विलोला, यौवनं त्रि चतुराणि दिनानि।
शारदाभ्रमिव चंचलमायुः, किं धनैः कुरुत धर्ममनिन्द्यं॥१।

લક્ષ્મી જળતરંગની જેવી ચપળ છે, યૌવન અલ્પ સ્થાયી હોવાથી અસ્થિર છે, અને આયુષ્ય શરદનાં વાદળાં જેવું ચંચળ છે. માટે હે ભવ્યો! તમે ક્ષણિક ધનનો લોભ તજીને સર્વોત્તમ એવા વીતરાગભાષિત ધર્મનુંજ સેવન કરો.

રાગીના ઉપર પણ વિરકત રહેનારી યા સ્વાર્થ પૂરતા કૃત્રિમ રાગને ધરનારી એવી નારીને કોણ સહૃદય પુરૂષ વાંછે? તેતો વિરાગી ઉપર પૂર્ણ પ્રેમને ધરનારી એવી મુકિતકન્યાનેજ વાંછે છે.

દુનિયામાં સર્વ કોઇ સ્વજનવર્ગાદિક સ્વાર્થનિષ્ઠજ છે. એમ સુસ્પષ્ટ સમજ્યા છતાં કોણ સહૃદય પુરૂષ તેમાં નિષ્કારણ મગ્ન થઇ રહે? જ્યારે મોહ માયાનો પડદો દૂર ખસે છે ત્યારે અખંડ સામ્રાજ્ય સુખને સાક્ષાત્ સેવનારા ચક્રવર્તી સરખા સિંહ

પુરૂષો પણ પૂર્ણ વૈરાગ્યથી આ પૌદ્ગલિક સુખનો ત્યાગ કરીને સહજ આનંદને સાક્ષાત્ અનુભવવાને શ્રી વીતરાગ દેશિત ચારિત્ર ધર્મનો સ્વીકાર કરીને તેને સિંહની પેરે પાળવા પ્રવૃત્ત થાય છે.

દુઃખગર્ભિત, મોહગર્ભિત, અને જ્ઞાનગર્ભિત એમ વૈરાગ્ય ત્રણ પ્રકારનો છે. એ ત્રણેપ્રકારમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યજ શિરોમણિ છે.

જેમ હંસ ક્ષીર નીરને સ્વચંચુથી જૂદાં પાડી ક્ષીરમાત્રનું ગ્રહણ કરી લે છે. તેમ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવંત-વિવેકાત્મા શુદ્ધ ચારિત્રના બળથી અનાદિ કર્મમળને દૂર કરી શુદ્ધ આત્મતત્વ (સહજાનંદ સુખ) ને સાક્ષાત્ પામે છે.

રાગદ્વેષાદિક દુષ્ટ દોષોને દૂર કરવાથીજ શુદ્ધ વૈરાગ્ય પ્રગટે છે, અને ઉકત વૈરાગ્યના દૃઢ અભ્યાસથી રાગદ્વેષાદિક વિકારો સમૂળગા નાસે છે, ત્યારેજ આત્માની સહજ વીતરાગ (પરમાત્મ) દશા સાક્ષાત્ પ્રાપ્ત થાય છે.

આવા વીતરાગ પરમાત્માનાં વચન સર્વથા પ્રમાણ કરવા યોગ્યજ હોય છે. આ દુઃખમય અસાર સંસાર મધ્યે શ્રી વીતરાગ દેશિત ધર્મનું સેવન કરી લેવું, એજ સારભુત છે, છતાં પણ પ્રમાદવશવર્તી જનો સત્ય-સર્વજ્ઞ દેશિત ધર્મનું યથાર્થ સેવન કરી શકતાજ નથી, જેથી પૂર્વ પુણ્યોદયે પ્રાપ્ત થયેલી આ અમૂલ્ય તકને ગમાવી તે બાપડાઓને પાછળથી બહુ શોચવું પડે છે.

સમતાસાગર સત્પુરુષોના સદુપદેશનું વિધિવત્ શ્રવણ મનન કરવાથી ભવ્ય જીવોને પૂર્વોકત ઉત્તમ વૈરાગ્યનો અપૂર્વ લાભ મળે છે.

વિરકત ભાવે રહેતાં વિશાળ રાજ્યાદિક ભોગો પણ બાધકભૂત

થઇ શકતા નથી. પણ અન્યથા તો ગાઢમોહથી આત્મા મલીન થયા વિના રહેતોજ નથી. વિરકત પુરૂષ છતી વસ્તુએ અનાસકત રહે છે, અને મૂઢાત્મા તો તેમાં સદાકાળ આસકતજ રહે છે. શુદ્ધ વૈરાગ્યનીજ ખરી બલિહારી છે, ખરા વૈરાગ્યથી ચક્રવર્તીને સ્વ-રાજ્ય તજવું લગારે મુશ્કેલ નથી. પણ મોહગ્રસ્ત ભીખારીને તો એક રામપાત્ર (શકોરૂં) તજવું પણ ભારે કઠણ થઇ પડે છે. શુદ્ધ વૈરાગ્યવંત નિષ્કલંક ચારિત્રને પાળી સર્વ દુઃખને શમાવી અંતે અક્ષય સુખને વરે છે.

---

૨૨ गुणीजनोनो संग कर.

નિર્ગુણી એવા ખલ યા દુર્જનોનો સંગ ત્યજીને હે ભવ્ય તું તારૂં સ્વહિત સાધવાને સદ્ગુણી-સજ્જનોનો સદા સમાગમ કર.

સદ્ગુણીની સોબતથી નિર્ગુણ પણ ગુણવંત થાય છે અને નીચ એવા નિર્ગુણીની સોબતથી સદ્ગુણી પણ નિર્ગુણી થઈ જાય છે. જુઓ ! મલયાગિરિના સંગથી સામાન્ય વૃક્ષો પણ ચંદનતાને અને મેરૂગિરિના સંગથી તૃણ પણ સુવર્ણતાને ભજે છે. તેમજ લીમડાના સંગથી આંબા અને કોળાના સંગથી કણુ-કનો વાક વિનાશ પામે છે.

સાધુ પુરૂષો સદુપદેશવડે સામાના અજ્ઞાન અંધકારનો નાશ કરી તેને સત્ય વસ્તુનું ભાન કરાવે છે, જેથી તેનો મોહ ભ્રમ દૂર નાસે છે.

ગુણીજનો નિર્ગુણજનોને પણ સદ્ગુણી કરવા ઇચ્છે છે, ગુણીમાંથી ગુણ ગ્રહણ કરે છે, સદ્ભૂત ગુણનું ગાન કરે છે

અને પોતાના ગુણોનો પણ ગર્વ કરતા નથી. એવા સદ્‌ગુણીનો સંગ મહા ભાગ્યયોગેજ થાય.

ગુણીજનો મનથી, વચનથી અને કાયથી નિઃસ્પૃહપણે પરોપકાર કરે છે.

સદ્‌ગુણીના સંગથી સામાનાં પાપનો લોપ થાય છે, ધર્માચરણ કરવામાં નિર્મળ મતિ વિસ્તરે છે, વૈરાગ્ય પ્રકટે છે, સ્નેહરાગ વિઘટે છે, સર્વ ઇંદ્રિયો ઉપર કાબુ મળે છે, શોક, ક્લેશ અને ભયાદિક દુઃખનો જય થઈ શકે છે અને સંસારનો પાર થાય છે. એમ સમજીને સ્વ ચરિત્રને નિર્મળ કરનાર એવા સત્પુરૂષોની સોબત તું નિરંતર કર. પાત્રાપાત્રની યોગ્ય કદર ગુણી પુરૂષજ કરી શકે છે પણ નિર્ગુણી કરી શકતો નથી. તેથી જો સામામાં પાત્રતા હશે તો તે તેને સ્વ સમાન કરવા પણ ભૂલશે નહિ, પરંતુ જો પાત્રતાની ખામી જણાશે તો પ્હેલું લક્ષ સામાને પાત્રતા પ્રાપ્ત કરાવવા દોરશે, અને તે યોગ્યજ છે. કેમકે સુપાત્રમાંજ કરેલો શ્રમ સાર્થક થાય છે ક્હ્યું પણ છે કે "પાત્રાપાત્રનો વિવેક શિખવાને ગાય અને સર્પનો મુકાબલો કરવો. ગાયને તૃણ–ભક્ષણથી દૂધ થાય છે અને સાપને દૂધ પાવાથી પણ ઝેરજ થાય છે." સુબુદ્ધિજનોએ તો સર્વથા પ્રથમ પાત્રતાજ પ્રગટ કરવા લક્ષ્ય દોરવાનું છે.

२३ श्री वीतरागने ओळखी वीतरागनुं सेवन कर.

જેને સંક્લેશકારી રાગ, શાન્તિભંજક દ્વેષ અને સમ્યગ્

જ્ઞાનાચ્છાદક તથા વિપરીત ચેષ્ટાકારી મોહ સર્વથા નષ્ટ થયા છે, અને ત્રિભુવનમાં જેનો મહિમા ગવાયો છે તેજ ખરા મહાદેવ છે. જે વીતરાગ, સર્વજ્ઞ, અક્ષય સુખના સ્વામી, ક્લિષ્ટ એવાં કર્મથી મુકત અને સર્વથા દેહાતીત–જન્મ મરણથી રહિત થયા છે. જે સર્વ દેવોના પુજ્ય છે, સર્વ યોગીયોના ધ્યેય છે અને સર્વ નીતિના કર્તા છે તેજ ખરા મહાદેવ છે. એ પ્રમાણે શ્રેષ્ઠ ચરિત્રવાળા જેમણે સર્વ દોષ રહિત મોક્ષ માર્ગ પ્રકાશક શાસ્ત્ર પ્રરૂપ્યાં છે તેજ પરમ દેવ પરમાત્મા છે.

સદા સાવધાનપણે તેમની આજ્ઞાનો અભ્યાસ કરવો એજ તેમની આરાધનાનો ખરો ઉપાય છે. અને તે પણ શકિતના પ્રમાણમાં કરવાથી અવશ્ય ફળદાયી નિવડે છે. છતી શકિત ગોપવીને પ્રાપ્ત સામગ્રીનો જોઇએ તેવો સર્વજ્ઞ આજ્ઞાને અનુસાર સદુપયોગ નહિ કરનાર પ્રમાદશીલ જનોને શ્રી વીતરાગ સેવાનો યથાર્થ લાભ મળી શકતો નથી. જેમ પરોપકારશીલ એવા કુશલ વૈદ્યનાં નિઃસ્વાર્થ વચનાનુસારે વર્તન કરનાર વ્યાધિગ્રસ્ત જનોના વ્યાધિનો અંત આવે છે, તેમ પરમાત્મ પ્રભુનાં એકાંત હિતકારી વચનને પરમાર્થથી અનુસરનાર ભવ્ય જીવોનાં ભવદુઃખનો જરૂર અંત આવે છે.

એવી રીતે પરમશાંત, કૃતકૃત્ય, અને સર્વજ્ઞ–સર્વદર્શી ! એવા વીતરાગ પરમાત્માને સમ્યગ્ ભકિત–ભાવથી સદા નમસ્કાર થાઓ !

મોહ માયા તજીને જે પ્રસન્નચિત્તથી પરથાત્મ પ્રભુની પૂજા સેવા કરે છે તે સર્વ અઘને ટાળી અંતે અનઘ એવા અક્ષયપદને વરે છે. જે ઉપર મુજબ પરમાત્માનું સ્વરૂપ સદ્‌બુદ્ધિથી વિચા-

રીને વિવેક પૂર્વક તેમની પવિત્ર આજ્ઞાને યથાશક્તિ આરાધવારૂપી ઉપાસના નિષ્કપટપણે કરે છે તે અનુક્રમે દૃઢ અભ્યાસના યોગથી સર્વ દુઃખનો અંત કરીને પોતેજ પરમાત્મપદને વરે છે.

---

૨૪ પાત્રાપાત્રને સમજી સુપાત્રને દાન દે.

જે સંસારથી ઉદાસીન થઈ સર્વજ્ઞ વીતરાગ વચનાનુસારે સર્વ આરંભ પરિગ્રહનો ત્યાગ કરી પાંચ મહાવ્રતોને ધારણ કરીને સ્વ કર્તવ્ય સાવધાનપણે સાધવા ઉજમાળ રહે છે તે જૈનશાસનમાં સુપાત્ર કહેવાય છે તેથી વિરુદ્ધ વર્તન કરનાર પ્રમાદી, સ્વચ્છંદી યા દંભી ડોળઘાલુની કુપાત્રમાં ગણના થાય છે. કલ્યાણાર્થીએ કુપાત્રની ઉપેક્ષા કરીને પ્રતિદિન સુપાત્રનીજ પોષણા કરવી યુક્ત છે.

સુપાત્રમાં પણ ન્યાયોપાર્જિત દ્રવ્યવડે વિવેક પૂર્વક ક્ષેત્ર કાલાદિ વિચારીને કરેલો વ્યય અત્યંત હિતકારી થાય છે.

સુપાત્રને કુપાત્ર બુદ્ધિથી કે કુપાત્રને સુપાત્ર બુદ્ધિથી દીધેલું દાન દૂષિત છે.

પાત્રાપાત્રની યોગ્ય પરીક્ષા પૂર્વક સુપાત્રને સ્વલ્પ પણ આપેલું વિવેકવાળું દાન અમૂલ્ય થઇ પડે છે, વિવેક વિના તો તે વિશેષ પણ ફલીભૂત થતું નથી.

સ્વાભાવિક પ્રેમ, ઉલ્લાસ, ઉદારતા, અને અકુંઠિત ભાવના વિગેરે વિવેક યુક્ત દાનનાં ભૂષણ છે, તેથી દાતાને અત્યંત લાભ થાયછે.

સ્વાતિ નક્ષત્રનું જળ જેમ પાત્રતા પ્રમાણે જૂદાં જૂદાં ફળ આપે છે, તેમ ગમે તેવું સારૂં દ્રવ્ય પણ પાત્રતાના પ્રમાણમાંજ ફળીભૂત થાય છે. માટેજ પાત્રાપાત્ર સંબંધી વિચાર પ્રથમ કર્તવ્ય છે. સુપાત્ર દાનથી શાળીભદ્રની પેરે વિશાળ ભોગ પામી પછી સ્વર્ગ યા મોક્ષનાં સુખ પ્રાપ્ત થાય છે. અરે તેની અનુમોદના માત્રથી મૃગલા જેવાં મુગ્ધ પ્રાણી પણ સાક્ષાત્ દાતારની પેરે સ્વર્ગ ગતિ પામે છે, તો પછી પરમ પ્રેમ પૂર્વક પવિત્ર ચારિત્રપાત્ર સાધુજનોને જે સદા ઉલ્લસિત ભાવે દાન દેછે, અને અન્ય દેનારની અનુમોદના કરે છે તેમનું તો કહેવુંજ શું ? તેતો તેમના પવિત્ર આશયથી અક્ષય સુખનાજ અધિકારી થાય છે. તેથી શાસ્ત્રકારે યોગ્યજ કહ્યું છે કે હે ભવ્યો ! તમે અનેક ગુણનિધાન સ્વર્ગ મોક્ષદાયક સકલ સુખકારક, પાપ ઓઘ નિવારક, સ્વપર હિતદાયી, અને સર્વ સંતોષકારી એવું અક્ષય સુખહેતુક દાન નિર્ગ્રંથ મુનિયોને સદા આપો.

૨૫ जरुर जणाय त्यांज जिनालय जयणाथी कराववुं.

કોઇક ભાગ્યશાળી ભવ્યનુંજ દ્રવ્ય જયણાથી જિનાલયમાં વપરાય છે.

નવું જિનાલય કરવા કરતાં જૂનું સમરાવવામાં સામાન્ય રીતે આઠ ગુણું ફળ શાસ્ત્રકારો કહે છે. શુદ્ધ સમજથી તો તે કરતાં અનંતગણું ફળ મળે છે.

ન્યાયોપાર્જિત દ્રવ્યવાળો, ઉદાર આશય, મોટી લાગવગવાળો, શાસ્ત્ર નીતિ પ્રમાણે ચાલનારો, ભવભીરૂ શ્રાવકજ જિનાલય કરાવવાનો અધિકારી છે. કેમકે તેજ તેને જયણા પૂર્વક નિર્વિઘ્ને કરાવી સાચવી શકે છે,

જિનાલય કરાવતાં કોઇપણ જીવને લગારે કિલામના ઉપજાવવી નહિ. તેમાં ઉત્તમોત્તમ વસ્તુઓ વાપરવી, અને કારીગરોના કામની વિશેષે કદર કરવી. નીચ જાતિના લોકોને યા મદ્યમાંસ ભોજીને તેમાં કામે લગાડવા નહિ. દયાના કામમાં પૂરતી કાળજી રાખવી.

ચૈત્ય પૂર્ણ થયે છતે તેમાં વિલંબ રહિત વિધિવત્ જિનબિંબની સ્થાપના કરવી. બિંબ પ્રતિષ્ઠાદિક સત્ ક્રિયા યથાયોગ્ય સુવિહિત સાધુ પાસે કરાવવી. સૂરિમંત્રાદિકથી પ્રતિષ્ઠિત પ્રભુ પ્રતિમામાં અપૂર્વ ચૈતન્ય પ્રગટે છે, જેથી ભવ્ય જીવોને દર્શન કરતાં સાક્ષાત્ સમવસરણનું ભાન થાય છે, અને પ્રભુ મહિમાથી પૂજા ભક્તિમાં ભાવિક જીવો તલ્લીન થઇ જાય છે.

પ્રભુ પ્રતિમા શાસ્ત્રોક્ત નીતિ મુજબ પ્રમાણમાં નાની યા મોટી કરાવવામાં આવે છે. જેને દેખતાંજ ભવ્ય જીવોને પ્રભુની પૂર્વ અવસ્થાનું યથાર્થ ભાન થઇ આવે છે, જેથી તેઓ છદ્મસ્થ, કેવળી, અને નિર્વાણ અવસ્થાને જૂદી જૂદી રીતે ભાવી શકે છે.

સ્નાનાર્ચનવડે છદ્મસ્થ અવસ્થા, પ્રાતિહાર્યવડે કેવળી અવસ્થા, અને પર્યંકાસને કાઉસ્સગ્ગમુદ્રાથી પ્રભુની નિર્વાણ અવસ્થા ભાવી શકાય છે.

જિનબિંબ યુક્ત જિનાલય જ્યાં સુધી સ્થિર રહે ત્યાં સૂધી

અનેક ભવ્ય જીવો ઉક્ત ભાવના વડે મહાન્ લાભ ઉપાર્જન કરી અનેક ભવસંચિત કર્મનો ક્ષય કરીને નાગકેતુની પેરે અવિચળ પદવી વરે છે.

આથી કેવળ જશ કીર્તિ માટે જરૂર વિના નવાં જીનાલય કરવા કરતાં જીર્ણ જીનાલય સમરાવવાની કેટલી બધી જરૂર છે તે સ્પષ્ટ સમજી, અલ્પ દ્રવ્યથી, અલ્પ શ્રમથી અને અલ્પ વખતથી અચિંત્ય લાભ લેવાને અને એમ કરીને અક્ષય નામના મેળવવાને આત્માર્થી જનોએ ભુલવું જોઈતું નથી. જ્યાં સુધી પૂર્વ પુણ્યોદયે લક્ષ્મી સાધ્ય છે, ત્યાં સુધીજ તેવું મહત્ત્વનું કામ સ્વતંત્ર પણે બની શકે તેમ છે. એમ જાણી વિચારમાંજ વખત નહિ ગાળતાં આવાં પરમાર્થવાળાં કાર્યમાંજ તેને સફળ કરવી યોગ્ય છે. જીર્ણોદ્ધાર કરાવનાર મહાશય પોતાના આત્માનોજ ઉદ્ધાર કરે છે એટલુંજ નહિ પણ અનેક ભવ્યાત્માઓનો પણ ઉદ્ધાર કરે છે. તે વાત ઉપરલી હકીકત સમભાવે વિચારતાં સ્પષ્ટ માલૂમ પડશે.

પૂર્વે પણ અનેક ભૂપતિ, અમાત્ય અને શ્રેષ્ટીલોકોએ આવા જીર્ણોદ્ધાર કરીને સ્વપર ઉદ્ધાર કર્યાના દાખલા શાસ્ત્રમાં મોજુદ છે.

---

२६ निर्मळ भावनाओ भाव्य.

નિર્મળ મનથી દાન, શીળ, કે તપ વિગેરે ધર્મકરણી યથાશક્તિ કરતાં અથવા નહિં કરી શકાય તેને માટે શોચ પૂર્વક અભ્યાસ કરતાં યા તો કોઈ મહાશયને વિધિવત્ ધર્મકરણી કરતાં દેખીને મનમાં જે શુભભાવ પેદા થાય તે વિગેરે ભાવના

કહેવાય છે. ઉક્ત ભાવના વડેજ કરેલી કરણી સફળ થાય છે, અભિનવ ભાવ પેદા થાય છે અને અંતે ભવ ભ્રમણનો અંત આવે છે.

મૈત્રી, મુદિતા, કરૂણા, અને માધ્યસ્થ્યરૂપ ભાવના ચતુષ્ટય દરેક કલ્યાણાર્થી જનોએ પ્રત્યહં ભાવવા-આદરવા યોગ્ય છે, તેથી ઉક્ત ચારે ભાવનાઓનું સ્વરૂપ કંઇક સંક્ષેપથી પણ જાણવાની જરૂર છે.

૧ મૈત્રી—સર્વ કોઇ મારા મિત્ર છે, કોઈ મારા શત્રુ છેજ નહિ. સર્વ કોઇ સુખી થાઓ! કોઇ દુઃખી નજ થાઓ! સર્વ કોઈ સુખના માર્ગે ચાલો! કોઇ પણ દુઃખના માર્ગે નહિ ચાલો! સર્વ કોઇ સત્ય સર્વજ્ઞ ભાષિત ધર્મનુંજ શરણ ગ્રહો! કોઇ પણ અધર્મ યા કુધર્મના પાસમાં નહિ પડો! એવી પવિત્ર બુદ્ધિ સર્વ પ્રતિ રાખવી તે મૈત્રી૦

૨ મુદિતા—યા પ્રમોદ-મેઘમાળાને દેખી જેમ મોર કેકારવ કરે છે અને ચંદ્રને દેખી જેમ ચકોર ખુશી થાય છે તેમ ગુણ મહોદયને દેખીને ભવ્ય જીવો અંતરમાં આલ્હાદ પામી ઉલ્લસિત થાય તે મુદિતા૦

૩ કરૂણા—કોઇ દીન દુઃખીને દેખી સ્વશક્તિ અનુસારે સહાય અર્પિ તેનું દેખીતું દુઃખ દૂર કરવા, અને ધર્મહીન જીવોને યથાયોગ્ય હિતોપદેશ દઈ ધર્મ સન્મુખ કરવા ઉચિત સહાય આપી ધર્મના અધિકારી બનાવવા પ્રયત્ન કરવો તે કરૂણાભાવના કહેવાય છે.

૪ મધ્યસ્થ—દેવ ગુરૂ ધર્મના નિંદક, નાસ્તિક, નિર્દય

નિષ્પ્રતિકાર્ય (જેને કોઇ રીતે હિતોપદેશ લાગે નહિ એવા અનાર્ય) જીવો ઉપર પણ દ્વેષ નહિ કરતાં કર્મની વિચિત્રતા માત્ર વિચારી તટસ્થ રહી સ્વકર્તવ્ય કરવું પણ નાહક રાગદ્વેષથી કર્મબંધ થાય તેમ નહિં કરવું તેનું નામ મધ્યસ્થ ભાવના છે.

અથવા ભવ વૈરાગ્યને કરનારી અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ આદિ દ્વાદશ ભાવનાઓ ભવ્ય જીવોએ નિરંતર ભાવવા યોગ્ય છે. ઉક્ત ભાવનાઓના બળ થકી ભરત મહારાજા મરૂદેવાદિક અનેક ભાવિત આત્માઓ પરમપદના અધિકારી થયા છે. તથા દરેક મોક્ષાર્થી જનોએ ઉક્ત ભાવનાઓનો પ્રતિદિન પરમાર્થથી અભ્યાસ કરવો યોગ્ય છે.

પૂર્વોક્ત ભાવના વિના કરવામાં આવતી ધર્મકરણી પણ અલૂણા ધાન્યની પેરે લૂખીજ લાગે છે અને ભાવના યુક્ત તે અમૃત ક્રિયા શીઘ્ર મોક્ષ સુખ અર્પે છે.

---

२७ रात्री भोजननो त्याग कर.

સૂર્ય અસ્ત થયા પછી અન્નાદિ ભોજન માંસ સમાન અને જળ પાનાદિ રૂધીર સમાન કહ્યું છે તેથી જ્ઞાની પુરૂષોને તે વર્જ્યજ છે.

દિવસમાં પણ ભોજન કરતાં અનેક સૂક્ષ્મ જીવો ઉડતાં ભોજનમાં આવી પડે છે તો પછી રાત્રી વખતે તો તેવા અસંખ્ય જીવો ભોજનમાં આવી પડે એમાં તો કહેવુંજ શું? આથીજ રાત્રિ ભોજન વર્જ્ય છે. દિવસમાં પણ રસોઇ કરતાં ઉપયોગ નહિ રાખવાથી યા ભોજન કરતી વખતે ગફલત કરવાથી

કોઇ ઝેરી જીવ કે તેની ઝેરી લાળ માંહે પડચા હોય તો તેથી ભોજન કરનારના જીવનું પણ જોખમ થાય છે.

જો દિવસમાં પણ બેદરકારીથી આટલો ભય રહે છે તો રાત્રિમાં એવા અવનવા બનાવો સ્વભાવિકજ બનવા પૂરતો ભય રાખવો જોઇયે. જો ભોજનાદિક કરતાં ભોજનમાં જૂ આવી જાય તો જળોદર રોગ પેદા થાય, જો કરોળીયો વગેરે આવે તો લૂતા (કોઢ) આદિક રોગ પેદા થાય, જો કીડી યા ધનેડા વિગેરે ક્ષુદ્ર જીવો આવે તો બુદ્ધિ નષ્ટ થાય. માંખી, આવે તો વમન થાય, વાળ આવે તો કંઠ (સ્વર) ભંગ થાય, અને ઝેરી જીવોનાં વિષ ગરલાદિક આવે તો પોતાના પ્રાણ પણ જાય. એમ સમજીને સ્વદેહની રક્ષા માટે પણ રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો ઉચિત છે. પરમાર્થબુદ્ધિથી તેનો ત્યાગ કરવાથી તો અસંખ્ય જીવોને અભયદાન દેવાના અનંત પુન્યના ભાગી થઇને ઉભયલોકમાં ઉત્કૃષ્ટ સુખ પામી શકાય છે. આથી રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવા શાસ્ત્રકારોએ ભાર દઇને કહ્યું છે.

શાસ્ત્ર સંબંધી પવિત્ર આજ્ઞાનો ભંગ કરીનેજ મૂઢમતિજનો રાત્રિભોજન કર્યા કરે છે, તેઓ પુણ્ય સામગ્રીને નિષ્ફળ કરીને, કરેલાં કિલષ્ટ કર્મના યોગથી ભવાન્તરમાં ઘૂવડ, નોળીયા, સાપ, માર્જાર, અને ગરોળી જેવા નીચ અવતાર પામી નરકાદિકની મહાવ્યથાને પામે છે. રાત્રિભોજનને શાસ્ત્ર નીતિથી તજનાર ભાઈ બ્હેનોએ સૂર્ય અસ્ત પહેલાં બે ઘડીથી માંડીને સૂર્યોદય પછી ભોજનનો ત્યાગ કરવો જોઇયે અને એમ કરવાથી એક માસમાં ૧૬ ઉપવાસનો લાભ સહજ મળી શકે છે. તેમજ જો ' ગંઠ-

સહિયં' પ્રમુખ પચ્ચખાણ પૂર્વક પ્રતિદિન એકાશન અથવા દ્વયશન કરવામાં આવે તો એક માસમાં ૨૯ યા ૨૮ ઉપવાસનો અવશ્ય લાભ મળે છે,

૨૮ मोह मायाने तजीने विवेक आदर.

'હું અને મારૂં' એ મોહના મંત્રથી જગત્ માત્ર આંધળું થઇ ગયું છે. પરંતુ નહિ હું અને નહિ મારૂં'' એ પ્રતિમંત્ર મોહનો પણ પરાજય કરવાને સમર્થ છે.

શુદ્ધ આત્મદ્રવ્ય એજ હું છું અને શુદ્ધ જ્ઞાનાદિ ગુણ એજ મારૂં ધન છે. તે શિવાય હું અને મારૂં કંઇ નથી, એવી શુદ્ધ સમજ મોહનું નિકંદન કરવાને સમર્થ છે. તેથી દરેક મુમુક્ષુએ એજ આદરવા યોગ્ય છે.

નાના પ્રકારના રાગ દ્વેષવાળા વિકલ્પો વડે જેણે મોહ મદિરાનું પાન કર્યું છે તે પોતાનું ભાન ભૂલીને અનેક પ્રકારની વિપરીત ચેષ્ટાઓને વશ થઈ ચારે ગતિમાં ભમતોજ ફરે છે, અને વિડંબનાપાત્ર જ થાય છે. તેથી મોહ માયામાં નહિ ફસાતાં તેનોજ ક્ષય કરવા યત્ન કરવો યુક્ત છે. મોહ માયાને સર્વથા જીતનારા અપ્રમત્ત મુનિયોજ જગતમાં શિરસા વંદ્ય છે. મોહરહિત વીતરાગ મુનિયોજ પરમ શાન્ત છે.

વજ્રબંધન કરતાં પણ રાગબંધન આકરૂં છે અને તેને માટે પ્રબળ વૈરાગ્યની પૂરતી જરૂર છે. વૈરાગ્યવડે ગમે તેવું રાગ બંધન દૂર થઇ જાય છે.

અજ્ઞાન-અવિવેક એ મોહ બંધનનું, અને જ્ઞાન-વિવેક એ વૈરાગ્ય દશા પ્રગટ કરવાનું પ્રબળ કારણ છે.

પૂર્વે જીવે જેવો શુભાશુભ અભ્યાસ કર્યો હોય છે તેવોજ તેને જન્માંતરમાં ઉદય આવે છે, એમ સમજીને સદા શુભજ અભ્યાસ સેવવો અને અશુભ અભ્યાસ ત્યજી દેવો યુક્ત છે.

જે લક્ષ્યપૂર્વક સદા શુભ અભ્યાસનુંજ સેવન કરે છે, તેને પૂર્વ સેવિત અશુભ કર્મોનો આપોઆપ અનુક્રમે અંત આવે છેજ.

જેમ નિર્મોહી-મોહરહિત મહાપુરૂષ વસ્તુસ્વરૂપને જાણી જોઇ શકે છે તેમ મોહાધીન-મૂઢાત્મા કદાપિ જાણી શકતો નથી. તેતો બેભાનતાથી છતા ગુણમાં દોષનો અને છતા દોષમાં ગુણનો આરોપ કરી લે છે. આવો વિભ્રમકારી મોહ દૂર કરવા મુમુક્ષુઓએ સતત ઉદ્યમ કરવો યુક્ત છે. મોહનો ક્ષય કરવામાંજ તેમના ચારિત્રની સફળતા રહેલી છે, એમ સમજીને જેમ રાગાદિક વિકારોનો લોપ થાય તેમ તેઓ પ્રમાદરહિત પરમાર્થ પંથમાં પ્રવર્તવા પ્રતિદિન પ્રયત્નશીલ રહે છે. અને અન્ય આત્માર્થી જનોને પણ ઉક્ત સન્માર્ગમાંજ પ્રવર્તાવવા ઉપદિશે છે.

---

૨૯ खोटी ममतानो त्याग कर.

नित्य मित्र समो देहः, स्वजनाः पर्व सन्निभाः ।
जुहार मित्र समो ज्ञेयो, धर्मः परम बांधवः—

જીતશત્રુ રાજાને સુબુદ્ધિ નામા પ્રધાન છે. બુદ્ધિ નિધાન હોવાથી તે રાજાને બહુ વલ્લભ છે, છતાં કવચિત્ દૈવવશાત તેના

ઉપર કુપિત થયાથી તેણે કોઇક મિત્રનું જ્યાં સુધીમાં રાજાનો કોપ શાન્ત થઇ જાય ત્યાં સુધી શરણ લેવાનું ધાર્યું. તેને નિત્ય મિત્ર, પર્વ મિત્ર, અને જુહાર મિત્ર નામના ત્રણ મિત્ર છે. પ્રથમ નિત્ય મિત્ર પાસે ગયો તો "અતિ પરિચયાત્ અવજ્ઞા" એ ન્યાયથી તેની વાત હસી કાઢવાથી તે પછી પર્વ મિત્ર પાસે ગયો. તેણે કંઇક પ્રથમ તો આશ્વાસન આપ્યું પણ સત્યવાત નિવેદન કરીને દાદ માગતાં તેણે પોતાનું અસામર્થ્ય જણાવ્યું. છેવટ પ્રધાન કંટાળીને જુહાર મિત્ર પાસે આવ્યો તો તેણે પોતાના ઉદાર સ્વભાવને અવલંબી પ્રધાનને અસાધારણ આવકાર આપીને ભારે આશ્વાસન પૂર્વક જણાવ્યું કે મિત્ર! આજ તમે કંઈ ભારે આપત્તિમાં આવી પડયા છો એમ તમારી મુખમુદ્રા ઉપરથી હું સમજી શકું છું. તેથી કહું છું કે તમે નિશ્ચિંત થઈને જે દુઃખનું કારણ હોય તે મને શીઘ્ર જણાવો. આથી પ્રધાનને ઘણી હિંમત આવી, અને સત્ય હકીકત નિવેદન કરવાથી તેણે કહ્યું કે ભાઇ! લગારે ફીકર કરશો નહિ. જ્યાં સુધી મારા ખોળીયામાં પ્રાણ છે ત્યાં સુધી તમારો વાંકો વાળ કરવાને કોઇ સમર્થ નથી. તમે સુખેથી અહિં રહો. આવા આવકારવાળા આશ્વાસનથી અત્યંત સુખી થયેલો પ્રધાન જુહાર મિત્રનુંજ શરણ કરીને રહ્યો. કાળ જતાં રાજાનો કોપ પણ ઉપશાંત થયો, અને પ્રધાનની ભીતિ નષ્ટ થઇ ગઇ. પણ આવેલી વિપત્તિમાં તેને મિત્ર સંબંધી યથાર્થ અનુભવ થઈ આવ્યો. આપણે પણ આમાંથી બહુ સરસ શિખામણ લેવાની છે. યમરાજાને જિતશત્રુ રાજા સમાન સમજવો. અને આત્માને સુબુદ્ધિ પ્રધાન સમાન સમજવો, તેમજ દેહને નિત્ય

મિત્ર સમાન, સ્વજન વર્ગને પર્વ મિત્ર સમાન અને પરમ ઉપગારી ધર્મને જુહાર મિત્ર સમાન સમજવો. જ્યારે યમરાજા કુપિત થાય છે, અને કોઈનો અવસાન વખત આવે છે ત્યારે તે ગાભરો બનીને પોતાના બચાવ માટે બહુ બહુ ફાંફાં મારે છે. પરંતુ તે સર્વે નિષ્ફળ જાય છે. પ્રતિદીન યત્નપૂર્વક પાળી પોષીને પોઢો કરેલો દેહ તેને લગારે સહાય દેતો નથી, તેમજ વળી પ્રસંગે પોષવામાં આવતા સ્વજનો પણ તેને મુખથી મીઠું બોલવા ઉપરાંત કંઈપણ વિશેષ સહાય કરી શકતા નથી. પરંતુ જુહાર મિત્રની જેમ અલ્પ પરિચિત છતાં ઉદાર આશયવાળો ધર્મજ કેવળ પરમ ઉપકારી બંધુની પેરે પરમ સહાયભૂત થાય છે. એમ સમજીને શાણા માણસોએ દુષ્ટ દેહાદિકનો મોહ તજીને એકાંત હિતકારી પરમ ગુણનિધાન સદ્‌ગતિદાતા ધર્મનોજ આશ્રય કરવો યુકત છે. તેની ઉપેક્ષા કરી દેહાદિક ઉપર મમતા રાખવી કેવળ અનુચિતજ છે. વિવેકી હંસો તો દેહ મમત્વને તજીને નિર્મળ ધર્મ રસાયણનુંજ પાન કરે છે.

---

૩૦ संसारसायरनो पार पामवा प्रयत्न कर.

નર્ક, તિર્યંચ, મનુષ્ય અને દેવતા સંબંધી ૮૪ લક્ષ જીવાયોનીથી અતિ ગહન અને મહા ભયંકર ભવસાગરને તરી પાર પામવું અતિ અવશ્યનું છે.

દુર્બુદ્ધિ, મત્સર અને દ્રોહરૂપી તોફાનથી સંસારસાયરમાં સ્વચ્છંદપણે પરિભ્રમણ કરનાર લોકોને ભારે સંકટ સહન કરવું પડે છે.

કષાયરૂપી પાતાલ કળશા, કામરૂપી વડવાગ્ની, સ્નેહરૂપી ઈંધન અને ઘોર રોગશોકાદિ રૂપ મચ્છ કચ્છપથી આકુળ એવા અજ્ઞાનમય તળાવાળા સંસારસમુદ્રના માર્ગો દુઃખના ડુંગરાઓથી આસપાસ રૂંધાયેલા છે. એ સર્વ વિષમ સંયોગોમાંથી સહજમાં પસાર થઈ જવું બહુ દુર્લભ છે, તેથી તેની પાર જવાને ઇચ્છનારે અત્યંત કાળજી રાખવાની જરૂર છે, સંકટ સમયે હિંમત હારી જનાર પ્રમાદીજનો ભવનો પાર પામી શકતા નથી. પણ ગમે તેવા વિષમ સંયોગોને સમભાવે ભેટી પુરૂષાર્થ યોગે પોતાનો માર્ગ કાપે છે તેજ અંતે ભવનો અંત કરી શકે છે.

ખરા હિંમતવાન પુરૂષો આપત્તિને સંપત્તિરૂપ દેખીને સુખે ઉલ્લંઘી જાય છે. પણ પુરૂષાર્થહીન જનો તો પ્રાપ્ત સંપત્તિનો પણ સદુપયોગ કરી શકતા નથી. એટલુંજ નહિ પણ ઉલટો તેનો દુરૂપયોગ કરીને દુઃખી થાય છે.

જેમ રાધાવેધ સાધનાર માણસને રાધાવેધ સાધતાં બારીક ઉપયોગ રાખવો પડે છે, તેમ દરેક મુમુક્ષુ જનને પણ અવશ્ય રાખવાનો છે.

સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન (શ્રદ્ધા) અને સમ્યગ્ વર્તન—સદાચરણ (એ રત્નત્રય) આ સંસારસાયર તરીને પાર પામવાનો અકસીર ઉપાય છે.

જન્મમરણજન્ય અનંત દુઃખ જળથી આ સંસારસમુદ્ર ભરેલો છે. છતાં તીર્થંકર જેવા નિપુણ નિર્યામકની સહાયથી તેનો સુખે પાર પામી શકાય છે.

દૃઢ સંકલ્પથી સંસારસાગરનો પાર પામવાની પવિત્ર બુદ્ધિથી સર્વજ્ઞ વચનાનુસારે સદ્ધર્મ સેવનાર સત્પુરૂષ જરૂરસં-

સારનો પાર પામે છે. ઉત્તમ પ્રકારની ક્ષમા, સરલતા, નમ્રતા, નિર્લોભતા, ઉપરાંત તપ, સંયમ, સત્ય, શૌચ, નિર્મમતા અને બ્રહ્મચર્ય રૂપ દશવિધ યતિધર્મનું યથાર્થ સેવન કરનાર શીઘ્ર મોક્ષસુખ સાધી શકે છે. શુદ્ધ યતિ ધર્મની અનુમોદનાપૂર્વક યથા-યોગ્ય સહાય અર્પનાર સંવિજ્ઞ પક્ષીય સાધુ યા શ્રાવકો પણ નિર્દંભાચરણથી અનુક્રમે સંસાર સમુદ્રનો અંત કરી અક્ષયસુ-ખને સાધી શકે છે.

---

૩૧ ધૈર્યને ધારણ કર. (HAVE PATIENCE)

સમતાનાં ફળ મીઠાં છે. અને તે અનુભવગમ્ય છે. કંઇપણ સત્કાર્ય ધીમેથી પણ દૃઢતાથી કરનાર અંતે અવશ્ય ફતેહમંદ નીવડે છે, તેમ અધીરજથી એકાએક કરનાર ભાગ્યેજ ફતેહ મેળવે છે. નિયમ વગરની ઉતાવળ ઉલટી: નુકશાનકારી નિવડે છે.

દીર્ઘદૃષ્ટિ જનો કોઇપણ મહત્વનું કાર્ય પ્રથમ નાના પાયાથી શરૂ કરે છે અને અનુકૂળ સામગ્રી મળતાં તેને ઉત્સાહપૂર્વક આગળ વધારે છે.

અદીર્ઘદૃષ્ટિ જનોને તો તેવો પૂર્વાપર વિવેક નહિ હોવાથી અનુકૂલ સામગ્રીના વિરહે ઉત્સાહભંગથી આરંભેલું ગમે તેવું મહત્વનું કાર્ય પણ છોડી દેવું પડે છે.

વ્યાવહારિક કાર્યની પેરે કોઇપણ ધાર્મિક કાર્યમાં પણ આ-ત્માર્થી પુરૂષે અભ્યાસપૂર્વક હિંમતથી આગળ વધવાની જરૂર છે.

ધર્માર્થી માણસે પ્રથમ પાત્રતા મેળવવાને માટે માર્ગાનુ-

સારી થવું યુક્ત છે. અને અક્ષુદ્રતાદિક ઉત્તમ ગુણોનો અખંડ અભ્યાસ કરીને ક્ષુદ્રતા, નિર્દયતા, શઠતા, અપ્રમાણિકતા, અનીતિ, અન્યાય, અસત્ય, અહંકાર, કૃતઘ્નતા અને સ્વાર્થઅંધતા વિગેરે અનાર્ય દોષોને પ્રથમ જરૂર દેશવટો દેવો જોઇયે.

આ પ્રમાણે અનુક્રમે અધિકાર પામીને સત્ સમાગમની ટેવ પાડીને તેમાંથી વખતો વખત મધ્યસ્થપણે સત્યને સમજી સત્ય ગ્રહણ કરવું જોઇયે. આ પ્રમાણે વધતી જતી સત્ય તત્વરૂચિથી અને તત્વજ્ઞાનથી સમ્યકત્વ અપરનામ સમકિત યા સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થાય છે. આનું નામજ તત્ત્વશ્રદ્ધા, તત્ત્વ યા વિવેકખ્યાતિ કહેવાય છે,

તત્ત્વ શ્રદ્ધારૂપી વિવેકદીપક ઘટમાં પ્રગટયા પછી અનુક્રમે તત્ત્વાચરણ–સન્માર્ગ સેવન કરવા માટે સતત પ્રયત્ન કરવો જોઇયે, અને તેવો દૃઢ અભ્યાસ કરીને સદ્દગુરૂ સમીપે સમકિત મૂળ ઉકત અહિંસા, સત્ય, અસ્તેયાદિક વ્રતો યથાશકિત આદરવાં જોઇયે. તેમાં પણ પ્રથમ માંસ, મદિરા, શીકાર પરદારાગમન, વેશ્યાગમન, ચોરી, અને જુગારરૂપ સપ્ત વ્યસનોને તો ઉભયલોક વિરૂદ્ધ જાણીને અવશ્ય પરીહરવાં જોઇયે. તેમજ મધ, માંખણ, ભૂમિકંદ અને રાત્રિભોજન વિગેરે પણ વર્જવાં જોઇએ.

સુશ્રાવકે અનુક્રમે સદ્દગુરૂ સમીપે પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચ્યાર શિક્ષાવ્રત મળીને દ્વાદશ વ્રત સંબંધી દૃઢ નિયમ લેવો જોઇએ. આવા વ્રતધારી શ્રાવકોએ પ્રભુની પવિત્ર આજ્ઞાને અનુસરી એવો તટસ્થ અને ન્યાયયુકત–નિષ્પક્ષપાત વ્યવહાર ચલાવવો જોઇએ કે તે પ્રાયઃ સર્વ કોઇને પ્રીય થઇ પડયા વિના રહેજ નહિ. નિપુણ શ્રાવક ન્યાયનો એવો નમુનો

હોવો જોઇએ કે કોઈ પણ સહૃદય પુરૂષ તેનું અનુમોદન યા અનુકરણ કરવા ચુકે નહિ,

આવા સુશ્રાવકો જરૂર સ્વપરની ઉન્નતિપૂર્વક પવિત્ર જી. નશાસનની ઉન્નતિ પણ કરી શકે છે, અને અનુક્રમે સત્ ચારિ· ત્રને સેવી અક્ષયસુખના અધિકારી થઇ શકે છે.

શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકય લક્ષણ સમ્યકત્વપૂર્વક દ્વાદશ વ્રતધારી શ્રાવકો, ધર્મઆરાધક થઇને આનંદ, કામદેવની પેરે એકાવતારી થઇને અંતે શાસ્વત સુખને પામી શકે છે.

કેટલાક ભવભીરૂ મહાશયો સંસારની અસારતા વિચારીને, પૂર્વોકત વ્રતોનું યથાર્થ પાલન કરી, મુની યોગ્ય મહાવ્રત લેવા ઉજમાળ થાય છે.

મહાવ્રત લેવાના અર્થીજનોએ પ્રથમ તેનું સ્વરૂપ યથાર્થ પીછાણીને થોડો વખત પણ પહેલાં તેનો અભ્યાસ પાડીનેજ તે લેવાં યોગ્ય છે. અનનુભવીપણે મહાવ્રત લેવાથી કવચિત્ પરીષહ ઉપસર્ગાદકથી પડી જવાનું બને છે, તેમ અનુભવી મહાશયથી મહાવ્રત લીધા બાદ પ્રાયઃ પડી જવાનું બનતું નથી.

મન, વચન, કે કાયાથી કોઇપણ જીવની હીંસા રાગ કે દ્વેષ વડે જાતે કરવી નહિ, બીજા પાસે કરાવવી નહિ અને કરનારને સારા જાણવા નહિ તે પ્રથમ મહાવ્રત છે.

ક્રોધ, માન, માયા, લોભ, ભય, કે હાસ્યથી કંઇપણ અસત્ય (અપ્રિય—અહિતકારી) વચન કદાપિ કહેવું કહેવરાવવું કે અનુમોદવું નહિ· તે બીજું મહાવ્રત છે.

કોઇપણ પ્રકારે દેવ ગુરૂ કે સ્વામીની આજ્ઞા વિરુદ્ધ કોઇની

કંઇપણ વસ્તુ અન્ન, પાન, પાત્ર, ઔષધ, ભેષજ કે સ્થાનાદિ કદાપિ લેવી લેવરાવવી કે લેતાં અનુમોદવી નહિ. તેમજ મન વચનઅને કાયાથી સચેત (સજીવ) કે મિશ્ર (જીવમિશ્ર) એવી ઉપરની વસ્તુ કદાપિ કોઇ આપે તોપણ ગ્રહણ કરવી નહિ એ ત્રીજું મહાવ્રત છે.

દેવ મનુષ્ય તિર્યંચ સંબંધી મૈથુન મન વચન કે કાયાવડે કદાપિ સેવવું નહિ. અન્યને સેવવા પ્રેરવું નહિ તેમજ સેવનારને સારા જાણવા પણ નહિ એ ચતુર્થ બ્રહ્મચર્ય નામે મહાવ્રત કહેવાય છે.

ધર્મોપકરણાદિક કેવળ ધર્મ નિર્વાહને માટેજ જરૂર જેટલાં રાખી તેનો યથાર્થ ઉપયોગ કરવા ઉપરાંત કોઈ પણ વસ્તુ મૂલ્યવાળી યા બહુ મૂલ્યવાળી હોય તેના ઉપર મૂર્છા કરવી નહિ. નિઃસ્પૃહતા રાખવી, અને પરસ્પૃહા તજી દેવી તે પરિગ્રહ ત્યાગ નામે પાંચમું મહાવ્રત છે.

ઉક્ત પંચ મહાવ્રત ઉપરાંત મુનિએ રાત્રી ભોજનનો સર્વથા ત્યાગ કરવાનો છે. જેથી ષટ્રસ પૈકી કોઇપણ વસ્તુ અન્ન પાનાદિકનો સર્વથા નિષેધ સૂર્યાસ્ત પહેલાં (બે ઘડીથી) સૂર્યોદય પછી (બે ઘડી) સુધી મુનિને માટે નિશ્ચિત હોવાથી તેવો પણ અભ્યાસ પ્રથમથીજ કર્તવ્ય છે. મુનિને ઉત્તમ પ્રકારની ક્ષમા, મૃદુતા, રુજુતા, અને સંતોષાદિ દશવિધ યતિધર્મ બહુજ બારીકીથી નિરંતર આરાધવા યોગ્ય છે.

સમતાદિક શ્રેષ્ટ ધર્મના સેવનથી મુનિજનોને શીઘ્ર મોક્ષ પ્રાપ્ત થાય છે. તેથી અંતરમાં મોક્ષાર્થીજનોને એનુંજ શરણ યોગ્ય છે.

૩૨ दुःखदायी शोकनो त्याग कर

ઇષ્ટ વસ્તુના વિયોગથી કે અનિષ્ટ વસ્તુના સંયોગથી બહુધા મુગ્ધ અજ્ઞાની જનોને જે અંતરમાં દુઃખકારી મોહ પેદા થાય છે અને રૂદનાદિક વિવિધ ચેષ્ટાઓ કરાવે છે તેનું નામ શોક કહેવાય છે.

સમ્યગ્ જ્ઞાની–વિવેકી આત્માને ઉકત મોહ–શોક એટલો સતાવી શકતો નથી. કવચિત્ ક્ષણુ માત્ર અવકાશ મેળવી જ્ઞાનીને પણુ શોક છળવાને જાય છે, પરંતુ અંતે તો વિવેક યોગે તેનોજ પરાજય થાય છે.

જે જે કારણો મુગ્ધ અજ્ઞાની જનોને મોહ–શોકની વૃદ્ધિનાં છે તે તે જ્ઞાની–વિવેકીને મોહાદિકની હાનિનાં એટલે કે વૈરાગ્ય વૃદ્ધિનાં જ થાય છે.

પૂર્વે અનેક સતીઓ વિગેરેને એવાં કારણો સંસારચક્રમાં અનેકશઃ મળ્યાં છે. પણુ પરિણામે તેવાં કારણોથી તેમને લાભજ થયોછે.

તેવા જ્ઞાનવિવેક કે વૈરાગ્યની ગંભીર ખામીથી આજ કાલ મુગ્ધ અજ્ઞાની લોકો ઉક્ત મોહ–શોકને વશ પડી ભારે દુઃખી થાય છે–થતા દેખાય છે, એટલુંજ નહિ પરંતુ પોતાની અનાર્ય ટેવથી અન્ય જનોને પણુ દુઃખી કરે છે.

મૂર્ખ માબાપો દીર્ઘદૃષ્ટિની ખામીથી યા સ્વાર્થ અંધતાથી બાળલગ્ન, કજોડાં, કન્યાવિક્રય અને વિધર્મીની સાથે પોતાનાં પુત્ર પુત્રીને પરણાવવાથી તેમને જન્માંત દુઃખદરિયામાં ડુબાવવાના પાતકી થાય છે. ઉક્ત દુઃખનો અંત બહુધા માબાપની

સમજ સુધરવાથી આવવા સંભવે છે. કંઇ પણ આપત્તિ આવી પડતાં ધીરજથી તેની સામા થઇને તેનો ક્ષય કરવાને બદલે મુગ્ધ જનો અધીરાં થઇને ઉલટાં વધારે દુઃખી થાય છે, તેનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે તેવે વખતે હિંમત નહિ હારતાં ધીરજથી આવેલી આપત્તિની સામા થવું, એટલે કે યુક્તિથી આવેલી આપત્તિને ઉલ્લંઘી જવા જેટલું ડહાપણ વાપરવા ભૂલવું નહિ.

જે આવેલી ગમે તેવી આપત્તિને હિંમતથી અને ડહાપણથી ઉલ્લંઘી જાય છે, જે તેવે વખતે ધીરજ રાખીને સ્વધર્મ ન્યાય, નીતિ, સત્ય, પ્રમાણિકતા વિગેરેને તજતો નથી તેને અંતે આપત્તિ સંપત્તિરૂપ થાય છે. ત્યારે જે પ્રથમથીજ આપત્તિને સંપત્તિરૂપ માનીને ભેટે છે અને સ્વધર્મ–કર્તવ્યમાં સદા ચુસ્ત રહે છે તેનું તો કહેવુંજ શું ?

કેટલાક મુગ્ધ અજ્ઞાની લોકો મૂએલાની પછવાડે બહુ બહુ શોક–વિલાપ કરે છે અને એમ કરીને ઉભય અર્થથી ચુકે છે તેમજ સ્વપરની નાહક પાયમાલીના કારણિક થાય છે, તે ખરેખર ધિક્કારપાત્ર છે.

મૂએલાં માણસ સ્વસ્વકરણી પ્રમાણે પરલોકગમન કરી સુખદુઃખના ભાગી થાય છે અને એજ નિયમ હવે પછી પરલોકગમન કરનાર હાલ જીવતા માણસને માટે છે તો મરનાર માણસની શુભાશુભ કરણી ઉપરથી ધડો લઇને સ્વચરિત્રનો ભવિષ્યને માટે વિચાર કરવાને બદલે નાહક અરણ્યમાં રૂદનની પેરે મરનારની પછાડી આક્રંદનાદિક કરવાથી શું વળવાનું છે ?

તેથી તો નથી થવાનું મરનારનું હિત કે નથી થવાનું હાલ જીવતાનું હિત. પણ ગેરફાયદો અને અન્યાય તો પ્રગટજ છે. રૂદનાદિક કરનાર પોતાના વ્યવહારિક અને ધાર્મિક કર્તવ્યથી ચુકે છે. અને અન્ય પ્રેક્ષક–કૌતુકી જનોને પણ ચુકાવે છે. કેટલીક વખત તો આવી ચેષ્ટાઓ કેવળ રૂઢીની ખાતરજ કરવામાં આવે છે. ગમે તેમ હોય પણ તેવા વ્યર્થ પરિશ્રમ અને કાળ–વ્યયથી પ્રગટ ગેરફાયદોજ છે. શિવાય રૂદનાદિક વિરૂદ્ધ ચેષ્ટાથી મરનારની ગતિ કદાપિ સુધરતી નથી, તેથી કેવળ અજ્ઞાનતા અને મોહની પ્રબળતાથી સ્વાર્થઅંધ બનીને અથવા અંધ પરંપરાથી ચાલતી આવેલી રૂઢીને અનુસરી આવી અનર્થકારી કરણી કરવામાં આવે છે એમ સ્પષ્ટ માલૂમ પડે છે.

બીજું જો મરનાર માણસ મંગળમય ધર્મનું આરાધન કરીને સદ્દગતિમાં સિધાવ્યો હોય તો તેવા મંગળમય સમયે સગા સંબંધીઓએ હર્ષને સ્થાને શોક કરવો એ કેટલો બધો અનુચિત અને અન્યાય ભરેલો છે, તે આપોઆપ પોતાની સ્વાર્થ–અંધતાને દૂર કરી મધ્યસ્થપણે શાન્ત ચિત્તથી વિચારી જોતાં સ્વભાવિક રીતે માલૂમ પડી આવશે.

---

३३ मननो मेल दूर कर.

કામ ક્રોધાદિક અથવા રાગદ્વેષાદિક અંતરવિકારોને ઉપશમાવી અથવા ક્ષય કરી દેવાથીજ ચિત્તની શુદ્ધિ કરી કહેવાય છે. જ્યાં સુધી મનનો મેલ ધોયો નથી ત્યાં સુધી ગમે તે-

ટલા જળસ્નાનથી પણ પવિત્ર થવાનો નથી. જેનું મન શુદ્ધ નિર્મળ થયું છે તેજ ખરો પવિત્ર છે.

જે સમતાકુંડમાં સ્નાન કરીને પોતાના પાપમળને પખાળી નાંખે છે. અને ફરી મલીનતાને પામતાજ નથી. તે વિવેકાત્માજ પરમ પવિત્ર છે.

જે કોઇ અંતરશુદ્ધિ કરવાના ઉચ્ચ ઉદ્દેશથી શાસ્ત્રની પવિત્ર નીતિપૂર્વક પ્રવૃત્તિ સેવે છે, તે પોતાના પવિત્ર લક્ષ્યથી ચિત્તની શુદ્ધિ કરી શકે છે.

ઉક્ત લક્ષ પૂર્વક શુદ્ધ દેવ ગુરૂની પૂજા કરવાની અભિલાષાવાળા સદ્ગૃહસ્થને જયણાપૂર્વક જળસ્નાન કરવાની પણ શાસ્ત્રમાં સંમતિ છે.

તેથી અધિકારપરત્વે ગૃહસ્થલોકો વડે એવા પણ પવિત્ર હેતુથી જો જયણાપૂર્વક જળસ્નાન કરવામાં આવે તો તે પણ તેમને હિતકારી કહેલું છે.

પરંતુ એવા ઉચ્ચ ઉદ્દેશવિના સ્વચ્છંદપણે અનેકવાર જળસ્નાન કરવામાં આવે તો તે જળમધ્યવર્તી મચ્છની પેરે કંઇ પણ પરમાર્થથી હિતકારી થઇ શકતું નથી. આથી આત્માર્થીજનોએ અંતરમળ સાફ કરવાનોજ મુખ્ય ઉદ્દેશ મનમાં સ્થાપી રાખીને સ્વ સ્વ અધિકાર પ્રમાણે ક્રિયાકાંડ કરવો ઘટે છે. નિર્દંભ ધર્મસેવીનો સરલ આશય શીઘ્ર સફળ થાય છે.

સકળ ધર્મ સાધનમાં સમતા—રાગદ્વેષરહિત વૃત્તિની પ્રથમ જરૂર છે.

ગમે તે દર્શનમાં સમતાભાવિની સિદ્ધિ અવશ્ય થવાની

છે. કેમકે તે સમદૃષ્ટિથી રાગદ્વેષ તજીને ગમે ત્યાંથી તત્વનું જ ગ્રહણ કરે છે. મિથ્યા આગ્રહી–કદાગ્રહીજનો એમ કદાપિ કરી શકતા નથી. તે તો ઉલટા પરનિંદાદિકમાં ઉતરી પોતાનું સર્વસ્વ બગાડી સંસારચક્રમાં પુનઃ પુનઃ ભટકયા કરે છે. તેમનું અંતર વિષ નહિ ટળવાથી તેમને વારંવાર જન્મમરણના ફેરા ફરવા પડે છે. તે ઉપર એક કડવી તુંબડીનું દૃષ્ટાંત લક્ષમાં લઇ રાખવું બહુ ઉપયોગી છે–એકદા કોઈ વૃદ્ધ ડોશીના પુત્રને અડસઠ તીર્થમાં જઇ ન્હાવાનો વિચાર થયો. પુત્રમાં પાત્રતાની મોટી ખામીથી માતા તેના કામને અનુમોદન આપતી ન હતી, પણ પ્રથમ તેનામાં કોઇ રીતે પાત્રતા આવે તે જોવાને આતુર હતી. પુત્ર તો જુવાનીના મદમાં માતાનાં હિતકારી વચનોનો પણ અનાદર કરતો હતો. છેવટ જ્યારે તે અડસઠ તીર્થમાં જવાને તૈયાર થયો ત્યારે માતાએ તેને મધુર વચનથી કહ્યું કે બેટા ! આ મારી કડવી તુંબડીને પણ તીર્થ કરાવતો આવજે. માતાનું આ વચન તેને કઠણ નહિ લાગવાથી માન્ય રાખ્યું અને માતાએ આપેલી કડવી તુંબડી સાથે લઇને તે તીર્થ કરવા નિકળ્યો. લૌકિક રૂઢી મુજબ બધા તીર્થમાં સ્નાન કરી માતાએ સાથે આપેલી તુંબડીને પણ સ્નાન કરાવીને અનુક્રમે પોતે પોતાને સ્થાને આવ્યો, અને તે તુંબડી માતાને પાછી સોંપી. માતાએ તેની સમક્ષ તપાસ કરીને કહ્યું કે ભાઇ ! અડસઠ તીર્થમાં ન્હાયા છતાં તુંબડીની કડવાશ ગઈ નહિ. આ પ્રગટ દાખલાથી તેને સરસ બોધ મળ્યો તેમ દરેક ધારે તે તેમાંથી આવો બોધ મેળવી શકે કે અધિકાર–યોગ્યતા વિના જે સ્વભાવેજ કડવી તુંબડી અડસઠ તીર્થના જળમાં ન્હાયા છતાં

પોતાની સ્વાભાવિક કડવાશને તજી મીઠી થઇ શકી નહિ, તેમ કોઇ પણ પાત્રતા માટે પૂરતો પ્રયત્ન કરીને પાત્રતા પામ્યા વિના ઉત્કૃષ્ટ કરણી વડે પોતાનામાં જડ ઘાલીને રહેલા એવા કામ ક્રોધાદિક અથવા રાગદ્વેષાદિક દોષોને કદાપિ દૂર કરી શકે જ નહિ. માટે મનની શુદ્ધિ કરવાના અર્થીજનોએ અંતરનો મેલ સાફ કરવાને પ્રથમ ક્ષુદ્રતાદિક દોષોનું વિરેચન કરીને યોગ્યતા મેળવવાની અતિ આવશ્યકતા છે. અને એમ સાવધાનતા–પૂર્વક ઉપાય કરવાથી અંતે સમતા જેવા શ્રેષ્ટ રસાયણથી ચિત્ત શુદ્ધિ સહજમાં સાધ્ય થઈ શકે છે.

જેમ નિર્મળ વસ્ત્રઉપર જોઇએ એવો રંગ ચઢી શકે છે, અને ઘઠારી મઠારીને સાફ કરેલી ભીંતો ઉપર આબેહુબ ચિત્રામણ ઉઠી શકે છે તેમ નિર્મળ ચિત્તવાળાને શુદ્ધ ધર્મની યથાર્થ પ્રાપ્તિ થઇ શકે છે.

જેમ નિર્મળ આદર્શમાં વસ્તુનું યથાર્થ પ્રતિબિંબ પડે છે તેમ શુદ્ધ–નિર્દોષ ચિત્તમાં પણ શુદ્ધ તત્વ ધર્મનું યથાર્થ સંક્રમણ થઇ શકેછે.

જેમ નિપુણ વૈદ્ય રોગીને પ્રથમ વિરેચનાદિકથી અંતરશુદ્ધિ કરવાનુંજ ફરમાવે છે, તેમ સદ્ગુરૂ પણ શુદ્ધ ધર્માર્થી જનોને પ્રથમ મનનો મેલજ સાફ કરી લેવાની ભલામણ કરે છે, અને ખરૂં હિત પણ એમજ સંભવે છે.

૩૪ मानव देहनी सफळता करी ले.

बुध्धेःफलं तत्त्वविचारणं च, देहस्य सारं व्रतधारणं च॥
वित्तस्य सारंकिलपात्र दानं, वाचःफलं प्रीतिकरं नराणाम् ॥ १ ॥

તત્ત્વાતત્ત્વ, સત્યાસત્ય, ગુણદોષ, હિતાહિત, લાભાલાભ, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય અને ઉચિતાનુચિત વિગેરેનો વિચાર કરીને સારભૂત તત્ત્વનું ગ્રહણ-સેવન કરવું એજ સદ્બુદ્ધિ પામ્યાનું ફળ છે.

દશ દૃષ્ટાંતે દુર્લભ માનવ દેહ, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ· જાતિમાં જન્મ, ઇંદ્રિય પટુતા, શરીર નીરોગતા, સદ્ગુરૂ યોગ, નિર્મળ બુદ્ધિ, ધર્મરૂચિ અને તત્ત્વ-શ્રદ્ધાદિ શુભ સામગ્રી મહા ભાગ્યયોગે પામીને પાંચે પ્રમાદ ત્યજી ઉલ્લસિત ભાવથી સિંહની પેરે શૂરવીરપણે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અને નિષ્પરિગ્રહતાદિક મહાવ્રતોનું સ્વરૂપ યથાર્થ સમજીને અભ્યાસ-પૂર્વક તેમનો સ્વીકાર કરવો અથવા પરિણામની મંદતાયોગે સમકિત મૂળ શ્રાવકનાં બાર વ્રત પૈકી બની શકે તેટલાં સમજીને તેવાં પણ વ્રત ધારણ કરવાં, એ આ ઉત્તમ માનવભવ પામ્યાનું ફળ છે. સપ્ત વ્યસન, રાત્રી ભોજનાદિક અભક્ષ્ય ભક્ષણ, અને ભૂમિકંદાદિક અનંત જીવાત્મક વસ્તુ, અણગળ જળપાન વિગેરેનું તો દરેક શાણા માણસે અવશ્ય વર્જન કરવુંજ જોઇયે. પ્રારબ્ધયોગથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીનું ફળ એ છે કે તેનો ઉદાર આશયથી પરમાર્થદાવે પુણ્યક્ષેત્રમાં ઉપયોગ કરવો.

યશકીર્ત્તિનીજ ખાતર દાન પુણ્ય નહિં કરતાં કેવળ કલ્યાણાર્થે કરવામાં આવતું પાત્રદાન પરિણામે અનંતગણું ઉત્તમ ફળ આપી શકે છે. અને વચનશક્તિ પામ્યાનું ઉત્તમ ફળ એ છે કે સર્વ કોઇને પ્રીતિ ઉપજે એવું મિષ્ટ-મધુર અને હિતકારીજ વચન વદવું. કદાપિ પણ કોઇને અપ્રીતિ કે ખેદ ઉપજે એવું કડવું કે અહિત વચન કહેવું નહિ. પરને પ્રિય એવું પ્રસંગને લગતું હિત-મિત ભાષણ કરનારજ સત્યવાદી હોવાથી પ્રાયઃ સર્વ કોઇને માન્ય થઈ શકે છે.

આ પ્રમાણે ટુંકાણમાં કહેલી હકીકત લક્ષમાં રાખીને વિવેકથી વર્તનાર પોતાના શુભ ચરિત્રથી સ્વ માનવભવ સફળ કરી શકે છે. અથવા પૂર્વે પ્રસંગોપાત બતાવેલી મૈત્રી મુદિતા કરૂણા અને મધ્યસ્થ ભાવનાથી પણ મનુષ્યદેહની સફળતા થઇ શકે છે. ટુંકાણમાં યથાશક્તિ તન, મન, ધનથી સ્વ પરહિત સાધી લેવું એજ આ મનુષ્ય ભવનું રહસ્ય છે. તેમાં ઉપેક્ષા કરવી એ મૂળગી મૂડી ખોવા જેવું છે. તેથી જેમ બને તેમ પ્રમાદરહિત સ્વપરહિત સાધવા સદા તત્પર રહેવું સહૃદય જનોને ઉચિત છે.

સદ્વિવેકથી સ્વ કર્તવ્ય સમજીને જે શુભાશયો શુદ્ધ અંતઃકરણથી તેનું સેવન કરે છે, તે મનુષ્ય છતાં દૈવી જીવન ગાળે છે; પણ જે સ્વ કતવ્ય સમજતાજ નથી અથવા તો સમજ્યા છતાં તેની ઉપેક્ષાજ કરે છે; તે તો મનુષ્યરૂપે પશુ જીવનજ ગાળે છે એમ કહેવું યુક્ત છે.

જે પારકી નિંદા કરવામાં મુંગો છે, પરસ્ત્રીનું મુખ જોવામાં અંધ છે અને પરદ્રવ્ય હરણ કરવામાં પાંગળો છે, તેવો

મહાપુરૂષજ લોકમાં જય પામે છે. જેના ઘટમાં વિવેક દીપક પ્રગટયો છે તેજ લોકમાં ખરો પંડિત છે, તથા જેણે મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથારૂપ પાંચે પ્રમાદને વશ કર્યા છે એવો અપ્રમાદી પુરૂષજ જગતમાં ખરો શુરવીર છે.

૩૫ પ્રાણાન્તે પણ વ્રત-ભંગ કરીશ નહિં.

પ્રથમ આપણાથી સુખે પાળી શકાય એવીજ પ્રતિજ્ઞા યા વ્રત નિયમ લેવા યોગ્ય છે, અને તે લીધા બાદ તેને પ્રાણાન્ત સુધી પાળવાં જરૂરનાં છે.

જો પ્રથમ ગ્રહણ કરવામાં આવતા વ્રત-નિયમનું સ્વરૂપ યથાર્થ સમજી લેવામાં આવતું હોય અને તેનો જરૂર જેટલો અભ્યાસ પણ કરવામાં આવતો હોય તો ઘણું કરીને વ્રતભંગનો પ્રસંગજ આવવા પામે નહિ.

આત્મકલ્યાણને માટે જે જે સારાં વ્રત ગ્રહણ કરવાં યોગ્ય છે તે બધાનું સ્વરૂપ સંક્ષેપથી કે વિસ્તારથી પ્રથમ સદ્ગુરૂ સમીપે સમજી લઈ તેમાંથી આપણે સુખે પાળી શકીયે એવાં વ્રતજ ગ્રહણ કરીને તેમને નિરંતર સંભારી સંભારીને કાળજીપૂર્વક પાળવા પ્રયત્ન કરવો જોઈએ.

જે વ્રત-પચ્ચખ્ખાણ ઉપયોગ શુન્ય યા સમજ્યા વિનાજ લેવામાં આવે તે દુઃપચ્ચખ્ખાણ હોવાથી નિષ્ફળ છે. તેથી તેવાં વ્રત લીધાં હોય યા ન હોય તોપણ પ્રસંગોપાત યા ચ્હાઈને સદ્ગુરૂ પાસે જઇ તે તે વ્રત સંબંધી જરૂર જેટલી સમજ

લઇને જો સારી રીતે સાવધાન થઇને તે પાળવામાં આવે તો પોતાના પ્રયત્નના પ્રમાણમાં જરૂર લાભ પ્રાપ્ત થઇ શકેજ. પરંતુ કેવળ ગતાનુગતિકપણે સંમૂર્છિમની પેરેજ વર્તવામાં આવે તો ગમે તેટલું કષ્ટ સહન કર્યા છતાં જોઇએ એવું ફળ કદાપિ થઇ શકેજ નહિ. જે જે વ્રતનું પાલન પ્રીતિથી રૂચિથી–કરવામાં આવે છે તેનુંજ ફળ સારૂં બેસે છે. અરૂચિથી કરવામાં આવતી ગમે તે ક્રિયાનું પરિણમન સારૂં થઇ શકતુંજ નથી. તેથી ચિત્તની પ્રસન્નતા માટે ભય (ચિત્તની ચંચળતા) દ્વેષ (અરૂચી) અને ખેદ (ક્રિયા કરતાં થાકી જવું તે) દોષને દૂર કરવાને પ્રથમ પ્રયત્ન કરવો જોઈએ. વસ્તુનું સ્વરૂપ યથાર્થ સમજાયાથી અને તેમાં પોતાનું મન વેંધાયાથી ઉક્ત દોષો સહજમાં દૂર થઇ શકે છે. પછી ખરી લહેજતથી પાળવામાં આવતા વ્રતોથી આત્માને યથાર્થ લાભ થાય છે. આ લોકના કે પરલોકના સુખને માટે કરવામાં આવતી ક્રિયાને **વિષ** યા **ગરલ** સમાન કહી છે. ક્રિયાનાં ફળ, હેતુ સમજ્યા વિના કેવળ દેખાદેખીથી કરવામાં આવતી ક્રિયાને જ્ઞાની પુરૂષો **અનનુષ્ઠાન** કહે છે. તે તે ક્રિયા સંબંધી ફળ હેતુ, વિગેરેને સમજી કેવળ કલ્યાણને માટેજ કરવામાં આવતી ધર્મક્રિયાને **તદ્દહેતુ** કહે છે, તેમજ જ્યારે દઢ અભ્યાસથી ઉક્ત ક્રિયા મન વચન અને કાયાની એકતાથી અવંચકપણે થાય છે ત્યારે તેમાં અમૃતના જેવો સ્વાદ આવવાથી જ્ઞાની પુરૂષો તેને અમૃતક્રિયા કહે છે; તદ્દહેતુ, અને અમૃતક્રિયાજ આત્માને મોક્ષદાયી છે, બાકીની ત્રણ તો ભવભ્રમણકારીજ કહેલી છે. એટલો અધિકાર અતિ ઉપયોગી હોવાથી પ્રસંગોપાત કહેવામાં આવ્યો છે.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, અને સંઘયણ વિગેરે વિચારી સ્વશક્તિના પ્રમાણમાં સમજપૂર્વક સદ્વ્રતોને ધારણ કરીને જે તેમનું અખંડ પાલન કરે છે તેમનુંજ જીવિત સફળ છે, પરંતુ જે કંઇ પણ પૂર્વાપર વિચાર કર્યા વિના વિવેકશુન્યપણે વ્રત લઇને વિરાધે છે તેમનું જીવિત કેવળ નિષ્ફળ છે. વ્રત ખંડીને લુહારની ધમ્મણની જેમ જીવનને ગાળનાર જેવો કોઇ કમનશીબ નથી. વ્રત ખંડીને જીવનાર કરતાં વ્રતને અખંડ રાખીને મરનાર માણસ ઘણો ઉત્તમ છે, કેમકે અનેક ભવભ્રમણ કરતાં પવિત્ર વ્રત પાલનની રૂચિ થવીજ મુશ્કેલ છે તો તેને પ્રાણાન્ત સુધી અખંડ પાલન કરવાની પ્રબળ કામનાનું તો કહેવુંજ શું ?

ગ્રહણ કરેલાં પવિત્ર વ્રતોને અખંડ પાલન કરીને પરલોક-ગમન કરનાર માણસો પોતાની પાછળ અખંડ કીર્તિ અને અમૂલ્ય દૃષ્ટાંત મૂકતા જાય છે, જેને અનુસરીને અનેક આત્મહિતેચ્છક જનો સન્માર્ગનું સારી રીતે સેવન કરે છે. **ભરતેશ્વર બાહુબળી** પ્રમુખ અનેક **સતા**ઓના અને **બ્રાહ્મી, સુંદરી** પ્રમુખ અનેક **સતી**ઓના એવા ઉત્તમોત્તમ દાખલા જગતમાં પ્રસિદ્ધજ છે.

ચ્હાય તો સ્ત્રી હોય યા તો પુરૂષ હોય પણ પુરૂષાર્થપરાયણતાથીજ સદ્વ્રતોની સમજ મેળવીને તે તેમનું વિધિવત્ પાલન કરી શકે છે, અને એમ વિધિવત્ વ્રતનું અખંડ પાલન કરીને સ્વજીવન સફળ કરે છે. એવી સદ્બુદ્ધિ સર્વ કોઇને જાગૃત થાઓ ? અને વ્રત ભંગ કરવા યા કરાવવા સંબંધી કુબુદ્ધિનો સર્વથા અંત આવો એજ ઇષ્ટ છે.

३६ मरण वखते समाधि साचववा खुब लक्ष राखजे.

જીવને જીવિતપર્યંત જેવા શુભાશુભ અભ્યાસની આદત હોય છે તેવીજ તેની શુભાશુભ અસર તેના મરણ સમયે સમાધિના સંબંધમાં થાય છે એમ સમજીનેશાણા ભાઇ બ્હેનોને જીવિતપર્યંત શુભ અભ્યાસનીજ આદત પાડવી ઉચિત છે. સારાં કારણ સેવવાથી કાર્ય પણ સારૂંજ થાય છે. એવા નિશ્ચય અને શ્રદ્ધાપૂર્વક મરણ વખતે સમાધિ ઇચ્છનાર જનોએ જીવિત પર્યંત શુદ્ધ ભાવનાથી શુભ કરણી કરવા પરાયણ રહેવું જરૂરનું છે. સતત લક્ષપૂર્વક ખંતથી સત્‌કરણી કરનાર સત્‌પુરૂષો અધ્યવસાયની વિશુદ્ધિથી અંતે સમાધિયુક્ત મરણ કરી સદ્‌ગતિના ભાગી થાય છે.

જો તું જન્મમરણના દુઃખથી ત્રાસ પામ્યો હોય તો શ્રી વીતરાગવચનાનુસાર નિર્દોષધર્મનું આરાધન કરીને જેમ સમાધિ મરણની પ્રાપ્તિ થાય તેમ ખાસ લક્ષ રાખ. સમાધિ મરણથી જીવિતપર્યંત કરેલા ધર્મની સાર્થકતા થાય છે. ગમે તેટલા ઉંડા કુવામાંથી જળ કાઢવાને માટે લાંબી દોરી સાથે લોટો વિગેરે કુવામાં નાંખતાં દોરીનો અમુક છેડાનો ભાગ હાથમાં મજબુત રીતે પકડી રાખવામાં આવે છે અને જો તે યુક્તિથી જાળવી શકે છે તો તે લોટા સાથે અભિષ્ટ જળ મેળવી શકે છે; પણ જો છેવટના ભાગમાં કંઇ પણ ગફલત કરે છે તો તે સર્વને ગમાવી પોતાના જાનને પણ જોખમમાં નાંખે છે; તેમ

સમાધિ મેળવી પોતાનો જન્મ સુધારવાને આખી જીંદગીના મોટા ભાગ સુધી યત્ન કર્યાં છતાં જો છેવટના ભાગમાં ગફલત બેદરકારી કરવામાં આવે તો પોતાના ચળચિત્તથી તે અભિષ્ટ સમાધિને અંત વખતે મેળવવા ભાગ્યશાળી થઇ શકતો નથી; પરંતુ દૂષિત થયેલાં મન, વચન, અને કાયાથી ઉલટી અસમાધિ પેદા કરીને અધોગતિને પામી જન્મમરણુજન્ય અનંત દુઃખનોજ ભાગી થાય છે. માટે રાગદ્વેષાદિક અંતરવિકારો જેમ નિર્મૂળ થવા પામે તેમ યત્નથી જીવિતપર્યંત નિષ્કામ ચિત્ત રાખી વ્યવહારિક નૈતિક અને ધાર્મિક જીવન ગાળવામાં આવે અને કદાપિ પણ સ્વઇષ્ટ કાર્યમાં ગફલત થવા ન પામે તો છેવટ અંત સમયે સમાધિ પ્રાપ્ત થયા વિના રહે નહિં. એમ સમજીને કોણ વિવેકીનર સ્વઇષ્ટ કાર્યની ઉપેક્ષા કરી સ્વચ્છંદ વર્તનથી સંસાર પરિભ્રમણ પસંદ કરે વારૂ ? અથવા ખરેખરૂં તત્ત્વરહસ્ય શાસ્ત્રકારોએ કહ્યું છે કે " **જેવી ગતિ એવી મતિ અને મતિ એવી ગતિ** " આ માર્મિક વચન બહુ બહુ મનન કરવા યોગ્ય છે; અને ટુંકાણમાં સર્વ હિતોપદેશના સારરૂપ છે.

સમાધિસુખના કામીજનોએ આરાધના પ્રકરણાદિકમાં કહેલાં ચ્યાર શરણાં, દુષ્કૃતનિંદના, સુકૃત અનુમોદના સર્વ જીવ સાથે ખામણા, સંલેખના, પંચાચારની વિશુદ્ધિ તથા નવકાર મહામંત્રાદિકનું લક્ષપૂર્વક સ્મરણાદિક દશ અધિકારો બહુ સારી રીતે સમજવા, આદરવા. અને આરાધના અથવા પુન્યપ્રકાશના સ્તવનથી પણ ઉક્ત અધિકાર સારી રીતે સમજી શકાય તેમ હોવાથી અંત સમાધિને ઇચ્છવાવાળા ભાઇ બ્હેનોએ

તેનું નિરંતર શ્રવણ મનન કરીને તેમાં રહેલા પરમાર્થનું પરિ-શીલન કરવું યુક્ત છે.

ગમે તેવા સંયોગોમાં પોતાનું ખરૂં નિશાન નહિ ચૂકનાર ૬૯ અભ્યાસી અંતે સમાધિમરણને પામી અક્ષયસુખનો અ-ધિકારી થઈ શકે છે.

---

३७ आ भव परभव संबंधी भोगाशंसा करीश नहि.

આ લોક અથવા પરલોકના સુખની ઇચ્છાથી કરવામાં આવતી ધર્મકરણી અલ્પ ફળદાયી થાય છે, પણ જો તેજ કરણી કેવળ પારમાર્થિક મોક્ષ સુખને માટેજ સહેતુક સમજીને વિવેકથી કરવામાં આવી હોય તો તેથી મુખ્યપણે મોક્ષનો અને ગૌણપણે સામાન્યતઃ સ્વર્ગાદિક સુખનો સહેજે લાભ મળે છેજ. મનના પરિણામ મુજબ સામાન્ય વિશેષ ફળની પ્રાપ્તિ થાય છે. માટે જેમ બને તેમ નબળા પરિણામને મનમાં અવકાશ આપવો નહિ. કદાચ તેવો પરિણામ થયો તો તેને દુર કરી દેવા ઘટતો પ્રયત્ન કરવો, અને શુભ ભાવનાને શીઘ્રસ્થાન આપવું. ખેડુત લોકો ખેડ કરી ખાતર નાંખીને જેમ ધાન્યના મોટા પાકને માટે ધાન્યનાં બીજ વાવે છે, પણ કેવળ પલાલ (ઘાસ) ને માટે વાવતા નથી, છતાં ધાન્યની નિષ્પત્તિ સાથે પલાલ પણ સાથેજ પાકે છે; તેમ મોક્ષને માટે કરવામાં આવતી કરણીથી પ્રસંગો-પાત સ્વર્ગાદિકનાં સુખ પણ મળે છે, કેવળ સ્વર્ગાદિક સુખને

માટેજ ધર્મકરણી કરવાની જરૂર નથી. છતાં તેવાં ક્ષણિકસુખની બુદ્ધિથીજ જો ધર્મકરણી કરવામાં આવે તો તેનું ફળ પણ પ્રાયઃ તેટલુંજ અલ્પ મળે છે.

આલોક પરલોક સંબંધી સુખની બુદ્ધિથી મોહ અને અજ્ઞાનગર્ભિત કરેલી કરણી ગમે તેવી કઠણ હોય તોપણ તેથી પ્રાયઃ પરિણામે હિત થતું નથી પણ ઉલટું ભારે નુકસાન થાય છે. કેમકે તુચ્છ આશંસાપૂર્વક કરેલી કઠણ ક્રિયાથી કવચિત્ દેવગતિ પણ મળે છે, પરંતુ પાછળથી પૂર્વપૂણ્ય ક્ષયાનંતર તેનો અધઃપાત થયા વિના રહેતો નથી. તેથી જ્ઞાની પુરૂષોએ તેવી વિષ યા ગરલ ક્રિયાનો મંડૂક–ચુર્ણના ન્યાયથી નિષેધ કરેલો છે. જેમ એક મંડુકી (સંમૂર્છિમ દેડકી) ના ચુર્ણમાંથી લાખો નવનવી મંડુકીઓ પેદા થાય છે તેમ તુચ્છ ભોગાશંસાથી કરેલી કરણીવડે લાખોગમે નવનવા ભોગાયતનો (દેહો) ધારણ કરી જન્મમરણજન્ય અનંત દુઃખના અનેકશઃ ભાગી થવું પડે છે. પરંતુ જેમ દગ્ધ થયેલા તે મંડુકીના ચુર્ણમાંથી એક પણ નવી મંડુકી પેદા થઈ શકતી નથી તેમ વિવેકપૂર્વક ભોગાશંસા તજીને નિષ્કામપણે જો તદ્‌હેતુ અને અમૃતક્રિયાને સેવવામાં આવે છે તો તેથી અંતે ભવનો અંત કરીને પરમ સમાધિમય મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે.

૩૮ स्व कर्तव्य समजीने स्वपर हित साधवा तत्पर रहे.

જે શુભાશય પ્રથમ સ્વહિત યથાર્થ સમજીને આદરે છે, તેમાંજ અહોનિશ સાવધાન રહે છે, તેજ મહાશય કાલાંતરે પરહિત સાધવાને સમર્થ થઈ શકે છે. પણ જો પહેલાં પોતાનું ખરૂં હિતજ શું છે તે પૂરૂં જાણુતો કે આદરતો નથી તો તે પરહિત શી રીતે સાધી શકશે ? પોતે નિર્ધન છતાં અન્યને શી રીતે ધનાઢય કરી શકશે ? પોતેજ દરિઆમાં ડુબતાં છતાં અન્યને શું તારી શકશે ? માટે સ્વ હિતને યથાર્થ સમજીને સાધનારજ પરહિતને પણ પરમાર્થથી જાણી સમજીને સાધી શકવાનો. એ વાત નિઃસંશય સિદ્ધ છે.

જ્ઞાની-વિવેકીજનો સ્વહિતની પેરે પરહિતને પણ સ્વ કર્તવ્યજ સમજે છે, અને તેથીજ તેઓ નિરભિમાનપણે સ્વહિત સમજીનેજ પરહિત કરે છે.

તત્ત્વદૃષ્ટિ મહાપુરૂષો કદાપિ પણ 'હું અમુકનું હિત કરૂં છું' 'મારા વિના અમુકનું હિત થઈ શકશે નહિં' એવું કર્તૃત્વ-અભિમાન લાવતા નથી. સ્વહિત અને પરહિત તેમને મન એક છે, જુદાં ભાસતાં નથી, તેથી તેવા મિથ્યાભિમાનને મનમાં આવવા અવકાશ પણ મળતો નથી. ખરૂં કારણ તો એ છે કે તેમને તેમનું ખરૂં હિત યથાર્થ સમજાયું અને અનુભવાયું છે. તેથી સ્વહિતને સહાયભૂત સર્વ સાત્વિક વિચાર યા ભાવનાનેજ તેમના મનમાં સ્થાન મળે છે પણ તેમાં વિઘ્નભૂત બાધક એવા કોઇ પણ ક્ષુદ્ર વિચાર કે ભાવનાને સ્થાન મળી શકતુંજ નથી

અને તે તેવા તત્ત્વદૃષ્ટિ વિવેકી જનોને કેવળ ઉચિતજ છે.

આ ઉપરથી એ વાત સિદ્ધ થાય છે કે સ્વપર હિતૈષીએ પ્રથમ સ્વહિતજ સારી રીતે સમજીને આદરવું અને અનુભવવું યોગ્ય છે.

સ્વહિત પણ સાધવું સહેજ નથી; કેમકે તે યોગ્યતાવંતનેજ પ્રાપ્ત થાય છે.

સ્વહિત સાધવાને યોગ્યતા મેળવવા માટે નીચે બતાવેલા ગુણોનો ખાસ અભ્યાસ કરવાની જરૂર છે. તેવા સદ્દગુણો મેળવ્યા વિના બાધકભૂત દોષો દૂર થતાજ નથી, જેથી જીવ સ્વહિત સાધવાને અશક્તઅયોગ્ય થાય છે; તેથી પ્રથમ આત્મહિતૈષીએ નીચેની હકીકત ધ્યાનમાં લેવી જરૂરની છે. તેનું યથાર્થ પરિશીલન કરવાથી આત્મા જરૂર સ્વહિત સાધી શકે છે.

૧. અક્ષુદ્ર—પારકાં છિદ્ર જોવાની કુટેવ ત્યજવાથી અને સ્વદોષને નીરખી સુધારવાની સારી ટેવ પડવાથી આત્મામાં **ગંભીરતા** નામે સદ્દગુણ પ્રગટ થાય છે.

૨. રૂપ નિધિ પાંચે—ઇંદ્રિયો પરવડી અને દેહ નીરોગી હોવાથી **શરીર સૌષ્ઠવ** ગુણ લાભે છે. વિષય લોલુપતા તજીને મન અને ઈંદ્રિયોને નિયમમાં રાખવાથી અને આરોગ્યતાના નિયમોને પણ લક્ષ્યપૂર્વક પાળવાથી ઉક્ત ગુણ પ્રાપ્ત થઇ શકે છે. '**શરીર માદ્યં ખલુ ધર્મ સાધન**'—શરીર એ ધર્મ સાધનોમાંનું એક અતિ અગત્યનું સાધન હોવાથી તેની યોગ્ય સંભાળ લેવાની સર્વ કોઇની પ્રથમ ફરજ છે.

૩. સૌમ્યતા—જેમ ચંદ્રને દેખી સર્વ કોઇને શીતળતા વળે એવી પ્રકૃતિની સહજ **શીતળતા** સાત્વિક વિચાર, સાત્વિક ભા-

ષણુ, સાત્વિક કાર્યોવડે સહુજ સિદ્ધ થાય છે. સહુજ શીતળ સ્વભાવવાળા માણુસો સર્વ કોઇને અભિગમ્ય થાય છે. તેવી ઠંડી પ્રકૃતિ પ્રાયઃ સર્વ કોઈને પ્રિય હોવાથી તે સર્વના વિશ્વાસપાત્ર થઇ પડે છે.

૪ જનપ્રિય-લોકપ્રિય ગુણુ સર્વ કોઇને વલ્લભ થવાય એવાં સત્કાર્ય-સુકૃત કરવાથી અને આલોક પરલોક વિરૂદ્ધ દુષ્કૃત તજવાથી પ્રાપ્ત થઇ શકે છે. આ ગુણુથી માણુસ ધારે એવાં મોટાં કાર્ય કરી શકે છે.

૫. અક્રૂર-તામસી પ્રકૃતિ તજીને ક્ષમા, નમ્રતા તથા અનુકંપાદિક ગુણુનો અભ્યાસ કરવાથી ક્રૂરતા-કઠોરતા દોષ દૂર થાય છે. અને હૃદયમાં, વચનમાં. અને કૃતિમાં સહુજ કોમળતા પ્રગટ થાય છે.

૬ ભીરૂ-ધર્મી માણુસોની સંગતિથી અથવા ધર્મશાસ્ત્રનું શ્રવણુ મનન કરવાથી યા તો પૂર્વના શુભ સંસ્કારથી જીવને સ્વભાવિક રીતે પાપનો યા પરભવનો ડર લાગે છે. કંઇ પણુ અનીતિ કે અન્યાય કરતાં મન ઝટ દઇને સંકોચાય છે, અને પાપથી તરત વિરમે છે. ઉકત ગુણુથી પોતાના પૂજ્ય વડીલ જનોનું મન પણુ ન દૂભાય એવી કાળજી રખાય છે.

૭. અશઠ-શઠતા (છળ પ્રપંચાદિક કપટ વૃત્તિ) તજયાથી એ ગુણુ પ્રાપ્ત થાય છે, સરલ સ્વભાવ ધારવાથી સ્વવ્યવહાર પણુ સરલ કરી શકાય છે. કપટી માણુસોને તો કપટ કરીને પોતાનો દોષ ગોપવવાને માટે બહુ વક્ર વ્યવહાર ચલાવવો પડે છે. સરલ સ્વભાવિને તેમ કરવાની કંઇ જરૂર રહેતી નથી. કેમકે સરલ સ્વભાવિનાં વચન ઉપર સર્વ કોઈને વિશ્વાસ આવે છે. ક-

લ્યાણ પણ એવા સરલ સ્વભાવીનુંજ થાય છે, કપટીનું થતું નથી.

૮. દાક્ષિણ્યતાવંત—સ્વ ઇચ્છા હોય યા ન હોય પણ કંઇક લાભા લાભ વિચારીને વડીલની અથવા સમુદાયની તીવ્ર ઇચ્છાને માન આપીને કંઈ કાર્ય કરવાની પદ્ધતિ લોકમાન્ય હોવાથી તેથી કવચિત્ સારો લાભ પણ મળે છે. પરંતુ ઉકત દાક્ષિણ્યતા કંઇક મર્યાદાસર હોવી જોઇએ. વિવેક વિનાની દાક્ષિણ્યતાથી વિપરીત પરિણામ પણ આવે છે એ વાત ભૂલવી જોઇતી નથી, વિવેકથી સ્વપર હિત સાધી શકાય છે,

૯. લજ્જાળુ—ઉત્તમ કુળની અથવા ધર્મની મર્યાદા પાળનાર માણસોના પરિચયથી યા પુર્વના શુભ સંસ્કારથી લજ્જાનો ગુણ લાભી શકે છે. એ ગુણથી કંઇ પણ ખોટું કામ કરતાં જીવ ડરે છે અને શુભ કામમાં પરાણે પ્રવૃત્તિ કરવા દોરાય છે. એવી લજ્જાની દરેકને આવશ્યકતા છે.

૧૦. દયાળુ—ક્ષમા, સહનશીલતા અને દુઃખી લોકોની દાઝ દીલમાં ધરવાથી અથવા નીચ નિર્દયજનોનો સહવાસ તજીને ઉદાર આશયોની સંગતિ કરી તેમના જેવા સદ્ગુણોનો અભ્યાસ કરવાથી સર્વ પ્રતિ દયાભાવ રહે છે.

સમદ્રષ્ટિ—મધ્યસ્થ—આંધળા રાગ કે દ્વેષ તજીને નિષ્પક્ષપાતપણે સત્યાસત્ય સંબંધી તોલ કરવાની ટેવવાળાને એ ગુણ પ્રાપ્ત થઇ શકે છે.

૧૨. ગુણરાગી—ગમે તેમાં રહેલા સદ્ગુણ પ્રત્યેના સાચા પ્રેમથીજ ઉકત ગુણ પ્રાપ્ત થાય છે, ગુણરાગથી ગુણની અને ગુણદ્વેષથી દોષની પ્રાપ્તિ થાય છે. નિર્ગુણના રાગથી પણ દોષનીજ પુષ્ટિ થાય છે કેમકે કેવળ રાગઅંધ દોષને પણ ગુણજ

માની લે છે. અને દ્વેષ અંધ પણ ગુણને દોષજ માની લે છે. વિવેક શુન્યપણે રાગાદિક કરતાં ઉલટું વિપરીત પરિણામજ આવે છે, માટેજ જ્ઞાની પુરૂષો પરીક્ષા પૂર્વકજ સદ્‌ગુણના રાગી થવાનું ફરમાવે છે, જેથી સકળ દોષને અનુક્રમે દૂર કરીને સદ્‌ગુણ સંપન્ન થવાય છે.

૧૩. સત્યવાદી–જેને અસત્ય અહિત અપ્રિય ભાષણ હલાહલ ઝેર જેવું લાગે છે, અને સત્ય, હિત અને પ્રિય વચન અમૃત જેવું મિષ્ટ લાગે છે તેજ પરમાર્થથી સત્યવાદી થઇ શકે છે. તે સત્યની ખાતર પ્રાણ પાથરશે.

૧૪. સુપક્ષ–જેનાં સગાં સંબંધી નિર્મળ બુદ્ધિનાં, માયાળુ, ધર્મશીળ અને ટેકીલાં હોય તેમજ બીજાંને પણ તેવાંજ થવા પ્રેરણા કરતા હોય તે સુપક્ષ (સમથ પક્ષ–બળવાળો) હોવાથી સર્વ કાર્યમાં ફતેહમંદ નીવડે છે.

૧૫. દીર્ઘદર્શી–કંઇપણ કાર્ય સહસા નહિ કરતાં તેનું ભાવી પરિણામ વિચારીને વિવેકથી કરવા યોગ્ય કાર્ય કરે તે દીર્ઘદર્શી સમયજ્ઞ કહેવાય છે.

૧૬. વિશેષજ્ઞ–જે ખરૂં સ્વહિત શું છે અને તે શી રીતે સાધ્ય થઇ શકે છે એ તથા ગુણદોષ, લાભાલાભ, હિતાહિત, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવને સારી રીતે સમજીને બીજાને સમજાવી શકે તે વિશેષજ્ઞ ગણાય છે.

૧૭. વૃદ્ધાનુગત–શિષ્ટ સદાચારી સત્પુરૂષોના પગલે ચાલનાર પોતે પણ અનુક્રમે સત્ ચારિત્રના પરિશીલનથી સારી પંક્તિમાં આવી શકે છે.

૧૮. વિનયવંત-મદ, અંહકારાદિક દોષને ત્યજીને સંત પુરૂષોની સેવાથી યા સાધુજનોની હિત શિખામણને હૃદયમાં ધરવાથી વિનય-નમ્રતા આવે છે.

૧૯. કૃતજ્ઞાણુ-કરેલા ગુણના જાણ માણસો પોતાના ઉપકારી માતા, પિતા, સ્વામીકે ગુર્વાદિકના બની શકે તેટલા ગુણાનુવાદ કરવા ચૂકતા નથી. કૃતજ્ઞ માણસ ઉપકારીના હિતને માટે બને તેટલો સ્વાર્થનો ભોગ આપે છે.

૨૦. પરહિતકારી-સહુને સ્વહિત વ્હાલું છે એમ સમજીને સ્વહિતની પેરે પરહિત કરવામાં પણ જેને પ્રીતિ છે તે મનથી, વચનથી કે કાયાથી કોઈનું અહિત થાય એવાં કાર્યથી દૂર રહેવાનોજ અને હિત થાય એવાંજ શુભ કાર્યમાં જોડાવાનો પ્રયત્ન કરે છે.

૨૧. લબ્ધલક્ષ્ય-સર્વ બાબતમાં જેની દૃષ્ટિ આરપાર પ્હોંચી શકે છે એવો ચકોર પુરૂષ સુખેથી સ્વહિત સમજીને તેને વિવેકથી સાધી શકે છે, ઉક્ત ૨૧ ગુણથી ભૂષિત ભવ્ય સ્વહિત સાધવાને સંપૂર્ણ અધિકારી છે. સ્વહિત સાધવાના અનેક માર્ગ પૂર્વે પ્રસંગે પ્રસંગે બતાવ્યા છે. એમ જેણે યત્નથી સ્વહિત-સ્વ કર્તવ્ય સાધ્યું છે તેને પરહિત પણ સુસાધ્યજ છે. તે પરહિતને સ્વહિત-સ્વ કર્તવ્ય સમજીને સુખે સાધી શકે છે, પણ જે સ્વહિત-સ્વ કર્તવ્યનેજ સમજતા નથી કે સેવતા નથી તે બાપડા નિર્ધનની પેરે પરહિત તો શી રીતેજ સાધી શકે વારૂ ?

૩૯ पंच परमेष्ठि महामंत्रनुं निरंतर स्मरण कर.

અરિહંત, સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય, અને સાધુ એ પાંચ પરમેષ્ઠિ છે.

જેમણે રાગદ્વેષ અને મોહાદિક અંતરંગ શત્રુગણનો સર્વથા ઉચ્છેદ કરી સર્વજ્ઞ સર્વદર્શી સંપૂર્ણ સહજાનંદિ અને સર્વશકિતમાન થઇ નિર્દોષ વચનવડે અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કર્યો છે તે **અરિહંત** દેવ કહેવાય છે. જેમણે સર્વ ઘાતી અઘાતી કર્મોનો સર્વથા અંત કરીને આત્માના સ્વભાવિક અનંત ગુણોને પ્રગટ કરી લોકના અગ્ર ભાગે સ્થિતિ કરી છે તે સિદ્ધ પરમાત્માના નામથી ઓળખાય છે.

પંચેંદ્રિય નિગ્રહ, નવવિધ બ્રહ્મગુપ્તિના ધારક, ચ્યાર કૃષાયથી મુકત, પાંચ મહાવ્રત યુકત, પંચાચાર પાળવાને સમર્થ, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિના પાલક એમ ૩૬ પ્રધાન ગુણો વડે અલંકૃત આચાર્ય ભગવંત હોય છે. તેમનાં વચન તીર્થંકરનાં વચનની પેરે માનનીય થાય છે.

સાંગોપાંગ આગમને અર્થ રહસ્ય યુક્ત જાણતા છતાં, અન્ય શિષ્યોને પઢાવવામાં કુશલ અને પ્રમાદ રહિત મૂળ-ઉત્તર વ્રતને પાળવામાં તત્પર છતાં, શિષ્ય સમૂહને ધર્મશિક્ષા દેવામાં ચતુર એવા ભવિષ્યમાં આચાર્યપદ પામવાને યોગ્ય ધર્મગુરૂ ઉપાધ્યાયના નામથી ઓળખાય છે.

બાહ્યાંતર પરિગ્રહથી મુક્ત મુમુક્ષુ જનો જૈન દર્શનમાં સાધુ, શ્રમણ અને નિગ્રંથાદિના નામથી ઓળખાય છે; તેઓ અહોનિશ

પ્રમાદ રહિત ધર્મસાધનમાં તત્પર છતાં સ્વહિત પૂર્વક પરહિત સાધે છે. અહિંસા, સંયમ અને તપ લક્ષણ ચારિત્ર ધર્મમાં સદા સાવધાનપણે વર્તતા ભવ્ય જીવોને સન્માર્ગ બતાવે છે.

શુદ્ધ આત્મ ધર્મથી અલંકૃત હોવાથી ઉક્ત પંચ પરમેષ્ઠી જગતમાં સારભૂત છે, જેમાં અરિહંત અને સિદ્ધ શુદ્ધ દેવપદે, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુજનો શુદ્ધ ગુરૂપદે તેમાં સારભૂત રહેલા દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ શુદ્ધ ધર્મપદે વર્તે છે. એવો શુદ્ધ ધર્મ દરેક આત્મ વ્યક્તિમાં શક્તિરૂપે રહેલો છે. અને તેજ શક્તિરૂપે રહેલો શુદ્ધધર્મ પરમેષ્ઠી પુરૂષોની પેરે પરમ પુરૂષાર્થ યોગે પ્રકટ થઇ શકે છે. પરમેષ્ઠી પુરૂષોને તે પ્રગટ થયેલ છે. આપણા પ્રત્યેક આત્મામાં શક્તિરૂપે રહેલા તે શુદ્ધ ધર્મને પ્રગટ કરવાની પવિત્ર બુદ્ધિ–નિષ્ઠાથી જો પૂર્વોક્ત પંચ પરમેષ્ઠિ ભગવંતનું તન્મયપણે ભજન, સ્મરણ, રમણ, પૂજન કરવામાં આવે તો આપણામાં શક્તિરૂપે રહેલો શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ લક્ષણ ધર્મ અવશ્ય પ્રગટભાવને પામે એ વાત નિઃસંશય છે. માટે આપણે શુદ્ધ દેવગુરૂ અને ધર્મ સંબંધી સદ્દગુરૂ સમીપે સારી સમજ મેળવી, તેનું મનન કરી, તેવા પવિત્ર લક્ષથીજ જગતમાં સારભૂત એવા પંચ પરમેષ્ઠી મહામંત્રનું અહોનિશ રટણ કરવું યુક્ત છે. એમ પવિત્ર લક્ષ પૂર્વક પરમેષ્ઠી મહામંત્રનું અહોનિશ રટણ કરતાં આપણે પણ અંતે કીટ ભ્રમરીના ન્યાયથી પરમેષ્ઠીરૂપ થઇને અવિનાશીપદના અવશ્ય અધિકારી થઇ શકીશું.

धर्म रसायणनुं सेवन कर.

इदं शरीरं परिणाम दुर्बलं, पतत्यवश्यं श्लथ सन्धि जर्जरं॥
किमौषधैः क्लिश्यसि मूढ दुर्मते, निरामयं धर्म
रसायनं पिब ॥ १ ॥

ગમે તેટલું પાળ્યું પોષ્યું છતાં પરિણામે દુર્બળ એવું આ શરીર તેના સાંધા નરમ પડવાથી જાજરૂં થયું છતું અંતે અવશ્ય (એક દિન) પડવાનુંજ છે, તો હે મૂઢ દુર્મતિ! તું શા માટે અનેક જાતનાં ઔષધ ભેષજ કરીને દેહનું દમન કરે છે? કેવળ નીરોગી અને નિરૂપમ એવા **ધર્મ રસાયણ** નુંજ તું અહોનિશ પાન કર. ધર્મ રસાયણવિના કદાપિ તારા જન્મ, જરા અને મૃત્યુરૂપી ભાવ-રોગોનું નિકંદન થઇ શકશેજ નહિ. જન્મ જરા અને મૃત્યુ એજ પ્રાણીયોના ખરેખરા રોગ છે. અને ધર્મરસાયનવડેજ તે દુર થઈ શકે તેમ છે. તો પછી જન્મમરણજન્ય અનંત દુઃખથી ઉદ્વિગ્ન થયેલા મુમુક્ષુ જનોએ તેનું પાન કરવા શા માટે ઢીલ કરવી જોઇયે? વીરપ્રભુએ **ગૌતમ સ્વામીને** પણ પૂર્વે કહ્યું છે કે "**ગોયમ મ કર પ્રમાદ**" એ વચન બહુ બહુ મનન કરવા યોગ્ય છે.

આપણા સાચા અર્થમાં-સ્વાર્થમાં અનાદર કરવો, સ્વહિતથી ચુકવું, સ્વ કર્તવ્યથી ભ્રષ્ટ થવું, અને નહિં કરવા યોગ્ય કરવાને તત્પર થવું, તેનું નામ જ્ઞાની પુરૂષો **પ્રમાદ** કહે છે. ટુંકાણમાં સર્વજ્ઞ પ્રભુની અતિ હિતકારી આજ્ઞાની ઉપેક્ષા કરીને સ્વચ્છંદ વર્તન કરવું તેનું નામજ પ્રમાદ છે. મદ્ય, વિષય, કષાય, નિદ્રા,

અને વિકથા મળીને પ્રમાદના મુખ્ય પાંચ ભેદ છે, જે ધર્માર્થીજનોએ અવશ્ય પરિહરવા યોગ્ય છે. અપ્રમાદી પુરૂષજ ધર્મનું યથાર્થ સેવન કરી શકે છે. પ્રમાદશીલ જનો જરૂર સ્વ-કર્તવ્ય-કાર્યથી ચુકે છે.

ઉપશમ શ્રેણિ ઉપર આરૂઢ થયેલા, ચાદ પૂર્વધર સાધુઓ પણ પ્રમાદ વશાત્ સ્વસ્થાનથી ચુકી પતિત થાય છે તો બીજાનું તે શું ગજું ? એમ સમજી જેમ બને તેમ પ્રમાદ સ્થાનને તજી અપ્રમત્ત થવું જોઇયે. થોડા પણ વ્રણ, ઋણ, કે અગ્નિની પેરે પ્રમાદને પણ વધતાં વાર લાગતી નથી તેથી તે જ્યાં સુધી નિરવશેષ નષ્ટ ન થાય ત્યાં સુધી તેનો વિશ્વાસ કરવો ભવભીરૂ જનોને ઉચિત નથીજ.

શુદ્ધ ભાવના એજ ખરૂં રસાયણ છે. કેમકે તેના વિના ગમે તેવી ધર્મ કરણી પણ ફળીભૂત થતી નથી અને શુદ્ધ ભાવના માત્રથી સર્વ કરણી સફળ થાય છે. માટે ઉક્ત ભાવનાનો અવશ્ય અભ્યાસ કરવો જોઈયે. 'ભાવના ભવ નાશિની'— ભાવના જન્મ મરણનાં દુઃખ માત્રનો અંત કરે છે અને અક્ષય અનંત સુખ મેળવી આપે છે.

મત્રી, મુદિતા, કરૂણા અને મધ્યસ્થતા રૂપ ભાવના ચતુષ્ટય પરમ હિતકારી છે. તેમજ અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વાદિક દ્વાદશ ભાવના પણ ભવ ભયને હરનારી છે.

શુદ્ધ ભાવના રહિત ક્રિયા કાચના કટકા જેવી હોવાથી ત્યાજ્ય છે. પણ ક્રિયા રહિત શુદ્ધ ભાવના તો અમૂલ્ય રત્ન જેવી હોવાથી સેવ્ય છે. શુદ્ધ ભાવના રહિત અંધ ક્રિયાથી અહંકારા-

દિક દોષો પ્રભવે છે ત્યારે કેવળ શુદ્ધ ભાવનાથી તો શુદ્ધ ગુણાનુ રાગાદિક સદ્ગુણો પ્રગટે છે. શુદ્ધ ભાવનાવંત કદાપિ વીતરાગ દેશિત સન્માર્ગનો અનાદર કરેજ નહિં, એટલુંજ નહિ પણ યથાશકિત જ્ઞાન-ક્રિયા રૂપ મોક્ષ માર્ગનો આદર કરે છે અને એજ ખરૂં રસાયણ છે.

શુદ્ધ ભાવના યુકત ધર્મ ક્રિયા દૂધમાં સાકર જેવી ઉજવળ શંખમાં દૂધ જેવી અને સુવર્ણમાં જડેલા સાચા રત્ન જેવી મનોહર થઇ પડે છે; અને આત્મ કલ્યાણ પણ એવી સત્ક્રિયાથીજ સાધી શકાય છે. તેથી મોક્ષાર્થી સજ્જનોએ એવી સત્ક્રિયાનોજ ખપ કરવો ઉચિત છે, જેથી શીઘ્ર સ્વમોક્ષ થઇ શકે.

---

૪૯ वैराग्य भावथी लक्ष्मी विगेरे क्षणिक पदार्थोनो मोह तजी दे.

અનિત્ય અને અસાર ક્ષણ વિનાશી પદાર્થોમાં મોહ બાંધીને મુગ્ધ-અજ્ઞાની જીવો મહા દુઃખી થાય છે. મમતાવડે થયેલા મતિ ભ્રમથી મૂર્ખ જનો અનિત્ય વસ્તુને નિત્ય, અસાર -અશુચિ વસ્તુને સાર-શુચિ અને પરાઈ વસ્તુને પોતાની માની તેમાં મુંઝાઈ મરે છે. જો જીવને વસ્તુ સ્વભાવનુંજ યથાર્થ ભાન થાય તો ખોટી વસ્તુમાં નાહક મુંઝાઇ મરવાનો વખત આવેજ નહિં, માટે પ્રથમ મધ્યસ્થપણે વસ્તુ સ્વરૂપ જાણીને વિવેકથી બાધકભૂત ભાવોનો ત્યાગ કરીને કલ્યાણકારી માર્ગનુંજ ગ્રહણ કરવું જોઇયે.

संपदो जल तरंग विलोला, यौवनं त्रिचतुराणिदिनानि॥
शारदाभ्रमिव चंचलमायुः, किं धनैः कुरुत धर्म मनिन्द्यम्

લક્ષ્મી જળ તરંગની જેવી ચંચળ છે, યૌવન વય શીઘ્ર ચાલ્યું જાય છે, અને આયુષ્ય શરદ ૠતુના વાદળની જેમ અત્યંત અલ્પકાળ ટકે એવું છે તો અસ્થિર ધનને માટે આટલી દોડધામ કરવાની શી જરૂર છે? આટલા અલ્પ સમયમાં બની શકે તેટલી ત્વરાથી અહિંસાદિક શુદ્ધ નિર્દોષ ધર્મનુંજ સેવન કરવું ખાસ જરૂરનું છે. કેમકે સર્વ ઇચ્છિત વસ્તુ ધર્મથીજ પ્રાપ્ત થઇ શકે છે. શુદ્ધ ધર્મસેવન વિના ભવિષ્યમાં કંઇપણ સુખની આશા રાખવી વ્યર્થજ છે. અને ધર્મ સેવનથી સર્વ પ્રકારનું સુખ સ્વતઃ પ્રાપ્ત થાય છે.

જ્યાં સુધી જીવ સંસારના મોહમય સંબંધમાંજ રચ્યો પચ્યો રહે છે ત્યાંસુધી તે મોહ માયાના જોરથી સંસારના સ્વરૂપને યથાર્થ સમજ્યા વિના, સ્વહિત સાધવાને કંઇપણ શક્તિવાન્ થઇ શકતો નથી. જ્યારે જીવને સંસાર સંબંધી દુઃખનો ખરો ખ્યાલ આવે છે ત્યારેજ તેથી છૂટવાને કંઇક સાધનની શોધ કરે છે, અને ભાગ્યયોગે સત્સંગવડે ધર્મનું સ્વરૂપ સમજવાને તેમજ સમજીને તેને સેવવાને તે સમર્થ થઇ શકે છે, સંસારનું સ્વરૂપ વિચારીને તેનો ખરો ખ્યાલ લાવવાને માટે જ્ઞાની પુરૂષોએ અનિત્ય, અશરણાદિક બાર ભાવનાઓ શાસ્ત્રમાં કહી છે. તેનું યથાર્થ મનન કરતાં ભરત, મરૂદેવી, નમિ રાજર્ષિ, પ્રમુખ અનેક ભવ્ય જીવો મુક્તિપદને પામ્યા છે. માટે ઉક્ત ભાવનાઓનું સ્વરૂપ લેશ માત્ર બતાવવું અત્ર દુરસ્ત ધાર્યું છે.

૧. અનિત્ય—દેહ, લક્ષ્મી અને કુટુંબ વિગેરે સર્વ સંયોગિક વસ્તુઓનો વિયોગ થયા વિના રહેવાનો નથી. સર્વ અંતક કાળ સર્વત્ર પરિભ્રમણ કરી રહ્યો છે. કાલને કાળનો ભય છે એમ સમજીને શીઘ્ર સ્વહિત સાધવું

૨. અશરણ—સ્વજન દેહ કે લક્ષ્મી પૈકી કોઇપણ પરભવ જતાં જીવને સહાયભૂત થઇ શકતાં નથી. દેહ કે કુટુંબને ગમે તેટલાં પોષ્યા છતાં અંતે આપણાં થતાં નથી. સ્વાર્થી નિત્ય મિત્રની પેરે તે છેવટે છેહ દે છે. તેથી જુહાર મિત્રની જેવા પરમ ઉપકારી ધર્મનુંજ શરણ કરવું યોગ્ય છે.

૩. સંસાર—આપ આપણાં કર્માનુસારે સર્વે જીવો, નર્ક, તિર્યંચ મનુષ્ય અને દેવ ગતિમાં ગમન કરે છે, જેણે જેવું શુભાશુભ કર્મ જેવા ભાવથી કર્યું હોય છે, તેને તેવું શુભાશુભ ફળ તેવી રીતે ભોગવવુંજ પડે છે. વિવિધ કર્મ વશાત્ જીવો નટવત્ વિવિધ ચેષ્ટાઓ કરે છે. કર્મને વશવર્તી જીવોની તેવી વિચિત્ર અવસ્થા જોઇને તત્ત્વ દૃષ્ટિ મુંઝાઈ જતા નથી, કારણ કે તત્ત્વ દૃષ્ટિ પુરૂષો તેનાં મૂળ કારણને સારી રીતે સમજતા હોવાથી મનનું સમાધાન કરી શકે છે; અતત્ત્વ દૃષ્ટિજનો એવી રીતે મનનું સમાધાન કરી શકતા નથી, તેથીજ દુઃખમય સંસારમાં પણ રચ્યા પચ્યા રહે છે.

૪. એકત્વ—જીવ એકલોજ આવે છે અને એકલોજ જાય છે. સાથે ફકત પુણ્ય અને પાપજ રહેવાથી જીવ તદનુસારે સુખ દુઃખને પામે છે. જીવ જેવાં જેવાં કર્મ કરે છે, તેવાં તેવાંજ આ ભવમાં કે પરભવમાં ફળ ભોગવે છે. તેમાં કોઇ કંઇ પણ મિથ્યા કરી શકતું નથી. છતાં આણે મારૂં સુધાર્યું અથવા આ-

ણે મારૂં બગાડયું. એમ જીવ મુગ્ધતાથી માની બેસે છે. તથા એકની ઉપર રાગ અને બીજા ઉપર દ્વેષ કરીને નાહક દુઃખ પેદા કરે છે, તત્વથી જોતાં આપણું સુધારનાર કે બગાડનાર આપણેજ છીયે.

૫. અન્યત્વ–દેહ, લક્ષ્મી કે કુટુંબને આત્માની સાથે અત્યંત સંબંધ નથી, ફકત અલ્પ કાળને માટે સંયોગ સંબંધ થયેલો છે કે જેનો અવશ્ય વિયોગ થવાનો છે. અરે નિત્ય મિત્ર સમાન દેહ પણ અંતે આપણું થતું નથી તો અન્યનું તો કહેવુંજ શું ? વળી દેહ લક્ષ્મી વિગેરેનો અને આત્માનો સ્વભાવ ભિન્ન ભિન્ન છે. દેહ, લક્ષ્મી વિગેરે જડ વસ્તુઓ છે, ત્યારે આત્મા ચૈતન્ય યુકત છે. દેહ વિગેરે વસ્તુઓ ક્ષણ વિનાશી છે અને આત્મા તો અચળ અવિનાશી છે એમ સમજી દેહાદિક સંબંધી મિથ્યા મોહ તજીને નિર્મળ જ્ઞાન, દર્શન, અને ચારિત્રાદિક આત્માની સહજ સંપત્તિ સંપ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઇયે.

૬. અશુચિ–આ શરીર મળ મૂત્રાદિક મહા અશુચિથી ભરેલું છે પુરૂષને નવદ્વારે અને સ્ત્રીને દ્વાદશદ્વારે અશુચિ વહેતી રહે છે. તેમજ સડનપડન અને વિધ્વંસનજ જેનો ધર્મ છે એવા આ જડદેહમાં કોણ વિવેકશીલ મુંઝાય ? આવા અસાર અસ્થિર અને અશુચિમય દેહની ખાતર કોણ તત્વદૃષ્ટિ પુરૂષ પાપનો પોટલો શિરપર ઉઠાવે ? આવા અશુચિમય દેહમાં વિવેકી હંસ તો રાચેજ નહિં, કેવળ નિર્વિવેકી–ભૂંડ જેવાજ રાચી શકે, અને તેની ખાતર અનેક પાપ કરીને પણ ખુશી થાય.

૭ આશ્રવ–હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ, અને અસંતોષ

પ્રમુખ તથા વિષય કષાયાદિક સંબંધી સર્વ વિરૂદ્ધ ક્રિયા આત્માને સહજાનંદ સુખમાં અંતરાયભૂત હોવાથી આશ્રવસંજ્ઞાથી ઓળખાય છે. કંઇક સારા આશયથી મન, વચન, અને કાયાવડે ક્રિયા કરવાથી પુણ્યાશ્રવ અને માઠા આશયથી પાપાશ્રવ થાય છે. **પુણ્યાશ્રવથી** કંઇક સુખની પ્રતીતિ અને **પાપાશ્રવથી** દુઃખનીજ પ્રતીતિ થાય છે. સોનાની કે લોઢાની બેડી જેવા બંને આશ્રવોને વિવેકી પુરૂષ **સંવર** વડે છેદી શકે છે.

૮ સંવર—આલોક કે પરલોક સંબંધી ભોગાશંસા તજીને કેવળ આત્મ કલ્યાણાર્થે શુધ્ધચારિત્ર ધર્મનું સેવન કરીને **આશ્રવનો** અટકાવ કરવો તેનું નામ **સંવર** છે. ગમે તેવા અનુકુળ કે પ્રતિકુળ પરીષહો સહન કરવા, પ્રવચન માતાનું યથાર્થ પાલન કરવું, ક્ષમાદિક દશવિધ યતિધર્મનું સેવન કરવું, મૈત્રી, મુદિતાદિક ભાવના ચતુષ્ટય અથવા અનિત્યાદિક પ્રસ્તુત ભાવનાનું વિવેકથી પરિશીલન કરવું, અને સામાયકાદિક ચારિત્ર માર્ગનું નિષ્કપટપણે સેવન કરવું એ સંવર સર્વ સુખકારી છે, એમ સમજી યથાશકિત તેમાં ઉદ્યમ કરવો, અથવા તેવા સન્માર્ગની બનતી સહાય કે અનુમોદના કરવીજ ઉચિત છે. **સંવર** યોગે **ચિલાતિપુત્ર દ્રઢપ્રહારી** અને **કંડુરાજા** જેવા નિર્દય જીવોનાં પણ કલ્યાણ થયાં છે. **સંવર** વિના કદાપિ આ દુઃખમય સંસારનો છેડો પામી શકાય નહિ.

૯ નિર્જરા—જેથી પૂર્વ સંચિત કર્મનો ક્ષય કરી શકાય એટલે કે આત્માને કર્મથી જુદો પાડી મુકત કરી શકાય તેનું નામ નિર્જરા છે. તેવી નિર્જરા સમતાયુકત તપ કરવાથી થાય છે. ઉકત તપના છ બાહ્ય અને છ અભ્યંતર મળીને ૧૨ બાર ભેદ છે.

વિવેકથી કરવામાં આવતો બાહ્ય તપ અભ્યંતર તપની પુષ્ટિ કરી આત્માને અત્યંત નિર્મળ કરે છે. તેથી દરેક આત્માર્થી જનોએ તે અવશ્ય આદરવા યોગ્ય છે. અનશન–ઉપવાસાદિ, ઉનોદરી–અલ્પ ભોજન, વૃત્તિ સંક્ષેપ–નિયમિત ભોગોપભોગ, રસ ત્યાગ–અમુક રસની લોલુપતાનો ત્યાગ, કાયકલેશ–કેશ લોચ, આતાપનાદિ, અને સંલીનતા–આસનજય પ્રમુખ એ બાહ્ય તપના ૬ છ ભેદ છે. તેમજ પ્રાયશ્ચિત–પાપની આલોચના, વિનય–ગુણાનુરાગ, વૈયાવૃત્ય–સેવા ભકિત, સ્વાધ્યાય; ધ્યાન, અને કાઉસગ્ગ–દેહાદિક પરથી મૂર્છાનો ત્યાગ એ પ્રમાણે અભ્યંતર તપના છ ભેદ મળી તપના બાર ભેદ કહ્યા છે. જેમ પ્રબળ અગ્નિના તાપથી સુવર્ણની શુદ્ધિ થાય છે તેમ પૂર્વોકત પરમ પુરૂષ પ્રણીત તપના સમ્યગ આરાધનથી આત્માની વિશુધ્ધિ થઇ શકે છે. એમ સમજીને ઉકતતપનું સેવન કરવા સાવધાન રહેવું.

૧૦ લોક સ્વભાવ–ઉર્ધ્વ, અધો અને તીર્છા લોકનું સ્વરૂપ શાસ્ત્રમાં જેવું કહ્યું તેવું વિચારવું. પહોળા પગ કરીને અને કેડે હાથ દઈને ઉભેલા પુરૂષની જેવી આકૃતિ સંપુર્ણ લોકની કહેલી છે. ઉર્ધ્વ લોકમાં ચરાચર જયોતિષ્ચક્ર, બાર દેવલોક, નવ ગ્રૈવેયક, પાંચ અનુત્તર વિમાન તથા સિધ્ધશીલા રહેલી છે. અધો લોકમાં વ્યંતર, વાણવ્યંતર, ૧૦ ભુવનપતિ, તેમજ સાત નર્ક પૃથ્વીઓ રહેલી છે, અને તીર્છા લોકમાં અસંખ્યાતા દ્વીપ તથા અસંખ્યાતા સમુદ્ર જંબુદ્વીપની ફરતાં વલયાકારે આવી રહેલા છે. આ ભાવનાથી સમકિતની દ્રઢતા થાય છે.

૧૧ બોધિ દુર્લભ–ઇંદ્ર કે ચક્રવર્તી જેવી સંપત્તિ કરતાં પણ જીવને આ સંસાર ચક્રમાં ભમતાં સમકિત રત્નની પ્રાપ્તિ

થવી પરમ દુર્લભ છે. શુદ્ધ દેવગુરૂ અને ધર્મનું સ્વરૂપ યથાર્થ જાણવાથી અને જાણીને તેને સમ્યગ્ આદરવાથીજ સમ્યકત્વ ગુણની પ્રાપ્તિ થઇ શકે છે, સમકિતવંતનીજ સર્વ કરણી લેખે પડે છે–મોક્ષ મહાફળને આપે છે, એમ સમજીને મોક્ષાર્થી સજ્જનોએ પ્રથમ સમકિતનીજ ભાવના દૃઢ કરવાની જરૂર છે. શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્તિકતા એ પાંચ સમકિતનાં શ્રેષ્ટ લક્ષણ છે. સમકિતવંતનું જ્ઞાન યથાર્થ હોય છે. તેથી તે હિતાહિત, લાભાલાભ, અને ભક્ષ્યાભક્ષ્યાદિને યથાર્થ સમજે છે.

૧૨ અરિહંત ભાષિત ધર્મ–રાગ, દ્વેષ અને મોહાદિક સર્વ દોષ રહિત સર્વજ્ઞ પ્રભુની સાતિશય વાણીથી અનેક જીવોના હૃદગત સંશયોનો ઉચ્છેદ થઇ જાય છે અને તેથી અનેક ભવ્યો સ્વપરહિત સાધવાને સન્મુખ થાય છે. એકાંત હિતકારી પ્રભુની વાણી ભવ્ય ચકોરોને અમૃતથી પણ મીઠી લાગે છે તેથી તેનો કદાપિ અભાવો થતોજ નથી. પુષ્કરાવર્ત મેઘની જેવા પ્રભુના હિતોપદેશથી ભવ્ય જીવો પોતાનું ખરૂં હિત યથાર્થ સમજીને સેવી શકે છે, અને તેથીજ તેઓ સર્વ પાપ ક્રિયાનો અનુક્રમે પરીહાર કરીને નિષ્પાપ એવા મોક્ષ માર્ગનું આરાધન કરવા ઉજમાળ થાય છે. વિશ્વ જનોને પવિત્ર શાસનના રાગી કરવાની અપૂર્વ ભાવનાથીજ અરિહંતપણું પ્રાપ્ત થઇ શકે છે, અને તેવું પરમપદ પ્રાપ્ત કરીને તે મહાનુભાવ પૂર્વ ભાવનાનુસારે ત્રિભુવનવર્તી જનોને પવિત્ર હિતોપદેશ આપી તેમને સાક્ષાત્ શાસનના રાગી કરે છે. તેથી સિદ્ધ થાય છે કે પૂર્વોકત સદ્ભાવના આપણી ભવિષ્યની ઉન્નતિનાં અવંધ્ય બીજરૂપ છે.

વર્તમાન કાળમાં રસાયનશાસ્ત્રીઓ પણ અનુકૂળ ભૂમિમાં વાવવા યોગ્ય બીજ-વસ્તુઓનો વિવિધ ભાવના (સંસ્કાર) દઈને વાવી તે વડે ઈચ્છિત ફળને મેળવી શકે છે તો સર્વજ્ઞ સર્વદર્શી-સર્વ-શકિત સંપન્ન-પૂર્ણાનંદી પરમાત્માપ્રણીત પવિત્ર ભાવના ભાવિત જનો સ્વપુરૂષાર્થ યોગે કેમ અભીષ્ટ ફળ મેળવી ન શકે? અવશ્ય મેળવી શકેજ. ફકત પૂર્વોકત ભાવના શુદ્ધ હૃદયથીજ ભાવવી જોઇયે અને એમ થાય તોજ તે શુદ્ધ ભાવનાના બળથી ભવ્ય જીવો આ ભયંકર ભવ દુઃખનો સર્વથા અંત કરીને અક્ષય સુખને સુખે સાધી શકે.

---

૪૨ સારભૂત એવા સદ્વિવેકનુંજ સેવન કર.

'सदसद् विवेचनं विवेकः'

સત્યાસત્યનો સમ્યગ્ વિચાર પૂર્વક નિર્ણય કરવો કે આતો તત્ત્વભૂતજ છે અને આ અતત્ત્વરૂપ છે. આતો સંપૂર્ણજ છે. અને આ અપૂર્ણ છે. આતો આદરવા યોગ્યજ છે, અને આ તજવા યોગ્ય છે. આતો હિતકારીજ છે, અને આ અહિતકારી છે. આવું કાર્યજ ઉચિત છે, અને આવું અનુચિત છે. આમાંજ લાભ સમાયેલો છે, આમાં નથીજ અથવા ગેરલાભ છે. આતો ગુણવાનજ છે અને આ નથી; અથવા દોષવાન્ છે. આવી વસ્તુઓજ ભક્ષ્ય છે અને આવી અભક્ષ્ય છે. આવી વસ્તુઓજ પેય (પીવા યોગ્ય) છે અને આવી અપેય છે. આવા લક્ષણવાળા જીવજ હોય છે, અને આવાં લક્ષણ વિનાના અજીવજ હોય

છે. આનું નામજ **પુણ્ય**, અને આનું નામ તે **પાપ**, આનું નામ તે **આશ્રવ** અને આનું નામ **સંવર**, આવા પરિણામથી **કર્મનો બંધ** થાય છે, અને આવા પરિણામથી **નિર્જરા** અથવા **કર્મક્ષય મોક્ષ** થાય છે. આવી રીતે આત્મહિત સંબંધી કંઇક બારીકતાથી અવલોકન કરતાં વિવેકદીપક પ્રગટે છે. જે અનાદિ અજ્ઞાન અંધકારનો નાશ કરી નાંખે છે અને ઘટમાં સમાધિકારક જ્ઞાન પ્રકાશને વિસ્તારે છે.

અંતર રાગ, દ્વેષ, અને મોહાદિક મહા વિકારોને લક્ષમાં રાખીને જેમ નિર્વિકારતા પ્રાપ્ત થાય તેમ મધ્યસ્થપણે વિચાર પૂર્વક વર્તવાથી અને સમતાભાવિત સત્ પુરૂષોના સતત સમાગમથી અનાદિ **અવિવેકનો** પણ અંત આવે છે અને હિતાહિતનું યથાર્થ ભાન કરાવનાર **વિવેકનો** ઉદય થાય છે. જેને **વિવેકની** ખેવના નથી તેને તે પ્રાપ્ત પણ થતો નથી.

સદ્વિવેક જાગવાથી જીવને સત્ય વસ્તુનું યથાર્થ ભાન થતાં ખોટી અસત્ય વસ્તુ ઉપરથી સહેજે અભાવ અરૂચિ પેદા થાય છે અને તેમ થવાથી સાચી વસ્તુ ઉપર જોઇએ તેવી રૂચિ, પ્રીતિ અને શ્રદ્ધા જાગવાથી તેનો સચોટ સ્વીકાર થઇ શકે છે, અભ્યાસ અભ્યાસને વધારેજ છે તેથી વિવેકવંત આગળ ઉપર ગુણમાં સારો વધી શકે છે. વિવેકશૂન્યને એવો સંભવજ નથી. માટે પ્રથમ રાગદ્વેષાદિક અંતરવિકારોને હઠાવી મધ્યસ્થતાદિક ગુણનો અભ્યાસ કરીને આત્માર્થીજનોએ વિવેક જગાવવાની જરૂર છે, શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ યથાર્થ કહ્યું છે કે **રવિ દુજો તીજો નયન, અંતર ભાવિ પ્રકાશ; કરો ધન્ધ સબ પરિહરી, એક વિવેક અભ્યાસ.** અંતરમાં પ્રકાશ

કરીને પોતાની ગુણ સંપત્તિને પ્રગટ બતાવનાર વિવેક બીજો સૂર્ય અને ત્રીજું લોચન છે. એમ સમજીને શાણા જનોએ ઓર ઉપાધિને તજીને એક વિવેકનોજ અભ્યાસ કરવો ઉચિત છે. વિવેકથી સર્વ ગુણની સહજે પ્રાપ્તિ થશે, પણ પ્રથમ અવિવેકના કારણો સદંતર દૂર કરવાં જોઇયે.

---

४३ धर्मरुपी संबल बने तेटलुं साथे लइ ले.

જીવને ભવાંતર જતાં કોઇ પણ પરમાર્થથી સહાયભૂત હોય તો તે કેવળ **ધર્મજ** છે. અને તેથી દરેક કલ્યાણ–અર્થીએ તે અવશ્ય આરાધવા યોગ્યજ છે. ઉક્ત ધર્મ સાક્ષાત્ કરવાથી, કરાવવાથી કે અનુમોદવાથી આરાધી શકાય છે, પરંતુ શક્તિ છતાં તેની ઉપેક્ષા કરવાથી અથવા ગમે તેવાં કલ્પિત કારણો વડે તેની મર્યાદા ઉલ્લંઘવાથી **વિરાધના** થાય છે.

જેમ દૂર ગામાંતર જતાં દેહના નિર્વાહ માટે પ્રથમથીજ ભાતાની સગવડ કરી રાખવામાં આવે છે તેમ ભવાંતર જતાં જીવે જરૂર ધર્મ સંબલ પ્રથમથીજ તૈયાર કરી રાખવું જોઇયે. ધર્મ સંબલ વિના જીવને ભવાંતરમાં ભારે વિપત્તિ સહન કરવી પડે છે. અને ધર્મ સંબલ વડે સુખે સમાધિયે સર્વ સંપત્તિ સાધી શકાય છે.

આ ભયંકર ભવાટવીમાં શુદ્ધાશય યુક્ત કરેલો ધર્મ એક ઉત્તમોત્તમ ભોમિયા તરીકે ભારે ઉપયોગી થાય છે. યાવત્ તે ક્ષેમકુશળે મોક્ષ નગરે પ્હોંચાડી દે છે.

અહિંસા (સ્વચ્છંદપણે કોઇના પ્રાણ નહિ લેવારૂપ દયા),

સત્ય (હિત મિત અને પ્રિય ભાષણ), અસ્તેય (અનીતિથી કોઇનું કંઈપણ હરણ નહિ કરવા રૂપ પ્રમાણિકતા), બ્રહ્મચર્ય (વિષય વ્યાવૃત્તિરૂપ સદાચાર), અને અસંગતા મૂર્છારહિતપણું, સહજ સંતોષ, (નિઃસ્પૃહતા) વિગેરે સદ્વ્રતોનું સારી રીતે સેવન કરવાથી સદ્‌ગતિની અવશ્ય પ્રાપ્તિ થાય છે. એમ સર્વ શાસ્ત્રકારો એકે અવાજે કહે છે. આ શિવાય '**અહિંસા પરમો ધર્મઃ**' **એ મુદ્રાલેખ** ખાસ લક્ષમાં રાખીને, માંસ, મદિરા, મધ, માખણ, મૂલક–મૂળાદિક ભૂમિકંદ રિંગણ વિંગણ આદિક કામોદ્દીપક અને બહુબીજ ફળ તથા રાત્રિભોજન વિગેરે અનેક અભક્ષ્ય વસ્તુઓનું પણ શાસ્ત્રકારોએ વર્જન કરવા ભાર દઇને કહ્યું છે. આ પ્રમાણે અહિંસાદિક મહા વ્રતોને પુષ્ટિકારી જે જે નિયમાવળી શાસ્ત્રકારોએ ધર્મની વૃદ્ધિ માટે બતાવી છે, તે તે લક્ષમાં લઇને દરેક ધર્માવલંબી સજ્જનોએ તેનો યથાશક્તિ અમલ કરવો ખાસ અગત્યનો છે. કેમકે **યથાશક્તિ યતનીયં શુભે**–સ્વપર હિતકારી શુભ કાર્યમાં છતી શકિત નહિ ગોપવતાં યથાશક્તિ યત્ન કરવો એ આપણી ફરજજ છે.

---

४४ मनुष्यभव फरी फरी मळवो मुश्केल छे, एम समजी शीघ्र स्वहित साधी ले.

મનુષ્યભવની દુર્લભતા એટલા માટે સ્વીકારવામાં આવી છે કે તે વીના કોઇ પણ બીજી ગતિમાં સમ્યગ્ જ્ઞાન–ક્રિયાનું અથવા સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર રૂપી રત્નત્રયીનું યથાર્થ

આરાધન કરીને કોઇ પણ જીવ કદાપિ પણ તે જ ભવમાં સર્વ ઘાતિ–અઘાતિ કર્મનો સર્વથા અંત કરીને અક્ષય અવિનાશી એવું મોક્ષસુખ સાધવાને સમર્થ થઇ શકે નહિ, અને તેથી જ આવો મનુષ્ય ભવ દેવને પણ દુર્લભ કહ્યો છે. અર્થાત્ સમ્યગ્-દૃષ્ટિ દેવો પણ મોક્ષ ગતિના દ્વારરૂપ મનુષ્ય ભવની ઇચ્છા કરે છે અને તેવો માનવ ભવ પામીને તેને સાર્થક કરવા સમજમાં આવ્યા બાદ બનતો પ્રયત્ન પણ કરે છે.

તેવો માનવભવ સાક્ષાત્ પામીને મોક્ષાર્થી જનોએ મોક્ષ સાધનમાં ક્ષણ માત્ર પણ પ્રમાદ કરવો યોગ્ય નથી. પ્રમાદજ પ્રાણીયોનો કટ્ટામાં કટ્ટો દુશ્મન છે, જેથી લોકો પ્રાપ્ત સામગ્રીને પણ નિષ્ફળ કરી નાંખે છે.

પ્રમાદને પરવશ પડી જે લોકો માનવભવને નિષ્ફળ કરે છે તેમને આ સંસાર ચક્રમાં પરિભ્રમણ કરતાં તે પુનઃ પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે.

આથીજ ઉત્તરાધ્યયન સૂત્રમાં આ માનવભવ દશ દૃષ્ટાંતે દુર્લભ કહ્યો છે. એટલુંજ નહિ પણ ભગવાન્ શ્રી વીરપ્રભુએ પોતાના મુખ્ય શિષ્ય શ્રી ગૌતમ ગણધરને સંબોધીને પ્રગટ રીતે કહ્યું છે કે ‘ એક ક્ષણમાત્ર પણ પ્રમાદ નહિ કરવો ’–આ વાક્ય કેટલું બધું અર્થસૂચક છે ? તેમાંથી આપણને કેટલો બધો બોધ લેવાનો છે ? છતાં જો આપણે સુખશીલ થઇને પ્રમાદાચરણ તજશું નહિં તો છેવટ આપણને કેટલું બધું શોચવું પડશે ? તેનો ખ્યાલ પણ આવવો અત્યારે મુશ્કેલ છે.

જ્ઞાની પુરુષો યથાર્થ કહે છે કે ક્ષણિક સુખને માટે લાંબા કાળનું સુખ ખોઇ દેવું જોઇયે નહિં. પણ પ્રમાદને પર-

વશ પડેલા પ્રાણીયો એમજ કરે છે.

'ક્ષણુ લાખેણો જાય'-આ અમૂલ્ય માનવભવનો વખત એળે ગુમાવવાનો નથી. સારાં સુકૃતોવડે તે શીઘ્ર સફળ કરી લેવાનો છે.

ધર્મહીન માનવનો ભવ નિષ્ફળ જાય છે અને ધર્મ યુક્તનો તે સફળ થાય છે. ધર્મહીન માણસો ભવાન્તરમાં ભારે દુઃખના ભાગી થાય છે, અને ધર્મચૂસ્ત માણસો અક્ષય સુખના અધિકારી થઈ શકે છે. **'દેહે દુઃખં મહાફલં'**-સ્વાધીનપણે આત્મ કલ્યાણને માટે દેહનું દમન કરવું બહુ હિતકારી છે, અન્યથા પરાધીનપણે તો દમાવુંજ પડશે, અને એમ કરતાં પણ અભીષ્ટ સુખની પ્રાપ્તિ થઈ શકશે નહિ. સ્વાધીનપણે તો દેહને દમવાથી યથેષ્ટ સુખ મળી શકશે. **'દેહસ્ય સારં વ્રત ધારણં ચ'** યથાશકિત સદ્વ્રત ધારણ કરવાથીજ આ માનવદેહની સાર્થકતા શાસ્ત્રકાર સ્વીકારે છે, તે વિના તો **'અજાગલ સ્તનસ્યેવ, તસ્ય જન્મ નિરર્થકમ્'**-બકરીના ગળામાંના આંચળની પેઠે તેનો જન્મ માત્ર નિરર્થકજ છે. જેઓ કેવળ વિષયકષાયાદિ પ્રમાદને વશ થઇ પોતાનો માનવભવ વ્યર્થ ગુમાવે છે, તેઓ સોનાના થાળમાં કસ્તૂરીને બદલે ધૂળ ભરે છે, અમૃતનું પાન કરવાને બદલે તેના વડે પાદશોચ કરે છે, શ્રેષ્ઠ હાથીની પાસે લાકડાં વહાવે છે, અને ચિન્તામણિરત્નને કાગડાને ઉડાડવા માટે હાથમાંથી ફેંકી દે છે.-આવી મૂર્ખાઇ કરે છે. વળી જે સ્વચ્છંદ વર્તનથી ક્ષણિક સુખને માટે અમૂલ્ય માનવભવને હારે છે તે મધ્ય દરિયામાં એક ફલકને માટે તારક વહાણને ભાગી નાંખે છે, એક ખીંટીને માટે આખા મહેલને પાડી નાંખે છે, અને એક

દોરાને માટે મોતીનાહારને તોડી નાંખે છે. આમ આપ ડહાપણ કરીને અંતે પશ્ચાતાપનાજ ભાગી થાય છે. આવો પશ્ચાતાપ કરવાનો પ્રસંગ ન આવે માટે સ્વહિત સમજપૂર્વક સાધવાને સાવધાન થઇ રહેવું જોઇયે. શાસ્ત્રકાર યોગ્ય ફરમાવે છે કે જ્યાં સુધીમાં જરા આવી પીડે નહિં, વિવિધ વ્યાધિઓ વૃદ્ધિંગત થાય નહિં, અને ઇંદ્રિયોનું બળ ઘટે નહિં ત્યાં સુધીમાં બને તેટલું ધર્મસાધન કરી લેવું. પછી પરવશપણે સાધન કરવું ભારે મુશ્કેલ થઈ પડશે.

---

૪૫ पुरुषार्थ वडेज सर्व कार्य सिद्ध थाय छे माटे पुरुषार्थनेज अंगीकार कर.

પુરુષાર્થહીન એવા પ્રમાદી લોકોના મનના વિચાર મનમાંજ રહી જાય છે. પરંતુ પુરુષાર્થ યુક્ત પ્રમાદરહિત પુરુષોના સાત્વિક વિચાર જોઇને તેની ભાગ્યદેવી પણ એવાજ વિચાર કરે છે, તેથી તે પ્રાયઃ સફલજ થાય છે.

પુરુષાર્થવંતને દુનિયામાં કંઈપણ અસાધ્ય નથી.

પુરુષાર્થવંતને મિથ્યા આડંબર રચવાની જરૂર નથી, તેમજ તેને તેવો આડંબર પ્રિય પણ હોતો નથી. તેઓ કરે છે ઘણું અને બોલે છે થોડું. તેઓ જે કંઇ સ્વપર હિતકારી કાર્ય કરે છે તે ફક્ત સ્વકર્તવ્ય સમજીનેજ કરે છે. તેથી તેમને સ્વોત્કર્ષ કે પરાપકર્ષ કરવાના વકવ્યવહારમાં ઉતરવું પડતું નથી, અને સાર પણ એજ છે.

પુરુષાર્થવંતજ સત્ય ધર્મનું શોધન યા દોહન કરીને તેનું યથાર્થ સેવન કરી શકે છે. પુરૂષાર્થહીન લોકો તો અંધશ્રદ્ધાથી કેવળ જૂની રૂઢીને અનુસરીનેજ ચાલવાવાળા હોય છે, તેથી તેમાં કંઇ વિશેષ લાભ મેળવી શકતા નથી. પુરૂષાર્થ વિના કોઇ પણ કાર્ય પરિપૂર્ણ થઇ શકતું નથી. પૂર્વોક્ત પાંચે પ્રકારના પ્રમાદને તજીને સાવધાનપણે સ્વપરહિત સાધનારજ પુરૂષાર્થવંત કહેવાય છે. અને ઉક્ત પ્રમાદને પરાધીન થઇ પડેલા લોકો પુરૂષાર્થહીન કહેવાય છે.

પુરૂષાર્થજ માણસનું ખરૂં જીવન છે, તેથી પુરૂષાર્થહીન માણસ પશુ સમાનજ છે. પુરૂષાર્થહીન, મનુષ્યભવ પામીને ઉલટું લેવાનું દેવું કરે છે.

પુરૂષાર્થવંત પોતાના પવિત્ર વર્તનથી આ ભૂલોકમાં પણ દૈવી જીવન જીવીને અંતે અક્ષય સુખના અધિકારી થાય છે.

આપણે ધારીયે તો પૂર્વોક્ત પ્રમાદને તજી ખરો પુરૂષાર્થ ધારી આપણા પ્રમાદી બંધુઓને પણ પુરૂષાર્થવંત કરી શકીયે. પણ તે સ્વદૃષ્ટાંતથીજ સાક્ષાત્ રહેણીએ રહેવાથીજ; નહિ કે કેવળ લુખી કહેણી માત્રથી.

આપણે ધારીયે તો આપણે પોતેજ સત્ય પુરૂષાર્થથી અરિહંત સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુપદને સાક્ષાત્ પામી શકીયે, તેમજ તેવી પવિત્ર પદવી પામીને અન્ય અધિકારી જીવોને તેવાજ કરી શકીયે. જે જે પૂર્વોક્ત પવિત્ર પદવીને પ્રાપ્ત થયા છે તે તે સર્વ સત્ય પુરૂષાર્થને સાધીનેજ; તો આપણે પણ પુરૂષાર્થવડે તેવા કેમ થઇ શકિયે નહિ ? પુરૂષાર્થવડેજ પૂર્વે અનેક સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકાઓ પ્રસિદ્ધિમાં આવ્યા છે. તેથી

પૂર્વોક્ત પ્રમાદરહિત થઇને સ્વ સ્વ કર્તવ્ય કર્મ કરવાને સાવધાન રહેવું એજ આત્મ ઉન્નતિને માટે પ્રથમ આવશ્યક છે. એજ ખરો ધર્મ છે. અને એજ સત્ય સાધન છે.

એવા અપ્રમત પુરૂષાર્થવંત પુરૂષોજ ખરેખર સ્વપરહિત સાધી શકે છે, પણ પ્રમાદશીલ એવા પુરૂષાર્થહીન જનો કંઇ હિત સાધી શકતા નથી.

પુરૂષાર્થવંત ગૃહસ્થ પોતાનું ગૃહતંત્ર ન્યાય નીતિને અનુસરી પ્રમાણિકપણેજ ચલાવે છે ત્યારે પુરૂષાર્થહીન તથા વિરુદ્ધવર્તી અપ્રમાણિક પણેજ ચલાવે છે. પુરૂષાર્થવંત સુખ દુઃખમાં સમભાવે રહે છે, ત્યારે પુરૂષાર્થહીન હર્ષ વિષાદ ધારે છે. પુરૂષાર્થવંત હિંમતથી અને શ્રદ્ધાથી વિપત્તિની સામા થઈ લગાર પણ સ્વધર્મકર્તવ્યથી ચૂકતા નથી, પણ પુરૂષાર્થહીન તો તેવે વખતે દીનતા ધારણ કરીને કર્તવ્યભ્રષ્ટજ થાય છે. પુરૂષાર્થહીન કર્તવ્યકર્મનો અનાદર કરીને સુખશીલ થઇ, અર્થ યા કામનોજ આદર કરે છે, ત્યારે પુરૂષાર્થવંત તો ગમે તેવા સંયોગોમાં પ્રમાદરહિત ધર્મનેજ પ્રધાન પદ આપે છે.

પુરૂષાર્થવંત સાધુજ અહિંસા સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતાદિક મહાવ્રતોને અખંડ અતિચારરહિત પાળીને સ્વ ચારિત્રને ઉજવળ કરે છે ત્યારે પુરૂષાર્થહીન સાધુ તેવાં મહાવ્રત લઇને સ્વચ્છંદ વર્તનથી તેમને ખંડી–વિરાધી સ્વચારિત્રને કલંકિત કરી અંતે અધો ગતિનાજ ભાગી થાય છે.

પુરૂષાર્થવંત સાધુજ વિવિધ પ્રકારના અભિગ્રહને નિઃસ્પૃહતાથી અખંડ પાળી નાના પ્રકારની લબ્ધિયોને પેદા કરે છે, પણ તેનો કદાપિ ગેરઉપયોગ કરતા નથી. પુરૂષાર્થહીનમાં

તેથી વિપરીતજ જોવામાં આવશે.

પુરૂષાર્થવંત સાધુજ સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ક્રિયાની યથાયોગ્ય સહાયથી રત્નત્રયીનું આરાધન કરીને અલ્પ કાળમાં અક્ષય અવિનાશી પદને પામે છે. અને પુરૂષાર્થહીન સાધુ તો મોક્ષના સાધનભૂત જ્ઞાનક્રિયામાંના કોઇની ઇચ્છાનુસાર ઉપેક્ષા કરી રત્નત્રયીને વિરાધી પૂર્વોક્ત પ્રમાદને પરવશ પડી દીર્ઘકાળ સંસાર પરિભ્રમણજ કરે છે.

સત્ય પુરૂષાર્થવંત સાધુજ છિદ્રરહિત પ્રવહણની પેરે આ સંસારસમુદ્રને સુખે તરી જઇ સ્વપરનો ઉદ્ધાર કરી શકે છે. પુરૂષાર્થહીન તો પથ્થરની પેરે સ્વપરને ડૂબાવેજ છે.

કોઇપણ મોક્ષાર્થીએ પૂર્વોક્ત પુરૂષાર્થવંત પુરૂષોનોજ આશ્રય કરવો યોગ્ય છે. કેમકે તેથી એવો પુરૂષાર્થ પામવો સુલભ થઇ પડે છે.

પુરૂષાર્થવંત પુરૂષની વૃત્તિ સિંહની જેવી અને પુરૂષાર્થહીનની વૃત્તિ શ્વાનની જેવીજ હોય છે. પહેલાની વૃત્તિ ઉંચી અને બીજાની કેવળ નીચી હોય છે.

પુરૂષાર્થવંત ગમે તેવી વિષમ સ્થિતિમાં પણ સિંહની જેમ સ્વ ઇષ્ટ કાર્ય સાધે છે પણ પુરૂષાર્થહીન તેમ કદાપિ કરી શકતોજ નથી. સિંહને કોઇએ બાણ માર્યું હોય તો તે તેનું ઉત્પત્તિ સ્થાન શોધીને તેનેજ મારે છે. પરંતુ શ્વાન તો તેને મારવામાં આવેલા પાષાણ વિગેરેનેજ કાટવા (કરડવા) જાય છે.

એવી રીતે કંઇપણ દુઃખ ઉત્પન્ન થતાં પુરૂષાર્થવંત તેનું ખરૂં કારણ તપાસીને તે કારણનેજ દૂર કરે છે ત્યારે પુરૂષાર્થહીન-કાયર માણસ તો તેની કંઇપણ આગળ પાછળ તપાસ

નહિં કરતાં તે દુઃખ ઉપરજ રોષ કરે છે. અને એમ કરવાથી કંઇ સુખ તો મળતું નથી પણ ઉલટું દુઃખજ વૃદ્ધિ પામે છે.

સર્વજ્ઞ–સર્વદર્શી ભગવાન્ કહે છે કે કોઇ કોઇનું બગાડતું કે સુધારતું નથી. બીજા તો કેવળ નિમિત્ત માત્રજ છે. પોતેજ કરેલાં કર્માનુસારે પ્રાણી દુઃખ સુખને પામે છે. તેમાં અન્ય ઉપર અજ્ઞાનપણે આરોપ મૂકવો મિથ્યા છે. એમ સમજીને ખરા પુરૂષાર્થવંત પુરૂષો પ્રાપ્ત દુઃખના મૂળ કારણભૂત કર્મને લક્ષમાં રાખીને તેનેજ નિર્મૂળ કરવા પ્રયત્ન કરે છે, અને તેજ યુક્ત છે, છતાં કાયર અજ્ઞાની માણસો તેમ કરી શકતા નથી.

પુરૂષાર્થવંત સ્ત્રી પુરુષજ પરમાર્થભૂત એવા મોક્ષ માર્ગને સાધી શકે છે. અને ધર્મ એજ ખરો પુરૂષાર્થ છે, એમ સમજી મોક્ષાર્થી જનોએ સર્વજ્ઞભાષિત ધર્મનું યથાશકિત આરાધન કરવા અવશ્ય ઉજમાળ રહેવું યુકત છે.

પૂર્વ પુણ્યયોગે મનુષ્યભવાદિક શુભ સામગ્રીને પામીને અને સદ્ગુર્વાદિકનો વિશિષ્ટ યોગ પામીને જે સ્વહિત સાધી લેવાની ઉપેક્ષા કરે છે તેના પાછળથી કેવા હાલ થશે ? તે સંબંધી શ્રી ધનેશ્વરસુરી મહારાજ શ્રી શત્રુંજય મહાત્મ્યમાં આ પ્રમાણે કહે છેઃ—

धर्मेणाधिगतैश्वर्यो, धर्ममेव निहन्ति यः ॥
कथं शुभायति भावी, स स्वामिद्रोहपातकी ॥ १ ॥

ધર્મના પ્રભાવેજ સર્વ સંપદાને પામ્યા છતાં જે નરાધમ ધર્મનોજ લોપ કરે છે તે સ્વામીદ્રોહી પાપી ભવિષ્યમાં કેવી રીતે સુખી થઈ શકશે ? આ ભવમાં પણ અત્યંત હિતકારી ધર્મની કૃપાથીજ સર્વ સાહેબી પામીને જો તેજ પરોપકારી ધર્મનો

ધ્વંસ કરવામાં આવશે તો સ્વામીદ્રોહ કરનાર તે નીચ પાપીનું કલ્યાણ પછી શી રીતે થઇ શકશે ? ખરૂં જોતાં એવા પાપી ધર્મ દ્રોહીનું ભવિષ્ય સુધરવું ખરેખર દુઃશકયજ છે.

જે માણસને આવાં હૃદયવેધક શાસ્ત્રવચનોથી પોતાનાં કરેલાં પાપોનો પુરેપુરો પશ્ચાતાપ થાય છે અને ફરી એવાં પાપ નહિ કરવાની પવિત્ર બુદ્ધિથી સદ્ગુરૂ સમીપે પ્રાયશ્ચિત (કરેલાં પાપોની શુદ્ધિ) કરવા ઇચ્છા થાય છે. એવા પણ યોગ્ય જીવ ઉપર કૃપાળુ ધર્મ મહારાજ જરૂર કૃપાકટાક્ષ કરે છે એટલે એવા જીવોનો પણ ઉદ્ધાર આવી રીતે થઇ શકે છે.

પરંતુ પાપ કરીને ખુશી થનારા, અથવા લોકરંજનને માટે ફકત મોઢેથીજ બળાપો કરનારા અથવા કપટરચનાથી સ્વદોષને છુપાવનારા એવા અયોગ્ય અને દંભીજનો ઉપર ગુણજ્ઞ અને ગુણ પક્ષપાતી ધર્મ મહારાજાની મહેરબાની ભવિષ્યકાળમાં પણ કદાપિ હોઇ શકેજ નહિ.

એમ સમજી નીચ નાદાન, અને નિર્લજ્જ એવા નાલાયક જનોની સંગતિ તથા તેમના અનર્થકારી આચાર વિચારને તજી દઇને, ઉદાર, દયાળુ, અને લજ્જાળુ એવા સુપાત્રનીજ સંગત અથવા તેમના હિતકારી આચાર વિચારને આદરી આપણે પરમ ઉપકારી ધર્મ મહારાજની કૃપાથી પ્રાપ્ત કરેલ સર્વ શુભ સામગ્રીની સફળતા કરી શકીયે એવો સત્ પુરુષાર્થ સેવવો એજ આપણું મુખ્ય કર્તવ્ય છે. સર્વ પ્રમાદરહિત સત્ પુરૂષાર્થ ઉપરજ આપણી, આપણા સાધર્મીઓની, તેમજ સમસ્તજનોની ખરી ઉન્નતિનો આધાર છે. એ વાત ખૂબ લક્ષમાં રાખીનેજ આપણું વ્યવહારતંત્ર ચલાવવું યોગ્ય છે. ઇત્યલમ્.

सुमति अने चारित्रराजनो सुखदायक संवाद.

પ્રેક્ષક ભાઇયો અને બ્હેનો! આજે હું તમને એક અતિબોધદાયક સંવાદ સંભળાવવા ઇચ્છું છું તેથી પ્રથમ તેમાં ખાસ ઉદ્દેશ કરાએલાં પાત્રોની તમને કંઈક વિશેષે સમજ આપવી દુરસ્ત ધારૂં છું. અને આશા રાખું છું કે તે સર્વ વાત તમે લક્ષમાં રાખી તેમાંથી એક ઉત્તમ પ્રકારનો બોધ ગ્રહણ કરશો.

એકાન્ત હિતબુદ્ધિથીજ પ્રેરાઇને તમને આ બોધદાયક પ્રબંધ સંભળાવવા મારી ખાસ ઉત્કંઠા થઇ આવી છે તે કંઇક તમારા ભાગ્યનીજ ભલી નિશાની હોય એમ હું માનું છું. હવે હું મુદ્દાની વાત તમને જણાવું છું. દરેક આત્માને પોતાના સારા નરસા ચરિત્ર (આચરણ) ના પ્રમાણમાં મતિનું તારતમ્ય હોયજ છે, છતાં સામાન્ય રીતે સારાં ચરિત્રવાળાને મુખ્યતાએ સુમતિનો અને માઠાં આચરણવાળાને મુખ્યતાએ કુમતિનોજ સંગ હોય એમ મનાય છે તેથી તેમનો અરસપરસ પ્રસંગવશાત્ સંવાદ થયાજ કરે છે. તેની જીજ્ઞાસુ ભાઇ બ્હેનોને કંઇક ઝાંખી આપવાની બુદ્ધિથી સ્વ ક્ષયોપશમાનુસારે આ ઉલ્લેખ ઘડયો છે. વીતરાગ પ્રભુનાં પવિત્ર વચનાનુસારે વિવેકયુકત વર્તન કરનાર સત્ચારિત્રપાત્ર પુરૂષ જગત્માં એક મહારાજાથી પણ અધિક પૂજ્ય મનાય છે, તેથી તેવા ચારિત્રવંતને સત્ (સાચા) ચારિત્રરાજ કહેવામાં કંઇપણ બાધ આવતો નથી. પણ જેઓ વીતરાગ વચનથી વિરૂદ્ધ વર્તન ચલાવીને દંભ વૃત્તિથી સ્વદોષ ગોપવવા માટે લોકમાં પૂજાવામનાવા માટે તથા સ્વગૌરવ વધારવા માટે અહોનિશ મથન કરી જગત્માં ચારિત્રવંત કહેવડાવવાનો દાવો રાખે છે તેઓ તો કેવળ નામનાજ

મહારાજા કહેવાય છે. એવા દંભી ચારિત્રરાજને હોળીના રાજા ઇલોજીની ઉપમા ઘટી શકે છે. આવી હલકી પાયરીએ પોતાની કુટિલતાથી ઉતરવા કરતાં સરલતાથી સત્ ચારિત્રરાજના સેવક થઇ રહેવામાંજ ખરી મજા છે. કેમકે 'સિદ્ધિઃ સ્યાદ્ ઋજુભૂતસ્ય' એવાં આગમ વચનથી સર્વ દંભરહિત-ઋજુ-સરલ પુરૂષનીજ સિદ્ધિ થાય છે. આવી સિદ્ધાંતની વાતને ખાસ લક્ષમાં રાખીને જગત્ પ્રસિદ્ધ સ્વ સ્વામી ચારિત્રરાજની આગળ ઉપર વિડંબના ન થાય એવા પવિત્ર ઉદ્દેશથી સુમતિ, ચારિત્રરાજને સંબોધન કરે છે.

સુમતિ—સ્વામીનાથ ! હું આપને લજ્જાથી કંઈ હિતકારી વાત પણ કહી શકતી નથી તોપણ આજે નમ્રપણે કંઇક કહેવા ધારૂં છું તેથી આપ ખોટું નહિ લગાડતાં સાર ગ્રહી મને ઉપકૃત કરશો, એવી મારા અંતરની ઇચ્છાપૂર્વક કરેલી પ્રાર્થના સ્વીકારી મને પ્રસંગોપાત બે બોલ બોલવાની રજા આપશો ?

ચારિત્રરાજ—અહો સુમતિ ! મારાથી આટલો અંતર રાખવાનું કંઇ કારણ નથી, તારે કહેવું હોયતો સુખેથી કહે, સાચી અને હિતકારી વાત કહેતાં કોનો દિવસ ફર્યો છે કે ઉલટી રીસ ચઢાવશે ?

સુમતિ—સ્વામીનાથ ! હવે મને કાંઇક હિમ્મત આવી છે તેથી મારા મનની વાત કહેવાને કંઇક ભાગ્યશાળી થઈ શકીશ. નહિતો—તો—

ચારિત્રરાજ—તું આજ સુધી કહેવાનો કેમ વિલંબ કરી રહી હતી ?

સુમતિ—સ્વામીજી ! સાચું કહું છું કે મારા અંતરમાં જે-

વીને તેવી ઇચ્છા છતાં આપને એકાન્તે કહેવાની મને જોઇએ તેવી તકજ મળી શકી નથી ?

ચારિત્ર૦—આજ સુધી કહેવાની પ્રબળ ઇચ્છા છતાં કેમ તક ન મળી શકી ? તેનું કારણ હવે સંકોચ રાખ્યા વિના કહે. હું તારી ઉપર પ્રસન્ન છું.

સુમતિ—આપ મારા સ્વામીનાથ મારી ઉપર સુપ્રસન્ન થયા છો તેથી હું મારૂં અહોભાગ્ય માનું છુ. આપની તેવી પ્રસન્નતા સદા બની રહે તેમ ખરા જીગરથી ઇચ્છું છું, પણ સાચું કારણ કહેતાં મન સંકોચાય છે.

ચારિત્ર૦—સુંદરી ! જરાયે સંકોચ રાખ્યા વિના ખરૂં કારણ હોય તે કહીદે.

સુમતિ—આજ સુધી આપ લાંબો વખત થયાં મારી ઉપેક્ષા કરીને મારી સપત્ની (શોકય) કુમતિનેજ વશ પડયા હતા, એ વાત શું આપ આટલામાં વિસરી ગયા કે જેથી મારે મોઢે તેનું કારણ કહેવડાવો છો ?

ચારિત્ર૦—સુમતિ ? તારા સ્થાયી સમાગમ વિના સર્વ કોઇ કુમતિ વશ પડીને ખુવાર થાય છે તે તો તને સુવિદિતજ છે.

સુમતિ—હા, પણ આપે તો ચારિત્ર૦ નામ ધારીને અને દુનિયામાં પણ જેવોને તેવો દમામ રાખીને મારી વિગોવણા કરી તેનું કેમ ?

ચારિત્ર૦—સુંદરી ! તું જે કહે છે તે સત્ય છે, મારી દાંભિક વૃત્તિને સંભારતાંજ હવે તો મને શરમ આવે છે. પણ જો તારો સમાગમ થયો ન હોતતો શું જાણીયે મારા શાએ હાલ થાત, હશે પાછી તેવી ભૂલ ન થાય માટે અને તારો

સમાગમ સ્થાયી બન્યો રહેશે તો હું મારૂં અહો ભાગ્ય માનીશ. હવે તારે જે કાંઇ હિતકારી વાત કહેવી હોય તે ખુલ્લે મનથી કહે. વ્હાલી ! સાચી વાત કહેતાં કંઇ પણ સંકોચ રાખીશ નહિ.

સુમતિ—આપનાથી આવે પ્રસંગે આંતરો કે સંકોચ રાખવો તેને તો હવે હું સ્વામીદ્રોહ કે આત્મદ્રોહજ લેખું છું. વધારે શું કહું !

ચારિત્ર૦—સુમતિ ! થોડા વખતના પરિચયથી પણ મને તારા સરલ સ્વભાવની ખાત્રી થએલી છે કે તું જે કંઈ કહીશ તે એકાંત હિતકારીજ હશે તેની સત્યતાને માટે મને સંદેહ નથી, તેથી તારૂં ખરૂં મંતવ્ય કહે.

સુમતિ—મેં આજ સુધી આપની સેવા બજાવવાનો લાભ મેળવ્યોજ નથી તેને માટે શોચું છું પણ હવે ખરી સેવા બજાવવાની સોનેરી તક હાથ આવેલી જાણી મનમાં ઘણોજ હર્ષ થાય છે તે આપને પ્રથમ જણાવું છું.

ચારિત્ર૦—મારીજ કસૂરથી કહોકે ઉપેક્ષાથીજ તું મારાથી આજ સુધી દૂર રહી અને તેથીજ તું મને સવળે રસ્તે દોરવાની તક ન સાધી શકી તેમાં તારો તો તલમાત્ર પણ વાંક નથી. વાંક માત્ર મારા નસીબનોજ છે કે જેથી હું છતી સામગ્રીયે તેનો લાભ લેવા અત્યાર સુધી ભાગ્યશાળી થઇ શકયો નહિ. તે વાતનો વિચાર કરતાં બહુજ શોચ થાય છે પણ તેવા શોચ માત્રથી શું સરે ? હવે તો જાગ્યા ત્યાંથી સવાર.

સુમતિ—આપનું કલ્યાણ થાઓ ! ખુદ આપનો વાંક કાઢવા કરતાં મારે તો મારી સપત્નિ-કુમતિનોજ વાંક કાઢવો વ્યાજબી છે. કેમકે જો આજ સુધી તેણીયે આપને ભંભેર્યા ન હોત અને

મારાથી વિમુખ કર્યા ન હોત તો આપે ક્યારનાએ મારી સન્મુખ જોઇ મને આવકાર આપ્યો હોત, પણ મારી શોકય સ્વાધિનપણે એમ થવા દેજ કેમ ?

ચારિત્ર૦—સુમતિ ? તું તો તારી કુલીનતાને ઉચિતજ કહે છે પણ વાંક માત્ર મારોજ છે. કેમકે મારૂં મન જો મારે હાથ હોય તો કુમતિ બાપડી શું કરી શકે ? હું પોતેજ પ્રમાદશીલ હોવાથી કુમતિને વશ પડી રહ્યો હતો.

સુમતિ—સાહેબ સહીસલામત રહો ! હવે આપે આપની ગતિ જાણી છે તેથી ફરી હું ઇચ્છું છું કે આપ કુમતિના કબજામાં આવશો નહિ.

ચારિત્ર૦— હવે તો મેં તેણીને દેશવટો દેવાનોજ નિશ્ચય કર્યો છે.

સુમતિ—કુમતિની ગતિ એવી વિચિત્ર છે કે તે ગમે ત્યાંથી ગમે તેવી રીતે અંતરમાં પેશી જીવતી ડાકણની જેમ જીવનું જોખમ કરે છે. મોટા યોગીજનોને પણ લાગ જોઇને છળે છે અને અસંસ્કારી આત્માને તો ક્ષણવારમાં ઉથલાવીને ઉંધો વાળે છે આવી તેની કુટીલતા જગ જાહેર છે, માટે ક્ષણવાર પણ તેનો વિશ્વાસ કરવો ઉચિત નથીજ.

ચારિત્ર૦-પ્રિયે ! તેણીને તિલાંજલિ દેવાનો મારો સંપૂર્ણ વિચાર છે, પણ તે પુનઃ મને છળી ન શકે એવા સમર્થ ઉપાય તું જાણતી હોય તે મને કહે કે જેનો અભ્યાસ કરીને હું પુનઃ તેણીના પાપી પાશમાં આવી શકું નહિં, કેમકે જેમ તું કહે છે તેમ પ્રતીત છે કે કુમતિનો સ્વભાવ કુટીલ છે.

સુમતિ—જે કહેવાની મારી ઇચ્છાજ હતી તેજ બાબતની

આપની જિજ્ઞાસા થયેલી જોઈને મારે તો દૂધમાં સાકર મળ્યા બરાબર થયું છે.

ચારિત્ર૦—ખરેખર આવું ઉત્તમ નામ ધરાવીને અને દુનિયા આગળ આવો ખોટો દમામ રાખીને ખરા ચારિત્ર સંબંધી ગુણ વિના કેવળદંભ–માયાથી જીવવા કરતાં તો મરવુંજ મને તો હવે બહેતર લાગે છે.

સુમતિ—સ્વામીજી ! આપ ચતુર છો. ખરા ચારિત્રના અર્થી દરેક શખ્સને એટલી ચાનક ચઢયા વિના તે પતિત અવસ્થાને તજી શકેજ નહિ.

ચારિત્ર૦—પણ પ્રિયે ! જે તું મને હિતકારી વચન કહેવા ઇચ્છે છે તે હવે વિલંબ કર્યા વિના કહે, કેમકે કહ્યું છે કે **'શ્રેય કામમાં બહુ વિઘ્ન આવે છે.'**

સુમતિ—આપનું કહેવું યથાર્થ છે અને તેથી આપ સાહેબની આજ્ઞાને અનુસરીને હું મારૂં કર્તવ્ય બજાવવાને તત્પર થઇ છું. જે જે આપને મારી ફરજ વિચારીને કહીશ તેનું આપ કૃપા કરીને મનન કરતા રહેશો.

ચરિત્ર૦—પ્રિયે ! તારાં અમૃત વચનનું હું આદરપૂર્વક પાન કરીશ અને તે વડે મારા ત્રિવિધ તપ્ત આત્માને શાન્ત કરીશ એ નિશ્ચે સમજજે.

સુમતિ—આપના આત્માને સર્વથા શાન્તિ સમાધિ મળો તેમજ અસમાધિનાં ખરાં કારણોનો ક્ષય થાઓ ! અને સમાધિનાં ખરાં સાધન પ્રાપ્ત થાઓ.

ચારિત્ર૦—મને ખાત્રી થઇ છે કે તારો સ્થાયી સમાગમજ સર્વ સમાધિનુ મૂળ કારણ છે. અને તેથી અસમાધિના

સકળ કારણોનો સ્વતઃ ક્ષય થઇ જશે.

સુમતિ--આટલા અલ્પ કાળમાં પણ આપના અપ્રતિમ પ્રેમની મને જે પ્રતીતિ થઇ છે તે મને આપના ભવિષ્યના સુખ સુધારાની સંપૂર્ણ આગાહી આપે છે. હવે હું આપને મારા સદ્વિચારો રોશન કરવાની રજા લહું છું. આશા છે કે આપની હૃદયભૂમિમાં રોપાયેલા એ સદ્વિચારો અતિ અદ્ભૂત ફલદાયક નીવડશે.

ચારિત્ર૦—મારામાં જેટલી પાત્રતા હશે તેટલા તો તે અવશ્ય ફળદાયી થશે, સાથે એવી પણ ખાત્રી છે કે તારી સતત સંગતિથી મારામાં પાત્રતા પણ વધતી જશે, તથા પાત્રતાના પ્રમાણમાં ફળની અધિકતા થતીજ જાશે.

સુમતિ--હું અંતઃકરણથી ઇચ્છું છું કે આપને સંપૂર્ણ પાત્રતા પ્રાપ્ત થાઓ, અને આપ સંપૂર્ણ સુખમય પરમપદના પૂર્ણ અધિકારી થાઓ!

ચારિત્ર૦--તારા મુખમાંજ અમૃત વસે છે. કેમકે તારી સાથેના આ વાર્તા વિનોદમાં મને એટલો તો સ્વાદ આવે છે કે તેની પાસે સ્વર્ગનાં સુખ પણ નહિં જેવાં છે. જેને તારો સંગ થયો નથી તેનું જીવ્યું હું ધુળ જેવું લેખું છું.

સુમતિ--મ્હારી શોકય બ્હેને જો આપને અનુભવ સુખડી ચખાડી નહોત તો આપને મારો સ્થાયી સમાગમ કરવાનો વિચારજ કયાંથી થાત? કેમ ખરૂંને? હું ધારૂં છું કે આપ તેના સ્વભાવિક ગુણોને સ્વપ્નમાં પણ ભૂલશો નહિ. સામી વસ્તુથી સંપૂર્ણ કંટાળ્યા વિના અમુકમાં પૂર્ણ પ્રીતિ બંધાતી નથી.

ચારિત્ર૦—કુમતિથી હું ખુબ કંટાળ્યો છું એ નિર્વિવાદ

છે, કુમતિના કુસંગવડેજ હું આવી અનુપમ સુખ સંગતિથી ચુકયો છું, તેથી તે વાત હું સ્વપ્નમાં પણ કેમ ભૂલી શકું! હશે હવે એક ક્ષણ પણ મને તારો વિછોહ ન પડો, એજ મને ઇષ્ટ છે. એવી મારી અંતરની ઇચ્છા ફળીભૂત થાઓ!

સુમતિ—સ્વામીજી! કુમતિના લાંબા વખતના પરિચયથી આપની ઉપર જે જે વિરૂદ્ધ સંસ્કાર બેસી ગયા હોય તે તે સર્વે નિર્મૂળ થાય તેવો અનુકુળ પ્રયત્ન આપને પ્રથમજ સેવવવાની ખાસ જરૂર છે. કુમતિના કુસંગથી ઉદ્ભવેલા માઠા સંસ્કારોને નિર્મૂળ કરવાના સતત પ્રયત્નમાં હું પણ સહાયભૂત થઇશ.

ચારિત્ર૦—કેવા ક્રમથી મારે ઉક્ત સંસ્કારોને ટાળવાનો ઉપાય કરવો જોઇયે?

સુમતિ--વક્ષ્યમાણ (કહેવાતા) ક્રમથી તેમનું ઉન્મૂલન કરવા યત્ન કરવો જોઇયે.

૧. ક્ષુદ્રતા–દોષદૃષ્ટિ તજીને અક્ષુદ્રતા–ઉદાર ગુણદૃષ્ટિ આદરવી જોઇયે.
૨. રસગૃદ્ધતા–વિષયલંપટતા તજીને હિત (પથ્ય) અને મિત (અલ્પ) આહારથી શરીરને સંતોષી આરોગ્ય અને શરીર સૌષ્ઠવ સાચવવું જોઇયે.
૩. ક્રોધાદિક કષાયના ત્યાગથી અને ક્ષમાદિકના સેવનથી સૌમ્યતાવડે ચંદ્રનીપેરે શીતળ સ્વભાવી થાવું જોઇયે? જેથી કોઇને સ્વ સંગતિથી અભાવો થવાનો કદાપિ પ્રસંગ આવે નહિ.
૪. સર્વ લોક વિરૂદ્ધ તજીને સ્વપર હિતકારી કાર્ય કરવાવડે લોકપ્રિય થવું જોઇયે.

૫. મનની કઠોરતા તજી કોમળતા આદરવી જોઇયે.

૬. લોક અપવાદથી તથા પાપથી બીવું જોઇયે. વડીલનું મન પણ ન દુભાવવું જોઇયે.

૭. સર્વ દંભ-માયાને મૂકીને નિર્દંભી-નિર્માયી-સરલ સ્વભાવી થવું જોઇયે.

૮. આપણી ઇચ્છા નહિ છતાં વડીલનું મન પ્રસન્ન રાખવાને દાક્ષિણતા કરવી જોઇયે.

૯. સ્વચ્છંદતા તજીને લજ્જા રાખવી જોઇયે. નિર્મર્યાદપણું તજીને લજ્જા, મર્યાદા, સેવવી જોઇયે.

૧૦. નિર્દયતા તજીને દયાર્દ્રતા આદરવી જોઇયે, સર્વ ઉપર અમીની નજરથી જોવું જોઇયે. દ્વેષ, મત્સર, ઇર્ષ્યાદિક તો દૂર કરવા જોઇયે.

૧૧. પક્ષપાત બુદ્ધિને તજીને નિષ્પક્ષપાતપણું આદરવું જોઇયે.

૧૨. સદ્‌ગુણી માત્ર ઉપર રાગ ધરવો જોઇયે. સદ્‌ગુણ રાગી થઇ રહેવું જોઇયે.

૧૩. પ્રાણાન્ત કષ્ટ આવ્યે છતે પણ અસત્ ભાષણ ન કરવું જોઇયે. સત્યની ખાતર પ્રાણ અર્પણ કરવા જોઇયે, એકાંત સત્યપ્રિય થવું જોઇયે.

૧૪. સ્વસંબંધી વર્ગ પણ ધર્મની તાલીમ લહી સબળ થાય તેમ કરવું જોઇયે. સ્વપક્ષ ધર્મસાધન વિમુખ ન રહે તેની યોગ્ય કાળજી રાખવી જોઇયે. અથવા આત્મસાધન સન્મુખ થયેલા સ્વસંબંધી વર્ગનીજ યોગ્ય સહાય લેવી જોઇયે.

૧૫. ટુંકી દૃષ્ટિ તજીને કરવામાં આવતા દરેક કાર્યનું કેવું પરિણામ આવશે તેનો પુખ્ત વિચાર કરી શકાય એવી દીર્ઘદૃષ્ટિ રાખવી જોઇયે. એકાએક વગર વિચાર્યું કંઈ પણ સાહસ ખેડવું નહિ જોઇયે.

૧૬. હું કોણ છું? મારી સ્થિતિ કેવી છે? મારી ફરજ શી છે? મારી કસૂર કેટલી છે? તે કસૂર સુધારવાનો ઉપાય કયો છે? તેમજ આસપાસના સંયોગો કેવા અનુકૂળ કે પ્રતિકૂળ છે? તેમાંથી મારે શી રીતે પસાર થઈ જવું જોઇયે? એ આદિ સંબંધી વિશેષ જાણપણું મેળવવું જોઇયે.

૧૭. એવો અનુભવ મેળવવાને શિષ્ટજનોનું સેવન કરવું જોઇયે.

૧૮. ગુણ વિશિષ્ટ એવા શિષ્ટજનોનો યથાયોગ્ય વિનય કરવો જોઇયે.

૧૯. ઉપકારીનો ઉપકાર કદાપિ ભૂલવો નહિ જોઇયે. લાગ આવે તો તેનો યોગ્ય બદલો વાળવા પણ ચૂકવું નહિ જોઇયે. એવી કૃતજ્ઞતા આદરી પરમ ઉપકારી–નિષ્કારણ બંધુભૂત ધર્મનો કદાપિ પણ અનાદર નજ કરવો જોઇયે, કિંતુ ધર્મની ખાતર સ્વ પ્રાણાપણ કરવું જોઇયે.

૨૦. બની શકે તેટલું પરહિત કરવા તત્પર રહેવું જોઇયે. પરનું હિત કરતાં આપણુંજ હિત થાય છે એવો દૃઢ નિશ્ચય કરી રાખવો જોઇયે.

૨૧. સર્વ ઉપયોગી બાબતમાં કુશળતા મેળવવી જોઇયે,

અને જરૂર જણાતાં કોઈ પણ બાબત અભ્યાસના બળથી અલ્પ પ્રયાસે સાધી શકાવી જોઇયે. એવી નિપુણતા કહો કે કાર્ય-દક્ષતા પ્રાપ્ત થઈ જવી જોઇયે. કુમતિના કુસંગથી પડેલા માઠા સંસ્કારોને હઠાવવા ઉક્ત ૨૧ ઉપાયો પૈકી સઘળા કે બની શકે તેટલા યોજવાને હું આપને નમ્રપણે વિનંતિ કરૂં છું.

ચારિત્ર૦—અહો સુમતિ! દુર્મતિને દૂર કરી દુષ્ટ સંસ્કારોને દળી નાખવા સમર્થ સદ્બોધ ધારા વર્ષાવવાથી તેં તો તારૂં સુમતિ નામ સાર્થક કર્યું છે.

સુમતિ—સ્વસ્વામી સેવામાં તન મન અને વચનનો અનન્ય ભાવે ઉપયોગ કરવો એજ ખરી પતિવ્રતાને ઉચિત છે. તેવી પવિત્ર ફરજો હું જેટલે અંશે અદા કરી શકું તેટલે અંશે હું પોતાને કૃતાર્થ માનું છું. પણ જે તેથી વિરૂદ્ધવર્તી સ્વસ્વામીને અવળો ઉપદેશ દઇને અવળે રસ્તેજ દોરી જાય છે, તેવી સ્વામીને સંતાપનારી કુમતિ સ્ત્રીને તો હું સ્વામીદ્રોહી કે આત્મદ્રોહી માનું છું.

ચારિત્ર૦—ખરેખર તારી જેવી સુશીળા અને કુમતિ જેવી કુશીળા કોઇકજ નારી હશે? અહો! જેઓ બાપડા સદાય કુમતિનાજ પાસમાં પડયા છે તેમને તો સ્વપ્નમાં પણ આવો સદુપદેશ સાંભળવાનો અવકાશ કયાંથી મળે? અરે! એતો બાપડા જીવતા પણ મુવા બરાબરજ તો!

સુમતિ—જ્યાં સુધી કુમતિનો પલ્લો પકડી રાખે છે ત્યાં સુધી સર્વ કોઇ એવીજ દુર્દશાને પ્રાપ્ત થાય છે. જયારે તેનો કુસંગ

તજે છે ત્યારેજ તે કંઇપણ તત્ત્વથી સુખ પામે છે. ત્યાં સુધી તો તે મૂર્છિતપ્રાયજ રહે છે.

ચારિત્ર૦—તું આવી શાણી અને સોભાગી છતાં કેવળ કુમતિની કુટીલતાથી કદર્થના પામતા પામર પ્રાણીયોનો કેમ ઉદ્ધાર કરતી નથી ? અહો એકાન્ત દુઃખમાંજ ડુબકી મારી રહેલા તેવા અનાથ જીવોનો ઉદ્ધાર કરતાં તને કેવો અપૂર્વ લાભ થાય ?

સુમતિ—આપની વાત સત્ય છે. પણ અન્ય તો નિમિત્ત માત્ર છે, પોતાનો પુરૂષાર્થજ ખરો કામ લાગે છે. સ્વપુરૂષાર્થજ ઇષ્ટ સિદ્ધિમાં પ્રબળ કારણરૂપ છે. તે વિના સ્વેષ્ટ સિદ્ધિ નથી. આવા સબબથીજ લોકમાં પણ કહેવત પ્રચલિત છે કે **'આપ સમાન બળ નહિં અને મેઘ સમાન જળ નહિં'** એમ સમજીને સર્વ કોઇયે કુમતિની કુટીલતાથી થતા અનેક ગેરફાયદાઓનો વિચાર કરીને તેનો કુસંગ તજવા ઉદ્યમ કરવો જોઇયે.

ચારિત્ર૦—એ કુમતિનો કુસંગ તજવાનો ઉદ્યમ કરવા તે બાપડાઓને શી રીતે અવકાશ મળે ? કેમકે તદનુકૂળ ઉદ્યમ કર્યા વિના કદાપિ તેના કુસંગનો અંત આવી શકતો નથી. માટે કેવો સંયોગ પામીને તે કુસંગ ટળે એ મને કહે.

સુમતિ—કુમતિના કુસંગથી વિવિધ વિડંબના યુક્ત જન્મમરણજન્ય અનંત દુઃખને સહી અકામ નિર્જરાવડે જીવને ક્વચિત્ સત્સમાગમ યોગે પૂર્વે મેં આપને જેવો ઉપાય ક્રમ બતાવ્યો છે તેવોજ ક્રમ પ્રાપ્ત થાય સમજ પૂર્વક તેનો સ્વીકાર થાય, ત્યારેજ જીવ કુમતિનો સંગ તજવાને શક્તિવાન્ બને, તે વિના કદાપિ તે તેનો સંગ તજી શકે નહિ,

ચારિત્ર૦—ત્યારે ઉપર બતાવેલો ઉપાય ક્રમ જાણવા માત્રથી કંઇ વળે નહિ શું ? સમજ પૂર્વક તેનો સ્વીકાર કરવાથી જ ઇષ્ટ કાર્યની સફળતા થાય શું ?

સુમતિ—ખરેખર ઉક્ત ક્રમનો સારી રીતે આદર કરવાથીજ ઇષ્ટ કાર્યની સિદ્ધિ થઇ શકે છે, પણ તેના જાણવા માત્રથી કંઇ ઇષ્ટ સિદ્ધિ થઇ શકતી નથી.

ચારિત્ર—શાસ્ત્રમાં જ્ઞાનનીજ મુખ્યતા કહી છે તેનું કેમ !

સુમતિ—તે વાત સત્ય છે પણ તેનો અન્તર હેતુ એ છે કે સ્વ કર્તવ્ય કાર્યને પ્રથમ સારી રીતે જાણી સમજીને સેવ્યું હોય તો તેથી શીઘ્ર શુભ ફળની પ્રાપ્તિ થઇ શકે છે. બિલકુલ સમજ્યા વિના કરેલી અંધકરણી તો ઉલટી અનર્થકારી થાય છે. માટે સમજીને સ્વ કર્તવ્ય કરવાથીજ સિદ્ધિ છે.

ચારિત્ર૦—અન્ય ધર્માવલંબી લોકો તો જ્ઞાન માત્રથી પણ સિદ્ધિ માને છે !

સુમતિ—તેઓની તેવી માન્યતા મિથ્યા છે, તરતાં આવડતું હોય પણ તરવાની અનુકૂલ ક્રિયા કર્યા વિના સામે તીરે જઇ શકાતું નથીજ તથા ભૂખ લાગ્યે છતે ભક્ષણ ક્રિયા કર્યા વિના શાન્તિ થતી નથી, તેમ ખરા ચારિત્રના અર્થીજનોને પણ શુદ્ધ ચારિત્રની અનુકૂલ ક્રિયા કરવાની ખાસ જરૂર છે. જેમ બે ચક્ર વિના ગાડી ચાલતી નથી તથા બે પાંખ વિના પક્ષી ઉડી શકતું નથી, તેમ સમ્યગ્ જ્ઞાન અને ક્રિયા વિના કાર્યસિદ્ધિ થઇ શકતી નથી. આથી આપને સમજાયું હશે કે સમ્યગ્ ક્રિયા (સદ્વર્તન) વિનાનું એકલું જ્ઞાન લૂલું-પાંગળું છે. અને સમ્યગ્ જ્ઞાન (વિવેક) વિનાની કેવળ ક્રિયા

પણ આંધળી છે, માટે મોક્ષાર્થીજનોએ તે બંનેની સાથેજ સહાય લેવી જોઇએ.

ચારિત્ર૦—હવે મને સમજાયું કે કેવળ લૂખી કથની માત્રથી કાર્ય સરવાનું નથી. જ્યારે કથની પ્રમાણે સરસ કરણી થશે ત્યારેજ કલ્યાણ થવાનું છે.

સુમતિ—આપની આવી સહેતુક શ્રદ્ધાથી હું બહુ ખુશી થાઉં છું, અને ઇચ્છું છું કે આપને બતાવેલો ઉપાયક્રમ હવે સફળતાને પામશે. પરંતુ કુમતિનો સંગ સર્વથા વારવાનો અને અક્ષય સુખના અવંધ્ય કારણભૂત સત્ય ચારિત્ર ધર્મની યોગ્યતા પામવાનો જે ઉપાય ક્રમ મેં આપને વાત્સલ્ય ભાવથી બતાવ્યો છે તેનો પૂર્ણ પ્રીતીથી આદર કરવામાં આપ લગાર પણ આળસ કરશો નહિં એવી મારી વિનંતિ છે.

ચારિત્ર૦—મારાજ સ્વાર્થની ખાતર કેવળ પરમાર્થ દાવે બતાવેલા સત્યમાર્ગથી હું હવે ચુકીશ નહિ, તું પણ તેમાં સહાયભૂત થયા કરશે તો તે માર્ગનું સેવન કરવું મને બહુ સુલટું પડશે.

સુમતિ—આપને સમયોચિત સહાય કરવી એ મારી પવિત્ર ફરજ છે, એમ હું અંતઃકરણથી લેખું છું, તેથી હું સમયોચિત સહાય કરતી રહીશ.

ચારિત્ર૦—જ્યારે તું મારે માટે આટલી બધી લાગણી ધરાવે છે ત્યારે હું હવેથી સન્માર્ગ સેવનમાં પ્રમાદ નહિ કરૂં, તારી સમયોચિત સહાય છતાં સન્માર્ગ સેવનમાં ઉપેક્ષા કરે તેના પૂરાં કમનસીબજ.

સુમતિ—આપને બતાવેલો સન્માર્ગ સેવનનો ક્રમ જેઓ

બેદરકારીથી આદરતાજ નથી તેઓ કદાપિ સત્ય ચારિત્રના અધિકારી થઇ શકતાજ નથી. પરંતુ તેનો યોગ્ય આદર કરનારા તો તેના અનુક્રમે અધિકારી થઇ શકે છેજ. માટે કદાપિ તેમાં બેદરકારી કરવીજ નહિ.

ચારિત્ર૦--ઉપરના સદ્ઉપાયને સેવ્યાબાદ આત્માને શું શું કરવું અવશિષ્ટ (બાકી) રહે છે? અને ઉક્ત ઉપાયથી આત્માને શો સાક્ષાત્ લાભ થાય છે?

સુમતિ--ઉક્ત ઉપાયના યથાર્થ સેવન કર્યા બાદ પણ આત્માને કરવાનું બહુજ બાકી રહે છે. આથી તો હૃદય-ભૂમિકાની શુદ્ધિ થાય છે. હૃદય ચોખ્ખું-સ્વચ્છ થયા બાદ તેમાં ચારિત્ર ગુણના આધારભૂત સદ્‌વિવેક પ્રગટે છે. આ સદ્‌વિવેકનું બીજું નામ સમકિત યા તત્ત્વશ્રદ્ધા છે. હૃદય-ભૂમિ શુદ્ધ થયા બાદજ તેમાં ચારિત્ર-મહેલનો સદ્‌વિવેક યા સમકિત રૂપી પાયો નંખાય છે. તેના વિના ચારિત્રમહેલ ટકી શકતોજ નથી.

ચારિત્ર૦--ઉક્ત રીતે હૃદય શુદ્ધિ કર્યાબાદ જ સદ્વિવેક યા સમકિત પામવું ઈષ્ટ છે, તેનું સ્વરૂપ અને લક્ષણ જાણવાની મને અભિલાષા થઇ છે, તેથી પ્રથમ સંક્ષેપ માત્ર તેનુ સ્વરૂપ અને લક્ષણ કથન કરો.

સુમતિ--'**સદસદ્વિવેચનંવિવેકઃ**' તત્ત્વાતત્ત્વની જેવડે યથાર્થ સમજ પડે, ગુણ, દોષ, હિતાહિત, કૃત્યાકૃત્ય, ભક્ષ્યાભક્ષ્ય, અને પેયાપેય વિગેરેની જેથી યથાર્થ ઓળખાણ થાય, દેવ, ગુરૂ અને ધર્મ સંબંધી જેથી સંપૂર્ણ નિશ્ચય થાય, તેવો નિર્ણય-નિર્ધાર કર્યાબાદ ખોટી બાબતમાં કદાપિ મુંઝાવાય નહિ અને સત્ય વસ્તુની ખાતર પ્રાણ અર્પણ કરવા પણ તૈયાર થવાય;

આ ઉપરાંત ઉપશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિકતા એ પાંચ, સમકિતનાં ખાસ લક્ષણ છે એ લક્ષણથી સમકિતની ખાત્રી થઈ શકે છે. જ્યાં સુધી ઉપશમાદિક લક્ષણ અંતરમાં પ્રગટ થયેલાં દેખાય નહિ. ત્યાં સુધી સદ્ વિવેક યા સમકિત પ્રગટ થયાની ખાત્રી થઇ શકતી નથી. તેથી પૂર્વના ક્રમથી હૃદય શુદ્ધિ કર્યાબાદ સદ્ વિવેક યા સમકિત રત્નના અર્થી જનોએ ઉક્ત ઉપશમાદિ ગુણનો અભ્યાસ કરવાની આવશ્યકતા છે. કેમકે કારણથી કાર્ય સિદ્ધિ થાયજ છે, એવો અચળ સિદ્ધાંત છે.

ચારિત્ર૦—સંક્ષેપથી નામ માત્ર કહેલાં ઉપશમાદિક લક્ષણોનું કંઈક સ્વરૂપ સમજવાની મારી ઈચ્છા છે તે હું ધારૂં છું કે તમે સફળ કરશો.

ચારિત્રરાજનો સ્વહિત પ્રત્યે વિશેષ આદર થયેલો જાણી સુમતિ તેનું સમાધાન કરે છે.

સુમતિ—આપની આવી અપૂર્વ જિજ્ઞાસા થયેલી જાણીને હું વિશેષે ખુશી થઈ છું. અને ઉક્ત પાંચે લક્ષણોનું અનુક્રમે સ્વરૂપ કહું છું તે આપ લક્ષમાં રાખવા કૃપા કરશો. કેમકે એ પાંચે લક્ષણથી લક્ષિત થયેલું સમકિત રત્નજ સકળ ગુણોમાં સારભૂત એટલે આધારભૂત છે.

ચારિત્ર૦—હું સાવધાનપણે સમકિતનાં પાંચે લક્ષણનું સ્વરૂપ સાંભળવાને સન્મુખ થયેલો છું. તેથી હવે તમે તેનું નિરૂપણ કરો.

સુમતિ—ઉક્ત પાંચે લક્ષણમાં પ્રધાનભૂત ઉપશમનું સ્વરૂપ આ પ્રમાણે છે. અપરાધીનું પણ અહિત કરવા મનથી પણ પ્રવૃત્તિ થાય નહિં, એવી રીતે ક્રોધાદિ કષાયોને શમાવી દીધા હોય;

સાધ્ય દૃષ્ટિથી સામાનું અંતરથી અહિત નહિં કરવાની બુદ્ધિથી તેને યોગ્ય શિક્ષા પણ કરાય, કિંતુ કિલષ્ટ ભાવથી તો મન, વચન કે કાયાની પ્રવૃત્તિ તેનું અહિત કરવા માટે થાયજ નહિં તે શમ અથવા ઉપશમ કહેવાય છે.

યતઃ-અપરાધીશું પણ નવી ચિત્ત થકી, ચિંતવિયે પ્રતિકૂલ સુગુણનર.

ચારિત્ર૦—ખરેખર ઉપશમનું આવું અદ્‌ભુત સ્વરૂપ મનન કરવા જેવુંજ છે. તેમાં કેવી અદ્‌ભૂત ક્ષમા રહેલી છે. હવે બીજા સંવેગનું સ્વરૂપ કહો.

સુમતિ—સંસાર સંબંધી ક્ષણિક સુખને દુઃખ રૂપજ લેખાય અને તેવા કલ્પિત સુખમાં મગ્ન નહિ થાતાં કેવળ મોક્ષ સુખનીજ ચાહના બની રહે. યથાશક્તિ અનુકુળ સાધનવડે સ્વભાવિક સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરાય અને પ્રતિકૂળ કારણોથી ડરતાં રહેવાય તેનું નામ સંવેગ છે.

યતઃ—"સુરનર સુખ જે દુઃખ કરી લેખવે, વંછે શિવસુખ એક સુગુણનર."

ચારિત્ર૦—અહો સંવેગનું સ્વરૂપ પણ અત્યંત હૃદયહારક છે તે અક્ષયસુખમાં અથવા અક્ષયસુખના સાધનમાં કેવી રતિ કરવા અને ક્ષણિક સુખમાં કે ક્ષણિક સુખના સાધનમાં કેવી ઉદાસીનતા કરવા બોધે છે. અહો ! સત્ય માર્ગ દર્શકની બલિહારી છે ! હવે ત્રીજા નિર્વેદનું કંઇક સ્વરૂપ કહો ?

સુમતિ—જેમ કોઇને કેદમાંથી કયારે છૂટું અથવા નરક સ્થાનમાંથી કયારે નીસરૂં એવી સ્વભાવિક ઇચ્છા પ્રવર્તે, તેમ આ જન્મમરણનાં પ્રત્યક્ષ દુઃખથી કંટાળી તેથી સર્વથા મુક્ત થવાની

બુદ્ધિથી પવિત્ર ધર્મ-કરણી કરવા સ્વાભાવિક રીતે પ્રેરાય તે નિ-ર્વેદ નામે ત્રીજું લક્ષણ છે.

"યતઃ—નારક ચારક સમ ભવ ઉભગ્યો, તારક જાણીને ધર્મ સુગુણનર.
ચાહે નીકલવું નિર્વેદ તે, ત્રીજું લક્ષણ મર્મ સુગુણનર"

ચારિત્ર—અહા ! આ નિર્વેદનું લક્ષણ વિષય લંપટ અને કઠોર મનવાળાને પણ વૈરાગ્ય પેદા કરવાને સમર્થ છે. તેથી ચિર પરિચિત એવા વિષય ભોગ ઉપર તેનું અંતર સ્વરૂપ વિચારતાં સ્વાભાવિક રીતે તિરસ્કાર છુટે છે. પરમ ઉદાસીન વિના એવું સ્વરૂપ કોણ પ્રતિપાદન કરી શકે વારૂ ? હવે અનુકંપાનું કંઈક સ્વરૂપ બતાવો.

સુમતિ—દુઃખીનું દુઃખ દીલમાં ધરીને તેનું વારણ કરવા યથાશક્તિ ઉદ્યમ કરવો, ધર્મહીન યા પતિત જીવોને યથાયોગ્ય સહાય આપીને ધર્મમાં જોડવા, તેમની લગારે ઉપેક્ષા નહિ કરતાં જેમ ધર્મની ઉન્નતિ થાય તેમ સ્વ શકિત અનુસારે પ્રયત્ન કરવો, તે અનુકંપા કહેવાય છે.

યતઃ—" દ્રવ્ય થકી દુઃખિયાની જે દયા, ધર્મહીણાનીરે ભાવ, સુગુણ નર; ચોથું લક્ષણ અનુકંપા કહી, નિજ શક્તે મન લાવ સુગુણ નર; શ્રીજિન ભાષિત વચન વિચારીયો॥૪॥

ચારિત્ર૦—અહો ? આ લક્ષણતો જગત્ માત્રનો ઉદ્ધાર કરવા સમર્થ છે તેમાં દર્શાવેલી દયાળુતા કેવી ઉત્તમ છે ? એવી ઉત્તમ અને નિપુણ દયાથીજ જીવનું કલ્યાણ થઇ શકે છે. કેવળ દયા દયા પોકારવાથી કદાપિ કંઇ પણ વળવાનું નથી. અહો આ દુનિયામાં ધર્મનું બાનું કાઢીને પોતાનો તુચ્છ સ્વાર્થ સાધવાને

સેંકરો જીવોનો જાન લેવાવાળા કેટલા બધા દીસે છે. તે બધા હવે તો મને ધર્મ-ઢગજ માલમ પડે છે. અહો દીનઅનાથ એવા તે બાપડાઓના પરલોકમાં શા હાલ થશે? ઉપરનું અનુકંપાનું લક્ષણ તો મને અભિનવ અમૃત જેવું, નવું જીવન આપનારૂં લાગે છે. હવે અવશિષ્ટ રહેલું આસ્તિકય કેવા પ્રકારનું જોઇયે તે કંઈક સમજાવો,

સુમતિ—રાગ, દ્વેષ, અને મોહાદિક દોષ સમૂહથી સર્વથા મુકત અને અનંત શકિત સંપન્ન સર્વજ્ઞ સર્વદર્શી શ્રી જિનેશ્વર પ્રભુ પ્રણીત જીવ અજીવાદિક તત્વોનું સ્વરૂપ સમજીને તેનું યથાર્થ શ્રદ્ધાન કરવું. ગમે તેવી કુ-યુકિત કોઈ કરે તો પણ શુદ્ધ તત્ત્વ માર્ગથી કદાપિ ડગવું નહિ. આવા તત્ત્વાગ્રહ અથવા તત્ત્વ શ્રદ્ધાનથી કુમતિનો સર્વથા ક્ષય થઈ જાય છે.

યતઃ-"જે જિન ભાખ્યું તે નહિ અન્યથા, એવો જે દૃઢ રંગ; સુગુણનર;
તે આસ્તિકતા લક્ષણ પાંચમું, કરે કુમતિનો એ ભંગ સુગુણ૦ "

ચારિત્ર૦—અહા! પ્રાણપ્રિયે! સુમતિ! આ લક્ષણ તો આડો આંકજ છે. આવા પરમાત્માના વચનમાંજ પ્રતીતિ રાખવી; તે વિનાના કપોળ કલ્પિત વચનોનો વિશ્વાસ ન જ કરવો એ ખરા પરીક્ષકનું કામ છે કેમ?

સુમતિ—મોટા મોટા ગણાતા પણ અંધ શ્રદ્ધાળું ખરી તત્ત્વ પરીક્ષામાં પાસ થઇ શકતા નથી. તેમને મિથ્યાત્વનું મોટું આવરણ આડું આવતું હોવું જોઈયે, નહિં તો ડાહી ડમરી વાતો કરી જગતને રંજન કરનારા છતાં તેઓ શુદ્ધ તત્ત્વ પરીક્ષામાં કેમ

પસાર ન થઈ શકે! એજ તેમની અંધ શ્રદ્ધાની પ્રબળ નિશાની છે કે સાક્ષાત્ સાચી વસ્તુ તજીને ખોટીનેજ ઝીલે છે. શુદ્ધ દેવગુરૂ અને ધર્મ સંબંધી પરીક્ષામાં પણ અંધ શ્રદ્ધાળુ મોટા ભૂલાવામાં પડે છે. તેથીજ તે રાગદ્વેષ અને મોહાદિ દોષ યુક્તને દેવ તરીકે સ્વીકારે છે. લોભી, લાલચી, અને અસંબંદ્ધભાષીને ગુરૂતરીકે સ્વીકારે છે, અને ઉક્ત નાયકોના કથેલા માર્ગને ધર્મ તરીકે સ્વીકારે છે. દેવગુરૂ અને ધર્મ જેવા શ્રેષ્ટ તત્વમાં આવી ગંભીર ભૂલને કરનારા કેવળ અંધ શ્રદ્ધાળુજ કહેવાય માટે તેમનું ખરૂં સ્વરૂપ જાણવું જરૂરનું છે.

ચારિત્ર૦--તો મારા હિતની ખાતર શુદ્ધ દેવ ગુરૂ અને ધર્મનું કંઇક સ્વરૂપ સમજાવશો તો મને અને મારા જેવા બીજા જીજ્ઞાસુને પણ કંઇક લાભ થાશે.

સુમતિ--પ્રથમ હું શુદ્ધ દેવનું સંક્ષેપથી સ્વરૂપ કહું છું તે આપ લક્ષમાં રાખશો. જેનાં નેત્ર યુગળ શાન્તરસમાં નિમગ્ન હોય, વદન (મુખઃરવીંદ) સુપ્રસન્ન હોય, ઉત્સંગ (ખોળો) કામિનીના સંગથી શૂન્ય હોય, તેમજ હસ્તયૂગળ પણ શસ્ત્રવર્જિત હોય તોજ તેને તેવી પ્રમાણ મુદ્રાથી દેવાધિદેવ માની શકાય. તાત્પર્યકે જેનામાં રાગ, દ્વેષ, અને મોહ સર્વથા વિલય પામ્યા છે તેથી ઉકત દોષોની કંઇપણ નિશાની દેખાતી નથી એવા આપ્ત-મહાપુરૂષનેજ દેવાધિદેવ તરીકે માની શકાય. આ શિવાય ઉકત મહાદેવને ઓળખવાના અનેક સાધન શાસ્ત્રમાં કહ્યાં છે. વિશેષ રૂચિ જીવે તે સર્વનો ત્યાંથી નિર્ધાર કરી લેવો.

ચારિત્ર૦--અહો ! આવું અદ્‌ભૂત દેવનું સ્વરૂપ કોઇકજ વિરલા જાણતાહશે, અને કદાચ કોઇ જાણતા હશે તોપણ કુલા-

ચાર કહો કે કદાગ્રહને તજીને કોઈકજ તેનો યથાર્થ આદર કરતા હશે. બહોળો ભાગ તો ગતાનુગતિક હોવાથી સ્વકુલાચારનેજ વળગી રહેવામાં સાર માને છે. એવા બાપડા અજ્ઞાન લોકો શુદ્ધ દેવને કયારે ઓળખી શકશે ? તેમને તે ઓળખાવે પણ કોણ ? ખરેખર તે બાપડા હતભાગ્ય છે. તેથીજ તેઓ એવી કરૂણાજનક સ્થિતિમાં પડયા રહે છે. હવે શુદ્ધ ગુરૂનું સ્વરૂપ કહો.

સુમતિ—જે અહિંસાદિક પાંચ મહાવ્રતોને ધારણ કરી રાત્રીભોજન સર્વથા તજે છે, નિઃસ્પૃહપણે અન્ય યોગ્ય અધિકારી જનોને ધર્મોપદેશ દે છે, રાયને અને રંકને સમાન લેખે છે, નારીને નાગણી તુલ્ય લેખી દૂર તજે છે, સુવર્ણ અને પથ્થરને સમાન લેખે છે, નિંદા–સ્તુતિ સાંભળીને મનમાં હર્ષ–શોક લાવતા નથી, ચંદ્રની જેવા શીતળ સ્વભાવી છે, સાયરની જેવા ગંભીર છે, મેરૂની જેવા નિશ્ચળ છે, ભારંડની જેવા પ્રમાદ રહિત છે, અને કમળની જેવા નિર્લેપ છે; જેથી રાગ દ્વેષ અને મોહાદિક અંતરંગ શત્રુઓને જીતવાને પૂર્વોક્ત મહાદેવના વચનાનુસારે પુરૂષાર્થ ફોરવ્યા કરે છે. એવા પ્રવહણની જેમ સ્વપરને તારવા સમર્થ સદ્‌ગુરૂ હોય છે, એવા શુદ્ધ ગુરૂમહારાજનું મોક્ષાર્થી જનોએ અવશ્ય શરણ લેવું યોગ્ય છે.

ચારિત્ર૦—અહો પ્રાણવલ્લભા ! સુમતિ ! સદ્‌ગુરૂનું આવું યથાર્થ સ્વરૂપ સાંભળીને લાંબા વખતનો લાગુ પડેલો મારો મદ–જ્વર શાન્ત થઈ ગયો છે. હવે મારાં પડળ ખુલ્યાં. શુદ્ધ ચારિત્રપાત્ર સદ્‌ગુરૂ આવાજ હોય તે યથાર્થ જાણવાથી મારો આગલો ભ્રમ ભાગી ગયો છે, અને હું હવે ખુલ્લેખુલ્લું કહી દઉં છું

કે હું તો માત્ર નામનોજ ચારિત્રરાજ છું. અહો સુમતિ! જો મને તારો સમાગમ થયો ન હોત તો આ અનાદિ માયાનો પડદો શી રીતે દૂર થઇ શકત અને તે પડદો દૂર થયા વિના મારા શા હાલ થાત? હું દંભવૃત્તિથી મુગ્ધ જનોને ઠગીને કેવો દુઃખી થાત? અરે માયાવી એવા મારા મિથ્યાલંબનથી કેટલો બધો અનર્થ થાત? હું કહું છું કે તારૂં કલ્યાણ થજો! તું કલ્પ કોટી કાળ સુધી જીવતી રહેજો! અને તારા સત્સમાગમથી ક્રોડો જીવોનું કલ્યાણ થાજો! હવે અનુકૂળતાએ મને શુદ્ધ ધર્મનુ સ્વરૂપ સમજાવવા શ્રમ લેજો.

સુમતિ–તમારી પ્રબળ તત્ત્વ–જિજ્ઞાસાથી હું અત્યંત ખુશી થઇ છું. અને આપની ઇચ્છા અનુસારે શુદ્ધ ધર્મ તત્ત્વનુ સ્વરૂપ સમજાવવાને યથામતિ ઉદ્યમ કરીશ. મને આશા છે કે તે સર્વ સાવધાનપણે સાંભળી તેમાંથી સાર ખેંચી, તેનો યથાશક્તિ આદર કરીને આપ મારો શ્રમ સફળ કરશો.

ચારિત્ર૦—હું તે સર્વ સાવધાનતાથી સાંભળી તેનો સાર લઇ યથાશક્તિ આદર કરવા ચૂકીશ નહિં. તેથી હવે નિઃસંશયપણે ધર્મ તત્ત્વનું સ્વરૂપ સમજાવવાને સન્મુખ થાઓ!

સુમતિ—" **અહિંસા પરમો ધર્મઃ** " એ સર્વ સામાન્ય વચન છે. એ વચન જેટલું વ્યાપક છે, તેટલુંજ ગંભીર છે. સર્વ સામાન્ય લોકો તેનું યથાર્થ સ્વરૂપ સમજી શકતા નથી. તેથીજ તેઓ તેમાં કવચિત્ ભારે સ્ખલના પામે છે. અથવા તેનો યથાર્થ લાભ લહી શકતા નથી. '**નહિંસા–અહિંસા.**' અર્થાત્ દયા એટલે કોઇને દુઃખ નહિં દેવું એટલોજ તેનો સામાન્ય અર્થ કેટલાક કરે છે. પરંતુ તે કરતાં ઘણીજ વધારે અ-

ર્થ-ગંભીરતા તેમાં રહેલી છે તે નીચેની વાતથી આપને રોશન થશે-" **પ્રમત્ત યોગાત્ પ્રાણુ વ્યપરોપણું હિંસા.**" અર્થાત્ કોઇ પણ પ્રકારના પ્રમાદવાળા મન, વચન, કે કાયાના વ્યાપારથી કોઇ પણ વખતે કોઇ પણ સંયોગમાં આપણા કે પારકા કોઇના પ્રાણનો નાશ કરવો તે હિંસાનો અર્થ છે. તેવી હિંસાથી દૂર રહેવું-દૂર રહેવા અનુકુળ પ્રયત્ન સેવવો તેનું નામ **અહિંસા** છે. એવી નિપુણ અહિંસા, '**સંયમ**' વડે સાધી શકાય છે. અને એવો **સંયમ**, સર્વજ્ઞદર્શિત ઇચ્છા નિરોધરૂપી તપથીજ સાધ્ય થાય છે, માટેજ સિદ્ધાન્તકારે સૂત્રમાં ધર્મનું આવું સ્વરૂપ બતાવ્યું છે કે

ધમ્મો મંગલ મુક્કિઠ્ઠં, અહિંસા સંજમો તવો;
દેવા વિ તં નમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો

(દશવૈકાલિક)

તેનો પરમાર્થ એવો છે કે અહિંસા સંજમ અને તપ છે લક્ષણ જેનું એવો ધર્મ ઉત્કૃષ્ટ મંગલરૂપ છે. જેનું મન મહા મંગલમય ધર્મમાં સદા વર્ત્યા કરે છે. તેને દેવ દાનવો પણ નમસ્કાર કરે છે, " દુર્ગતિમાં પડતાં પ્રાણીને ઝીલી લઇને સદ્ગતિમાં સ્થાપન કરે તેજ ખરો ધર્મ છે." અહિંસા, સંજમ અને તપ, એ તેનું અસાધારણ લક્ષણ છે. તેથીજ અહિંસાદિકનું સવિશેષ સ્વરૂપ સમજવાની ખાસ જરૂર છે.

ચારિત્ર૦—પરમ પવિત્ર ધર્મના અંગભૂત ઉક્ત અહિંસાદિકનું સહજ વિશેષ સ્વરૂપ જાણવાની મને પણ અભિલાષા થઇ છે, તેથી હવે તે સમજાવો.

સુમતિ—પ્રથમ હું આપને '**અહિંસા**' નું કંઇક સ-

વિશેષ સ્વરૂપ સમજાવું છું. મે આપને પહેલાં પણ જણાવ્યું છે કે ‘પ્રમત્ત યોગાત્ પ્રાણ વ્યપરોપણં હિંસા’ તેથી તેમાં કહેલા પ્રમત્તયોગ શી રીતે થાય તે પણ જાણવું જોઇયે. ‘મદ્ય’ (Intoxication) વિષય (sensual desires) કષાય (Wrath arrogance ets) નિદ્રા (Idleness) અને વિકથા (false gossips) વડે ‘રાગ દ્વેષ યુક્ત કલુષિત મન વચન અને કાયાનું પ્રવર્તન થાય તે પ્રમત યોગ કહેવાય એવા પ્રમત યોગથી આત્મા પોતાના કર્તવ્યથી ભ્રષ્ટ થાય છે. તેથી તે શાસ્ત્ર સંબંધી વિહિત માર્ગનો લોપ કરે છે. શાસ્ત્રનો વિહિત માર્ગ મૂળ રૂપમાં આવો છે કે—

માતૃવત્ પરદારેષુ પરદ્રવ્યેષુ લોષ્ટવત્;
આત્મવત્ સર્વ ભૂતેષુ, યઃ પશ્યતિ સ પશ્યતિ.

પરસ્રીને પોતાની માતા તુલ્ય લેખવે, પરદ્રવ્યને ધુળના ઢેફાં જેવું લેખવે અને સર્વ પ્રાણી વર્ગને આત્મ સમાન લેખવે તેજ ખરો જ્ઞાની વિવેકી કે શાસ્ત્ર શ્રદ્ધાળુ છે, પ્રમતયોગથી કોઇ પણ પ્રાણી આવા પવિત્ર માર્ગથી પતિત થાય છે, અને સ્વપરને ભારે નુકશાન કરે છે, તેનું ખરૂં નામ હિંસા છે, એવી હિંસાથી પાપની પરંપરા વધતી જાય છે અને તેથી સંસાર સંતતિ વધે છે. આથી પોતાને તથા પરને અધોગતિનું વારંવાર કારણ બને છે. એવી દુઃખદાયક હિંસાથી દૂર રહેવું અને પૂર્વોક્ત પ્રમત્ત યોગને તજીને અપ્રમત્તપણે શાસ્ત્રવિહિત માર્ગેજ ચાલીને સ્વપરનું એકાંત હિત થાય એવી અનુકૂલ પ્રવૃત્તિજ સેવવી તે અહિંસા કહેવાય છે. આવી સાચી અહિંસાજ સર્વ ભયહરી અભયકરી અને કલ્યાણકારી કહી શકાય.

ચારિત્ર૦—ખરેખર ઉક્ત સ્વરૂપવાળી અહિંસાજ સર્વ દુઃખ હરનારી હોવાથી પરમ સુખદાયી અને સર્વ કલ્યાણને કરનારી હોવાથી ઉત્કૃષ્ટ મંગળરૂપ છે. આવી અઘહર અહિંસાજ જગત માત્રને સેવન કરવા યોગ્ય છે. હવે ઉક્ત અહિંસાને ઉપષ્ટંભકારી સંયમનું કંઇક સ્વરૂપ સમજાવશો.

સુમતિ—"**સંયમનં સંયમઃ**" સ્વચ્છંદપણે ચાલતા આત્માનો નિગ્રહ કરવો, તેને ખોટા માર્ગથી નિવર્તાવી સાચા માર્ગમાં જોડવો તે સંયમ કહેવાય છે. હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ તથા મૂર્છા (પરિગ્રહ) નો સર્વથા કે દેશથી (જેટલે અંશે બને તેટલે અંશે) ત્યાગ કરી અહિંસાદિ ૫ મહાવ્રતોનો અને તથા પ્રકારની શકિત ન હોય તો ૫ અણુવ્રતોનો સ્વીકાર કરી તેમનો યથાર્થ આદર-નિર્વાહ કરવો, સ્વેચ્છા મુજબ વર્તતી સ્પર્શનેંદ્રિય વિગેરે પાંચે ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, ક્રોધાદિક કષાય ચતુષ્કનો જય કરવો અને મન, વચન, કાયારૂપ યોગત્રયની પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરીને તેમની ગોપના-ગુપ્તિ કરવી. એ પ્રમાણે સંયમના ૧૭ ભેદ કહ્યા છે. એ સર્વનો અંતર આશય અહિંસાની પુષ્ટિ કરવાનો હોય છે તેથી સત્યાદિક સર્વે મહાવ્રતો, ઇંદ્રિય નિગ્રહ, કષાય જય, વિગેરે તે અહિંસાનાજ સહાયક યા ઉપસહાયક કહેવા યોગ્ય છે.

ચારિત્ર૦—ઉકત સંયમના અધિકારી કોણ કોણ છે? તે કંઇક સમજાવો.

સુમતિ—હિંસાદિક અવ્રતોનો સર્વથા ત્યાગ કરીને અહિંસાદિક મહાવ્રતોનો સર્વથા સ્વીકાર કરવારૂપ સર્વ સંયમના અધિકારી સાધુ મુનિરાજ છે. અને અંશ માત્ર ઉક્ત વ્રતોનું

સેવન કરવાથી દેશ સંયમના અધિકારી તો શ્રમણોપાસક-શ્રાવક હોય છે.

ચારિત્ર૦—સર્વ (સર્વાંશે) સંયમ લેવાનો શો ક્રમ છે? સર્વ સંયમ ગ્રહણ કર્યા બાદ કદાચ કર્મવશાત્ તે બરાબર પળી ન શકે તો તેનો શો ઉપાય છે તે બતાવો!

સુમતિ—પૂર્વે બતાવેલા અક્ષુદ્રતાદિક ગુણના અભ્યાસવડે હૃદયની શુદ્ધિ કરી, સદ્દગુરૂ યોગે સદ્વિવેક યા સમકિત પામવાથી ચતુર્થ ગુણ સ્થાનક પ્રાપ્ત થાય છે. ત્યાર બાદ શંકા કં-ખાદિક દૂષણ ટાળીને, શુદ્ધ દેવ ગુરૂ સંઘ સાધર્મી વિગેરે પૂજ્ય વર્ગની યથોચિત ભકિતરૂપ ભૂષણ ધારીને, પૂર્વોકત શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, અને આસ્તિકયરૂપ લક્ષણ લક્ષિત સમકિત રત્નને મન, વચન, તથા કાયાની શુદ્ધિથી અજવાળી શુદ્ધ કરીને સદ્ અભ્યાસના બળથી દેશ-સંયમી શ્રાવકની સીમાયે (હદે) પહોંચી શકાય છે. તે દેશ-વિરતિ ગુણ સ્થાનક પાંચમું ગણાય છે. તેમાં પાંચ અણુવ્રત ૩ ગુણવ્રત અને ૪ શિક્ષાવ્રતનો સમાવેશ થઈ જાય છે. દૃઢ વૈરાગી શ્રાવક સદ્દગુરૂ યોગે શ્રાવકની ૧૧ પડિમા (પ્રતિમા) વહેછે. પરંતુ પૂર્વોક્ત વ્રતને ધારણ કર્યા પહેલાં તેમાંના દરેકનો અભ્યાસ કરી જોવે છે, જેથી તેનું પાલન કરવું કંઇક વધારે સુતર પડે છે. શ્રાવક યોગ્ય વ્રત અને પડિમાના શુભ અભ્યાસથી અનુક્રમે 'સર્વ સંયમનો' અધિકાર પ્રાપ્ત થાય છે. પાંચ મહાવ્રતાદિકનો એમાં સમાવેશ થાય છે: એ ગુણ સ્થાનક છઠ્ઠું 'પ્રમત્ત' નામે ઓળખાય છે. લીધેલાં મહાવ્રત વિગેરે જો સાવધાનપણે સાચવી તેમની શુદ્ધિ અને પુષ્ટિ કરવામાં આવે છે તો પરિણામની વિશુદ્ધિથી અપ્રમત્ત નામે

સાતમું ગુણ સ્થાનક પ્રાપ્ત થઇ શકે છે પણ જો ઉક્ત મહાવ્રતાદિકની ઉપેક્ષા કરી સ્વચ્છંદ વર્તન કરવામાં આવે છે તો પરિણામની મલીનતાથી પતિત અવસ્થાને પામી છેવટ મિથ્યાત્વ નામના પ્રથમ ગુણ સ્થાનકે જવું પડે છે, તેથીજ દીર્ઘદૃષ્ટિ થઇને જેનો સુખેથી નિર્વાહ થાય તેવાં વ્રત ગ્રહણ કરવામાં આવે તો તેથી પતિત થવાનો પ્રાયઃ પ્રસંગ આવે નહિ. "સ્વ સ્વ શક્તિ મુજબ બની શકે તેટલી ધર્મ કરણી કપટ રહિતજ કરવાની જિનેશ્વર ભગવાનની આજ્ઞા છે." એવી અખંડ આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી હાનીજ થાય છે. તેથી ઉક્ત આજ્ઞાનું આરાધન કરવામાંજ સર્વ હિત સમાયેલું છે. કદાચિત્ સરલ ભાવથી સર્વ સંયમ આદર્યા બાદ તેનો યથાયોગ્ય નિર્વાહ કરવાની તાકાત જણાય નહિ તો શુદ્ધ બુદ્ધિથી સદ્ગુરૂ સમીપે ખરી હકીકત જાહેર કરીને ગુરૂ મહારાજ પરમાર્થ દૃષ્ટિથી જે હિતકારી માર્ગ બતાવે તેનું નિર્દંભપણે સેવન કરવામાંજ ખરૂં હિત રહેલું છે. દંભ યુક્ત સર્વ સંયમ કરતાં દંભ રહિત દેશ સંયમ (અણુવ્રતાદિક) નું પાલન કરવું વધારે હિતકારી છે. તેથી ગુરૂ મહારાજ તેમ કરવા કે બીજી ઉચિત નીતિ આદરવા કહે તે આત્માર્થી જનને અવશ્ય અંગીકાર કરવા યોગ્ય છે. કેમકે સદ્ગુરૂ મહારાજ આપણું એકાંત હિત ઇચ્છનારાજ હોય છે.

ચારિત્ર૦—ઉક્ત **સંયમનું** સ્વરૂપ અને તત્સંબંધી કરેલો ખુલાસો મને તો અત્યંત હિતકારી થવા સંભવ રહે છે. અહો આવા સમ્યગ્ જ્ઞાન વિનાનું તો કેવળ અંધારૂંજ છે. અહો પ્રાણપ્રિયે ! તારી નિઃસ્વાર્થ વાત્સલ્યતાનાં શાં વખાણ કરૂં ? અહો તારી અનહદ કરૂણા ? તેનો બદલો હું શી રીતે વાળી શકીશ ?

સુમતિ—આપના પ્રતિની મારી પવિત્ર ફરજ અદા કરતાં હું કંઈ અધિક કરતી નથી. ગુણ ગ્રાહક બુદ્ધિથીજ આપને એમ ભાસતું હશે. ગમે તેમ હોય પણ આ સર્વ શ્રેયઃ સૂચકજ છે.

ચારિત્ર૦—પ્રાણ પ્રિયે! ખરૂં કહું છું કે અંતરમાં તત્ત્વ પ્રકાશ થવાથી અને અંધ શ્રદ્ધા નષ્ટ થવાથી જાણે હું કંઈક અપૂર્વ જીવનજ પામ્યો હોઉં એમ મને તો જણાય છે. હવે મને શુદ્ધ સંયમ સેવન કરવાની પૂર્ણ અભિલાષા વર્તે છે. એવી મારી ઉચ્ચ અભિલાષા સફળ થાય માટે સર્વજ્ઞ પ્રભુની કૃપા સાથે તારી સતત સહાય માગું છું.

સુમતિ—મારાથી બની શકે તે સર્વ સહાય સમર્પવા હું સેવામાં સદા તત્પર છું અને ખરા જીગરથી ઇચ્છું છું કે આપની આવી ઉચ્ચ અભિલાષા શીઘ્ર ફલીભૂત થાઓ!

ચારિત્ર૦—પ્રિયે? તારી સત્સંગતિથી હું :દિનપ્રતિદિન અપૂર્વ આનંદ અનુભવતો જાઉં છું તેથી મને ખાત્રી થાય છે કે મારી ઉચ્ચ અભિલાષા એક દિવસે સફળ થાશેજ! હાલ તો મને ધર્મના પવિત્ર અંગભૂત અવશિષ્ટ રહેલા તપનુ સ્વરૂપ જાણવાની પ્રબળ ઇચ્છા વર્તે છે. તેથી તેનું કઇંક વિશેષ સ્વરૂપ સમજાવીને સમાધાન કરવું ઘટે છે.

સુમતિ—જેથી પૂર્વ સંચિત કર્મમળ દગ્ધ થઇને ક્ષય પામે તેનું નામ તપ છે. અનાદિ અજ્ઞાનના યોગથી વિવિધ વિષયમાં ભટકતા મનનો અને ઇંદ્રિયોનો નિરોધ કરી સહજ સ્વભાવમાં સ્થિત થાવું તેજ ખરો તપ છે. તે તપના ૬ બાહ્ય અને ૬ અભ્યંતર મળીને ૧૨ ભેદ છે, જે ખાસ લક્ષમાં રાખવા જેવા છે. આત્મ વિશુદ્ધિ કરવાના કામી જનોને તે સર્વે

અત્યંત હિતકારી છે. તેમાંથી પ્રથમ ૬ બાહ્ય ભેદનું કિંચિત્ સ્વરૂપ કહું છું.

૧ અનશન–સર્વ પ્રકારના અન્ન પાણી વિગેરે ભોજ્ય પદાર્થોનો અમુક વખત સુધી અથવા કાયમના માટે ત્યાગ કરીને સહજ સંતોષ રાખવો તે.

૨ ઉણોદરી (ઔનોદર્ય) ભોજનનો અમુક ભાગ જાણી જોઇને ઓછો ખાવો. નિદ્રા તંદ્રાદિકના જય માટે જાણી જોઇને ઉણું રહેવું અથવા સંતોષ સુખની અભિવૃદ્ધિ માટે જરૂર જેટલા આહારમાં પણ કમી કરતા જવું. પોણા, અર્ધા અને છેવટ પા ભાગના ભોજનથી નિર્વાહ કરી લેવો તે.

૩ વૃત્તિસંક્ષેપ ભોજન કરતી વખતે વાપરવાની વસ્તુઓનું પ્રમાણ કરવું, અમુક ચીજોથીજ ચલાવી લેવું તેમજ એક કે બે વખત નિયમસર વાવરવું.

૪ રસત્યાગ ષટ્રસ ભોજનમાંથી જેટલા રસનો ત્યાગ થઇ શકે તેટલાનો કરવો. ખાટો, ખારો, તીખો, મીઠો, કડવો, અને કષાયલો, એવા ષટ્ રસ છે. તેમજ દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ, અને તળેલું પકવાન્ન એ ષટ્ વિકૃતિ વિગઇયો છે. તેમાંથી જેટલી તજાય તેટલી તજીને બાકીથી સંતોષ રાખવો. તેમજ રસલોલુપતા તજવી.

૫ કાયક્લેશ ઠંડી રૂતુમાં ટાઢ સહન કરવી, ગ્રીષ્મ રૂતુમાં તાપ સહન કરવો, અને વર્ષારૂતુમાં સ્થિર આસનથી રહી જ્ઞાન ધ્યાન તપજપમાં મશગૂળ રહેવું. કેશનો લોચ કરવો તથા ભૂમી શય્યાદિક કષ્ટ સ્વાધીનપણે

ખુશીથી સહન કરવું એવું વિચારીને કે 'દેહે દુખં મહા ફલમ' દેહને દમવામાં બહુ ફળ છે. સમજીને સહનશીળતા રાખવામાં આવશે તો આગળ ઉપર તે બહુ લાભકારી થાશે. સ્વેચ્છાએ સુખલંપટ થવાથી પોતાના બંને ભવ બગડે છે,

૬ સંલીનતા—આસનનો જય કરવા અંગોપાંગ સંકોચીને સ્થિર આસને બેસવું. આ પ્રમાણે સમજીને પૂર્વોકત બાહ્ય તપનું સેવન કરનાર અભ્યંતર તપની પુષ્ટિ કરે છે.

ચારિત્ર૦—એ બાહ્ય તપ શરીરની આરોગ્યતા માટે પણ બહુ ઉપયોગી લાગે છે. ઉકત તપ વિવિધ વ્યાધિઓનો સંહાર કરવાને કાળ જેવો લાગે છે. એ ઉપરાંત તેનું વિધિવત્ સેવન કરવાથી જે અભ્યંતર તપની વૃધ્ધિ થાય છે તેનું કંઇક સ્વરૂપ મને સમજાવો.

સુમતિ—પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, (વૈયાવચ્ચ) સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ (કાઉસ્સગ્ગ) એવા અભ્યંતર તપના ૬ ભેદ છે. અંતર આત્માને અત્યંત ઉપકારી હોવાથી તે અભ્યંતર તપના નામથી ઓળખાય છે. તેમનું કંઇક સ્વરૂપ આપની તેવી જિજ્ઞાસાથી કહું છું તે આપ ખાસ ધ્યાનમાં રાખી લેશો.

૧ જાણતાં કે અજાણતાં જે અપરાધ થયો હોય તે ગુરૂમહારાજને નિવેદી નિઃશલ્ય થયા બાદ ગુરુ મહારાજ તેનું નિવારણ કરવા જે શિક્ષા આપે તે બરાબર પાળવી તેનું નામ પ્રાયશ્ચિત સમજવું. થયેલા અપરાધ

સંબંધી પોતાના મનમાં પણ પૂર્ણ પશ્ચાતાપ કરી, ફરી તેવો અપરાધ બીજી વાર થઇ ન જાય તેવી પુરતી સંભાળ રાખવી જોઇએ.

૨ સદ્દગુણી અથવા અધિક ગુણીજનો સાથે ભક્તિ, બહુમાનાદિ ઉચિત આચરણ કરવું તે વિનય કહેવાય છે. ગુણ સ્તુતિ, અવગુણની ઉપેક્ષા, અને આશાતનાનો ત્યાગ કરવો એ સર્વ વિનયનાજ અંગભૂત છે. વિનય, અનેક દુર્ધર શત્રુઓને પણ નમાવે છે. વળી જિન, અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધર્મીભાઇ, અને ચૈત્ય (જિનમુદ્રા યા જિનમંદિર) વિગેરે પુજ્ય વર્ગ ઉપર પૂર્ણ પ્રેમ રાખવો એ વિનયનું પ્રબળ અંગ છે.

૩ બાળ, ગ્લાન, વૃધ્ધ, તપસ્વી, સંઘ, સાધર્મીને બનતી સહાય આપવી, તેમની અવસરે અવસરે સંભાળ લેવી, નિઃસ્વાર્થપણે તેમની સેવા બજાવવી તે વૈયાવચ્ચ કહેવાય છે.

૪ અભિનવ શાસ્ત્રની વાચના, તેમાં પડેલા સંદેહના સમાધાન માટે ગુરુને પૃચ્છના, ભણેલું વિસ્મૃત થઇ ન જાય માટે તેની પરાવર્તના-પુનરાવૃત્તિ કરવી, તેમાં સમાયેલા ગંભીર અર્થનું ચિંતવન કરવું તે અનુપ્રેક્ષા અને નિશ્ચિત-સંદેહ વિનાની ધર્મકથાવડે અન્ય આત્માર્થીજનોને યોગ્ય અવલંબન દેવારૂપ પાંચ પ્રકારના સ્વાધ્યાયથી આત્માને અત્યંત ઉપકાર થતો હોવાથી જ્ઞાની પુરૂષોએ તેને અભ્યંતર તપરૂપ લેખ્યો છે.

૫ અપ્રશસ્ત અને પ્રશસ્ત અથવા શુભ અને અશુભ અથવા શુદ્ધ અને અશુદ્ધ એવા મુખ્યપણે ધ્યાનના બે ભેદ છે. આર્ત અને રૌદ્ર એ બે અપ્રશસ્ત તથા ધર્મ અને શુકલ એ બે પ્રશસ્ત ધ્યાનના ભેદ છે. કોઇ પણ વસ્તુમાં ચિત્તનું એકાગ્રપણું થવું તે ધ્યાન કહેવાય છે. તેથી જો શુભવસ્તુમાં ચિત્ત પરોવાયું હોય તો શુભ ધ્યાન અને અશુભ વસ્તુમાં ચિત્ત પ-રોવાયું હોય તો અશુભ ધ્યાન કહેવાય છે. મલીન વિચારવાળું ધ્યાન અશુદ્ધ કહેવાય છે અને નિર્મળ વિચારવાળું ધ્યાન શુદ્ધ કહેવાય છે. 'મનુષ્યોને બંધ અને મોક્ષનું મુખ્ય કારણ મનજ છે.' એમ જે કહેવાય છે. તે આવા શુભાશુભ ધ્યાનને લઇનેજ સ-મજવાનું છે. ક્ષણવારમાં પ્રસન્નચંદ્ર રાજર્ષિએ જે સાતમી નર્કનાં દળીયાં મેળવ્યાં અને પાછાં વિખેરી નાંખ્યા તે તથા ભરતમહારાજાએ ક્ષણવારમાં આ-રીસો અવલોકતાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તે સર્વ ધ્યા-નનોજ મહિમા છે.

૬ દેહ ઉપરનો સર્વ મોહ તજીને અને મન વચનને પણ નિયમમાં રાખીને એકાગ્રપણે–નિશ્ચળ થઇ આ-ત્માને અરિહંત સિદ્ધ સંબંધી શુદ્ધ ઉપયોગમાં જોડી દેવો તે કાયોત્સર્ગ નામે અભ્યંતર તપ કહેવાય છે. આવા કાયોત્સર્ગથી અનેક મહાત્માઓ અક્ષય સુખને પામ્યા છે, અને અનેક સ્વર્ગના અધિકારી થયા છે; તેથી દરેક મોક્ષાર્થી જને તેનો અવશ્ય અભ્યાસ ક-

રવો યોગ્ય છે. અભ્યાસ કરતાં કરતાં અધિકાર વધતો જાય છે. તેથી ગમે તેવું કઠિન કાર્ય પણ સુલભ થઇ પડે છે, અને આત્માને અનંત લાભ પ્રાપ્ત થઇ શકે છે.

ચારિત્ર૦–પ્રાણપ્રિયે! આ તારી અમૃત વાણીનું મેં અત્યંત રૂચીથી પાન કર્યું છે. તેથી મને પણ આવા અનુપમ ધર્મની પ્રાપ્તિદ્વારા અંતે અક્ષય સુખની પ્રાપ્તિ થશેજ એમ આ મારૂં અંતઃકરણ સાક્ષી ભરે છે.

સુમતિ–પ્રાણપ્રિય! આ આપની પ્રૌઢ વાણી ખરેખર શુભ અર્થ–સૂચક છે. તે સર્વાંશે સફળતાને પામો! અને આપ અપૂર્વ પુરૂષાર્થયોગે મારી સ્વામિની શિવ–સુંદરીના શીઘ્ર અધિકારી થાઓ! એવી અંતરથી દુવા દઉં છું.

ચારિત્ર૦—સુમતિ! હું સાચેસાચું કહું છું કે ધર્મનું આવું અપૂર્વ સ્વરૂપ સમજી, તેનું ગંભીર મહાત્મ્ય મનમાં ભાવી, હવે હું શુદ્ધ ધર્મ સેવન દ્વારા સ્વનામ સાર્થક કરવાને મારાથી બનતું સાહસ ખેડવા બાકી રાખીશ નહિ. તારી સમયોચિત કિંમતી સહાયથી હું મારી ધારણામાં અવશ્ય ફતેહમંદ નીવડીશ.

સુમતિ—તથાસ્તુ! કિંતુ આપનો પવિત્ર હેતુ સંપૂર્ણ સિદ્ધ કરવાને સબળ સહાયભૂત પૂર્વોક્ત ધર્મનું નિશ્ચય અને વ્યવહારથી સ્વરૂપ કંઇક બારીકીથી સમજી લેવાની આપને જરૂર છે.

ચારિત્ર૦—વ્યવહાર ધર્મ અને નિશ્ચય ધર્મનો મુખ્ય શો તફાવત છે અને તેથી શો ઉપકાર થઈ શકે છે?

સુમતિ—વ્યવહાર ધર્મ સાધન છે, અને નિશ્ચય ધર્મ સાધ્ય છે. શુદ્ધ–નિશ્ચય ધર્મ સાક્ષાત્ પ્રાપ્ત કરવાને વ્યવહાર ધર્મ

પુષ્ટ કારણભૂત છે. વ્યવહાર સાધન વિના નિશ્ચય સાધી શકાય નહિં.

ચારિત્ર૦—પૂર્વે બતાવેલું ધર્મનું સ્વરૂપ મુખ્યતાથી કેવા પ્રકારનું છે?

સુમતિ–ધર્મનું પૂર્વોકત સ્વરૂપ મુખ્યતાથી વ્યવહારની અપેક્ષાયે કહેલું છે તેથી તેમાં નિશ્ચય સ્વરૂપ કેવળ ગૌણુપણેજ રહ્યું છે.

ચારિત્ર—ત્યારે હવે મને નિશ્ચય ધર્મનું કંઇક સ્વરૂપ સમજાવો.

સુમતિ—સર્વથા કર્મ કલંક રહિત નિર્મળ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય (શકિત) રૂપ આત્માનો સહજ (નિરૂપાધિક) સ્વભાવ એજ નિશ્ચય ધર્મ છે. સત્તા રૂપે તો તે સદા આત્મામાં સ્થિત રહેલોજ છે.

ચારિત્ર—સત્તા રૂપે રહેલો તે ધર્મ આત્માને ઉપકારી કેમ થઇ શકતો નથી અને તે કયારે અને શી રીતે આત્માને ઉપકારી થઇ શકે છે તે સમજાવો?

સુમતિ—આત્મા અનાદિ કર્મ કલંકથી કલંકિત થયેલો હોવાથી સત્તા માત્ર રહેલો ધર્મ આત્માને સહાયભૂત થઇ શકતો નથી. જયારે પૂર્વોકત વ્યવહાર ધર્મનું રૂચિ પૂર્વક સેવન કરવામાં આવે છે, ત્યારે પરિણામની વિશુદ્ધિથી જેટલે જેટલે અંશે કર્મ મળના હઠવાથી આત્મ સ્વભાવ ઉજ્વલ થાય છે તેટલે તેટલે અંશે પ્રગટ થયેલા સત્તાગત ધર્મથી આત્માને સહજ ઉપગાર થાયજ છે. યાવત્ શુદ્ધ વ્યવહાર ધર્મના સંપૂર્ણ બળથી જયારે ઘનઘાતિ કર્મ મળનો ક્ષય થઇ જાય છે, ત્યારે તો અનંત જ્ઞાન,

અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય રૂપ સહજ અનંત ચતુષ્ટયી પ્રગટે છે. તેથી આત્મા સર્વજ્ઞ, સર્વદર્શી, સંપૂર્ણ સુખી અને સર્વ શકિતવંત થાય છે.

ચારિત્ર૦—વ્યવહાર ધર્મ કયાં સુધી કહી શકાય છે તે સમજાવો ?

સુમતિ—જયાં સુધી પૂર્વે કહેલા પાંચે પ્રમાદના પરિહાર વડે સમ્યગ્ જ્ઞાન, દર્શન, અને ચારિત્રની સહાયથી રાગ, દ્વેષ અને મોહાદિ દુષ્ટ દોષોનો સર્વથા ક્ષય થાય નહિ ત્યાં સુધી તેમનો સંપૂર્ણ ક્ષય કરવા માટે કાળજી પૂર્વક જે જે ધર્મ કરણી કરવામાં આવે તે તે સર્વ વ્યવહાર કરણીમાંજ લેખાય છે. પરંતુ એટલો વિશેષ (તફાવત) છે કે જેમ જેમ આત્મા પૂર્વોકત દોષોનો ક્ષય કરવાને વિશેષે સન્મુખ થતો જાય છે તેમ તેમ સહજ સન્મુખ ભાવે સેવન કરવામાં આવતો તે વ્યવહાર શુધ્ધ, શુધ્ધતર, અને શુધ્ધતમ કહેવાય છે.

ચારિત્ર૦—પૂર્વોકત નિશ્ચય અને વ્યવહાર ધર્મનું કંઇક વધારે સ્પુટ થાય તેમ સમજાવો ?

સુમતિ—અનાદિ કર્મ સંયોગથી પ્રભવતા રાગ દ્વષાદિકને પૂર્વોકત અહિંસા સંયમ અને તપ રૂપ ધમંની સહાયથી દૂર કરીને આત્માના સ્વાભાવિક જ્ઞાનાદિક ગુણોને પ્રગટ કરી તેમનું રક્ષણ કરવું. પૂર્વોકત પ્રમાદ યોગે તેમનું વિરાધન થવા ન દેવું તેજ નિશ્ચય ધર્મ છે. સત્તાગત રહેલા આત્માના સ્વભાવિક ગુણોને ઢાંકી દેનારા આવરણો ને હઠાવવાને અનુકૂળ જે જે સદાચરણ સેવવું પડે તે તે સર્વ વ્યવહાર ધર્મ કહેવાય છે. આથી સ્ફુટ સમજાશે કે વ્યવહાર માર્ગનું વિવેકથી સેવન કરવું એ નિશ્ચય ધર્મ સિધ્ધ કરવાનું અવંધ્ય (અમોઘ) સાધન છે. એ-

ટલે કે વ્યવહાર કારણુ રૂપ છે અને નિશ્ચય કાર્ય રૂપ અથવા ફળ રૂપ છે.

ચારિત્ર૦—ઉકત સ્વરૂપનું સમર્થન કરવા સુખે સમજી શકાય એવું કોઈ પદ્યાત્મક પ્રમાણુ ટાંકી દેખાડો ?

સુમતિ—મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ઉકત વાતનું આ પ્રમાણે સમર્થન કરે છે.--

“ जेम निर्मलतारे रतन स्फटिक तणी, तेम ए जीव स्वभाव;
ते जिन वीरेरे धर्म प्रकाशियो, प्रबल कषाय अभाव.
श्री सीमंधर साहिब सांभळो० १
जेम ते राते फूले रातडुं, श्याम फलथी रे श्याम;
पुण्य पापथी रे तेम जग जीवने, राग द्वेष परिणाम.
श्री सीमंधर० २
धर्म न कहियेरे निश्चय तेहने, जेह विभाव वड व्याधि;
पहेले अंगेरे एणी पेरे भाखियुं, कर्मे होय उपाधि.
श्री सीमधर० ३
जे जे अंशेरे निरुपाधिकपणुं, ते ते जाणोरे धर्म;
सम्यग् दृष्टिरे गुणठाणा थकी, जाव लहे शिव शर्म.
श्री सीमंधर० ४

एम जाणीनेरे ज्ञान दशा भजी, रहीये आप स्वरूप;
पर परिणतिथी रे धर्म न छंडीये, नवि पडिये भव कूप.
श्री सीमंधर साहिब सांभलो० ५ "

આવી રીતે બન્ને માર્ગનું યોગ્ય સમર્થન કરીને ઉભયનું આરાધન કરવા આ પ્રમાણે કહેલું છે.

"निश्चय दृष्टि हृदय धरीजी, पाले जे व्यवहार;
पुण्यवंत ते पामशेजी, भव समुद्रनो पार. सोभागी
जिन सीमंधर सुणो वात!"

આમ ટુંકાણુમાં ઉક્ત મહાપુરૂષે જણાવ્યું છે કે નિશ્ચયને પામવા ઇચ્છનારે તેનેજ હૃદયમાં સ્થાપીને–તેના સન્મુખજ દૃષ્ટિ રાખીને વિવેક પૂર્વક વ્યવહાર માર્ગનું સેવન કરતા રહેવું. એમ કરવાથીજ અંતે સાધ્ય સિદ્ધિ–ભવસમુદ્રનો અંત આવી શકશે. તે વિના ભવ ભ્રમણનો કદાપિ અંત આવી શકશે નહિ. એમ સમજીને અક્ષય સુખના અર્થી સર્વે ભાઈ બ્હેનોએ સ્ફટિક રત્ન જેવો નિર્મળ આત્મ સ્વભાવ પ્રગટ કરવાના પરમ પવિત્ર–ઉદ્દેશથી તેમાં બાધકભૂત રાગ, દ્વેષ અને મોહાદિક કર્મમળ જેમ દૂર થાય તેમ ઉપયોગ રાખી સર્વજ્ઞભાષિત અહિંસા, સંયમ અને તપ લક્ષણ ધર્મનું સદા યત્નથી સેવન કરવુંજ ઉચિત છે. આપશ્રીનું પણ એથીજ કલ્યાણ થવાનું નિશ્ચિત છે.

धर्म रत्ननी प्राप्तिने माटे अवश्य प्राप्त करवा योग्य गुणो अथवा धर्मनी खरी कुंची.

'જેમ ચિંતામણી રત્ન ભાગ્યહીન જીવોને મળવું મુશ્કેલ છે તેમ અક્ષુદ્રતાદિક ઉત્તમ ગુણરહિત જનોને પણ ધર્મરત્ન મળવું મુશ્કેલજ છે.'

'અક્ષુદ્રતાદિક એકવીશ ગુણોવડે યુક્ત જીવને જિનમતમાં ધર્મ રત્નને યોગ્ય કહેલો છે. માટે તે ગુણોને ઉપાર્જવા ધર્માભિલાષીજનોએ જરૂર યત્ન કરવો ઘટે છે.' ઉક્ત વાતનું સમર્થન કરતા છતા શ્રીમદ્ યશોવિજયજી મહારાજ આ પ્રમાણે કથે છે—

"એકવીશ ગુણ પરિણમે, જાસ ચિત્ત નિત્યમેવ;
ધર્મ રત્નકી યોગ્યતા, તાસ કહે તું દેવ." ૧

ઉક્ત એકવીશ ગુણોની નોંધ આ પ્રમાણે આપેલ છે કે—

"ક્ષુદ્ર નહિં વળી રૂપનિધિ, સૌમ્ય જનપ્રિય ધન્ન;
ક્રૂર નહિં ભીરૂ વળી, અશઠ સુદખિન્ન. ૨
લજ્જાલુઓ દયાલુઓ, સોમદિટ્ઠિ મજ્જથ્થ;
ગુણરાગી સતકથ્થ, સુપખ્ખ દીર્ઘદર્શી અથ્થ. ૩
વિશેષજ્ઞ વૃદ્ધાનુગત, વિનયવંત કૃત જાણ;
પરહિતકારી લબ્ધ લક્ષ, એમ એકવીશ પ્રમાણ. ૪

ગુણગુણીનો કથંચિત્ અભેદ સંબંધ હોવાથીજ ઉપર ગુણને બદલે ગુણીનું નિરૂપણ કર્યું છે. અર્થાત્ ધર્મ રત્નને યોગ્ય આવા ગુણી થવુંજ જોઇયે. કેવા ગુણી થવું જોઇયે ? તેનું

ઉપર મુજબ પ્રથમ સંક્ષિપ્ત વર્ણન કરીને પછી કંઇક તે સંબંધી વિશેષ વર્ણન કરવાને બનતો પ્રયત્ન કરશું.

૧. ક્ષુદ્ર નહિં એટલે અક્ષુદ્ર, ગંભીર આશયવાળો, સૂક્ષ્મ રીતે વસ્તુતત્ત્વનો વિચાર કરવાને શક્તિ ધરાવનાર સમર્થ જીવ વિશેષ ધર્મ રત્નને પામી શકે.

૨, રૂપનિધિ એટલે પ્રશસ્ત રૂપવાળો, પાંચે ઈંદ્રિયો જેને સ્પષ્ટ રીતે પ્રાપ્ત થયેલ છે એવો અર્થાત્ શરીર સંબંધી સુંદર આકૃતિને ધારનાર આત્મા.

૩. સૌમ્ય એટલે સ્વભાવેજ પાપદોષ રહિત, શીતળ સ્વભાવવાન્ આત્મા.

૪. જનપ્રિય એટલે સદા સદાચારને સેવનાર લોકપ્રિય આત્મા.

૫. ક્રૂર નહિં એટલે ક્રૂરતા યા નિષ્ઠુરતાવડે જેનું મન મલીન થયું નથી એવો અકિલષ્ટ યાને પ્રસન્ન ચિત્તયુક્ત શાંત આત્મા.

૬. ભીરૂ એટલે આલોક સંબંધી તથા પરલોક સંબંધી અપાયથી ડરવાવાળો અર્થાત્ અપવાદભીરૂ તેમજ પાપભીરૂ હોવાથી બધી રીતે સંભાળીને ચાલનાર, ઉભય લોક વિરૂદ્ધ કાર્યનો અવશ્ય પરિહાર કરનાર.

૭. અશઠ એટલે છળ પ્રપંચવડે પરને પાસમાં નાખવાથી દૂર રહેનાર.

૮. સુદખિન્ન એટલે શુભ દાક્ષિણ્યતાવંત, ઉચિત પ્રાર્થનાનો ભંગ નહિં કરવાવાળો, સમય ઉચિતવર્તી સામાનું દીલ પ્રસન્ન કરનાર.

૯. લજ્જાલુઓ એટલે લજ્જાશીલ, અકાર્ય વર્જી સત્કાર્યમાં સહેજે જોડાઇ શકે એવો મર્યાદાશીલ પુરૂષ.

૧૦. દયાલુઓ એટલે સર્વ કોઇ પ્રાણી વર્ગ ઉપર અનુકંપા રાખનાર.

૧૧. સોમદિઠ્ઠિ–મજ્જથ્થ એટલે રાગ દ્વેષ રહિત નિષ્પક્ષપાતપણે વસ્તુતત્ત્વને યથાર્થ રીતે ઓળખી મધ્યસ્થતાથી દોષને દૂર કરનાર.

૧૨. ગુણ રાગી એટલે સદ્ગુણીનોજ પક્ષ કરનાર, ગુણનોજ પક્ષ લેનાર.

૧૩. સત્કથ્થ એટલે એકાંત હિતકારી એવી ધર્મકથા જેને પ્રિય છે એવો.

૧૪. સુપખ્ખ એટલે સુશીલ અને સાનુકુળ છે કુટુંબ જેનું એવો જાડાબળિયો.

૧૫. દીર્ઘદર્શી એટલે પ્રથમથી સારી રીતે વિચાર કરીને પરિણામે જેમાં લાભ સમાયો હોય એવા શુભ કાર્યનેજ કરવાવાળો.

૧૬. વિશેષજ્ઞ એટલે પક્ષપાત રહિતપણે ગુણ દોષ, હિત અહિત, કાર્ય અકાર્ય, ઉચિત અનુચિત, ભક્ષ અભક્ષ્ય, પેય અપેય, ગમ્ય અગમ્ય વિગેરે વિશેષ વાતનો જાણ.

૧૭. વૃદ્ધાનુગત એટલે પરિપકવ બુદ્ધિવાળા અનુભવી પુરૂષોને અનુસરી ચાલનાર, નહિં કે જેમ આવ્યું તેમ ઉચ્છૃંખલપણે ઇચ્છા મુજબ કામ કરનાર.

૧૮. વિનયવંત એટલે ગુણાધિકનું ઉચિત ગૌરવ સાચવનાર સુવિનીત.

૧૯ કૃત જાણુ એટલે બીજાએ કરેલા ગુણુને કદાપિ નહિ વિસરી જનાર.

૨૦. પરહિતકારી એટલે સ્વતઃ સ્વાર્થ વિના પરોપકાર કરવામાં તત્પર. દાક્ષિણુતાવંત તો જ્યારે તેને કોઇ પ્રેરણા અથવા પ્રાર્થના કરે ત્યારે પરોપકાર કરે અને આતો પોતાના આત્માનીજ પ્રેરણાથી સ્વ કર્તવ્ય સમજીનેજ કોઇની કંઇ પણુ અપેક્ષા રાખ્યા વિનાજ પરોપકાર કર્યા કરે એવા ઉત્તમ સ્વભાવને સ્વભાવિક રીતે ધારનાર ભવ્ય.

૨૧. લબ્ધ લક્ષ એટલે કોઈ પણુ કાર્યને સુખે સાધી શકે એવો કાર્ય દક્ષ.

હવે ઉપર કહેલા ૨૧ ગુણોનું કંઈક સહેતુક બ્યાન કરવાનો ઉપક્રમ કરવામાં આવે છે. જેમ શુદ્ધ કરાયેલા વસ્ત્ર ઉપરજ રંગ જોઈયે એવો બરાબર ચઢી શકે છે, પરંતુ અશુદ્ધ એવા મલીન વસ્ત્ર ઉપર રંગ ચઢી શકતો નથી, તેમજ ઉપર કહેલા ગુણુ વિનાના મલીન આત્માને ધર્મનો રંગ લાગતોજ નથી. ઉપર કહેલા ગુણોવડે વિશુદ્ધ થયેલા આત્માનેજ ધર્મનો રંગ ચઢે છે. વળી જેમ ખડબચરડી[1] અને પાલીસ કર્યા વિનાની [2]ભીંત ઉપર ચિત્ર આબેહુબ ઉઠતું નથી પરંતુ ઘઠારી મઠારીને સાફ કરેલી સરખી ભીંત ઉપર ચિત્ર જોઇયે એવું આબેહુબ ઉઠી નીકળે છે તેમ ઉપર કહેલા ગુણોના સંસ્કાર વિનાના અસંસ્કૃત હૃદય ઉપર ધર્મનું ચિત્ર બરાબર પડી શકતું નથી, પણુ ઉક્ત ગુણોથી સંસ્કારિક હૃદય ઉપર સત્ય ધર્મનું ચિત્ર બરાબર ખીલી ઉઠે છે. ઉક્ત ગુણોની પ્રાપ્તિદ્વારા ભવ્ય આત્મા સત્ય ધર્મનો ઉત્તમોત્તમ લાભ પામી શકે છે એથી ઉપર કહેલા સદ્ગુણોનો ખાસ અભ્યાસ કરવાની અત્યાવશ્યકતા સ્વતઃ સિદ્ધ થાય છે, અને તેથીજ

---

૧ Rough ૨ Unpolished.

તે ગુણ સંબંધી બની શકે તેટલી સમજ લેવી પણ જરૂરની છે. એમાંજ જીવનું ખરૂં હિત સમાયેલું છે.

૧ " ક્ષુદ્ર સ્વભાવવાળો અગંભીર અને ઉછાંછળો હોવાથી ધર્મને સાધી શકતો નથી. તે નથી તો કરી શકતો સ્વહિત કે નથી કરી શકતો પરહિત; સ્વપરહિત સાધવાની તેનામાં યોગ્યતાજ નથી. તેથી સ્વપરહિત સાધવાને અક્ષુદ્ર સ્વભાવી એવો ગંભીર અને ઠરેલ પ્રકૃતિવાળોજ યોગ્ય અને સમર્થ હોઇ શકે છે.

૨ હીન અંગોપાંગવાળો, નબળા સંઘયણવાળો તથા ઇંદ્રિયોમાં ખોડવાળો સ્વપરહિત સાધવાને અસમર્થ હોવાથી ધર્મને અયોગ્ય કહ્યો છે. કેમકે ધર્મ સાધવામાં તેની ખાસ અપેક્ષા રહે છે. તે વિના ધર્મ સાધનમાં ઘણીજ અડચણ આવે છે. તેથી સંપૂર્ણ અંગોપાંગવાળો, પાંચે ઇંદ્રિય પૂરેપુરી પામેલો અને ઉત્તમ સંઘયણવાળો સુંદર આકૃતિવંત પ્રાણી ધર્મને યોગ્ય કહ્યો છે. એવી શુભ સામગ્રીવાળો જીવ શાસનની શોભા વધારી શકે છે અને સર્વજ્ઞ ભગવાને ભાખેલા ધર્મને સમ્યક્ પાળી શકે છે.

૩ પ્રકૃતિથીજ શાંત સ્વભાવવાળો જીવ પ્રાયઃ પાપકર્મમાં પ્રવૃત્તિ કરતોજ નથી અને સુખે સમાગમ કરી શકાય એવા શીળા સ્વભાવને લીધે અન્ય આકળા જીવોને પણ સમાધિનું કારણ થઇ શકે છે. અર્થાત્ આકરી પ્રકૃતિવાળા પણ શીળા સ્વભાવવાળા સજ્જનોના સમાગમથી ઠંડા પ્રકૃતિના થઇ જાય છે. તેથી ઠંડી પ્રકૃતિવાળા પ્રાણી સુખે સ્વપરહિત સાધી શકે છે પરંતુ આકળી પ્રકૃતિવાળા તેમ કરવાને અસમર્થ હોવાથી ધર્મ સાધવાને અયોગ્ય કહ્યા છે.

૪ દાન વિનય અને નિર્મળ આચારને સેવનાર માણસ

સર્વ જનોને પ્રિય થઇ શકે છે અને તે આલોક વિરૂદ્ધ તથા પરલોક વિરૂદ્ધ કાર્યને સ્વભાવિક રીતેજ તજનાર હોવાથી સમ્યગ્ દૃષ્ટિ જીવોને પણ મોક્ષમાર્ગમાં બહુમાન ઉપજાવનાર થઈ પડે છે. સદાચાર સેવી લોકપ્રિય પુરૂષ પોતાની પવિત્ર કહેણી કરણીથી અન્ય જનોને પણ અનુકરણીય થઇ પડે છે, તેવી રીતે ઇચ્છા મુજબ વર્તી અતડો રહેનાર માણસ કંઇ પણ વિશેષ સ્વપરહિત સાધી શકતો નથી.

ક્રૂર માણસ ક્લિષ્ટ પરિણામથી પોતાનુંજ હિત સાધવાને અશક્ત છતો પરનું હિત શી રીતે સાધી શકે ? તેથી તે ધર્મરત્નને અયોગ્ય સમજવો. સમ પરિણામને ધારણ કરનાર એવો અનુકંપાવાન–અક્રૂર આત્માજ મોક્ષમાર્ગ સાધવાને અધિકારી હોઇ શકે છે.

૬. આલોક સંબંધી તથા પરલોક સંબંધી દુઃખની વિચારણા કરનાર પાપ કર્મમાં પ્રવૃત્તિ કરતો નથી અને લોકાપવાદથી પણ ડરતો રહે છે; એવો ભવભીરૂ માણસજ ધર્મરત્નને યોગ્ય હોઇ શકે છે. પરંતુ જે નિર્ભયપણે–લોકાપવાદનો પણ ભય રાખ્યા વિના સ્વચ્છંદ વર્તન કરે છે, તે ધર્મરત્નને યોગ્ય નથીજ.

૭ અશઠ માણસ કોઇની વંચના કરતો નથી, તેથી તે વિશ્વાસપાત્ર અને પ્રશંસાપાત્ર બને છે. વળી તે પોતાના સદ્‌ભાવથી ઉદ્યમ કરે છે તેથી તે ધર્મરત્નને યોગ્ય ઠરે છે. કપટી માણસ તો પર વંચનાથી પોતાના કુટિલ સ્વભાવને લઇ પરને અપ્રીતિપાત્ર બને છે, તેમજ સ્વહિતથી પણ ચુકે છે માટે તે ધર્મને માટે અયોગ્ય છે.

૮ સુદાક્ષિણ્યતાવંત પોતાનું કાર્ય તજી બની શકે તેટલો બીજાનો ઉપકાર કરતો રહે છે તેથી તેનું વચન સહુ કોઇ માન્ય રાખે છે તેમજ સહુ કોઇ તેને અનુસરીને ચાલે છે. આવા સ્વભાવથી સહેજે સ્વપરહિત સાધી શકાય છે, તેથી તે ધર્મરત્નને યોગ્ય છે. જેનામાં એ ગુણ નથી તે સ્વાર્થસાધક અથવા આપ મતલબીયાના ઉપનામથી નિંદાપાત્ર થાય છે માટે તે ધર્મરત્નને અયોગ્ય ઠરે છે.

૯ લજ્જાશીલ માણસ લગારે પણ અકાર્ય કરતાં ડરે છે તેથી તે અકાર્યને દૂર તજી સદાચારને સેવતો રહે છે, તેમજ અંગીકાર કરેલા શુભ કાર્યને તે કોઇ રીતે તજી શકતો નથી. તેથી તે સદ્ધર્મને યોગ્ય ગણાય છે. લજ્જાહીન તો કંઇપણ અકાર્ય કરતાં ડરતો નથી તેથી તે અશુભ આચારને અનાયાસે સેવતો રહે છે. ગમે તેવા ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયા છતાં તે કુળ મર્યાદાને તજી દેતાં વાર કરતો નથી, તેથી લજ્જાહીન ધર્મ રત્નને અયોગ્ય છે.

૧૦ દયા એ ધર્મનું મૂળ છે અને દયાને અનુસરીનેજ સર્વ સદ્અનુષ્ઠાન પ્રવર્તે છે એમ જિન આગમમાં સિદ્ધાંત રૂપે કહેલું છે, તેથીજ સર્વજ્ઞ ભાષિત સત્ય ધર્મનું યથાર્થ આરાધન કરવાને દયાળુ હોવાની ખાસ જરૂર છે. અર્થાત્ દયાળુજ ધર્મ રત્નને યોગ્ય છે. દયાહીન કોઈ રીતે ધર્મને યોગ્ય નથી કેમકે તેવા નિર્દય પરિણામવાળાનું સર્વ અનુષ્ઠાન નિષ્ફળ થાય છે.

૧૧ મધ્યસ્થ એટલે પક્ષપાત રહિત એવો સૌમ્ય દૃષ્ટિ પુરૂષ રાગ દ્વેષ દૂર તજીને શાંત ચિત્તથી ધર્મ વિચારને યથાસ્થિત સાંભળે છે અને ગુણનો સ્વીકાર તથા દોષનો ત્યાગ કરે

છે માટે તે ધર્મને લાયક છે. પરંતુ પક્ષપાત યુક્ત બુદ્ધિવાળો માણસ અંધ શ્રદ્ધાથી વસ્તુતત્ત્વનો યથાસ્થિત વિચારજ કરી શકતો નથી તો પછી ગુણનો આદર અને દોષનો ત્યાગ શી રીતે કરી શકે ? તેથી પક્ષપાત બુદ્ધિથી એકાંત ખેંચતાણ કરી બેસનાર ધર્મ રત્નને યોગ્ય નથીજ.

૧૨ ગુણરાગી માણસ ગુણવંતનું બહુ માન કરે છે, નિર્ગુણની ઉપેક્ષા કરે છે, સદ્‌ગુણનો સંગ્રહ કરે છે અને સંપ્રાપ્ત ગુણને સારી રીતે સાચવી રાખે છે. પ્રાપ્ત થયેલા ગુણોને દોષિત કરતો નથી. તેથી તે ધર્મને યોગ્ય છે. નિર્ગુણ માણસ તો બીજા ગુણવંતને પણ પોતાની જેવા લેખે છે. તેથી તે નથી તો કરતો. તેમની ઉપર રાગ કે નથી કરતો ગુણ ઉપર રાગ. પરંતુ ઉલટો ગુણદ્વેષી હોઇ સદ્‌ગુણનો પણ અનાદર કરે છે અને આત્મ ગુણને મલીન કરી નાંખે છે માટે તે ધર્મ રત્નને માટે અયોગ્યજ છે.

૧૩ વિકથા કરવાના અભ્યાસવડે કલુષિત મનવાળો માણસ વિવેક રત્નને ખોઇ દે છે અને ધર્મમાં તો વિવેકની ખાસ જરૂર છે. તેથી ધર્માર્થી માણસે સત્ય પ્રિય થવાનો અને સત્ય હિતકારી વાતનેજ કહેવાનો અથવા સાંભળવાનો ઢાળ રાખવો જોઇયે. આવા સત્યપ્રિય અને સત્યભાષક જીવથી સ્વપરનું હિત સહેજે થાય છે. તેથી તેવા ગુણવાળાજ ધર્મરત્નને યોગ્ય છે. વિકથાવંતથી ઉભયને હાનિ પહોંચે છે તેથી તે અયોગ્ય છે.

૧૪ જેનો પરિવાર અનુકુળ વર્તનારો, ધર્મશીલ અને સદાચારને સેવાવાળો હોય એવો જાડાબળિયો માણસ નિર્વિઘ્નપણે

ધર્મસાધન કરી શકે છે. પૂર્વોક્ત સ્વભાવવાળા કુટુંબથી ધર્મસાધનમાં કંઇ પણ અંતરાય આવવાનો સંભવ રહેતો નથી કેમકે એવું સાનુકૂળ કુટુંબ તો ધર્મસાધનમાં જોઇયે તેવી સહાય દઇ શકે છે તેથી ધર્મશીલ અને સદાચારવાળા અનુકૂળ પરિવારવાળો ધર્મને દીપાત્રવાને જેવો યોગ્ય ગણાય છે તેવો પ્રતિકુલ આચાર વિચારવાળા પરીવારવાળો યોગ્ય ગણાતો નથી, કેમકે તેથી તો ધર્મ માર્ગમાં વખતોવખત વિઘ્ન ઉભા થાય છે. માટે શુદ્ધ અને સમર્થપક્ષની પણ ખાસ જરૂર છે.

૧૫ દીર્ઘદર્શી માણુસ પૂર્વાપરનો અથવા લાભાલાભનો વિચાર કરી જેનું પરિણામ સારૂંજ આવવાનો સંભવ હોય, જેમાં લાભ વધારે અને ક્લેશ અલ્પ હોય અને જે ઘણા માણસોને પ્રશંસનીય હોય તેવાં કામનોજ આરંભ કરે છે, તેવા દીર્ઘદર્શીજનો ધર્મ રત્નને યોગ્ય છે. કેમકે તે વિચારશીલ અને વિવેકવંત હોવાથી સફળ પ્રવૃત્તિને કરનારા હોય છે. તે કંઇપણ વગર વિચાર્યું નહિ બની શકે એવું અસાધ્ય કાર્ય સહસા આરંભતાજ નથી. જે કાર્ય સુખે સાધી શકાય એવું માલમ પડે તેનોજ તે વિવેકથી આદર કરે છે. સહસાકારી મનૂષ્ય બહુધા અસાધ્ય કાર્ય કરવા મંડી જાય છે અને તેમાં નિષ્ફળ નીવડવાથી તે પશ્ચાતાપનો ભાગી થાય છે, તેથી તે ધર્મરત્નને લાયક ઠરતો નથી,

૧૬ વિશેષજ્ઞ પુરૂષ વસ્તુઓના ગુણ દોષને પક્ષપાત રહિતપણે પિછાની શકે છે તેથી પ્રાયઃ તેવા માણસજ ઉત્તમ ધર્મના અધિકારી કહ્યા છે. જે અજ્ઞાનતાવડે હિતાહિત, કૃત્યાકૃત્ય, ધર્માધર્મ, ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય કે ગુણદોષ સંબંધી બિલકુલ અજ્ઞાત છે તે ધર્મને અયોગ્યજ છે. કેમકે જે પોતાનું હિત શું છે તેટલું સમજતા પણ નથી તે શી રીતે સ્વહિત સાધી શક-

શે ? અને સ્વહિત સાધવાને પણ અસમર્થ હોવાથી પરહિતનું તો કહેવુંજ શું ! તેથી પશુના જેવા અજ્ઞાન અને અવિવેકી જનો ધર્મને માટે અયોગ્ય છે.

૧૭ પરિપકવ બુદ્ધિવાળા અર્થાત્ સદ્વિવેકાદિક ગુણ સંપન્ન એવા વૃદ્ધ પુરૂષો પાપાચારમાં પ્રવૃતિ કરતાજ નથી. એમ હોવાથી તેવા વૃદ્ધને અનુસરીને ચાલનાર પણ પાપાચારથી દૂરજ રહે છે, કેમકે જીવોને સોબત પ્રમાણે ગુણ આવે છે, કહેવત છે કે 'જેવી સોબત તેવી અસર.' તેવા શિષ્ટ પુરૂષોને અનુસારે ચાલનાર ધર્મરત્નને યોગ્ય થાય છે પરંતુ સ્વચ્છંદે ચાલનાર માણસ કદાપિ ધર્મને યોગ્ય થઇ શકતો નથી. કેમકે તે સદાચારથી તો પ્રાયઃ વિમુખ રહે છે.

૧૮ સમ્યગ્ જ્ઞાન દર્શનાદિક સવ સદ્ગુણોનું મૂળ વિનય છે, અને તે સદ્ગુણો વડેજ ખરૂં સુખ મેળવી શકાય છે. માટેજ જૈનશાસનમાં વિનયવંત-વિનીતને વખાણ્યો છે. લૌકિકમાં પણ કહેવાય છે કે 'વનો (વિનય) વેરીને પણ વશ કરે.' તો પછી શાસ્ત્રોક્ત નીતિ મુજબ વિનયનો અભ્યાસ કરવામાં આવે તો તેના ફળનું તો કહેવુંજ શું ? વિનયથી સર્વ ઇષ્ટની પ્રાપ્તિ થાય છે. તેથી ઇષ્ટસુખના અભિલાષી જનોએ અવશ્ય વિનયનું સેવન કરવુંજ જોઇયે. અવિનીત માણસ ધર્મનો અધિકારી નથી જ. કેમકે તે તેથી અસભ્ય વૃત્તિથી કંઇ પણ સદ્ગુણ પેદા કરી શકતો નથી, અને ઉલટો ઠેકાણે ઠેકાણે કલેશનો ભાગી થાય છે.

૧૯ કૃતજ્ઞ પુરૂષ ધર્મગુરૂને તત્ત્વબુદ્ધિથી પરોપકારી જાણીને તેનું બહુમાન કરે છે. તેથી સમ્યગ્ જ્ઞાન દર્શનાદિક સદ્ ગુણોની વૃદ્ધિ થાય છે તેથી કૃતજ્ઞ માણસજ ધર્મરત્નને લાયક છે.

કૃતજ્ઞ માણસ ઉપર સામાન્ય ઉપગાર કર્યો હોય તો તેને પણ તે ભૂલતો નથી તો અસાધારણ ઉપગારને કરનાર ઉપગારીને તો તે ભૂલેજ કેમ? કૃતઘ્ન માણસ ઉપગારીએ કરેલા ઉપગારને વિસરી જઇ તેનો ઉલટો અપવાદ કરવા તત્પર થઈ જાય છે. દૂધ પાઈને ઉછેરેલા સાપની જેમ કૃતઘ્ન નુકસાન કરે છે માટે તે ધર્મને યોગ્ય નથી.

૨૦ ધન્ય કૃત પુન્ય એવો પરહિતકારી પુરૂષ ધર્મનું ખરૂં રહસ્ય સારી રીતે સમજી પ્રાપ્ત કરીને નિસ્પૃહ ચિત્ત છતો પોતાના પૂર્ણ પુરૂષાર્થયોગે અન્ય જનોને પણ સન્માર્ગમાં જોડી દે છે. અર્થાત્ ધર્મનું ખરૂં રહસ્ય જાણનાર અને નિસ્પૃહપણે પોતાનું છતું વીર્ય ફોરવનાર એવા પરહિતકારી પુરૂષોનીજ બલિહારી છે. તેવા ધન્ય પુરૂષો સ્વપરનું હિત વિશેષે સાધી શકે છે. તેવા ભાગ્યશાળી ભવ્યો ધર્મને સારી રીતે દીપાવી શકે છે તેથી તે ધર્મરત્નને અધિક લાયક છે. કેવળ સ્વાર્થ વૃત્તિવાળાથી તેવો સ્વપર ઉપગાર સંભવતો નથી. તેથી નિઃસ્વાર્થ વૃત્તિ રાખવાની ખાસ જરૂર છે. નિઃસ્વાર્થી જનો પરોપકારને પોતાના શુદ્ધ સ્વાર્થથી ભિન્ન સમજતા નથી. અર્થાત્ પરોપકારને પોતાનું ખાસ કર્તવ્ય સમજીને કોઇની પ્રેરણા વિના સ્વભાવિક રીતેજ સેવે છે.

૨૧ લબ્ધ લક્ષ પુરૂષ સકળ ધર્મકાર્યને સુખે સમજી શકે છે અને તે દક્ષ ચંચળ તથા સુખે કેળવી શકાય એવો હોવાથી થોડા વખતમાંજ સર્વ ઉત્તમ કલામાં પારગામી થઇ શકે છે. આવો કાર્ય દક્ષ પુરૂષ ધર્મરત્નને લાયક હોઇ શકે છે. પરંતુ અકુશળ, અશિક્ષણીય અને મંદ પરિણામી તેમજ અતિ પરિણામી જનો ધર્મને લાયક થઈ શકતા નથી. કેમકે તેમની નજર સાપે-

ક્ષપણે સર્વત્ર ફરી વળતી નથી. તેથી તેઓ સત્ય ધર્મથી બાહેર રહ્યા કરે છે; અર્થાત્ ધર્મના ખરા રહસ્યને પામી શકતાજ નથી. માટે ધર્માર્થી જનોએ કાર્યદક્ષ અને કર્તવ્ય પરાયણ થવાની પણ પુરી જરૂર છે. ”

આ પ્રમાણે એ એકવીશ ગુણોનું કંઇક સહેતુક વર્ણન ‘ ધર્મરત્ન પ્રકરણ ’ ગ્રંથને અનુસારે કરવામાં આવ્યું છે. એ ઉપર વર્ણવેલા ગુણો જેમણે સંપ્રાપ્ત કર્યા છે તે ભાગ્યશાળી ભવ્ય જનો ધર્મરત્નને લાયક થાય છે. એ એકવીશ ગુણ સંપૂર્ણ જેમને પ્રાપ્ત થયા છે તે ઉત્કૃષ્ટ રીતે લાયક છે. ચતુર્થ ભાગે ન્યૂન ગુણવાળા ભવ્ય મધ્યમ રીત્યા લાયક છે અને અર્ધા ભાગથી ન્યૂન ગુણવાળા ભવ્યો જઘન્ય ભાંગે લાયક છે. પરંતુ તેથી પણ ન્યૂન ગુણવાળા હોય તેતો દરિદ્રપ્રાય-અયોગ્ય સમજવાના છે. એમ સમજીને સર્વજ્ઞ ભાષિત શુદ્ધ ધર્મના અભિલાષી જનોએ જેમ બને તેમ ઉક્ત ગુણોમાં વિશેષે આદર કરવો યોગ્ય છે. કારણ કે પવિત્ર ચિત્ત પણ શુદ્ધ ભૂમિમાંજ શોભે છે અને ભૂમિ-શુદ્ધિ ઉક્ત ગુણોવડેજ થાય છે.

ઉક્ત ગુણ ભૂષિત ભવ્ય સત્વોએ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ માટે શુદ્ધ સંયમધારી સદ્‌ગુરૂ પાસે શુશ્રુષા પૂર્વક ધર્મનું સ્વરૂપ સાંભળવા અને તેનું મનન કરવા સાથે યથાશકિત તેનું પરિશીલન કરવાને પ્રયત્ન સેવવો જોઇયે. તે ધર્મ મુખ્યપણે બે પ્રકારનો છે. દેશવિરતિ ધર્મ અને સર્વ વિરતિ ધર્મ. દેશવિરતિ ધર્મના અધિકારી ગૃહસ્થ લોક હોઇ શકે છે અને સર્વ વિરતિ ધર્મના અધિકારી સાધુ મુનિરાજ હોઈ શકે છે. સ્થૂલ થકી હિંસા, અસત્ય, અદત્ત, મૈથુનનો ત્યાગ અને પરિગ્રહનું પ્રમાણ કરવારૂપ

પાંચ અણુવ્રત, દિગ્ વિરમણ, ભોગોપભોગ વિરમણ અને અનર્થદંડ વિરમણરૂપ ત્રણ ગુણવ્રત તથા સામાયક, દેશાવગાસિક, પૌષધ અને અતિથિ સંવિભાગરૂપ દ્વાદશવ્રત ગૃહસ્થ (શ્રાવક) ને હોઇ શકે છે. સાધુ મુનિરાજને તો સર્વથા હિંસા, અસત્ય, અદત્ત, અબ્રહ્મ તથા પરિગ્રહના પરિહારથી અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગતારૂપ પાંચ મહાવ્રતો પાળવા સાથે રાત્રીભોજનનો સર્વથા ત્યાગ કરવાનો હોય છે. (વિવેકવંત ગૃહસ્થ પણ રાત્રીભોજનનો ત્યાગજ કરે છે,) તે ઉપરાંત સાધુ મુનિરાજને નીચેની દશ શિક્ષા સંપૂર્ણ રીતે પાળવાની હોય છે અને ગૃહસ્થને બની શકે તેટલા પ્રમાણમાં તે પાળવાની હોય છે.

'ધર્મની દશ શિક્ષા'

૧ ક્ષમા–અપરાધિ જીવોનું અંતઃકરણથી પણ અહિત નહિ ઇચ્છતાં જેમ સ્વપરહિત થઇ શકે તેમ સહનશીલતા પૂર્વક ઉચિત પ્રવૃત્તિ યા નિવૃત્તિ કરવી અને જિનેશ્વર પ્રભુના પવિત્ર વચનનો તેવો મર્મ સમજીને અથવા આત્માનો એવોજ ધર્મ સમજીને સહજ સહનશીલતા ધારવી તે.

૨ મૃદુતા–જાતિમદ, કુળમદ, બળમદ, પ્રજ્ઞામદ, તપમદ, રૂપમદ, લાભમદ અને ઐશ્વર્યમદનું સ્વરૂપ સારી રીતે સમજી તેથી થતી હાનિને વિચારી તે સંબંધી મિથ્યાભિમાન તજીને નમ્રતા યાને લઘુતા ધારણ કરવી. ગુણગણીનો દ્રવ્ય ભાવથી વિનય સાચવવો, તેમની ઉચિત સેવા ચાકરી કરવી તેમનું અપમાન કરવાથી સદંતર દુર રહેવું વિગેરે નમ્રતાના નિયમો ધ્યાનમાં

રાખીને સ્વપરની પરમાર્થથી ઉન્નતિ થાય એવો સતત પ્રયાસ રાખી રહેવું તે.

૩. સરલતા—સર્વ પ્રકારની માયા તજી નિષ્કપટ થઇ રહેણી કહેણી એક સરખી પવિત્ર રાખવી. જેમ મન, વચન અને કાયાની પવિત્રતા સચવાય, અન્ય જનોને સત્યની પ્રતીતિ થાય તેમ પ્રયત્નથી સ્વ ઉપયોગ સાધ્ય રાખીને વ્યવહાર કરવો તે.

૪ સંતોષ—વિષય તૃષ્ણાનો ત્યાગ કરી, તે માટે થતા સંકલ્પ વિકલ્પોને શમાવી દઇ, તુષ્ટ વૃત્તિને ધારણ કરી, સ્થિર ચિત્તથી સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ રત્નત્રયીનું સેવન કરવું તેમજ સર્વ પાપ ઉપાધિથી નિવર્તવું તે.

૫ તપ—મન અને ઇંદ્રિયોના વિકાર દૂર કરવા તેમજ પૂર્વ કર્મનો ક્ષય કરવા સમતા પૂર્વક બાહ્ય અને અભ્યંતર તપનું સેવન કરવું. ઉપવાસ આદિક બાહ્ય તપ સમજીને સમતા પૂર્વક કરવાથી જ્ઞાન ધ્યાન પ્રમુખ અભ્યંતર તપની પુષ્ટિને માટેજ થાય છે. તેથી તે અવશ્ય કરવા યોગ્યજ છે. તપથી આત્મા કંચનના જેવો નિર્મળ થાય છે.

૬ સંયમ—વિષય કષાયાદિક પ્રમાદમાં પ્રવર્તતા આત્માને નિયમમાં રાખવા યમ નિયમનું પાલન કરવું, ઇંદ્રિયોનું દમન કરવું, કષાયનો ત્યાગ કરવો અને મન વચન કાયાને બનતા કાબુમાં રાખવા તે.

૭ સત્ય—સહુને પ્રિય અને હિતકર થાય એવુંજ વચન વિચારીને અવસર ઉચિત બોલવું, જેથી ધર્મને કોઇ રીતે બાધક ન આવે તે.

૮ શૌચ—મન વચન અને કાયાની પવિત્રતા જાળવવાને

બનતો પ્રયત્ન સેવ્યા કરવો. પ્રમાણિકપણેજ વર્તવું, સર્વ જીવને આત્મ સમાન લેખવા. કોઈની સાથે અંશમાં પણ વૈર વિરોધ રાખવો નહિ. સહુને મિત્રવત્ લેખવા, તેમને બનતી સહાય આપવી અને ગુણવંતને દેખી મનમાં પ્રમુદિત થવું, પાપી ઉપર પણ દ્વેષ ન કરવો તે.

૯ નિષ્પરિગ્રહતા—જેથી મૂર્છા ઉત્પન્ન થાય એવી કોઇ પણ વસ્તુનો સંગ્રહ નહિ કરવો. પરિગ્રહને અનર્થકારી જાણી તેનાથી દૂર રહેવું, કમલની પેરે નિર્લેપપણું ધારવું. પરસ્પૃહાને તજી નિસ્પૃહપણું આદરવું.

૧૦ બ્રહ્મચર્ય—નિર્મળ મન વચન અને કાયાથી કિંપાકની જેવા પરિણામે દુઃખદાયક વિષયરસનો ત્યાગ કરી નિર્વિષયપણું યાને નિર્વિકારપણું આદરવું. વિવેક રહિત પશુના જેવી કામક્રીડા તજી સુશીલપણું સેવવું. લજ્જાહીન એવી મૈથુન ક્રીડાનો ત્યાગ કરી આત્મરતિ ધારવી તે. આ દશવિધ ધર્મશિક્ષાનું શુદ્ધ શ્રદ્ધાપૂર્વક સેવન કરવાથી કોઇ પણ જીવનું સહજમાં કલ્યાણ થઇ શકે છે. માટે તેનું યથાવિધ સેવન કરવાની અતિ આવશ્યકતા છે. સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર એજ મોક્ષનો ખરો માર્ગ છે.

॥ अथ परमातम छत्रीशी. ॥

પરમ દેવ પરમાતમા, પરમ જ્યોતિ જગદીસ ॥ પરમભાવ ઉરઆનકે, પ્રણમત હું નીસ દીસ ॥ ૧ ॥ એક જ્યું ચેતન દ્રવ્ય હૈ, તામેં તીન પ્રકાર ॥ બહિરાતમ અંતર કહ્યો, પ-

રમાતમ પદ સાર ॥ ૨ ॥ બહિરાતમ તાકું કહે, લખે ન બ્રહ્મ સ્વરૂપ ॥ મગન રહે પરદ્રવ્ય મેં મિથ્યાવંત અનૂપ ॥ ૩ ॥ અંતર આતમા જીવ સો, સમ્યક્ દૃષ્ટિ હોય ॥ ચોથે અરૂ કુનિ બારમે, ગુણુથાનક લોં સોય ॥ ૪ ॥ પરમાતમ પરબ્રહ્મકોં, પ્રગટ્યો શુદ્ધ સ્વભાવ ॥ લોકાલોક પ્રમાણુ સબ, ઝલકે તિનમેં આય ॥ બાહિર આતમ ભાવ તજ, અંતર આતમા હોય ॥ પરમાતમ પદ ભજતુ હૈ, પરમાતમ વહે સોય ॥ ૬ ॥ પરમાતમ સોઇ આતમા, અવર ન દુજો કોઇ ॥ પરમાતમકું ધ્યાવતે, એહ પરમાતમ હોય ॥ ૭ ॥ પરમાતમ પરબ્રહ્મ હ, પરમ જ્યોતિ જગદીસ ॥ પરસુ ભિન્ન નિહાળીયે, જોઈ અલખ સોઈ ઈસ ॥૮॥ જે પરમાતમ સિદ્ધ મં, સોહિ આતમા માહિં ॥ મોહ મયલ દગ લગી રહ્યો, તામે સૂઝત નાંહિ ॥ ૯ ॥ મોહ મયલ રાગાદિકે, જા છિન કીજે નાસ ॥ તા છિન એહ પરમાતમા, આપહિ લહે પ્રકાસ ॥ ૧૦ ॥ આતમ સો પરમાતમા, પરમાતમ સોઈ સિદ્ધ ॥ વિચકી દુવિધા મીટ ગઇ, પ્રગટ ભઇ નિજ રિદ્ધ ॥૧૧॥ મેંહિ સિદ્ધ પરમાતમા, મેંહિ આતમરામ ॥ મેંહિ ગ્યાતા જ્ઞેયકો, ચેતન મેરો નામ ॥ ૧૨ ॥ મેંહિ અનંત સુખકો ધની, સુખમેં મોહિ સોહાય ॥ અવિનાસી આણુંદમય, સોऽહં ત્રિભુવનરાય ॥ ૧૩ ॥ શુદ્ધ હમારો રૂપહેં, શોભિત સિદ્ધ સમાન ॥ ગુણુ અનંત કરી સંચુત, ચિદાનંદ ભગવાન ॥૧૪॥ જેસો સિવપેં તહિવ[1] વસેં, તેસો યા તનમાંહિ ॥ નિશ્ચય દષ્ટિ નિહારતાં, ફેર રંચ કછું નાંહિ ॥ ૧૫ ॥ કરમનકેં સંજોગતે, ભએ તીન પ્રકાર ॥ એક આતમા દ્રવ્યકું, કરમ નટાવણુ હાર ॥ ૧૬ ॥

૧ જેમ સિદ્ધ ભગવાન સિદ્ધક્ષેત્રમાં બિરાજે છે.

કર્મ સંઘાતેં અનાદિકે, જોર ન કછુ બસાય ॥ પાઇ કલા વિ-વેકકી, રાગ દ્વેષ છિન જાય ॥ ૧૭ ॥ કરમનકી[1] જર રાગ હે, રાગ જરે જર જાય ॥ પરમ હોત પરમાતમા, ભાઇ સુગમ ઉ-પાય ॥ ૧૮ ॥ કાહેકું ભટકત ફીરે, સિદ્ધ હોનકેં કાજ ॥ રાગ દ્વેષકું ત્યાગ દે, ભાઈ સુગમ ઇલાજ ॥ ૧૯ ॥ પરમાતમ પદકો ધનિ, રંક ભયો બિલલાય ॥ રાગ દ્વેષકી પ્રીતિ સૌ, જનમ અકારથ[2] જાય ॥ ૨૦ ॥ રાગ દ્વેષકી પ્રીતિ તુમ, ભુલે કરો જન રંચ ॥ પરમાતમપદ ઢાંકકે, તુમહિ કિયે તિરયંચ ॥ ૨૧ ॥ જપ તપ સંજમ સબ ભલે, રાગ દ્વેષ યો નાહિ ॥ રાગ દ્વેષ જો જાગતે, એ સવ ભયે જ્યું નાહિં ॥ ૨૨ ॥ રાગ દ્વેષકે ના-સતે, પરમાતમ પરકાસ ॥ રાગ દ્વેષકે ભાસતે, પરમાતમ પદ નાસ ॥ ૨૩ ॥ જો પરમાતમ પદ ચહેં, તો તુમ રાગ નિ-વાર ॥ દેખી સંજોગ સ્વામીકો, અપને હિયે વિચાર ॥ ૨૪ ॥ લાખ બાતકી બાત ઈહ, તોકું દેઇ બતાય ॥ જો પરમાતમ પદ ચહે, રાગ દ્વેષ તજ ભાઇ ॥ ૨૫ ॥ રાગ દ્વેષ ત્યાગ વિનુ, પરમાતમ પદ નાહિં ॥ કોટિ કોટિ જપ તપ કરે, સબ અકારથ જાય ॥ ૨૬ ॥ દોષ આતમાકું ઈહિ, રાગ દ્વેષકો સંગ ॥ જેસે પાસ મજીઠમેં, વસ્ત્ર ઔર હિ રંગ ॥ ૨૭ ॥ તેસે આતમ દ્રવ્યકું, રાગ દ્વેષકે પા-સ ॥ કર્મ રંગ લાગત રહે, કસે લહે પ્રકાશ ॥ ૨૮ ॥ ઇણુ કર મનકો જીતવો, કઠીન વાત હે વીર ॥ જર[3] ખોદે વિનું નહિ મિટે, દુષ્ટ જાત બે પીર[4] ॥ ૨૯ ॥ [5] લલ્લોપતો કે કીયો, એ

---

૧ કર્મનું મુળ રાગ છે, રાગ ગયે છતે નિર્મુળ થયે છતે કર્મનો અંત આવવાનો છે અને ત્યારેજ પરમાતમપદ પ્રાપ્ત થવાનું છે. ૨ નિષ્ફળ. ૩ મૂળ. ૪ પીડ, આપદા. ૫ લલોપતો કર્યે, ખેદ માત્ર ધારવાથી કંઇ વળવાનું નથી, તે માટે તો પ્રબળ પુરુષાર્થની જરુર છે.

મિટવે કે નાહિ ॥ ધ્યાન અગની પરકાશકે, હોમ દેહિ તે માંહિ ॥ ૩૦ ॥ જ્યું દારુ કે ગંજકું, નર નહિ શકે ઉઠાય ॥ તનક[1] આગ સંજોગ તે, છિન એકમેં ઉડ જાય ॥ ૩૧ ॥ દેહ સહિત પરમાતમા, એહ અચરીજકી બાત ॥ રાગ દ્વેષકે ત્યાગ તે, કરમ શક્તિ જરી જાત ॥ ૩૨ ॥ પરમાતમ કે ભેદ દ્વય, નિકલ સગલ પરવાન ॥ સુખ અનંતમે એકસે, કહેવે કે દ્વય થાય ॥ ॥ ૩૩ ॥ ભાઇ એહ પરમાતમા, સોહું તુમમેં યાહિ ॥ અપણિ ભક્તિ સંભારકે લિખાબગ દેતાંહિ ॥ ૩૪ ॥ રાગ દ્વેષ કું ત્યાગકે, ધરી પરમાતમ ધ્યાન ॥ યું પાવે સુખ સાસ્વત, ભાઇ એમ કલ્યાન ॥ ૩૫ ॥ પરમાતમ છત્રીસી કો, પઢિયો પ્રીતિ સંભાર ॥ ચિદાનંદ તુમ પ્રતિ લખી આતમ કે ઉદ્ધાર ॥૩૬॥ ઇતિ.

अथ श्री अमृतवेलीनी सज्झाय.

ચેતન જ્ઞાન અજુવાલીયેં, ટાલીયેં મોહ સંતાપરે, ચિત્ત ડમડોલતું વાલીયે, પાલીયેં સહજ ગુણ આપરે ॥ ચે૦ ॥ ૧ ॥ ઉપશમ અમૃત રસ પીજીયેં, કીજીયેં સાધુ ગુણગાનરે, [2]અધમવયણેં નવિ ખીજીયેં, દીજીયેં સજ્જનને માનરે. ॥ ચે૦ ॥ ૨ ॥ ક્રોધ [3]અનુબંધ નવિ રાખીયેં, ભાખીયેં વયણ મુખ સાચરે; સમકિત રત્ન રુચિ જોડીયેં, છોડીયેં કુમતિ મતિ કાચરે ॥ ચે૦ ॥ ૩ ॥ શુદ્ધ પરિણામને કારણેં, ચારનાં શરણ ધરે ચિત્તરે, પ્રથમ તિહાં શરણ અરિહંતનું, જેહ જગદીશ જગ [4]મિ-

---

૧ તણખો અલ્પમાત્ર. ૨ નીચ, ૩ પરંપરા, ૪ મિત્ર,

ત્તરે ॥ ચે૦ ॥ ૪ ॥ જે સમોસરણમાં [1]રાજતાં. ભાંજતાં ભવિક સંદેહરે; ધર્મના વચન વરસે સદા, પુષ્કરાવર્ત્ત જિમ મેહરે ॥ ચે૦ ॥ ॥ ૫ ॥ શરણ બીજું ભજે સિદ્ધનું, જે કરે કર્મ [2]ચક-ચૂરરે; ભોગવે રાજ શિવનગરનું. જ્ઞાન આનંદ ભરપુરરે ॥ ચે૦ ॥ ૬ ॥ સાધુનું શરણ ત્રીજું ધરે, જેહ સાધે શિવ પંથરે; મૂલ ઉત્તર ગુણ જે વર્યા, ભવતર્યા ભાવ [3]નિગ્રંથરે ॥ ચે૦ ॥૭॥ શરણ ચોથું કરે ધર્મનું, જેહમાં [4]વર દયા ભાવરે, જે જે સુખહેતુ જિનવર કહ્યું, પાપજલ તારવા નાવરે ॥ ચે૦ ૮ ॥ ચારનાં શરણ એ પડિવજે, વલી ભજે ભાવના શુદ્ધરે; [5]દુરિત સવિ આપણાં નિંદિયે, જેમ હોયે સંવર વૃદ્ધિરે ॥ચે૦॥૯॥ ઇહભવ પરભવ આચર્યાં, પાપ અધિકરણ મિથ્યાતરે; જેહ જિનાશાત-નાદિક ઘણાં, નિંદિયે તેહ ગુણ ઘાતરે ॥ ચે૦ ॥ ૧૦ ॥ ગુરુ તણાં વચન તે અવગણી, ગુંથિયા આપ મત જાલરે; બહુપરે લોકને ભોલવ્યા, નિંદિયે તેહ જંજાલરે ॥ ચે૦ ॥ ૧૧ ॥ જેહ હિંસા કરી આકરી. જેહ બોલ્યા [6]મૃષાવાદરે, જેહ પરધન હરી હરખીયાં, કીધલો કામ ઉન્માદરે ॥ ચે૦ ॥ ૧૨ ॥ જેહ ધન ધાન્ય મૂર્છા ધરી, સેવિયા ચાર કષાયરે, રાગને દ્વેષને વશ હુઆ, જે કીયો કલહ ઉપાયરે ॥ ચે૦ ॥ ૧૩ ॥ જૂઠ જે આલ પરને દિયાં, જે કર્યાં [7]પિશુનતા પાપરે, રતિ અરતિ નિંદ માયા મૃષા, વલિય મિથ્યાત્વ સંતાપરે ॥ સે૦ ॥ ૧૪ ॥ પાપ જે એહવાં સેવીયાં; તેહ નિંદિયે ત્રીહું કાલરે, સુકૃત અ-નુમોદના કીજિયે, જિમ હોયે કર્મ વિસરાલરે ॥ ચે૦ ॥ ૧૬ ॥

---

૧ શોભતાં, ૨ ક્ષય, ૩ સાધુ, ૪ પ્રધાન, ૫ દુષ્કર્મ. ૬ અસત્ય વચન, ૭ ચાડીયાપણું,

વિશ્વ ઉપગાર જે જીન કરે, સાર જિન નામ સંયોગરે, તે ગુણ તાસ અનુમોદિયે, પુન્ય અનુબંધ શુભ યોગરે ॥ ચે૦ ॥ ૧૬ ॥ સિદ્ધની સિદ્ધતા કર્મના, ક્ષય થકી ઉપની જેહરે, જેહ આચાર આચાર્યનો [1]ચરણ વન સિંચવા મેહરે ॥ ચે૦ ॥ ૧૭ ॥ જેહ [2]ઉવઝાયનો ગુણ ભલો, સૂત્ર સજ્ઝાય પરિણામરે, સાધુની જે વળી સાધુતા, મૂલ ઉત્તર ગુણ ધામરે ॥ ચે૦ ॥ ૧૮ ॥ જેહ વિરતિ દેશ શ્રાવક તણી, જે સમકિત સદાચારરે; સમકિત દ્રષ્ટિ સુરનર તણી, તેહ અનુમોદિયે સારરે ॥ ચે૦ ॥ ૧૯ ॥ અન્યમાં પણ દયાદિક ગુણા, જેહ જિન વચન અનુસારરે, સર્વ તે ચિત્ત અનુમોદિયે, સમકિત બીજ નિરધારરે ॥ ચે૦ ॥ ૨૦ ॥ પાપ નવી તીવ્ર ભાવે કરી, જેહને નવી ભવ રાગરે; ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગરે ॥ ચે૦ ॥ ૨૧ ॥ થોડલો પણ ગુણ પરતણો, સાંભળી હર્ષ મન આણરે, દોષ લવ પણ નિજ દેખતાં, નિજ ગુણ નિજ આતમા જાણરે ॥ ચે૦ ॥ ૨૨ ॥ ઉચિત વ્યવહાર અવલંબને એમ કરી સ્થિર પરિણામરે, ભાવિયે શુદ્ધ નય ભાવના, [3]પાવનાશય તણું ઠામરે ॥ ચે૦ ॥ ૨૩ ॥ દેહ દમન વચન પુદ્ગળ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપરે; અક્ષય અકલંક છે જીવનું; જ્ઞાન આનંદ સ્વરૂપરે ॥ ચે૦ ॥ ૨૪ ॥ કર્મથી કલ્પના ઉપજે પવનથી જેમ જલધિ વેલરે; રૂપ પ્રગટે સહજ આપણું, દેખતાં દ્રષ્ટિ સ્થિર મેલરે ॥ ચે૦ ॥ ૨૫ ॥ ધારતાં ધર્મની ધારણા, મારતાં મોહ વડ ચોરરે; જ્ઞાન રૂચી વેલ વિસ્તારતાં, વારતાં કર્મનું જોરરે ॥ ચે૦ ॥ ૨૬ ॥ રાગ વિષ દોષ ઉતારતાં, જારતાં

૧ ચારિત્ર, ૨ ઉપાધ્યાય. ૩ પવિત્ર ઇરાદો.

દ્વેષ રસ શેષરે; પૂર્વ મુનિ વચન સંભારતાં [1]સારતાં કર્મ નિઃશેષરે ॥ ચે૦ ॥ ૨૭ ॥ દેખીયેં માર્ગ શિવ નગરનો, જે ઉદાસિન પરિણામરે; તેહ અણુછોડતાં ચાલિયેં, પામિયેં જીમ પરમ ધામરે ॥ ચે૦ ॥ ૨૮ ॥ શ્રી નય વિજય ગુરૂ શિષ્યની, શિખડી અમૃતવેલરે; એહ જે ચતુર નર આદરે, તે લહે સુયશ રંગરેલરે ॥ ચે૦ ॥ ૨૯ ॥

॥ ઇતિ શ્રી હિતશિક્ષા સઝાય સમાપ્ત.

---

૧ નાશ કરતા.

समाप्तोऽयं ग्रंथः

श्री जैन हितोपदेश भाग त्रीजो.

मंगलाचरण रूप.

શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત શ્રી મહાવીરજિન સ્તોત્ર સારાંશ.

---

૧. અધ્યાત્મ વેદીને પણ પરાકષ્ટિથી પ્રાપ્ય, વિદ્વાનોને પણ વચન અગોચર અને ચર્મ ચક્ષુને પ્રગટ ન દેખાય એવા શ્રી વર્ધમાન પ્રભુની સ્તુતિ કરવા પ્રયત્ન કરૂં છું.

૨. હે પ્રભુ તારી સ્તુતિ કરવા યોગીજનો પણ અસમર્થ છે; તો મારા જેવાનું તો કહેવુંજ શું ? પરંતુ ગુણાનુરાગ તો તે-ઓની પેરે મારે પણ નિશ્ચળ છે, આવો નિશ્ચય કરીને તારી સ્તુતિ કરતો હું પોતે મૂર્ખ છતાં અપરાધી ઠરતો નથી.

૩. ગંભીર અર્થવાળી શ્રી સિદ્ધસેન સૂરિની રચેલી સ્તુતિયો ક્યાં ! અને આ અણુકેળવાયેલી સ્તુતિ ક્યાં ? તથાપિ હસ્તિ નાયકના પંથે ચાલનારો તેનો બાળ ગતિમાં સ્ખલના પામતો છતો શોચવા યોગ્ય નથી. કેમકે તે સ્વપિતાનાજ પનોતે પગલે ચાલનારો હોવાથી અંતે પિતાની પવિત્ર પદવી પ્રાપ્ત કરી શકેજ છે.

૪. હે જિનેંદ્ર વિવિધ ઉપાયોવડે આપ જે દુષ્ટ દોષોને દૂર કરી નાંખો છો તેજ દોષોને અન્ય તીર્થ નાયકો આપની

અસૂયાવડે જાણે હોય નહિં તેમ સ્વયંસ્વીકારીને સાર્થક (સફળ) કરે છે, તે આશ્ચર્યકારક વાત છે. કેમકે ગમે તેણે પણ દુષ્ટ રાગ દ્વેષાદિક દોષો તો દૂરજ કરવા યોગ્ય છે. છતાં તેમણે તો તેજ દુષ્ટ દોષોનો આગ્રહ પૂર્વક સ્વીકારજ કર્યો લાગે છે, એજ મહા આશ્ચર્યકારક છે.

૫. હે નાથ ? વસ્તુ સ્વરૂપને યથાસ્થિત બતાવતા આપ લગારે આડંબર રચતા નથી. બીજા વાગાડંબરી તો કઇક કપોલ કલ્પિત વાતો લાવીને ખડી કરે છે તેવા મિથ્યાડંબરી–મહા પંડિતોથી સર્યું ?

૬. ક્ષણે ક્ષણે શુભ ધ્યાનના બલથી ત્રણ જગત્‌ને, નિત્ય પ્રતિ અત્યંત અનુગ્રહ કરતા આપ વિદ્યમાન છતાં અન્યજનો આપ વિના નામ માત્ર દયાને દાખવનારા બીજા બુદ્ધાદિક દેવનો શા માટે આશ્રય કરતા હશે ? ખરેખર તે તેઓની શુદ્ધ દેવ તત્ત્વાદિકની ખરી પરીક્ષાની ગંભીર ખામીને લીધેજ થવું સંભવે છે. શુદ્ધ તત્ત્વ પરીક્ષક તો વિવેકના સદ્‌ભાવે સત્ય વસ્તુનો અનાદર કરી શકેજ નહિ.

૭. પોતેજ કુમાર્ગને લવતા છતા અન્ય જનોને પણ એવા દુષ્ટ દોષના ભાગી કરે છે; બીજાને પણ એવીજ ઠગાઇ શીખવે છે; અને સન્માર્ગગામીનો, સન્માર્ગના જાણનો, તથા સન્માર્ગ દર્શકનો, કેવળ ગુણદ્વેષથી અંધ થયેલા સાક્ષાત્ અનાદર કરે છે; એજ ખેદકારક છે.

૮. જો આકાશમાં તગતગતા ખજવા સહસ્ર કીરણવાળા સૂર્યનો પરાભવ કરી શકે, તોજ અન્ય દર્શની જનો આપના

સર્વોત્તમ શાસનનો પરાભવ કરી શકે. સર્વદર્શી એવા આપના સ્યાદ્વાદ શાસનનો કોઇ કયારે પણ પરાભવ કરવા સમર્થ થઇ શકેજ નહિ,

૯ આશ્રય કરવા યોગ્ય અને પવિત્ર એવા આપના શાસનમાં જે શંકા અથવા ગેરવિશ્વાસ કરે છે; તે ખરેખરા સ્વાદિષ્ટ અને સ્વહિતકારી પથ્યમાંજ સંદેહ અને ગેરવિશ્વાસ કરે છે.

૧૦ અમે પરીક્ષા પૂર્વક કહિયે છીએ કે હિંસાદિક અસત્ કર્મનો ઉપદેશ કરવાથી અસર્વજ્ઞ કથિત હોવાથી તથા નિર્દય અને દુર્બુદ્ધિજનોએ આદર કરેલો હોવાથી આપના સિવાયના અન્યના આગમ અપ્રમાણ છે, આ વાત અમે નિષ્પક્ષપાતપણે વિચારીને કહીયે છીએ.

૧૧. હિતોપદેશ કરવાથી, સર્વજ્ઞ પ્રણીત હોવાથી, મોક્ષાભિલાષી ઉત્તમ સાધુજનોએ સ્વીકારેલ હોવાથી, અને પૂર્વાપર અર્થ વિષયે વિરોધ રહિત હોવાથી આપના આગમોજ ઉત્તમ જનોએ આદરવા યોગ્ય પ્રમાણભુત છે. અન્ય અસર્વજ્ઞ કથિત આગમો તેવા પ્રમાણભૂત નહિ હોવાથી મોક્ષાર્થી જનોએ આદરવા યોગ્ય નથી.

૧૨. આપના ચરણમાં સુરેન્દ્રનું લુંઠન અન્ય દર્શની માનો યા ન માનો કિંતુ આપનું યથાવસ્થિત વસ્તુનું કથન તેમનાથી શી રીતે નિષેધી શકાશે? અવિરોધિ વચનનું ઉત્થાપન કરવા કોઇ પણ સમર્થ થઇ શકતુંજ નથી.

૧૩. છતાં જે આ લોકો આપના સર્વોત્તમ શાસનનો અનાદર કરે છે; યાતો તેમાં ગેરવિશ્વાસ ધારે છે; તે દુષમા કાળનો

હોય છે, અથવા તો તે તેમના ખરેખર ઉદય પ્રાપ્ત થયેલા અશુભ કર્મનોજ દોષ છે.

૧૪. હજારો ગમે વર્ષો સુધી તપ કરો, તથા યુગનાયુગ સુધી યોગની ઉપાસના કરો, તોપણ આપના પવિત્ર માર્ગને પકડયા વિના મોક્ષની ઇચ્છા રાખતા છતાં તે બાપડા મોક્ષને પામતા નથી. માટે મોક્ષાર્થી સજ્જનોએ શુદ્ધ તત્ત્વને સમ્યગ્ સમજી તેનોજ આદર કરવો યુક્ત છે. શુદ્ધ તત્ત્વને બરાબર ઓળખીને તેનો પૂર્ણ પ્રેમથી સ્વીકાર કરી તેમાંજ તન્મય થઇ રહેનાર અવશ્ય મોક્ષને પામી શકે છે. આપની પવિત્ર ભક્તિથી ભવ્ય જનોને દિવ્ય ચક્ષુવડે અવિરુદ્ધ માર્ગનું યથાર્થ ભાન તથા પ્રતીતિ થાઓ ! ! તથાસ્તુ.

ज्ञानसार सूत्र रहस्य—प्रस्तावना.

જે સહજ સ્વરૂપ સાધવાને જેવા લક્ષથી જીનેશ્વર દેવે જીન મતાનુયાયી જનોને સ્વ સ્વ યોગ્યતાનુસારે ધર્મ સાધન કરવા ફરમાવ્યું છે, તેનું સંક્ષેપથી પણ નિચોલરૂપે સ્વરૂપ આ ગ્રંથ ઉપરથી બારીકીથી જોતાં સમજાશે. તેથી તત્ત્વગવેષી જનોજ આ ગ્રંથના અધિકારી છે.

આ ગ્રંથમાં જુદા જુદા ૩૨ અગત્યના વિષયો સબલ યુક્તિ પૂર્વક સમજાવવામાં આવ્યા છે. તે તે વિષયોનું મધ્યસ્થતાથી મનન કરતાં કોઇ પણ ભવ્યાત્મા વિષય–કામનાદિકથી વ્યાવૃત્ત થઇ સહેજે નિવૃત્તિ માર્ગે ચઢે એવું તેમાં સામર્થ્ય છે. રાગાદિક અંતરંગ વૈરીમાત્રનો જય કરનાર જિનેશ્વર દેવ આત્મકલ્યાણાર્થીઓને કેવો સન્માર્ગ ઉપદિશે છે, તે આવા ગ્રંથથી સહેજે સમજી શકાય છે, આ ગ્રંથ તત્ત્વજ્ઞાનનો એક નમૂનો છે. યદ્યપિ જૈનદર્શનમાં તત્ત્વજ્ઞાન સંબંધી સેંકડો ગ્રંથો વિદ્યમાન છે, તોપણ તે સર્વેમાં જે કંઇ વકતવ્ય છે, તેનું અત્ર દોહનરૂપે કથન કરેલું છે, એમ ઉકત ગ્રંથના નામ તથા તદ્ અંતર્ગત વિષયો ઉપરથી સમજી શકાય છે. આ વિષયોનું સ્વરૂપ એકાએક તેના સારા સંસ્કાર વિના વાંચવા માત્રથી સમજી શકાય

એમ નથી, માટે તેનું મનન કરવા અને તેમ કરી જરૂર જણાય ત્યાં ગુરૂ ગમ્ય લહી સમજવા દરેક કલ્યાણાર્થિને પ્રથમ ભલામણ છે. નિશ્ચય અને વ્યવહાર એ બંને માર્ગ જિનોપદિષ્ટ છે. વ્યવહાર માર્ગે થઇને નિશ્ચય માર્ગ સાધી શકાય છે. શુદ્ધ જ્ઞાન દર્શન ચારિત્રમાં એકતા પામી-તન્મય થઈ જવું એ નિશ્ચય માર્ગ છે. અથવા વિભાવને વમી-પરસ્પૃહાને તજી સ્વભાવ રમણી થવું, સ્વરૂપસ્થ થઇ રહેવું, તેજ નિશ્ચય માર્ગ છે. તેને પમાડનાર વ્યવહાર માર્ગ છે. તે વ્યવહારની ઉપેક્ષા કરનાર ઉભય ભ્રષ્ટ થાય છે, જે માટે આ ગ્રંથકારજ અન્ય સ્થળે કહે છે કે-

નિશ્ચય દૃષ્ટિ હૃદય ધરીજી, જે પાળે વ્યવહાર ॥
પુન્યવંત તે પામશેજી, ભવ સમુદ્રનો પાર.

॥ મન મોહન જિનજી૦ ॥

આ અપૂર્વ ગ્રંથના આદર પૂર્વક અભ્યાસથી ભવ્યાત્માઓ અક્ષય સુખના અધિકારી થાઓ! એમ ઇચ્છી આ પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું.

લેખક સ્વપર હિતકાંક્ષી,

કર્પૂરવિજયજી.

श्री जैनहितोपदेश भाग ३ जो.

॥ ज्ञानसार सूत्र ॥

रहस्यार्थ साथे.

१ पूर्णता—अष्टक.

ऐंद्र श्री सुख मग्नेन ॥ लीलालग्नमिवाखिलम् ॥
सच्चिदानंदपूर्णेन ॥ पूर्णं जगदवेक्ष्यते ॥ १ ॥
पूर्णता या परोपाधेः ॥ सा याचितक मंडनं ॥
या तु स्वाभाविकी सैव ॥ जात्यरत्न विभानिभा॥२॥
अवास्तवी विकल्पैः स्यात् ॥ पूर्णताब्धे रिवोर्मिभिः ॥
पूर्णानंदस्तु भगवाँ ॥ स्तिमितो दधि सन्निभः ॥३॥
जागर्त्ति ज्ञान दृष्टि श्चेत् ॥ तृष्णा कृष्णाहिऽजांगुली॥
पूर्णानंदस्य तत्किंस्या ॥ दैन्यवृश्चिकवेदना ॥ ४ ॥
पूर्यन्ते येन कृपणा ॥ स्तदुपेक्षैव पूर्णता ॥
पूर्णानंद सुधा स्निग्धा, दृष्टिरेषा मनीषिणाम् ॥ ५ ॥
अपूर्णः पूर्णतामेति, पूर्यमाणस्तु हीयते ॥

पूर्णानंद स्वभावोऽयं ॥ जगदद्भुत दायकः ॥ ६ ॥
परस्वत्व कृतोन्माथा ॥भूनाथा न्यूनते क्षिणः ॥
स्वस्वत्व सुख पूर्णस्य ॥ न्यूनता न हरे रपि ॥ ७ ॥
कृष्णेपक्षे परिक्षीणे ॥ शुक्ले च समुदंचाति ॥
द्योतते सकला ध्यक्षा ॥ पूर्णानन्द विधोः कला ॥८॥

॥ रहस्यार्थ ॥

૧. ઇંદ્રની સાહેબી જેવા સુખમાં મગ્ન થયેલો જીવ જેમ જગત માત્રને સુખમય દેખે છે, તેમ સહજ આત્મસુખથી પૂર્ણ પણ જગત માત્રને પૂર્ણજ દેખે છે; જેમ સંપૂર્ણ સુખી સર્વને સુખમયદેખે છે, તેમ સહજાનંદ પૂર્ણ દૃષ્ટિ પણ સર્વને પૂર્ણજ દેખે છે. અથવા આત્માની સહજ સંપત્તિ સંબંધી સ્વાભાવિક સુખમાં મગ્ન થયેલ શુદ્ધ-જ્ઞાનાનંદી પુરુષ, આ સમસ્ત જગતને ઇંદ્રજાલ તુલ્ય કલ્પિત ક્ષણિક પુદ્ગલિક સુખમાં મગ્ન થઇ રહેલ દેખી, તેથી ઉદાસીન-વિરક્ત થઈ રહે છે. કલ્પિત પુદ્ગલિક પૂર્ણતાનો પરિહાર કરનાર પ્રાણી સહજ આત્મિક પૂર્ણતા પામી શકે છે.

૨. પરઉપાધિવાલી પૂર્ણતા કોઇના યાચી લાવેલા ઘરેણા જેવી છે અને સ્વભાવિક પૂર્ણતા તો જાતિવંત રત્નની કાંતિ જેવી છે. ઉપાધિમય ખોટી માની લીધેલી પૂર્ણતા ચિર સ્થાયિ નહિ હોવાથી ક્ષણિક છે, અને ખરી આત્મિક પૂર્ણતા તો ચિર સ્થાયી હોવાથી અવિહડ છે. પહેલીને પુંઠ દેવાથી બીજી ખરી પૂર્ણતા પામી શકાય છે.

૩, સમુદ્રમાં મોજાની જેમ વિકલ્પ તરંગથી માનેલી પૂર્ણતા ખોટી છે અને તેવા વિકલ્પ રહિત ખરી પૂર્ણતાવાલા સહજાનંદી સત્પુરૂષ તો શાન્ત મહાસાગર જેવા નિશ્ચલ હોય છે. ખોટી પૂર્ણતા તોફાની સમુદ્ર જેવી હાલકલોલવાલી છે તેથી વિશ્વાસ રાખવા યોગ્ય નથી અને ખરી પૂર્ણતા તો શાન્ત મહાસાગર જેવી નિશ્ચલ હોવાથી સર્વદા વિશ્વાસપાત્ર તથા આદરવા યોગ્યજ છે, પૂર્ણ અધિકારીનેજ તે પ્રાપ્ત થાય છે.

૪. તૃષ્ણારૂપી કાલાનાગનું ઝેર કાપવા જાંગુલી મંત્ર જેવી જ્ઞાનદષ્ટી જેને જાગી છે એવા પૂર્ણાનંદી પુરૂષને દીનતારૂપી વીંછીડાની વેદના શા હીસાબમાં છે? ખરી વાત છે કે જેણે તૃષ્ણાને સમૂલગી છેદી નાંખી છે તેને પરની દીનતા કરવાનું કાંઈ પણ પ્રયોજન રહ્યું નથી. તૃષ્ણાના તરંગમાં તણાતાનેજ પરની દીનતા કરવી પડે છે.

૫. કૃપણ લોકો જેનાથી સંતોષ માને છે એવી પુદ્ગલીક વસ્તુઓની ઉપેક્ષા કરવી તેજ સાચી પૂર્ણતા છે. વિવેકી પંડિતની દૃષ્ટિ પૂર્ણ આનંદ અમૃતથી ભરેલી હોય છે. એવા સ્વાભાવિક સુખથી કૃપણ લોકો કેવલ કમનસીબ રહે છે.

૬. ઉપાધિથી રહિત પુરૂષજ સહજ પૂર્ણતા પામે છે, પણ ઉપાધિગ્રસ્ત તો તેથી રહિતજ રહે છે, એવો પૂર્ણાનંદનો સહજ સ્વભાવ જગતને આશ્ચર્યકારક લાગે છે.

૭ પરને પોતાનું માનવારૂપ મોહથી ઉન્મત થએલા પૃથ્વીપતિયો ન્યુનતાનેજ દેખે છે, ગમે તેટલી સંપત્તિથી સંતોષ પામતાજ નથી અને આત્માના સ્વભાવિક જ્ઞાનાદિક ગુણ રત્નોનેજ પોતાના ગણી પૂર્ણ સુખ પામેલા પુર્ણાનંદી પુરૂષ તો

ઇંદ્ર કરતાં કોઈ રીતે ન્યુન નથીજ. પુર્ણાનંદી પુરૂષ સદા સહજાનંદમાં મગ્નજ રહે છે.

૮ જેમ કૃષ્ણપક્ષનો ક્ષય થયે છતે અને શુકલપક્ષનો ઉદય થયે છતે ચંદ્રમાની કલા સર્વ દેખે તેવી રીતે ખીલવા માંડે છે, તેમ સર્વ પુદ્ગલ પરાવર્તનનો અંત થયે છતે અને ચરમ પુદ્ગલ પરાવર્તન માત્ર શેષ રહ્યે છતે અસત્ ક્રિયાના ત્યાગ પૂર્વક સત્ ક્રિયારૂચિ જાગૃત થતાં સહજાનન્દ કલાની અનુક્રમે અભિવૃદ્ધિદ્વારા અંતે પૂર્ણાનંદચંદ્ર પ્રગટે છે,

પૂર્ણાનંદી પુરૂષ ચંદ્રની પેરે સાક્ષાત્ સ્વભાવિક સુખ ચંદ્રિકાને અનુભવી અનેક ભવ્ય ચકોરોને આનંદદાયક થઇ શકે છે. ભવ્ય ચકોરો પૂર્ણાનંદ ચંદ્રના વચનામૃતનું પાન કરી કરીને પુષ્ટ બની આનંદ મગ્ન થઇ જાય છે.

॥ २ ॥ मग्नता—अष्टक. ॥

प्रत्याहृत्येंद्रिय व्यूहं ॥ समाधाय मनो निजम् ।.
दधच्चिन्मात्र विश्रांतिं मग्न इत्यभिधीयते ॥ १ ॥
यस्य ज्ञान सुधासिंधौ, परब्रह्मणि मग्नता ॥
विषयांतर संचार, स्तस्य हालाहलोपमः ॥ २ ॥
स्वभाव सुख मग्नस्य, जगत्तत्त्वावलोकिनः ॥
कर्तृत्वं नान्य भावानां, साक्षित्वमवशिष्यते ॥ ३ ॥
परब्रह्मणि मग्नस्य, श्लथा पौद्गलिकी कथा ॥

कामी चामी करोन्मादाः, स्फारा दारादराः क्व ॥४॥
तेजो लेश्या विवृद्धिर्या, साधोः पर्याय वृद्धितः ॥
भाषिता भगवत्यादौ, सेत्थं भूतस्य युज्यते ॥ ५ ॥
ज्ञान मग्नस्य यच्छर्म, तद्वक्तुं नैव शक्यते ॥
नोपमेयं प्रिया श्लेषै, र्नापि तच्चंदनद्रवैः ॥ ६॥
शमशैत्यपुषो यस्य, विप्रुषोपि महाकथा ॥
किं स्तुमो ज्ञानपीयूषे, तत्र सर्वांगमग्नता ॥ ७ ॥
यस्य दृष्टिः कृपावृष्टि, र्गिरः शमसुधा किरः ॥
तस्मै नमः शुभ ज्ञान, ध्यानमग्नाय योगिने ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. પુદ્ગલાનંદીપણું તજી દઇ પાંચે ઇંદ્રિયો ઉપર કાબુ મેળવી પોતાના મનને સમાધિમાં સ્થાપી કેવલ જ્ઞાનામૃતનુંજ સેવન કરનાર પુરૂષ સ્વભાવમગ્ન થયો કહેવાય છે. જ્યાં સુધી જીવ પોતાના મન તથા ઇંદ્રિયોને પોતેજ વશ છે ત્યાં સુધી તે વિભાવમાં મગ્ન છે. વિભાવનો ત્યાગ કરનાર સ્વભાવને પામી અનુક્રમે તેમાં મગ્ન થઇ શકે છે માટે મન તથા ઇંદ્રિયોને વશ કરવા પ્રમાદરહિત પવિત્ર જ્ઞાનામૃતનુંજ સેવન કરવા અહોનિશ ઉજમાલ થઇ રહેવું યુક્ત છે.

૨ જ્ઞાનામૃતના સાગર એવા પરબ્રહ્મ-પરમાત્મસ્વરૂપમાં

જે મગ્ન થયેલ છે તેને બીજી બાબત હલાહલ ઝેર જેવી લાગે છે. જેણે ક્ષીરસમુદ્રના જલનું પાન કર્યું હોય તેને ખારા જલથી તૃપ્તિ કેમ વળે ? જેણે શાન્તરસનું પાન કર્યું છે તેને વિષયરસ કેમ ગમે ?

૩ સહજાનંદ સુખમાં મગ્ન અને જગત સ્વરૂપને જોનારને પરભાવનું કરવાપણું ઘટતું નથી. તેને તો ફક્ત સર્વભાવમાં સાક્ષીપણુંજ હોવું ઘટે છે. સર્વ પરભાવમાં તટસ્થપણું ત્યજીને કર્ત્તાપણું કરવા જતાં સ્વભાવ હાનિ થાય છે માટે મોક્ષાર્થી જીવને સર્વત્ર કતૃત્વ અભિમાન સર્વથા ત્યજી તટસ્થપણુંજ આદરવું યુક્ત છે.

૪. પરબ્રહ્મમાં મગ્ન થયેલ મહાપુરુષને પુદ્ગલ સંબંધી કથાજ પ્રિય લાગતી નથી. તો અનર્થકારી સુવર્ણાદિક દ્રવ્યનો સંચય કે મનોહર સ્ત્રીયોમાં આસક્તિ તો હોયજ શાની ? સ્વરુપ સુખમાં મગ્ન થયેલને કનક કે કામિની વ્હાલાં લાગતાંજ નથી.

૫. જેમ જેમ દીક્ષાનો પર્યાય વધતો જાય છે તેમ તેમ સાધુ પુરુષને ચિત્તસમાધિમાં વધારો થતોજ જાય છે, એમ ભગવતી સૂત્રાદિકમાં કહ્યું છે. તે આવા સ્વરુપમગ્ન સાધુઓમાંજ ઘટમાન થાય છે. કહ્યું છે કે ૧૨ બાર માસની દીક્ષાવાલા મુનિ અનુત્તર વિમાનવાસી દેવના સુખને ઉલ્લંઘી જાય છે. તે દેવ કરતાં પણ આવા મુનિ અધિક સુખી હોય છે. કારણ કે દીક્ષા વૃદ્ધિથી તેમની લેશ્યાશુદ્ધિ થતી જાય છે. અને નિર્મલ લેશ્યા યોગે ચિત્તની અધિક પ્રસન્નતા હોય છે, તેથી સ્વભાવિક સુખમાં વધારો થતો જાય છે. ૧૨ માસમાં આટલું સુખ થાય છે તો અધિકાધિક દીક્ષા પર્યાયનું તો કહેવુંજ શું ? પ્રબલ શાન્ત

વાહિતાવડે કેવળ નિજસ્વરુપમાં મગ્ન થઇ રહે છે.

૬ જ્ઞાનામૃતમાં મગ્ન થયેલાને જે સુખ સંભવે છે તે મુખથી કહી શકાય તેવું નથી. પ્રિયાનું પ્રેમાલિંગન કે ચંદનનો રસ તેવી શીતલતાનું સુખ આપી શકેજ નહિં. કેમકે પ્રથમનું સુખ સત્ય સ્વભાવિક અને અતીંદ્રિય છે અને પ્રિયાદિકનું ક્ષણિક કૃત્રિમ અને ઇંદ્રિયગોચર હોવાથી વિભાવિક સુખ અને અસત્ય ભ્રમાત્મક છે.

૭. સહજ સ્વાભાવિક શીતલતાને પુષ્ટિ કરનાર જ્ઞાનામૃતના લેશ માત્રનું સુખ અપાર છે. તો તેમાં સર્વાંશે નિમગ્ન થઇ રહેનાર મહાપુરુષના મહિમાનું તો કહેવુંજ શું ?

૮. જેની દૃષ્ટિમાંથી કરુણારસ વર્ષી રહ્યો છે અને જેનાં વચન સમતારુપી અમૃતનું સિંચન કર્યા કરે છે એવા શુભ જ્ઞાન અને ધ્યાનમાં મગ્ન થયેલા મહાપુરુષને નમસ્કાર! જેની દૃષ્ટિમાં કરૂણા ભરેલી છે, તેમજ જેની વાણી અમૃત જેવી મીઠી અને શીતળ છે, તેને નમસ્કાર!

॥ ३ ॥ स्थिरता—अष्टक ॥

वत्स किं चंचलस्वांतो, भ्रांत्वा भ्रांत्वा विषीदसि ॥
निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति ॥ १ ॥
ज्ञान दुग्धं विनश्यते, लोभ विक्षोभ कूर्चकैः ॥
आम्ल द्रव्यादिवाऽस्थैर्या, दिति मत्वा स्थिरो भव॥२॥
अस्थिरे हृदये चित्रा, वाग्नेत्राकार गोपना ॥

पुंश्चल्या इव कल्याण, कारिणी न प्रकीर्तिता ॥ ३ ॥
अंतर्गतं महाशल्य, मस्थैर्यं यदि नोध्धृतम् ॥
क्रियौषधस्य को दोष, स्तदा गुण मयच्छतः ॥ ४ ॥
स्थिरता वाङ्मनः काये, येषा मंगांगितां गता ॥
योगिनः समशीलास्ते, ग्रामेऽरण्ये दिवा निशि ॥ ५ ॥
स्थैर्य रत्न प्रदीपश्चे, द्दीप्रः संकल्पदीपजैः ॥
तद्विकल्पैरलं धूमै, रलं धूमैस्तथाश्रवैः ॥ ५ ॥
उदीरयिष्यसि स्वांता, दस्थैर्यं पवनं यदि ॥
समाधे र्धर्म मेघस्य, घटां विघटयिष्यसि ॥ ७ ॥
चारित्रं स्थिरता रुप, मतः सिद्धेष्वपीष्यते ॥
यतं तां यतयो वश्य, मस्या एव प्रसिद्धये ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. સ્થિરતા આદર્યા વિના સ્વાભાવિક સુખ સંપ્રાપ્ત થતું નથી. સંપૂર્ણ સ્થિરતાના બલેજ સ્વભાવમગ્ન થાય છે અને એવા સ્વરૂપમગ્ન મહાપુરૂષજ પૂર્ણાનંદ પામી શકે છે. તે વિના તો જીવ જ્યાં ત્યાં સુખની ભ્રાંતિથી માત્ર ભમ્યાજ કરે છે માટે ગુરૂમહારાજ શિષ્યને સ્થિરતા આદરવા ઉપદેશ આપે છે કે હે વત્સ! તું અસ્થિર ચિત્તથી અનેક સ્થલે ભટકી ભટકીને શા માટે ખેદ ધારણ કરે છે? ફક્ત સ્થિરતાનું સેવન કરવાથી

તને સર્વ સમૃદ્ધિ તારા ઘટમાંજ દેખાશે. સ્થિરતા વિના અનંત ગુણનિધાન સ્વસમીપે છતાં દેખી શકાતો નથી.

૨. જેમ ખટાશથી દૂધ ફાટી જઈ વિનાશ પામે છે, તેમ અસ્થિરતા યોગે થતા અનેક સંકલ્પ વિકલ્પોથી જ્ઞાન ગુણ ક્ષોભ પામી વિનાશ પામે છે. અને સ્થિરતા યોગે જ્ઞાન ગુણની વૃદ્ધિ થાય છે એમ સમજીને તું સ્થિર થા.

૩. ચિત્ત અસ્થિર છતે કરવામાં આવતી અનેક પ્રકારની ક્રિયા કલ્યાણકારી થતી નથી. જેમ વ્યભિચારિણી સ્ત્રી ચતુરાઇ ભરેલાં વચન બોલે છે અને ઘુંમટો તાણીને ચાલે છે છતાં અવળી ચાલથી તેવી ચેષ્ટા તેણીને હિતકારી નથી. તેમ ચપલ ચિત્તવાળાની પણ વિવિધ ક્રિયા આશ્રયી જાણવું. પતિવ્રતા સ્ત્રીની પવિત્ર આશયવાળી ક્રિયાની પેરે સ્થિરતાવંતની સર્વ ઉચિત ક્રિયા લેખે પડે છે.

૪. જ્યાં સુધી અસ્થિરતારૂપી અંતરનું ભારે શલ્ય ઉદ્ધર્યું નથી ત્યાં સુધી ગમે તેવી ઉત્તમ ક્રિયા પણ યથેષ્ટ ફલ આપી શકશે નહીં. જેમ શરીરની શુદ્ધિ કર્યા બાદ લીધેલું ઔષધ તત્કાલ ગુણ કરી શકે છે, તેમ અસ્થિરતાવાળાના અનુષ્ટાન આશ્રયી પણ સમજવું.

૫. જેમને મન વચન અને કાયાવડે સંપૂર્ણ સ્થિરતા વ્યાપી ગઇ છે તેવા યોગી પુરૂષોને ગામમાં કે વનમાં દિવસમાં કે રાત્રિમાં સમભાવ વર્તે છે. જેમને સર્વાંગે સ્થિરતા થઇ છે તેવા મહાપુરૂષને સર્વત્ર સમપરિણામજ વર્તે છે. ખરૂં કલ્યાણ પણ તેમનુંજ થાય છે.

૬. જો ઘટમાં એક સ્થિરતા પ્રગટે તો અનેક પ્રકારના મલીન સંકલ્પ વિકલ્પ સ્વતઃ ઉપશમે. કેમકે મલીન સંકલ્પ વિકલ્પો અસ્થિર મનમાંજ પ્રભવે છે. જેમ દેદીપ્યમાન રત્નનો દીપક મેહેલમાં પ્રગટયો હોય, તો ધુમાડાવડે મંદિરને શ્યામ કરી નાંખે એવા કૃત્રિમ દીવા કરવાનું પ્રયોજનજ ન રહે, તેમ જો મનમંદિરમાં એક સ્થિરતાગુણ પ્રગટ થાય તો તેમાં અન્યથા ઉઠતા અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પ સ્વયં ઉપશમ પામે અને આત્માની સહજ જ્ઞાનજ્યોતિ સ્થાયીપણે પ્રસરે જેથી સર્વ ભાવને હસ્તામલકની પેરે દેખી શકાય.

૭. હે વત્સ! જો તું સ્થિરતાનો ત્યાગ કરીને અસ્થિરતાની ઉદીરણા કરીશ તો તારી ઘણી મહેનતથી વાધેલી સમાધિ ડોલાઇ જશે. જેમ પ્રબલ પવનના યોગે મેઘઘટા વિખરાઈ જાય છે તેમ સંકલ્પ વિકલ્પ કરવાથી પૂર્વે મહા પરિશ્રમથી પેદા કરેલી સમાધિનો લોપ થઇ જશે. માટે જેમ બને તેમ સર્વ સંકલ્પ વિકલ્પને શમાવિને સ્થિરતા યોગે સમાધિસુખમાંજ મગ્ન રહેવું ઉચિત છે. અસ્થિરતા કરવાથી તો પ્રાપ્ત થયેલી સમાધિનો પણ નાશ થઈ જાય છે.

૮. આત્મગુણમાંજ સ્થિરતા કરવી તેનું નામ ભાવ ચારિત્ર છે. એવું નિશ્ચય ચારિત્ર તો સિદ્ધ ભગવાનમાં પણ વર્તે છે. એટલે કે સિદ્ધ ભગવાને પણ સ્થિરતા–ચારિત્રનો સંપૂર્ણ સ્વીકાર કરેલો છે. એમ સમજીને સ્થિરતાગુણને પ્રગટ કરવા માટે સર્વ મુનિયોએ અવશ્ય ઉદ્યમ કરવો યુક્ત છે. સ્થિરતાગુણ વિનાનું ચારિત્ર પણ નિષ્ફલપ્રાયજ છે.

॥ ४ ॥ निर्मोह—अष्टक ॥

अहंममेति मंत्रोऽयं, मोहस्य जगदान्ध्यकृत् ॥
अयमेवहि नञ् पूर्वः, प्रतिमंत्रोऽपि मोहजित् ॥ १ ॥
शुद्धात्मद्रव्य मेवाऽहं, शुद्ध ज्ञानं गुणो मम ॥
नान्योऽहं न ममान्ये चे, त्यदो मोहास्त्र मुल्वणम्॥२॥
यो न मुह्यति लग्नेषु, भावेष्वौदायिकादिषु ॥
आकाशमिव पंकेन, नासौ पापेन लिप्यते ॥ ३ ॥
पश्यन्नेव परद्रव्य, नाटकं प्रतिपाटकम् ॥
भवचक्र पुरस्थोऽपि, नामूढः परि खिद्यते ॥ ४ ॥
विकल्प चषकै रात्मा, पीत मोहासवो ह्ययम् ॥
भवोच्चताल मुत्ताल, प्रपंच मधितिष्ठति ॥ ५ ॥
निर्मल स्फटिक स्येव, सहजं रूपमात्मनः ॥
अध्यस्तोपाधि संबंधो, जड स्तत्र विमुह्यति ॥ ६ ॥
अनारोप सुखं मोह, त्यागादनुभवन्नपि ॥
आरोप प्रिय लोकेषु, वक्तुमाश्चर्यवान् भवेत् ॥ ७ ॥
यश्चिद्दर्पण विन्यस्त, समस्ताचार चारुधीः ॥
क्व नाम स पर द्रव्ये, ऽनुपयोगि निमुह्यति ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. હું અને મારું એ મોહનો મહામંત્ર છે. તેણે આખા જગતને આંધલું કર્યું છે. પણ જો તેની પૂર્વે એક નકાર જોડયો હોય તો "નહિ હું અને નહિ મારું" એવો પ્રતિમંત્ર થાય છે અને તેથી સામા મોહનોજ પરાજય થાય છે. મોહે પોતાના મંત્રથી જગત માત્રને વશ કરી લીધેલું છે પણ જો સદ્‌ગુરુ કૃપાથી પ્રતિમંત્ર હાથ લાગે તો તેથી સમૂલગો મોહનોજ પરાભવ થઇ શકે છે. માટે મોહનો પરાજય કરવા માટે મોક્ષાર્થીએ તે પ્રતિમંત્રનેજ સેવવો યુક્ત છે. મમતાને મુકીને સમતાને સેવવાથી ઉક્ત મંત્ર સિદ્ધ થઇ શકે છે;

૨. શુદ્ધ આત્મદ્રવ્ય એજ હું છું અને શુદ્ધ જ્ઞાનગુણ એજ મારું સર્વસ્વ છે. પણ આ દેહ એ હું નહિ તેમજ લક્ષ્મી કુટુંબ વિગેરે મારું નથી એવી શુદ્ધ સમજ મોહનો વિનાશ કરવા સમર્થ શસ્ત્રરુપ નીવડે છે.

૩. ગમે તેવા સંયોગોમાં જે સમતા ધારી રાખી મુંઝાતા નથી તે આકાશની જેમ પાપપંકથી લેપાતાજ નથી. સમ વિષમ સંયોગોમાં મુંઝાઇ જે સંકલ્પ વિકલ્પને વશ થઇ આર્ત્તધ્યાનમાં પડી જાય છે તેજ પાપપંકથી લેપાય છે.

૪. સંસારમાં રહ્યા છતાં ઠેકાણે ઠેકાણે સંસારનું નાટક જોઇને જે ખેદ પામતા નથી તેવા મધ્યસ્થ દૃષ્ટિ મોહથી લેપાતા નથી. સંસારમાં સંયોગયોગે પણ જે સમભાવ તજતા નથી અને સર્વત્ર સમાનભાવ રાખે છે એવા સમભાવીને સમતાના બલથી મોહ પરાજીત કરી શકતો નથી.

૫. મોહની પ્રબલતાથી વિવિધ વિકલ્પોને વશ થઇને જીવ દીર્ઘસંસાર પરિભ્રમણ કરે છે. જેમ ઉપરાઉપર દારુના પ્યાલા પીવાથી પરવશ થયેલા જીવ અનેક પ્રકારની કુચેષ્ટા કર્યા કરે છે તેમ મોહના પ્રબલ વેગમાં તણાતા જીવના મહા માઠા હાલ થાય છે માટે સુખના અર્થી જીવે મોહ મદિરાથી દૂર રહેવા સમતાને ધારી સંકલ્પ વિકલ્પોને શમાવી દેવા યત્ન કરવો યુક્ત છે. એમ કરવાથી સહજ સ્વભાવિક નિર્વિકલ્પ શાન્ત સુખની પ્રાપ્તિ થઇ શકે છે. પ્રબલ મોહને પરાધીન થયેલો પ્રાણી સ્વપ્નમાં પણ એવું સુખ પામી શકતો નથી.

૬. આત્માનું સ્વભાવિકરૂપ તો સ્ફટિક રત્ન જેવું નિર્મલ છે. પરંતુ પુગ્ગલના સંબંધથી જીવ જડ જેવો થઇ તેમાં મુંઝાઇ જાય છે. જેમ સ્ફટિક રત્નને રાતું પીલું લીલું કે કાળું ફૂલ લગાડવાથી તે લગાડેલા ફૂલના પ્રસંગથી આખું રત્ન તદ્રૂપજ થઇ જાય છે, તેમ જીવ પણ ઉપાધિ સંબંધથી જડ જેવો બની જાય છે. પુણ્ય પાપ રાગ દ્વેષાદિક જીવને કેવલ ઉપાધિરૂપ છે. જ્યાં સુધી જીવને તેનો સંબંધ રહે છે ત્યાં સુધી તે તેનું શુદ્ધ સ્વરૂપ સંપૂર્ણ રીતે પ્રગટ કરી શકતો જ નથી. પણ તેનો સંપૂર્ણ વિયોગ થયે છતે આત્માનું શુદ્ધ સ્વરૂપ સહજ પ્રગટ થઇ રહે છે.

૭ મોહના ક્ષયથી સહજ આત્મસુખને સાક્ષાત્ અનુભવતાં છતાં પુદ્ગલિક સુખને સાચું મિષ્ટ માનનારા લોકોની પાસે તેનું કથન કરતાં આશ્ચર્ય લાગે છે. કેમકે પુદ્ગલાનંદી જીવને આત્મિક સુખનો સાક્ષાત્ અનુભવ થઇ શકતો નથી. અને સાક્ષાત્ અનુભવ થયા વિના તેની પ્રતીતિ પણ આવી શકતી નથી.

તેથી નિર્મોહી પુરૂષ અધિકાર મુજબજ ઉપદેશ આપે છે.

૮. જે મહાશય શુદ્ધ સમજપૂર્વક સમસ્ત સદાચારને સેવવા ઉજમાલ રહે છે તે પ્રયોજનવિનાના પરભાવમાં શા માટે મુંઝાય? જેમ નિર્મલ આરીસામાં વસ્તુનું યથાર્થ દર્શન થઇ શકે છે તેમ નિર્મલ જ્ઞાનદર્પણયોગે આત્મા સ્વકર્તવ્ય સમ્યગ્ સમજીને તેનું નિરભિમાનતાથી આરાધન કરી શકે છે. નિર્મલ જ્ઞાનવડે સ્વકર્તવ્યનું સ્વરૂપ નિર્ધારીને જે શુભાશય તેનું સેવન કરે છે તે અવશ્ય ફતેહમંદ નીવડે છે.

॥ ५ ॥ ज्ञानाष्टक. ॥

मज्जत्यज्ञ किलाज्ञाने, विष्टायामिव शूकरः ॥
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥ १ ॥
निर्वाण पद मप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः ॥
तदेव ज्ञान मुत्कृष्टं, निर्बंधो नास्ति भूयसा ॥ २ ॥
स्वभाव लाभ संस्कार, कारणं (स्मरणं) ज्ञान मिष्यते॥
ध्यान्ध्यमात्रमतस्त्वन्य, त्तथा चोक्तं महात्मना ॥३॥
वादांश्च प्रतिवादांश्च. वदंतोऽनिश्चितांस्तथा ॥
तत्त्वान्तं नैव गच्छंति, तिलपीलकवद्गतौ ॥ ४ ॥
स्वद्रव्य गुण पर्याय, चर्या वर्या परान्यथा ॥
इति दत्तात्म सतुष्ट, मुष्टि ज्ञानस्थितिर्मुनेः ॥ ५ ॥

अस्तिचेद् ग्रंथिभिद् ज्ञानं, किं चित्रैस्तंत्रयंत्रणैः ॥
प्रदीपाः क्वोपयुज्यन्ते, तमोघ्नी दृष्टिरेवचेत् ॥ ६ ॥
मिथ्यात्वशैलपक्षच्छिद्, ज्ञानदंभोलिशोभितः ॥
निर्भयः शक्रवद्योगी, नंदत्यानंदनंदने ॥ ७ ॥
पीयूषमसमुद्रोत्थं, रसायनमनौषधम् ॥
अनन्या पेक्ष मैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणः ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. નિર્મલ જ્ઞાનવડે વસ્તુતત્ત્વનો નિર્ધાર કરીને જે સદાચારને સેવે છે તેજ મોહનો વિનાશ કરી શકે છે. માટે નિર્મલ જ્ઞાન ગુણ આદરવા શાસ્ત્રકાર આગ્રહપૂર્વક કહે છે. જેમ ભૂંડ વિષ્ટામાં મગ્ન રહે છે તેમ મૂઢ માણસ અજ્ઞાનમાંજ મગ્ન રહે છે પણ જ્ઞાની પુરુષ તો જેમ હંસ માનસ જલમાં મગ્ન રહે છે તેમ નિર્મલ જ્ઞાન ગુણમાંજ મગ્ન રહે છે. જ્ઞાની પુરુષ કદાપિ જ્ઞાનમાં અરતિ ધારતો નથી. અથવા જ્ઞાનજ તેનો ખરો ખોરાક હોવાથી તે તેને અત્યંત આદરથી સેવે છે.

૨. જેનાથી રાગ દ્વેષનો અત્યન્ત ક્ષય થવા પૂર્વક મોક્ષપદની પ્રાપ્તિ થઈ શકે એવા પણ એક પદનો વારંવાર અભ્યાસ કરી તેમાં તન્મય થવું તેજ જ્ઞાન શ્રેષ્ઠ છે. 'મારુષ માતુષ' જેવા એક પદથી પણ કલ્યાણ સાધી શકાય છે. તેવાજ વધારે પદ હોય

તેનું તો કહેવુંજ શું ? પણ ભારભૂત એવા શુષ્ક જ્ઞાનમાત્રથી કંઈ કલ્યાણ નથી.

૩. જેથી સ્વભાવ નિર્મલ થાય એટલે આત્મપરિણતિ સુધરતી જાય એવુંજ જ્ઞાન મેળવવું સારું છે. બાકીનું જ્ઞાન તો કેવલ બોજારૂપ છે એવું શાસ્ત્રકાર કહે છે.

૪. અનિશ્ચિત વાદવિવાદને વદતાં થકાં, જેમ ઘાંચીનો બળદ ગમે તેટલું ચાલે તોપણ તેનો અંત આવતો નથી, તેમ તત્ત્વનો પાર પામી શકાતોજ નથી, સાધ્ય દૃષ્ટિથી ધર્મચર્ચા કરતાં કે નમ્રપણે તત્ત્વકથન કે શ્રવણ કરતાં કેવલ હિતપ્રાપ્તિજ થાય છે. માટે શુષ્ક વાદવિવાદ તજીને કેવલ તત્ત્વખોજના કરવી.

૫. આત્મ દ્રવ્યના ગુણ પર્યાયની પર્યાલોચના કરવીજ શ્રેષ્ઠ છે, બીજી નકામી બાબતમાં વખત ગુમાવવો યુક્ત નથી. એવી સમજપૂર્વક સહજ સંતોષ ધારનાર મુનિ મુષ્ટિજ્ઞાનની સ્થિતિવાલા ગણાય છે. મુષ્ટિજ્ઞાન સંક્ષિપ્ત છતાં સર્વોત્તમ છે, તેથી સર્વ પરભાવથી વિરમી મુનિ સહજસ્વભાવરમણી બને છે.

૬. મિથ્યાત્વને ભેદી સમકિત પ્રાપ્ત કરાવે એવું સમ્યગ્ જ્ઞાન જો પ્રગટ થાય તો તે સારભૂત જ્ઞાન પામી બીજા શાસ્ત્ર પરિશ્રમનું કંઈ પ્રયોજન નથી. જો સ્વાભાવિક દૃષ્ટિથી અંધકાર દૂર થતો હોય તો કૃત્રિમ દીવાનું શું પ્રયોજન છે ? સાચો દીવો જેના ઘટમાંજ પ્રગટયો છે તેને સહજ સ્વાભાવિક પ્રકાશ મલ્યાજ કરે છે તેથી તે મિથ્યાત્વ અંધકારનો વિનાશ કરી આનંદમગ્નજ રહે છે. સારભૂત જ્ઞાન વિના લાખોગમે કલેશકારક-શાસ્ત્ર વિલોડણથી શું વળવાનું ? ચોખી દૃષ્ટિવાલાને એક પણ દીવો બસ છે, અને અંધ દૃષ્ટિને હજારો દીવાથી પણ ઉપકાર થઇ

શકવાનો નથી. સમ્યગ્ જ્ઞાનવાન્ સમ્યગ્ દર્શન યા સમકિત રત્નના પ્રભાવથી દિવ્યદષ્ટિજ કહેવાય છે.

૭. મિથ્યાત્વ શલને છેદવા સમર્થ જ્ઞાનરૂપ વજ્રથી શોભિત મુનિ નિર્ભય છતાં શક્ર ઇંદ્રની પેરે આનંદ નંદનમાં વિચરે છે. રત્નત્રયી મંડિત મુનિ નિર્ભય છતાં સહજાનન્દમાં મસ્ત રહે છે. તેવા યોગી પુરૂષને સંયમમાં અરતિ થવા પામતી નથી.

૮ પ્રાજ્ઞ પુરૂષો કહે છે કે જ્ઞાન, સમુદ્રથી નહિ ઉત્પન્ન થયેલું અભિનવ અમૃત છે. ઔષધ વિનાનું અપૂર્વ રસાયણ છે. અને સર્વથી શ્રેષ્ઠ એવું અનુપમ ઐશ્વર્ય છે. ભાગ્યવંત ભવ્યોજ તેનો લાભ લહી શકે છે. ભાગ્યહીનને તે પ્રાપ્ત થઇ શકતુંજ નથી. સૌભાગી ભમરો તેનો મધુર રસ પીવે છે. અને દુર્ભાગી તેનાથી દૂરજ રહે છે.

॥ ६ ॥ शमाष्टकम् ॥

विकल्प विषयोत्तीर्णः, स्वभावालंबनः सदा ॥
ज्ञानस्य परिपाको यः, सः शमः परिकीर्त्तितः ॥ १ ॥
अनिच्छन् कर्म वैषम्यं, ब्रह्मांशेन समं जगत् ॥
आत्माभेदेन यः पश्ये, दसौ मोक्षंगमी शमी ॥ २ ॥
आरुरुक्षुर्मुनिर्योगं, श्रयेद्बाह्यक्रियामपि ॥
योगारुढः शमादेव, शुद्ध्यत्यंतर्गताक्रियः ॥ ३ ॥

ध्यानवृष्टेर्दया नद्याः, शमपूरे प्रसर्पति ॥
विकारतीरवृक्षाणां, मूलादुन्मूलनं भवेत् ॥ ४
ज्ञानध्यान तपः शील, सम्यक्त्व सहितो ऽप्यहो ॥
तं नाप्नोति गुणं साधु, यं प्राप्नोति शमान्वितः ॥ ५ ॥
स्वयंभूरमणस्पर्द्धि, वर्द्धिष्णु समता रसः ॥
मुनिर्येनोपमीयेत, कोपिनासौ चराचरे ॥ ६ ॥
शमसूक्त सुधासिक्तं, येषां नक्तं दिनं मनः ॥
कदापि ते न दह्यन्ते, रागोरगविषोर्मिभिः ॥ ७ ॥
गर्जद्ज्ञान गजोत्तुंग, रंगद् ध्यान तुरंगमाः ॥
जयन्ति मुनिराजस्य, शमसाम्राज्य संपदः ॥ ८ ॥

॥ रहस्यार्थ

૧ સંકલ્પ વિકલ્પને શમાવી આત્માને સહજ શીતલતા સદા આપનાર એવા શમગુણને સમ્યગ્ જ્ઞાનના ઉત્તમ ફલરૂપે જ્ઞાની પુરૂષોએ વખાણેલ છે. ઉપશમવંત વિવિધ વિકલ્પ જાળથી મુક્ત હોઇ શકે એવા પરિપકવ જ્ઞાનના બલથી સહજ સ્વહિત સાધી શકે છે.

જે શાન્ત આત્મા, કર્મની વિષમતાને નહિ લેખતાં, સર્વ જગજંતુને સહજ સુખ મેલવવા એક સરખી સત્તા હોવાથી,

આત્મ સમાનજ લેખે છે, તે અવશ્ય મોક્ષગામી થાય છે અર્થાત્ જેને સર્વત્ર સમભાવ વ્યાપ્યો છે તે જરુર મોક્ષ સુખ સાધી શકે છે.

૩ યોગારુઢ થવા ઇચ્છનાર સાધુને તો બ્રહ્મ (વ્યવહાર) ક્રિયાની અપેક્ષા રહે છે. પણ યોગારુઢ મુનિ તો અંતરક્રિયાનો આશ્રય કરનાર હોવાથી કેવલ સમગુણથીજ શુદ્ધ થાય છે. પ્રથમ તો યોગની ચપલતા વારવા અને સહજ સ્થિરતા સાધવા આપ્ત પુરુષે ઉપદેશેલી વ્યવહારિક ક્રિયા કરવી પડે છે પણ અનુક્રમે અભ્યાસબલે મન વચન અને કાયાની ચપલતા શાન્ત થયે છતે મુનિને ઉત્તમ ક્ષમાદિક સહજ શુદ્ધક્રિયા યોગે અંતર શુદ્ધિ થઇ શકે છે. તેવી યોગ્યતા પામવા પ્રથમ અભ્યાસ કરી અંતે સહજ ક્ષમાદિક અંતરંગ ક્રિયાથી આત્મશુદ્ધિ સાધવી સુલભ પડે છે. યોગ્યતા વિના કાર્ય સાધવા જતાં અનેક મુશીબતો આવી પડે છે.

૪. ધ્યાનની વૃષ્ટિ થવાથી, શુદ્ધ કરુણારુપી નદી શમપૂરથી એવી તો છલકાઇ જાય છે કે તેના કાંઠે રહેલા વિવિધ વિકાર-વૃક્ષો મૂલથીજ ઘસડાઇ જાય છે, જ્યારે નિર્મલ ધ્યાનામૃતની વૃષ્ટિ થાય છે ત્યારે શુદ્ધ અહિંસક ભાવની એવી તો અભિવૃદ્ધિ થાય છે કે તેના શાન્ત રસના પ્રબલ પ્રવાહથી સર્વ પ્રકારના વિષયવિકારો સમૂલગા ઘસડાઇ જાય છે, તેથી તેના કટુક ફલની ભીતિ રહેતીજ નથી.

૫. જ્ઞાન ધ્યાન તપ શીલ અને સમ્યકત્વ સહિત પણ સાધુ, ઉપશાંત મુનિ જેટલો ગુણ પામી શકે નહિ. સર્વ ગુણમાં ઉપશમગુણ પ્રધાન છે. તેથીજ ઉપશાંતમુનિ સર્વથી વધારે સુખી છે. રાગ દ્વેષાદિક દુષ્ટ દોષોને દૂર કર્યાથીજ સહજ ક્ષમા

ગુણયોગે શમતા આવે છે, જેથી તે શાન્ત આત્મા કોઇ પણ અપરાધીનું અંતરથી પણ અહિત કરવા ઇચ્છતો નથી. એમ તેવા અપરાધી ઉપર પણ કરુણા રસથી બની શકે તેટલો ઉપકાર કરવા ઇચ્છે છે.

૬. સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં અધિક સમતા રસથી ભરેલા મુનિની બરોબરી કરે એવી કોઇ પણ ચીજ દુનીયા ભરમાં દેખાતીજ નથી, સ્વયંભૂરમણમાં પણ પરિમિત જલ છે અને ઉપશાન્ત મુનિમાં તો ક્ષણે ક્ષણે સમતા રસની અભિવૃદ્ધિ થયા જ કરે છે.

૭. જેનું મન સદા સમતા અમૃતથી ભીનુંજ રહે છે, તેને રાગ ભુજંગમનું ઝેર કદાપિ ચઢી શકેજ નહિં. જેના હૃદયમાં સમતારુપી અમૃતની વૃષ્ટી થઇ છે તેને રાગદ્વેષાદિક બાળી શકેજ નહિ. કલુષિત મનવાલામાંજ રાગ દ્વષાદિક દુષ્ટ વિકારો પ્રભવે છે.

૮. ગાજતા જ્ઞાનરુપી હાથીઓ તથા ઉંચા અને નાચતા ધ્યાન રુપી ઘોડાઓવાલી મુનિરાજની શમ સામ્રાજ્યની સંપદા સદા જયવંતિ વર્તે છે, ઉપશાન્ત મુનિરાજને અતિ ઉત્તમ જ્ઞાન અને ધ્યાનરૂપ અનુપમ લક્ષ્મીદ્વારા શ્રેષ્ટ અખંડ સુખ સ્વાધીન થાય છે.

॥ ७ ॥ इंद्रियपराजयाष्टकम् ॥

बिभेषि यदि संसारा, न्मोक्ष प्राप्ति च कांक्षसि ॥
तदेंद्रिय जयं कर्तुं, स्फोरय स्फार पौरुषम् ॥ १ ॥

वृद्धास्तृष्णा जलापूर्णै, रालवालैः किलेंद्रियैः ॥
मूर्च्छामतुच्छां यच्छन्ति, विकार विष पादपाः ॥ २ ॥
सरित् सहस्र दुष्पूर, समुद्रोदर सोदरः ॥
तृप्तिमान्नेंद्रिय ग्रामो, भव तृप्तोऽन्तरात्मना ॥ ३ ॥
आत्मानं विषयैः पाशै, र्भववासपराङ्मुखम् ॥
इंद्रियाणि निबध्नंति, मोह राजस्य किंकराः ॥ ४ ॥
गिरिमृत्स्नां धनं पश्यन्, धावतींद्रिय मोहितः ॥
अनादि निधनं ज्ञानं, धनं पार्श्वे न पश्यति ॥ ५ ॥
पुरः पुरः स्फुरत्तृष्णा, मृगतृष्णानुकारिषु ॥
इंद्रियार्थेषु धावन्ति, त्यक्त्वा ज्ञानामृतं जडाः ॥ ६ ॥
पतंग भृंग मिनेभ, सारंगा यान्ति दुर्दशाम् ॥
एकैकेंद्रिय दोषाच्चे, दुष्टै स्तैः किं न पंचभिः ॥ ७ ॥
विवेकद्विपहर्यक्षः, समाधि धन तस्करैः ॥
इंद्रियैर्नजितोयोऽसौ, धीराणां धुरि गण्यते ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. જો તું સંસારપરિભ્રમણના દુઃખથી ડરતો હોય અને અખંડ એવું મોક્ષસુખ સ્વાધીન કરવા ઈચ્છતો હોય તો

ઇંદ્રિય વર્ગને દમવા પ્રબલ પ્રયત્ન કર. વિવિધ વિષય સુખની વાસના મોક્ષાર્થી જીવને પણ બાધક થાય છે. માટે પ્રથમજ વિવિધ વિષયમાં ભટકતા મન અને ઇંદ્રિયોને દમીને વશ કરવા યુક્ત છે. અન્યથા તેઓને વશ પડિ રહેવાથી ઉદ્ધત ઘોડાની પેઠે તેઓ જરૂર જીવને વિષમ એવા દુર્ગતિના માર્ગમાંજ ખેંચી જાય છે. પણ જો તેમનેજ આગમ યુક્તિથી વશ કરી લેવામાં આવશે તો આત્મા અંતે અખંડ સુખ સાધી શકશે.

૨. તૃષ્ણા-જલથી પરિપૂર્ણ એવા ઇંદ્રિય કયારાથી વૃદ્ધિ પામેલા વિકાર વિષયવૃક્ષો જીવને મહા મૂર્છા ઉપજાવે છે, જેમ જેમ જીવ વિવિધ વિષયને સેવે છે તેમ તેમ તેની તૃષ્ણા સ-તેજ થાય છે, અને અંતે અસંતુષ્ટ રહી આર્ત્તધ્યાન યોગે મ-હાવિકારને તે ભજે છે. એમ સમજી સંતોષને સેવનારા જીવો મન અને ઇંદ્રિયો ઉપર અચ્છો કાબુ મેળવી અંતે અવશ્ય અખંડ સુખ સાધી શકે છે, બાકી કામાન્ધ તો ક્ષણિક સુખ માટે અનંત અને અક્ષય સુખને ગુમાવી અનંત અપાર દુઃખનેજ વ્હોરી લે છે. સંતોષી જીવ સર્વ દુઃખને સહજમાં જલાંજલી દઇ અપાર સુખમાં અવગાહી રહે છે, એમ સમજી સંતોષ ગુણને સે-વવો યુક્ત છે.

૩. જેમ હજારો ગમે નદીઓથી પણ સમુદ્ર પૂરાતો નથી તેમ ગમે તેટલા વિષયસંયોગથી પણ ઇંદ્રિયવર્ગ ધરાતો નથી, જેમ ઇંધનથી આગ ઉલટી વધે છે તેમ અનુકૂલ વિષય રોગે ઉલટી તૃષ્ણા વૃદ્ધિગત થાય છે માટે સહજ સંતોષી થવું યુક્ત છે. જેમ જેમ સંતોષ ગુણ વાધે છે તેમ તેમ સહજ સુખની વૃદ્ધિ થાય છે.

૪. સંસારથી ઉદ્વેગ પામેલા જીવને પણ ઇંદ્રિયો વિષયપાશથી બાંધી લે છે તો સંસારમાં રચ્યા પચ્યા રહેનારનું તો કહેવુંજ શું ? તેવાને તો તે સદા સંતાપ્યાજ કરે છે પણ મોક્ષાર્થી જીવને પણ લાગ મળ્યે છોડતી નથી. કેમકે તે મોહરાજાની ચાકરડીઓજ છે, માટે મોક્ષાર્થીએ તેમનાથી વધારે ચેતતા રહેવું યુક્ત છે.

૫. ઇંદ્રિય સંબંધી વિષયસુખમાં મુંઝાયેલો જીવ ધનને અર્થે ડુંગરની મટોડી જોવે છે પણ આત્મસમીપેજ રહેલું શાસ્વતું જ્ઞાનધન તપાસતો નથી, ખરૂં જોતાં વિષય વિરક્ત જીવનેજ સાચું જ્ઞાનધન હાથ લાગે છે. વિષયાન્ધ જીવને કામ અને અર્થજ પ્રિય હોવાથી તેને ખરી પ્રીતિ વિના તત્ત્વ ધન હાથ લાગતુંજ નથી, માટે અનાદિની વિષયવાસના તજીને સત્ય જ્ઞાનમાં પ્રીતિ ધારવી યુક્ત છે.

૬. અધિકા ડધિક તૃષ્ણાને વધારનાર વિષય સુખમાંજ મુઢ જીવો મગ્ન રહે છે, પણ જ્ઞાનામૃતનો આદર કરી શકતા નથી. ખરૂં છે કે ખાખરાની ખીસકોલી આંબાના રસમાં શું જાણે ? અમૃત સમાન જ્ઞાન તો વિષયસુખથી વિરક્તનેજ પ્રાપ્ત થઇ શકે છે.

૭. એક એક ઇંદ્રિયના દોષથી, પતંગિયા, ભમરા, માંછલાં હાથી તથા હરણ દુર્દશાને પામે છે તો દુષ્ટ એવી પાંચે ઇંદ્રિયોને પરવશ થઈ વર્તનારા મૂઢ જીવોનું તો કહેવુંજ શું ?

૮. વિવેકરૂપ કુંજરને વિદારવા કેશરીસિંહ સમાન તથા સમાધિ ધનને હરવા સાક્ષાત્ ચોર સમાન એવી ઇંદ્રિયોથી

જેઓ જીતાયા નથી તેઓજ ધીર પુરૂષોમાં ધુરંધર છે. જિતેં-
દ્રિય પુરૂષોજ ખરા શુરવીર ગણાય છે.

॥ ८ ॥ त्यागाऽष्टकम् ॥

संयमात्मा श्रये शुद्धो, पयोगं पितरं निजम् ॥
धृतिमंबांच पितरौ, तन्मां विसृजतं ध्रुवम् ॥ १ ॥
युष्माकं संगमोऽनादि, बंधवोऽनियतात्मनाम् ॥
ध्रुवैक रूपान् शीलादि, बंधूनित्यधुनाश्रये ॥ २ ॥
कान्ता मे समतै वैका, ज्ञातयोमे समक्रियाः ॥
बाह्य वर्गमिति त्यक्त्वा, धर्म संन्यासवान् भवेत् ॥३॥
धर्मास्त्याज्याः सुसंगोत्थाः, क्षायोपशमिका अपि ॥
प्राप्य चंदन गंधाभं, धर्म संन्यास मुत्तमम् ॥ ४ ॥
गुरुत्वं स्वस्य नोदेति, शिक्षा सात्म्येन यावता ॥
आत्म तत्त्व प्रकाशेन, तावत् सेव्यो गुरूत्तमः ॥ ५ ॥
ज्ञानाचारादयोपीष्टाः, शुद्ध स्व स्वपदावधि ॥
निर्विकल्पे पुनस्त्यागे, नविकल्पो न वा क्रिया ॥ ६ ॥
योग संन्यासतस्त्यागी, योगानप्यखिलां स्त्यजेत् ॥
इत्येवं निर्गुणं ब्रह्म, परोक्तमुपपद्यते ॥ ७ ॥

वस्तुतस्तु गुणैः पूर्ण, मनंतै र्भासते स्वतः ॥
रूपं त्यक्त्वात्मनः साधोर्निरभ्रस्य विधोरिव ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧, સંયમી આત્મા શુદ્ધ ઉપયોગરુપિ પિતાનો તથા ધૃતિરુપિ માતાનો આશ્રય કરી લૌકિક મનાતા માતાપિતાનો સંગ નિશ્ચય પૂર્વક તજી દેછે. જ્યાં સુધી લૌકિક સંબંધીઓ સાથે સ્નેહ બાંધ્યો રહે છે, ત્યાં સુધી નિર્મલ જ્ઞાન, ધ્યાન તથા સમાધિરુપ આત્મસંયમમાં રતિ પડતી નથી. શુદ્ધ સંયમમાં રંગ લગાડવા માટે અને સહજ આનન્દ લુંટવા માટે લૌકિક સ્નેહ અવશ્ય તજવો યુક્ત છે,

૨. સંયમાર્થી આત્મસ્વાર્થી બાંધવોનો ત્યાગ કરીને શીલ સંતોષ પ્રમુખ પરમાર્થી અને નિશ્ચલ પરિણામવાળા બંધુઓનો આશ્રય કરવા ઉજમાલ રહે છે. જ્યાં સુધી કૃત્રિમ સ્વાર્થી બંધુઓમાં પ્રીતિ છે ત્યાં સુધી સત્ય પરમાર્થી શીલાદિક સદ્ગુણોમાં પ્રીતિ જાગે નહિ. માટે શીલાદિક સત્ય બંધુઓમાં અકૃત્રિમ પ્રેમ જગાવવા અર્થે અનાદિ અવિવેક યોગે લાગેલો સ્વાર્થી લૌકિક બંધુઓ પ્રતિનો કૃત્રિમ રાગ અવશ્ય તજવોજ જોઇએ. કૃત્રિમ રાગનો ત્યાગ કરતાં સહજ સાત્વિક પ્રેમ અવશ્ય જાગવાનો.

૩. સંયમાર્થી પુરુષ સમતારુપી સ્ત્રીનો તથા સાધર્મીરુપી જ્ઞાતિ જનોનોજ આદર કરે છે, પણ બાકીના મતલબીયા લૌકિક સંબંધીઓનો ત્યાગજ કરે છે. લૌકિક સંબંધને વિવેકથી છેદીને આત્મસંયમને સાધવાવાળો ઉત્તમ ત્યાગી કહેવાય છે.

૪. શુદ્ધ ક્ષાયક જ્ઞાનદર્શક ચારિત્રાદિક ગુણો પ્રાપ્ત થયે છતે પૂર્વલા અશુદ્ધ અભ્યાસિક ગુણો ત્યાજ્ય થાય છે, આત્માના શુદ્ધ જ્ઞાનાદિક સદ્ગુણોમાં એવી સહજ અપૂર્વ શીતલતા તથા સુવાસના રહેલી છે કે તેને પામીને આત્મહંસ બીજે કયાંય પણ સ્થીતિ કરતો નથી. ફક્ત તેમાંજ સર્વ સંગ તજીને લયલીન થઇ રહે છે.

૪. આત્માનું સ્વરુપ જેથી સમ્યગ્ સમજી શકાય એવા તત્ત્વજ્ઞાનના પ્રકાશવડે સ્વયં આત્માને શિક્ષા આપી સુધારી શકે તેવું ગુરુત્વ પોતાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ઉત્તમ ગુરુનું શરણ અવશ્ય આદરવું યુક્ત છે, સ્વ કલ્યાણ સાધવાનો સંપૂર્ણ અધિકાર પ્રાપ્ત થયા બાદ ગુરુની આજ્ઞાથી એકલા વિચરવામાં પણ હિત છે, પરંતુ તેવી યોગ્યતા પામ્યા પહેલાં સ્વચ્છંદતાથી એકલા વિચરતાં તો કેવળ અહિતજ છે.

૬. જ્યાં સુધી સદાચારની સંપૂર્ણ શુદ્ધતા સિદ્ધ થાય નહિ ત્યાં સુધી જ્ઞાનાચાર આદિ સકલ આચાર અવશ્ય સેવ્ય છે, પણ જ્યારે અસંગ યોગની પ્રાપ્તિ થશે ત્યારે કોઇ વિકલ્પ પણ રહેશે નહિં, તેમજ ક્રિયા કરવાની ચિંતા પણ રહેશે નહિં, પ્રથમ મનની સ્થિરતા માટે સદા આચાર પાલવાની જરુર છે. આચારની શુદ્ધિથી મનની શુદ્ધિ વિશેષે થાય છે, અને અંતે નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ થયે છતે સર્વ વિકલ્પ તથા ક્રિયા સ્વતઃ ઉપશમે છે. પરંતુ પરિપૂર્ણ યોગ્યતા–અધિકાર પ્રાપ્ત કર્યા પહેલાં આપમતિથી જેઓ સદાચારનો અનાદર કરેછે, તેઓ ઉભય ભ્રષ્ટ થઇ અંતે ભારે પશ્ચાતાપના ભાગી થાય છે, માટે પ્રથમ આચાર શુદ્ધિદ્વારા મન શુદ્ધિ કરી તે વડે અનુક્રમે વચન અને

કાય શુદ્ધિ પ્રાપ્ત કરવા પ્રયત્ન સેવવો; ત્રિવિધ શુદ્ધિથી સહજ સમાધિ સિદ્ધ થતાં અનુક્રમે વિવિધ વિકલ્પો તથા ક્રિયાઓનો અંત આવશે એ વાત ખાત્રીપૂર્વક માનવી.

૭. ત્યાગી-સંયમી સિદ્ધ યોગી થઇને સમસ્ત યોગ-વ્યાપારનો ત્યાગ કરે છે અને સંપૂર્ણ વિવેક યોગે નિર્ગુણ બ્રહ્મ-પરમાત્મ પદને પ્રાપ્ત કરે છે. એ ત્યાગનુંજ મહાત્મ્ય છે.

૮, સંપૂર્ણ ત્યાગી-સંયમી સાધુ નિર્મલ ચંદ્રની પેરે વસ્તુતઃ અનંત ગુણ જ્યોતિથી સ્વતઃ પ્રકાશે છે. સંપૂર્ણ વિભાવ ત્યાગથી પૂર્ણ વિવેકયોગે નિર્મલ આત્મસ્વભાવ સ્વતઃ પ્રગટે છે.

॥ ९ ॥ क्रियाष्टकम् ॥

ज्ञानी क्रियापरः शान्तो, भावितात्मा जितेंद्रियः ॥
स्वयं तीर्णो भवांभोधेः, परं तारयितुं क्षमः ॥ १ ॥
क्रियाविरहितम् हंत, ज्ञानमात्रमनर्थकम् ॥
गतिंविना पथिज्ञोऽपि, नाप्नोति पुरमीप्सितम् ॥ २ ॥
स्वानुकूलां क्रियां काले, ज्ञान पूर्णोप्यपेक्षते ॥
प्रदीपः स्वप्रकाशोऽपि, तैल पूर्त्यादिकं यथा ॥ ३ ॥
बाह्यभावं पुरस्कृत्य, ये क्रियां व्यवहारतः ॥
वदने कवलक्षेपं, विना ते तृप्तिकांक्षिणः ॥ ४ ॥
गुणवद् बहुमानादे, र्नित्य स्मृत्याच सत्क्रिया ॥

जातं न पातयेद्भाव, म जातं जनयेदपि ॥ ५ ॥
क्षायोपशमिके भावे, याक्रिया क्रियते तया ॥
पतितस्यापि तद्भाव, प्रवृद्धि र्जायते पुनः ॥ ६ ॥
गुण वृद्ध्यैततः कुर्यात्, क्रियामस्खलनाय वा ॥
एकं तु संयमस्थानं, जिनानामवतिष्ठते ॥ ७ ॥
वचोनुष्ठानतोसंग, क्रियासंगतिमंगति ॥
सेयं ज्ञानक्रियाभेद, भूमिरानंदपिच्छला ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. સમ્યગ્ જ્ઞાન અને ક્રિયાને સેવનાર શાન્ત અને ભાવિત આત્મા જિતેંદ્રિય થઇ આ ભયંકર ભવોદધિથી પોતે તર્યા છતાં અન્યને પણ તારવા સમર્થ થાય છે. ઉપર બતાવેલા સદ્ગુણો વિનાનો બાહ્યાડંબરી સ્વપરને તારવા શક્તિવાન્ નથી.

૨. ક્રિયા આચરણ વિનાનું કેવળ શુષ્કજ્ઞાન નિષ્ફલ છે, અને સદાચરણ યુક્ત સર્વ જ્ઞાન સફલ છે. કેમકે માર્ગનો જાણ છતાં પણ ગમનક્રિયા વિના ઇચ્છિત સ્થાને પ્હોચી શકતો નથી. અને ગમનક્રિયા યોગે સુખે સમાધિથી ઇષ્ટ સ્થાને પ્હોચી શકે છે. એમ નિર્ધારીને મ્હોટી મ્હોટી વાતો કરીને નહિ વિરમતાં સાક્ષાત્ ક્રિયારુચિ થવું.

૩. જેમ દીવો સ્વપ્રકાશક છતાં તેલવાટ વિગેરેની અપેક્ષા રાખે છે તેમ સંપૂર્ણ જ્ઞાનીને પણ કાલે કાલે આત્મ અનુકૂલ

ક્રિયા કરવી પડે છે, જેમ તેલવાટ વિગેરે અનુકુલ સાધન વિના દીવો બલી શકતો નથી; ફક્ત તેલવાટ વિગેરે પ્હોંચે ત્યાં સુધીજ દીવો બલી પછી ઓલવાઇ જાય છે, તેમ જ્ઞાનીને પણ અનુકુલ ક્રિયા કર્યા વિના ચાલતું નથી. જેમ જલનો રસ જલથી ન્યારો રહેતોજ નથી તેમ સત્યપરમાર્થિક જ્ઞાન પણ તદનુકુલ ક્રિયા વિનાનું હોતુંજ નથી. સંપૂર્ણ જ્ઞાની પણ સ્વાનુકુલ ક્રિયા કરેજ છે, તો સંપૂર્ણ જ્ઞાની થવા ઇચ્છતા એવા અલ્પજ્ઞાનીનું તો કહેવુંજ શું ?

૪. ક્રિયા કરવી તે તો બાહ્ય ભાવ છે એમ કહીને જેઓ સત્ય વ્યવહારનો નિષેધ કરે છે, તેઓ મુખમાં કોળીયો નાંખ્યા વિનાજ તૃપ્તિને ઇચ્છવા જેવું કરે છે. જેમ જમ્યા વિના ક્ષુધા શાન્ત થતી નથી. તેમ સત્ય વ્યવહાર સેવન વિના શુદ્ધ નિશ્ચય માર્ગ પણ મલીશકતો નથી. માટે શુદ્ધ નિશ્ચયાર્થીને વ્યવહારનો અનાદર કરવો યુક્ત નથી. પણ શુદ્ધ માર્ગ માટે સત્ય વ્યવહારનું વિશેષે સેવન કરવું ઘટે છે.

૫. ગુણવંતનું બહુમાન બની શકે તેટલું કરવા પૂર્વક તેનું નિત્ય સ્મરણ કરવા પ્રમુખ સત્ ક્રિયાથી ઉત્પન્ન થયેલા ભાવને ટકાવી રાખવા સાથે નવા ભાવને પણ પેદા કરવાનું બની આવે છે. માટે ગુણના અર્થીએ હમેશાં સત્ક્રિયાનું આલંબન લીધાજ કરવું.

૬. પ્રથમ અભ્યાસરુપે જે સત્ ક્રિયા કરવામાં આવે છે તેથી એવો સંસ્કાર જામી જાય છે કે તે ક્રિયા અંતે શુદ્ધ અને અસંગપણે થયા કરે છે. તેમજ કવચિત્ દૈવવશાત્ પતિત થયેલાને પણ પૂર્વલા ભાવની પ્રાપ્તિ થઇ આવે છે, પરંતુ જેઓ

પ્રમાદને પરાધીન પડ્યા છતાં સત્ ક્રિયાનું સેવનજ કરતા નથી તેવા મંદભાગીને તો ગુણમાં આગળ વધવાનું સાધનજ મલી શકતું નથી.

૭. માટે સદ્‌ગુણોની વૃદ્ધિ માટે તેમજ પ્રાપ્ત થયેલા સદ્‌ગુણોથી ભ્રષ્ટ નહિ થવા માટે સદા સત્ ક્રિયા સેવ્યાજ કરવી યુક્ત છે. એવા શુભ અભ્યાસ :વીતરાગ દશા પ્રાપ્ત થતાં સુધી સેવવા યોગ્ય છે. સમસ્ત મોહનો ક્ષય થવા પામે ત્યાં સુધી એવા શુભ અભ્યાસમાં પ્રમાદ કરવો અયુક્ત છે. પ્રમાદ સેવનથી તો ઉલટો અનર્થ પેદા થાય છે. માટે પરમાત્મ દશા પ્રાપ્ત થતાં સુધી અપ્રમત્ત ભાવજ આદરવા યોગ્ય છે. વીતરાગ દશા પ્રાપ્ત થયા પછી પતીત થવાનો લગારે ભય નથી. વીતરાગ દશા તો કાયમ એક સરખીજ હોય છે. વીતરાગ દશામાં કોઇ પણ ક્રિયા કરવા સંબંધી વિકલ્પજ હોતો નથી.

૮. વીતરાગ વચનાનુસારે વર્તન કરતાં અંતે અસંગ વૃત્તિ પ્રાપ્ત થાય છે. તે જ્ઞાન અને ક્રિયાની અભેદ ભૂમી-એકતા અમંદ આનંદથી ભરેલી હોય છે. તથાસ્તુ.

॥ १० ॥ तृप्त्यष्टकम् ॥

पीत्वा ज्ञानामृतं भुक्त्वा, क्रियां सुरलता फलम् ॥
साम्य ताम्बूल मास्वाद्य, तृप्तिं याति परां मुनिः ॥ १ ॥
स्वगुणैरेव तृप्तिश्चे, दाकालमविनश्वरी ॥
ज्ञानिनो विषयैः किं तै, र्यैर्भवेत्तृप्तिरित्वरी ॥ २ ॥

या शान्तैकरसा स्वादा, द्भवेत्तृप्तिरतींद्रिया ॥
सा न जिह्वेंद्रियद्वारा, षड्रसास्वादनादपि ॥ ३ ॥
संसारे स्वप्नवन्मिथ्यां, तृप्तिः स्यादाभिमानिकी ॥
तथ्या तु भ्रांति शून्यस्य, सात्म वीर्य विपाककृत् ॥४॥
पुद्गलैः पुद्गलास्तृप्तिं, यान्त्यात्मा पुनरात्मना ॥
परतृप्ति समारोपो, ज्ञानिनस्तन्न युज्यते ॥ ५ ॥
मधुराज्य महाशाका, ग्राह्ये बाह्येच गोरसात् ॥
परब्रह्मणि तृप्ति र्या, जनास्तां जानतेऽपि न ॥ ६ ॥
विषयोर्मिविषोद्गारः स्यादतृप्तस्य पुद्गलैः ॥
ज्ञान तृप्तस्य तु ध्यान, सुधोद्गार परंपरा ॥ ७ ॥
सुखिनो विषयातृप्ता, नेंद्रोपेंद्रादयोऽप्यहो ॥
भिक्षुरेकः सुखी लोकं, ज्ञानतृप्तो निरंजनः ॥ ८ ॥

॥ रहस्यार्थ

૧. જ્ઞાનામૃતનું પાન કરીને તથા ક્રિયા કલ્પલતાનાં ફલ ખાઇને તથા સમતારૂપી તામ્બૂલ ચાવીને મુનિ શ્રેષ્ઠ તૃપ્તિને પામે છે. સમતાયુક્ત જ્ઞાન અને ક્રિયા વડે ખરી તૃપ્તિ સાધી શકાય છે તે વિનાની પૌદ્ગલિક તૃપ્તિ કલ્પિત માત્ર છે.

૨. સ્વગુણો વડેજ અક્ષય અને અખંડ તૃપ્તિ થતી હોય

તો ક્ષણિક તૃપ્તિ કરનારા વિષયોનું જ્ઞાનીને શું પ્રયોજન છે ! સદ્‌ગુણ સેવનથી સાક્ષાત્ આત્મ તૃપ્તિને અનુભવનારા જ્ઞાની પુરૂષો વિષમ એવા વિષય સુખનો આદર કરતા નથી.

૩. એકજ શાન્ત રસનો આસ્વાદ કરવાથી જે સહજ અતીંદ્રિય સુખ પ્રાપ્ત થાય છે, તે રસનાવડે[૧] ષટરસનો આસ્વાદ લેવાથી પણ મલી શકતું નથી. એમ સમજી સકળ ઇંદ્રિય જન્ય તુચ્છ વિષય રસનો ત્યાગ કરીને એક શાન્ત વૈરાગ્ય રસનોજ આસ્વાદ કરી અપૂર્વ અને અતીંદ્રિય સુખનો સાક્ષાત્ અનુભવ કરવો યુકત છે. કેવલ વિષયાસકત વિવેક વિકલને એવું અપૂર્વ સુખ મલી શકે નહિં.

૪. સંસારમાં મુગ્ધ લોકોએ માની લીધેલી વિષય તૃપ્તિ સ્વપ્નની જેવી મિથ્યા છે, અને આત્માની સહજ શકિતને ઉત્તેજિત કરનારી જ્ઞાનીએ આદરેલી તૃપ્તિજ સાચી અને સેવવા યોગ્ય છે. માટે ક્ષણિક તૃપ્તિને તજીને અક્ષય તૃપ્તિ માટેજ યત્ન કરવો.

૫. પુદ્‌ગલો વડે પુદ્‌ગલ તૃપ્તિને પામે છે અને જ્ઞાનાદિક આત્મ ગુણો વડે આત્મા તૃપ્તિ પામે છે. માટે પુદ્‌ગલિક તૃપ્તિને સાચી તૃપ્તિ માનવી એ જ્ઞાની વિવેકીનું કર્તવ્ય નથી. ખોટી અને ક્ષણિક પુદ્‌ગલિક તૃપ્તિનો અનાદર કરીને સત્ય અને શાસ્વતી સહજ તૃપ્તિનોજ સ્વીકાર કરનાર ખરો જ્ઞાની વિવેકી હોવો ઘટે છે. બાકી મોટી મોટી વાતો કરીને વિરમી રહી, પુદ્‌ગલિક સુખમાં રચ્યા પચ્યા રહેનારા ખરા જ્ઞાની હોવા ઘટતા નથી.

૧. જિહ્વા, જીભ.

૬. પુદ્ગલિક સુખના આશી વડે અગ્રાહ્ય તથા અવાચ્ય એવા પરબ્રહ્મમાં જે તૃપ્તિ રહેલી છે તે વિષયરસના આશીજનો જાણી પણ શકતા નથી. પુદ્ગલિક સુખના રસીયા તો વિવિધ વિષય રસમાંજ સાર સુખ સમજી નિત્ય રચ્યા પચ્યાજ રહે છે. સિદ્ધ પરમાત્મદશામાં કેવું અને કેટલું સુખ રહેલું છે, તેનો તેમને સ્વપ્નમાં પણ ખ્યાલ નથી.

૭. સત્ય સંતોષ રહિત–અસંતોષીને પુદ્ગલો વડે વિવિધ વિષયમય વિષનાજ ઉદ્ગાર આવે છે. અને સત્યજ્ઞાન–સંતોષીને તો ઉત્તમ એવા ધ્યાનામૃતનાજ ઉદ્ગારની પરંપરા આવે છે. જીવ જેવો આહાર કરે છે તેવોજ તેને ઓડકાર આવે છે. નિરંતર પુદ્ગલિક સુખમાંજ રચ્યા પચ્યા રહેનારાને વિષયવાસનાનીજ પ્રબલતાથી તેનાજ ઝેરી ઉદ્ગાર આવે છે, અને તત્ત્વ જ્ઞાનમાંજ તૃપ્તિ માની મગ્ન રહેનારા મહા પુરુષને તો નિર્મળ ધ્યાનામૃતનાજ ઉત્તમ ઓડકાર આવ્યા કરે છે. એમ નિર્ધારીને સર્વ પ્રકારની વિષય આશા તજીને તત્ત્વજ્ઞાનમાંજ પ્રીતિ જગાવવી, જેથી શુદ્ધ ચૈતન્યની જાગૃતિથી અનુપમ ધ્યાનામૃતની વૃષ્ટિ થશે અને અનાદિ અવિવેકજન્ય વિષમતાપની ઉપશાંતિથી સહજ શીતલતા છવાયે જશે. પરંતુ યાદ રાખવું કે આ સર્વ વિવિધ વિષયપાસ છેદવાથી બની શકશે.

૮. વિષય સુખથી તૃપ્તિ નહિ પામેલા–અસંતુષ્ટ એવા ઇંદ્ર ઉપેંદ્રાદિક પણ તત્ત્વતઃ સુખી નથી. કિંતુ તત્ત્વજ્ઞાનથી તૃપ્ત કર્મકલંક મુકત એવા એક મુનિજ લોકમાં સુખીયા છે. વિષયતૃષ્ણાને તોડીને સહજ સંતોષ ધારવામાંજ ખરું સુખ સમાયલું છે.

॥ ११ ॥ निर्लेपाष्टकम् ॥

संसारे निवसन् स्वार्थ, सज्जः कज्जलवेष्मनि ॥
लिप्यते निखिलो लोको, ज्ञान सिद्धो न लिप्यते ॥१॥
नाहं पुद्गल भावानां, कर्ता कारयिता च न ॥
नानुमंतापि चेत्यात्म, ज्ञानवान् लिप्यते कथम् ॥ २ ॥
लिप्यते पुद्गलस्कंधो न लिप्ये पुदगलैरहम् ॥
चित्रव्योमांजनेनेव, ध्यायन्निति न लिप्यते ॥ ३ ॥
लिप्तता ज्ञानसंपात, प्रतिघाताय केवलम् ॥
निर्लेपज्ञानमग्नस्य, क्रिया सर्वोपयुज्यते ॥ ४ ॥
तपः श्रुतादिनामत्तः क्रियावानपि लिप्यते ॥
भावना ज्ञान संपन्नो, निष्क्रियोऽपि न लिप्यते॥५॥
अलिप्तो निश्चयेनात्मा, लिप्तश्च व्यवहारतः ॥
शुद्धयत्यलिप्तया ज्ञानी, क्रियावान् लिप्तयादृशा ॥ ३ ॥
ज्ञान क्रीया समावेशः, सहैवोन्मीलने द्वयोः ॥
भूमिका भेदतस्त्वत्र, भवेदेकैक मुख्यता ॥ ७ ॥
सज्ञानं यदनुष्ठानं, न लिप्तं दोष पंकतः ॥
शुद्ध बुद्ध स्वभावाय, तस्मै भगवते नमः ॥

॥ ॥ रहस्यार्थ ॥

૧. સંસારમાં વસતા અને સ્વાર્થ સાધવામાંજ તત્પર એવા સર્વ કોઈ પ્રાણી કર્મથી લેપાય છે. અથવા કાજલની કોટડીમાં રહેતાં કોણ કોરો રહીજ શકે? ફકત જ્ઞાન સિદ્ધ પુરુષજ નિર્લેપ રહી શકે છે. તત્ત્વજ્ઞાની અને વિવેકી મહાત્માજ માત્ર કોરો રહી કર્મ અંજનથી મુકત થઈ શકે છે. એવા સત્પુરુષોને સંસારના કોઇપણ પદાર્થમાં આસકિત હોતી નથી, અને અંતર આસકિત વિના રાગદ્વેષાદિકના અભાવે કર્મ બંધ પણ થઇ શકતો નથી

૨. હું પરભાવને કરું નહિ, કરાવું નહિં તેમજ અનુમોદું નહિં, વિભાવમાં રમવાનો મારો ધર્મજ નથી. મને સ્વભાવમાંજ રહેવું યુકત છે. આ પ્રમાણે અંતરમાં સમજનાર આત્મજ્ઞાની કર્મ અંજનથી કેમ લેપાય? જે વિભાવથી વિરમીને કેવલ સ્વભાવરમણી થાય છે, તેજ ખરો આત્મજ્ઞાની છે અને તેવા આત્મજ્ઞાનીજ સકલ કર્મકલંકથી સર્વથા મુકત થઈ અંતે પરમપદને પ્રાપ્ત થાય છે.

૩. ફકત પુદ્ગલજ પુદ્ગલથી લેપાય છે. પણ ચેતન પુદ્ગલથી લેપાતો નથી. જેમ આકાશ અંજનથી લેપાતુંજ નથી તેમ આત્મા પણ કર્મ અંજનથી લેપાતો નથી. એવા સમ્યગ્ વિચાર પૂર્વક વિવેક સેવનારો સત્પુરુષ કદાપિ કિલષ્ટ કર્મનો ભાગી થતોજ નથી. પરંતુ જે અનાદિ અવિદ્યા યોગે મોહને વશ થઈ જડવત્ બની પુદ્ગલમાંજ આનંદ માની બેસે છે તેવો પુદ્ગલાનંદી તો મોહ માયાના પાશમાં પડી જરુર કિલષ્ટ કર્મ બંધનનોજભાગી થાયછે.

૪. નિર્લેપ દૃષ્ટિ એવા સત્પુરુષની સકલ સાપેક્ષ ક્રિયા વિ-

ભાવમાં જતા ઉપયોગને વારવા માટે હોય છે. સાધ્ય દૃષ્ટિવાળાની સકલ ક્રિયા સાપેક્ષ–સહેતુકજ હોય છે, તેથી આત્માનંદી પુરુષ જે જે ક્રિયા કરે છે તેનો હેતુ પુદ્ગલમાં જતી દૃષ્ટિને રોકવા અને સ્વભાવરમણી થવા માટેજ હોય છે. જ્યાં સુધી સંપૂર્ણ સ્વભાવરમણી ન થવાય ત્યાં સુધી તેવો સંપૂર્ણ અધિકાર પામવા અને બાધકભૂત વિભાવ ઉપયોગને વારવા સ્વાનુકુલ ક્રિયા કરવાની ખાસ જરુર પડે છે.

૫. તપ અને જ્ઞાન વિગેરેનો મદ કરનારો ગમે તેવી આકરી કષ્ટકરણી કરતો હોય તોપણ કર્મથી લેપાય છે. અને નિર્મલ ભાવથી જેનું અંતઃકરણ ભરેલું હોય તે કદાચ તેવી આકરી કરણી કરી શકતો ન હોય તોપણ કર્મથી લેપાતો નથી. એમ સમજીને શાણા માણસોએ કર્તૃત્વ અભિમાન તજવું યુકત છે. કોઈ પણ જાતનો મદ કરવાથી પ્રાણી પતિતપણું પામે છે. અને મદ તજી નિર્મદ થઇ નમ્રપણે સ્વકર્તવ્ય સમજી જે સત્ ક્રિયા કરે છે તે સ્વ ઉન્નતિને સુખે સાધે છે.

૬, નિશ્ચય તત્ત્વદૃષ્ટિથી જોતાં આત્મા અલિપ્ત છે અને વ્યવહાર દૃષ્ટિથી જોતાં તેજ આત્માકર્મથી લિપ્ત દેખાય છે. તત્ત્વદૃષ્ટિ પુરૂષ અલિપ્ત દશાથી આત્માની શુદ્ધિ કરે છે, અને ક્રિયાવાન્ વ્યવહારદૃષ્ટિ પુરૂષ સ્વાનુકૂલ ઉચિત આચરણથી શુદ્ધ થાય છે. બંનેનું સાધ્ય એકજ હોવાથી સ્વ સ્વ અનુકૂ સાધનવડે ઉભય સિદ્ધિ સંપાદન કરી શકે છે. સાધ્ય વિકલ કોઇ પણ પ્રાણી સ્વાનુકૂલ સાધન વિના સિદ્ધિ સાધી શકતા નથી.

૭ નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિનું સાથેજ પ્રગટન વિકાસ થવાથી જ્ઞાન અને ક્રિયા એ ઉભયનો સમાવેશ થઇ જાય છે,

પરંતુ સ્થાન વિશેષથી તો જ્ઞાનની કે ક્રિયાની મુખ્યતા હોય છે. વ્યવહાર સાધન વડે નિશ્ચય સાધ્ય થાય છે, અને નિશ્ચય સાધનથી મોક્ષ સાધ્ય થાય છે. વ્યવહાર એ મોક્ષનું પરંપર કારણ છે અને નિશ્ચય અનંતર કારણ છે. ઉભયનું મીલન થવાથી શીઘ્ર મોક્ષ સાધના સિદ્ધ થાય છે. માટે મોક્ષાર્થીએ નિશ્ચયદૃષ્ટિ હૃદયમાં ધારીને વ્યવહાર માર્ગનું અવલંબન અવશ્ય કરવું યુકત છે. એમ કરવાથી સાધક શીઘ્ર સાધ્ય સિદ્ધિ કરી શકે છે.

૮. જ્ઞાનયુક્ત જેનું અનુષ્ઠાન દોષ પંકથી લેપાયું નથી એવા શુદ્ધ સ્વભાવ રમણી મહાપુરુષને નમસ્કાર થાઓ. જેની ક્રિયા સમજ પૂર્વક મોક્ષ માટેજ હોવાથી નિર્દોષ છે, તેમજ તીક્ષ્ણ ઉપયોગથી સહજ આત્મ વિશુદ્ધિ કરવા સમર્થ છે તેને નમસ્કાર છે.

॥ १२ निस्पृहाष्टकम् ॥

स्वभावलाभात् किमपि, प्राप्तव्यं नावशिष्यते ॥
इत्यात्मैश्वर्य संपन्नो, निःस्पृहो जायते मुनिः ॥ १ ॥
संयोजितकरैः के के, प्रार्थ्यंते न स्पृहावहैः ॥
अमात्र ज्ञान पात्रस्य, निस्पृहस्य तृणं जगत् ॥२॥
छिंदन्ति ज्ञानदात्रेण, स्पृहाविषलतां बुधाः ॥
मुखशोषंच मूर्च्छांच, दैन्यं यच्छति यत्फलम् ॥ ३ ॥

निष्कासनीया विदुषा, स्पृहा चित्त गृहाद्बहिः ॥
अनात्मरति चांडाली, संगमंगी करोति या ॥ ४ ॥
स्पृहावन्तो विलोक्यंते, लघवस्तृणतूलवत् ॥
महाश्चर्यं तथाप्येते, मज्जन्ति भववारिधौ ॥ ५ ॥
गौरवं पारवंद्यत्वात्, प्रकृष्टत्वं प्रतिष्ठया ॥
ख्यातिं जाति गुणात्स्वस्य, प्रादुष्कुर्यान्न निःस्पृहः ६
भूशय्या भैक्षमशनं, जीर्णं वासो वनं गृहम् ॥
तथापि निःस्पृहस्याहो, चक्रिणोऽप्यधिकं सुखम्॥७॥
परस्पृहा महा दुःखं, निःस्पृहत्वं महा सुखम् ॥
एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. સહજ આત્મ સંપત્તિની પ્રાપ્તિ થયા બાદ બીજું કંઇ પણ પ્રાપ્ત કરવું બાકી રહેતુંજ નથી. એવા આત્મ ઐશ્વર્ય સંપન્ન મુનિ પરસ્પૃહારહિત–નિસ્પૃહ બની જાય છે. સર્વ રૂદ્ધિ અને સમૃદ્ધિ ઘટમાંજ રહેલી છે. તેવી સહજ સાહેબી જો પ્રગટ થવા પામે તો બીજી બાહ્ય–તુચ્છ બાબતોમાં મુંઝાવાનું રહેતું નથીજ. સહજ અશ્વર્યવાન મુનિ પરની પરવા રહિત હોવાથી અને ઉત્તમ સદ્ગુણોથી ભરપુર હોવાથી નિઃસ્પૃહ થઇ જાય છે.

૨. પરસ્પૃહાવંત પ્રાણીઓ હાથ જોડી જોડીને કોની કોની પ્રાર્થના કરતા નથી ? સસ્પૃહી સર્વ કોઈના દાસ છે અને અપાર જ્ઞાનવાન નિઃસ્પૃહીને તો જગતમાં કોઇની પરવા નથી. પુદ્‌ગલાનંદી પ્રાણી પોતાના સ્વાર્થ માટે ગમે તેવાની પણ પ્રાર્થના કરવા ચુકતો નથી. અને જ્ઞાનાનંદી નિઃસ્પૃહીને કોઇની કશી પરવા નહિ હોવાથી તેતો સદાનંદમાં સ્વાધીનપણે વર્તે છે.

૩. તત્ત્વવેદી પુરૂષો જ્ઞાનરૂપી દાતરડાથી સ્પૃહારૂપી વિષ વેલડીને છેદી નાંખે છે કેમકે પરસ્પૃહાથી મુખ શોષ મૂર્છા અને દીનતાદિક દોષોને સેવવા પડે છે. જ્ઞાની વિવેકી પુરૂષો તેવી સ્પૃહાને દોષનું મૂળ જાણીને સમૂલગી છેદવા તત્પર રહે છે.

૪. ડાહ્યા માણસે સ્પૃહાને કુમતી ચંડાલણીની સંગત કરનારી જાણીને ચિત્ત–મંદિરમાંથી દૂર કરવી જોઇએ. કુમતિને પોષનારી સ્પૃહાને સદ્વિવેકીજનો સેવતાજ નથી, પણ ભૂતના ઉતારની જેમ સમજીને તેને ઘરથી બહાર કાઢે છે. આવા નિઃસ્પૃહી પુરૂષો સદા સુખમાં મગ્ન રહી શકે છે.

૫. સ્પૃહાવંત લોકો અત્યંત તુચ્છ અને હલકા જણાતા છતાં ભવસાગરમાં ડુબી જાય છે, તે મહા આશ્ચર્યકારક છે. કેમકે હલકી વસ્તુ તો તરવીજ જોઇએ અને ભારે વસ્તુજ ડુબવી જોઇએ એવો કુદરતી નિયમ છે તેનું આમાં ઉલ્લંઘન થતું દેખાય છે. તેનું સમાધાન એવું છે કે તેઓ સ્વભાવે તુચ્છ છતાં મમતા દોષથી એવા તો ભારે થયેલા હોય છે કે બેહદ ભારથી ભરેલા વહાણની જેમ તેઓ અધોગતિજ પ્રાપ્ત કરે છે.

૬. નિઃસ્પૃહી પુરુષ લોકવંદનીકતાથી પોતાની વડીલતા,

પ્રતિષ્ઠાથી શ્રેષ્ઠતા અને જાતિગુણથી ખ્યાતિને પ્રગટ કરતાજ નથી. જે લોક પૂજા, પ્રતિષ્ઠા કે ખ્યાતિનો વિકલ્પ નહિ કરતાં સ્વકર્તવ્યજ બજાવ્યા કરે છે તેજ ખરા નિસ્પૃહી છે. ખરા નિઃસ્પૃહી સ્વપ્નમાં પણ પરોપકારનો બદલો ઇચ્છતા નથી.

૭. ભૂમી એજ એની શય્યા છે, મધુકરી વૃત્તિથી જેને ભોજન કરવાનું છે, પ્હેરવાને જેને જીર્ણપ્રાય વસ્ત્ર છે, અને વનમાં જેને વસવાનું છે, એવા નિઃસ્પૃહી પુરુષને ઉત્તમ પ્રકારના સંતોષ યોગથી ચક્રવર્તી કરતાં પણ અધિક સુખ છે. જેણે સંસારનો ખોટો વૈભવ તજીને સહેજ આત્મ ઐશ્વર્ય પામવા ઉત્તમ સંયમનું સેવન આદર્યું છે, એવા આત્મ સંયમી મહાપુરુષ ચક્રવર્તીથી ઓછા સુખી નથી. ખોટો કલ્પિત આનંદ તજી સહજ આનંદ સાધનાર સત્પુરુષ સર્વોત્તમ સુખી છે. પરસ્પૃહા રહિત–નિઃસ્પૃહી નિર્ગ્રંથ એવું સર્વોત્તમ સુખ સાધી શકે છે.

૮. સુખનું અને દુઃખનું સંક્ષેપથી આવું લક્ષણ શાસ્ત્રમાં કહેલું છે કે પરસ્પૃહા એજ મહા દુઃખ છે અને નિઃસ્પૃહતા એજ પરમ સુખ છે. માટે મોક્ષાર્થીએ પરસ્પૃહા તજી નિઃસ્પૃહ થવું યુક્ત છે.

॥ १३ ॥ मौनाष्टकम् ॥

मन्यते यो जगत्तत्त्वं, स मुनिः परिकीर्तितः ॥
सम्यक्त्व मेव तन्मौनं, मौनं सम्यक्त्वमेव च ॥ १ ॥
आत्मात्मन्येवयच्छुद्धं, जानात्यात्मानमात्मना ॥

सेयं रत्नत्रये ज्ञप्ति, रुच्याचारैकता मुनेः ॥ २ ॥
चारित्रमात्मचरणाद्, ज्ञानं वा दर्शनं मुनेः ॥
शुद्ध ज्ञान नये साध्यं, क्रिया लाभात् क्रियानये ॥३॥
यतः प्रवृत्तिर्न मणौ, लभ्यते वा न तत्फलम् ॥
अतात्त्विकी मणिज्ञप्ति, र्मणिश्रद्धा च सा यथा ॥४॥
तथा यतो न शुद्धात्म, स्वभावाचरणं भवेत् ॥
फलं दोष निवृत्तिर्वा, न तद्ज्ञानं न दर्शनम् ॥ ५ ॥
यथा शोफस्य पुष्टत्वं, यथा वा वध्य मंडनम् ॥
तथा जानन् भवोन्माद, मात्मतृप्तो मुनिर्भवेत् ॥६॥
सुलभं वागनुच्चारं, मौनमेकेंद्रियेष्वपि ॥
पुद्गलेष्व प्रवृत्तिस्तु, योगानां मौन मुत्तमम् ॥ ७ ॥
ज्योतिर्मयीव दीपस्य, क्रिया सर्वापि चिन्मयी ॥
यस्यानन्य स्वभावस्य, तस्य मौन मनुत्तरम् ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. જે સમસ્ત તત્ત્વને યથાર્થ જાણે છે તે મુનિ કહેવાય છે, જે વસ્તુ તત્ત્વને સમ્યગ્ સમજી સર્વત્ર મધ્યસ્થ રહે છે, ખોટી બાબતમાં કદાપિ મુંઝાતોજ નથી તે મુનિ છે. તેવું મું

નિપણું એજ ખરૂં સમકિત છે. અને નિર્મલ સમકિત એજ મુનિપણું છે. શુદ્ધ સમકિત વિના ખરૂં મુનિપણું સંભવતુંજ નથી. મુનિપણું જ્યાં સુધી જાળવી રખાય છે, ત્યાં સુધી સમકિત કાયમ રહે છે.

૨. આત્મા પોતે પોતામાં રહેલું જે શુદ્ધ સ્વરૂપ જે વડે જાણે છે તેજ મુનિની રત્નત્રયીમાં જ્ઞાન દર્શન અને ચારિત્રની એકતા રૂપ છે. સમ્યગ્ જ્ઞાનથી સ્વ સ્વરૂપને સારી રીતે સમજી શકે છે. સમ્યગ્ દર્શનથી સ્વ સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા પ્રતીતિ થઇ શકે છે. અને સમ્યગ્ ચારિત્રથી આત્મ-સ્થીરતા એટલે સ્વરૂપ રમણ થઇ શકે છે. સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્રની એકતા એજ મુનિપણું છે.

૩. જ્ઞાન દર્શન અને ચારિત્ર મુનિપણાના ભાવથીજ સાર્થક છે, વિભાવનો ત્યાગ અથવા સ્વભાવનો સ્વીકાર કરવો એજ મુનિપણું છે. તેવા આચરણ વિનાનો મુનિ વેષ વિડંબના રૂપજ છે, જ્ઞાનવડે શુદ્ધા શુદ્ધનો હિતાહિતનો વિવેક જાગે છે. દર્શનવડે તેની યથાર્થ પ્રતીતિ બેસે છે, અને ચારિત્રથી અહિતના ત્યાગ પૂર્વક હિત પ્રવૃતિ થાય છે. ઉક્ત જ્ઞાન દર્શન અને ચારિત્ર મળીને રત્નત્રયી કહેવાય છે. એ રત્નત્રયીને સમ્યગ્ સેવનારા મુનિ કહેવાય છે. ઉક્ત મુનિની રહેણી કહેણી એક સરખી હોય છે કેમકે તે જ્ઞાન અને ક્રિયાનો એક સરખી રીતે સ્વીકાર કરે છે અને અન્ય મોક્ષાર્થીને પણ તેવોજ હિતકારી માર્ગ બતાવી જન્મ મરણનાં અનંત દુઃખમાંથી મુક્ત કરવા યત્ન સેવે છે.

૪. મણિ-રત્ન હાથમાં આવ્યા છતાં તેનો આદર કરી શકાય નહિ તેમજ તેનું ફલ મેલવી શકાય નહિ તો જાણવું

કે મણીની પીછાનજ થઇ નથી કે મણિની પ્રતીતિજ બેઠી નથી. અન્યથા મણિનું મૂલ્ય સમજીને તેનો આદર જરૂર કરાયજ.

૫. તેમ જો શુદ્ધ આત્મ સ્વભાવમાં રમણ થઇ શકે નહિ તથા રાગદ્વેષ મોહાદિક દુષ્ટ દોષોનો ત્યાગ થઇ શકે નહિ તો તે જ્ઞાન કે દર્શન કંઇ કામનાજ નથી. ખરાં જ્ઞાન અને દર્શનથી સ્વરૂપ મગ્નતા અને દોષ હાનિરૂપ ઉત્તમ ફલ થવુંજ જોઇએ, સહજ આનંદમાં મગ્નતા થવી એ જેમ ઉત્તમ લાભ છે, તેમ દુષ્ટ દોષોનું દમન કરી તેમનો સમૂલગો નાશ કરવો એ પણ આત ઉત્તમ લાભરૂપજ છે. ખરૂં મુનિપણું ભજનારા નિર્ગ્રંથ સાધુઓ એવો ઉત્તમ લાભ હાંસલ કરી શકે છે.

૬. જેવું શોફ (સોજા) નું પુષ્ટપણું, અથવા વધ્ય (વધ કરવા લઇ જવામાં આવનાર) ને શણગારવું નકામું છે, તેવોજ આ સંસારનો ઉન્માદ અનર્થકારી છે, એમ સમજીને મુનિ સહજ સંતોષી થઇ રહે છે. સંસારનું અસારપણું સમ્યગ્ વિચારી સંતોષ વૃત્તિથી જે સહજાનંદમાં મગ્ન થઇ રહે છે તેજ ખરો મુનિ-નિર્ગ્રંથ છે.

૭. વચન નહિ ઉચરવારૂપ માન તો એકેંદ્રિયાદિકમાં પણ હોઈ શકે છે તેવા માનથી આત્માને કંઇ વિશેષ લાભ નથી, ખરો લાભ તો એ છે કે પુદ્ગલિક પ્રવૃત્તિમાંથી વિરમી સહજ આત્મ સ્વભાવમાં જ મગ્ન થવા મન, વચન અને કાયાનો સદા સર્વદા સદુપયોગ કર્યા કરવો.

૮. જે સમજીને વિવેકથી સ્વકર્તવ્ય બજાવે છે, જેની ક્રિયા દીપકના જેવી જ્ઞાન-જ્યોતીમય છે, તેવા સમ સ્વભાવી

મહાપુરૂષનુંજ મૌન શ્રેષ્ટ છે. સમતાવંત મહા મુનિજ શ્રેષ્ટ માન સેવી શકે છે.

॥ १४ ॥ विद्याष्टकम् ॥

नित्य शुच्यात्मताख्याति, रनित्याशुच्यनात्मसु ॥
अविद्या तत्त्वधीर्विद्या, योगाचार्यैः प्रकीर्तिता ॥ १ ॥
यः पश्येन्नित्य मात्मान, मनित्यं परसंगमं ॥
छलं लब्धुं न शक्नोति, तस्य मोहमलिम्लुचः ॥ २ ॥
तरंग तरलां लक्ष्मी, मायुर्वायुवदस्थिरम् ॥
अदभ्रधीरनुध्याये, दभ्रवद् भंगुरं वपुः ॥ ३ ॥
शुचीन्यप्यशुचीकर्तुं, समर्थेऽशुची संभवे ॥
देहे जलादिना शौच, भ्रमो मूढस्य दारुणः ॥ ४ ॥
यः स्नात्वा समता कुंडे, हित्वा कश्मलजं मलम् ॥
पुन र्न याति मालिन्यं सोऽन्तरात्मा परः शुचिः॥५॥
आत्मबोधोनवः पाशो, देह गेह धनादिषु ॥
यः क्षिप्तोप्यात्मना तेषु, स्वस्य बंधाय जायते ॥ ६ ॥
मिथो युक्तपदार्थाना, मसंक्रमचमत्क्रिया ॥
चिन्मात्र परिणामेन, विदुषैवानुभूयते ॥ ७ ॥

अविद्या तिमिरध्वंसे, दृशा विद्याजन स्पृशा ॥
पश्यन्ति परमात्मान, मात्मन्येव हि योगिनः ॥ ८ ॥

---

૧. અનિત્ય, અશુચિ, અને અનાત્મિક પરવસ્તુને નિત્ય પવિત્ર અને પોતાની લેખવી એ અવિદ્યાનું લક્ષણુ અને વસ્તુને વસ્તુગતયથાર્થ જેવા રુપમાં હોય તેવા રુપમાં બરાબર સમજવી એ વિદ્યાનું લક્ષણુ છે, એમ યોગાચાર્યોએ શાસ્ત્રમાં કહ્યું છે.

૨. આત્મા નિત્ય અવિનાશી છે, તેની કદાપિ નાસ્તિ થતીજ નથી. સદા સર્વદા તેની અસ્તિતા છે. અને આ આત્માને થતો પર સંયોગ વિનાશશીલ છે, તેનો તો અવશ્ય વિયોગ થવાનોજ છે. એવો જેને નિશ્ચય થયો છે તેને મોહ ચોરટો છલી શકતો. નથી. સદ્વિદ્યા સંપન્ન આત્મા મોહનોજ જય કરી અખંડ સુખ સાધી શકે છે. પણુ સદ્‌વિદ્યા વિહીનને તો મોહ ચોરટો સદા સંતાપ્યાજ કરે છે. માટે મોક્ષાર્થીએ સદ્વિદ્યા સંપન્ન થવા સર્વદા સદુદ્યમ સેવવો.

૩. નિર્મલ બુદ્ધિવાલો આત્મા લક્ષ્મીને જલતરંગની જેવી ચપલ લેખે છે, આયુષને વાયુની જેવું અથીર લેખે છે. અને શરીરને શરદના મેઘની જેવું ક્ષણુભંગુર લેખે છે. એવી અથીર પરવસ્તુઓમાં વિવેકવાન્ મુંઝાતો નથી.

૪. અપવિત્ર એવા વીર્ય તથા રુધિર વિગેરેથી જેની ઉત્પત્તિ છે અને અશુચિમય હોવાથી પવિત્ર વસ્તુને પણુ અપવિત્ર કરી નાંખે છે એવા દેહને જલ વિગેરેથી સાફ કરવાનો પ્રયાસ ગમે તેટલો કરવામાં આવે તો પણુ તે સર્વ નિષ્ફલજ થાય છે,

છતાં મૂઢ લોકોને દેહ શૌચ કરવાનો મોટો ભ્રમ લાગેલો હોય છે, તેથી અશુચિ મય દેહને સાફ સુફ કરવા અહોનિશ યત્ન કર્યા કરે છે.

૫. ખરેખરા પવિત્ર શૌચના અર્થીએ સમતા રસના કુંડ-માં સ્નાન કરીને સર્વ પાપમલનો ત્યાગ કરી પાવન થવું. જેથી પુનઃ મલીન પણું થાયજ નહિં પૂર્વ મહાપુરુષોએ આવોજ ઉત્તમ શાચ પોતે શેવી સર્વને હિત માટે બતાવ્યો છે, તે મુજબ જેઓ વર્તે છે તેઓ પરમ પવિત્ર મહાપુરુષોની ગણનામાં આવે છે.

૬. જેઓ દેહાદિક પરવસ્તુઓમાં મમતા બાંધે છે તેઓ બાપડા પોતેજ બંધાઇ જાય છે, એમ સમજીને સુવિવેકી જનો પરવસ્તુઓમાં આસક્તિ ધારતા નથી,

૭ વિદ્વાન્ પુરુષ જ્ઞાન ચક્ષુથી સર્વ પદાર્થને સ્વસ્વભાવમાંજ રહેતા દેખે છે. સંયુક્ત વસ્તુનો વિયોગ થાય છે, પણ કોઇ વસ્તુ પોતાનો મૂલ સ્વભાવ તજી દેતી નથી, એમ જ્ઞાની પુરુષો સાક્ષાત્ અનુભવી પોતે સ્વસ્વભાવમાંજ સ્થિત રહે છે. રાગદ્વેષને તજી સર્વત્ર સમભાવથીજ અનુવર્તન કરનારાજ વિદ્વાન્ ગણાય છે.

૮. સદ્વિદ્યારૂપી અંજનશલાકા (સલી) થી અવિવેકરૂપી અંધકાર નષ્ટ થયે છતે યોગી પુરૂષો પોતાના ઘટમાંજ પરમાત્માને સાક્ષાત્ દેખે છે. સદ્વિવેકવાન્ યોગી સર્વ વિભાવને દૂર કરીને પરમાત્મ ભાવને સાક્ષાત્ અનુભવે છે,

॥ १५ ॥ विवेकाष्टकम् ॥

कर्म जीवं च संश्लिष्टं, सर्वदा क्षीर नीरवत् ॥

विभिन्नी कुरुते यो ऽसौ, मुनिर्हंसो विवेकवान् ॥१॥
देहात्माद्य विवेको ऽयं, सर्वदा सुलभो भवे ॥
भव कोटयापि तद् भेद, विवेकस्त्वति दुर्लभः ॥२॥
शुद्धे ऽपि व्योम्नि तिमिरा, द्रेखाभिर्मिश्रता यथा ॥
विकारै र्मिश्रता भाति, तथात्मन्य विवेकतः ॥ ३ ॥
यथा योधैः कृतं युद्धं, स्वामिन्येवोपचर्यते ॥
शुद्धात्मन्य विवेकेन, कर्म स्कंधो ऽर्जितं तथा ॥४॥
इष्टकाद्यपि हि स्वर्णं, पीतोन्मत्तो यथेक्षते ॥
आत्माभेदभ्रमस्तद्व, द्देहादावविवेकिनः ॥ ५ ॥
इच्छन्न परमान् भावान्, विवेकाद्रेः पतत्यधः ॥
परमं भावमन्विच्छन्, नाविवेके निमज्जति ॥ ६ ॥
आत्मन्येवात्मनः कुर्यात्, यः षट्कारक संगतिम् ॥
क्काविवेकज्वरस्यास्य, वैषम्यं जड मज्जनात् ॥७॥
संयमास्त्रं विवेकेन, शाणेनोत्तेजितं मुनेः ॥
धृतिधारोल्वणं कर्म, शत्रुच्छेद क्षमं भवेत् ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. ક્ષીરનીરની પેરે સર્વદા એક મેક મલીને રહેલા કર્મ અને જીવને જે વ્યકતપણે જુદા કરી નાંખે છે તે મુનિ-હંસ વિવેકવાન્ ગણાય છે. સદ્વિવેક જાગ્યા વિના અનાદિ અનંત કાલથી સંયુકત થઇ રહેલા કર્મ અને જીવને કોઇ કદાપિ સ્પષ્ટ રીતે જુદા કરી શકેજ નહિ. તેમ કરવાને સદ્વિવેકની આવશ્યકતા રહેજ છે.

૨. દેહજ આત્મા છે અથવા આત્મા દેહથી જુદો નથી એવો અવિવેક તો જન્મ જન્મમાં અવિદ્યાના વશથી સુલભજ છે. પણ આ દેહ આત્માથી ખાસ જુદોજ છે, કેમકે દેહ તો વિનાશી છે અને આત્મા અવિનાશી છે, દેહ તો જડ છે અને આત્મા સચેતન-ચૈતન્ય યુકત છે, એવો વિવેક કોટિગમે ભવોમાં ભાગ્ય યોગેજ થઇ શકે છે. અવિદ્યાનો નાશથયે છતે સદ્વિવેક જાગી શકે છે. ॥

૩. શુદ્ધ-નિર્મલ આકાશમાં પણ ચક્ષુ વિકારથી જેમ રાતું પીલું દેખાય છે, તેમ અવિવેકથી આત્મામાં વિવિધ વિકારો પ્રતિભાસે છે. આત્મા આકાશવત્ નિરંજન છતાં ઉપાધિ સંબંધથી મલીન વિકારી ભાસે છે, સર્વ ઉપાધિ-સંબંધ દૂર થયે છતે આત્મા સહજ સ્વભાવમાં સ્થિત થઇ રહે છે, નિર્મલ નિષ્કષાયજ આત્માનો સહજ સ્વભાવ છે. રાગ દ્વેષાદિક ઉપાધિ દૂર થવાથી સ્ફટિક રત્નની સ્વભાવિક કાંતિ જેવો નિર્મલ આત્મ ધર્મ પ્રગટ થઇ જાય છે. ॥

૪. જોકે રાજાના યોદ્ધાઓ યુદ્ધ કરે છે, છતાં રાજાજ જીત્યો

હાર્યો કહેવાય છે. તેમ શુભાશુભ કર્મથીજ સુખ દુઃખ પ્રાપ્ત થાય છે છતાં અવિવેકથી અમુક આત્માએ અમુક ઉપર અનુગ્રહ યા નિગ્રહ કર્યો કહેવાય છે. કર્મની વિચિત્રતાથી ફલની વિચિત્રતા થાય છે, છતાં આ કાર્ય મારાથી થયું; મારા વિના આવું કામ બની શકેજ નહિ, હુંજ સર્વનું પાલન કરૂં છું, મારા વિના કોઇ પાલક નથીજ એવું કર્તૃત્વ અભિમાન કરવું એ કેવલ અવિવેકનુંજ જોર છે, સુવિવેકી પુરૂષો એવું મિથ્યાભિમાન કદાપિ કરતાજ નથી તેવા પ્રાજ્ઞ પુરૂષો તો સર્વમાં સાક્ષીપણુંજ સેવે છે.

૫. જેમ ધંતૂરો પીને ગાંડો થયેલો આદમી સર્વત્ર સોનુંજ દેખે છે તેમ અવિવેકીને પણ દેહાદિક બાહ્ય પદાર્થોમાં આત્મભ્રમ પેદા થાય છે, જેમ ધંતૂરો પીવાથી સર્વત્ર દેખાતું સોનું સાચું નથી તેમ અવિવેકથી દેહાદિ પદાર્થોમાં માની લીધેલું પોતાપણુ પણ મિથ્યાજ છે. જેમ ચઢેલો છાક ઉપશાન્ત થયે છતે સામી વસ્તુ જેવી હોય તેવી દેખાય છે, તેમ સદ્વિદ્યાયોગે સુવિવેક જાગવાથી દેહાદિક બાહ્યભાવોમાં પ્રથમ થયેલો ભ્રમ ભાંગી કેવલ સાક્ષીપણુંજ રાખવું સૂજે છે. એ સર્વ સદ્વિવેકનોજ પ્રભાવ છે. ॥

૬. બાહ્યભાવને ઇચ્છતો છતો જીવ વિવેક થકી ચુકે છે, અને ઉચ્ચ–અંતરભાવની અભિલાષાથકી જીવને વિવેકથી ચુકવાનું બનતું નથી. પુદ્ગલિક સુખની વાંછાથી જીવ સદ્વિવેકને ચુકી અવિવેકને આદરે છે. જેમ ડુંગર ઉપર ચડતાં આડું અવળું જોનાર સરત ચુકથી નીચે પડે છે, તેમ સ્વાર્થ અંધ બની પરમાર્થ પંથ ચુકવાથી પ્રાણી અધોગતિ પામે છે, માટે મોક્ષાર્થી પુરૂષોએ તુચ્છ ઇચ્છાઓને શમાવી દઇને સદ્વિવેકપૂર્વક સદા પ-

રમાર્થ દૃષ્ટિ જ રાખી રહેવું યુક્ત છે. પરમપદના અભિલાષી પુરૂષો પુરૂષાર્થ યોગે પરમપદને સાધી શકે છે. ॥

૭. જે સર્વ બાહ્ય ભાવને છંડીને અંતર આત્મપણાથી સહજ સ્વભાવનેજ સેવે છે, સદા આનંદમાં જે મસ્ત રહે છે તેવા મહા પુરૂષને અવિવેકજન્ય જડ ભાવમાં મગ્નતા ક્યાંથી હોય ? જે સ્વભાવમાં મગ્ન રહે છે તેનો કદાપિ અવિવેક પરાભવ કરી શકતોજ નથી. અવિવેકજ સર્વ દુઃખનું મૂળ છે. ॥

૮ જેણે વિવેક–શરાણથી ઉત્તેજિત કરેલું નિર્મલ પરિણામની ધારવાલું સંયમ–શસ્ત્ર ધારણ કર્યું છે, તે સુખેથી કર્મ શત્રુને વિદારી શકે છે. જો વિવેક પૂર્વક સંયમ સેવવામાં આવે તો પરિણામની શુદ્ધિથી શીઘ્ર પાપ કર્મનો ક્ષય થઇ શકે છે. સદ્વિવેક વિના સર્વજ્ઞ કથિત સ્યાદ્વાદમાર્ગ આરાધી શકાતો નથી. સદ્વિવેક વડે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને સમ્યગ્ સમજી સંયમ સુખે સેવી શકાય છે. વિવેક વિના સંયમમાર્ગમાં સ્થાને સ્થાને સ્ખલના થાય છે. માટે સદ્વિવેક સર્વદા સેવ્ય છે. ॥

॥ १६ ॥ माध्यस्थाष्टकम् ॥

स्थीयतामनुपालंभं, मध्यस्थेनां तरात्मना ॥
कुतर्क कर्करक्षेपै, स्त्यज्यतां बालचापलं ॥ १ ॥
मनो वत्सो युक्ति गवीं, मध्यस्थस्यानुधावति ॥
तामाकर्षति पुच्छेन, तुच्छाग्रहमनः कपिः ॥ २ ॥
नयेषु स्वार्थ सत्येषु, मोघेषु परचालने ॥

समशीलं मनो यस्य, स मध्यस्थो महामुनिः ॥३॥
स्व स्वकम कृतावेशाः, स्व स्वकर्म भुजो नराः ॥
नरागं नापि च द्वेषं, मध्यस्थ स्तेषु गच्छति ॥४॥
मनः स्याद् व्यापृतं यावत्, परदोष गुण ग्रहे ॥
कार्यं व्यग्रं वरं तावन्, मध्यस्थे नात्मभावने ॥५॥
विभिन्ना अपि पंथानः, समुद्रं सरितामिव ॥
मध्यस्थानां परंब्रह्म, प्राप्नुवन्त्येकमक्षयम् ॥ ६ ॥
स्वागमं राग मात्रेण, द्वेषमात्रात्परागमं ॥
न श्रयामस्त्यजामो वा, किंतु मध्यस्थया दृशा ॥७॥
मध्यस्थया दृशा सर्वे, ष्वपुनर्बंधकादिषु ॥
चारिसंजीवनी चार, न्यायादाशास्महे हितं ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. મધ્યસ્થતા આદરવાથીજ સદ્વિવેક પ્રાપ્ત થાય છે. અથવા વિવેકવંતજ મધ્યસ્થતા આદરે છે, માટે મધ્યસ્થ રહેવા શાસ્ત્રકાર ઉપદિશે છે. જેથી અપવાદ પાત્ર થવું ન પડે એવી અંતરદૃષ્ટિથી મધ્યસ્થતા આદરવી યુક્ત છે. મધ્યસ્થતા સેવવાથી સબલ યુક્તિનો યોગ્ય આદર કરવામાં આવે છે અને કુતર્ક કરવારુપી બાલ ચપલતા દૂર કરવાનું બને છે.

૨. મધ્યસ્થનું મનરૂપી વાછરડું યુક્તિરૂપી ગૌને અનુસરીને ચાલેછે. અર્થાત્ મધ્યસ્થ માણસને આપમતિની ખેંચાખેંચ હોતી નથી. પરંતુ તુચ્છ આગ્રહીનું મનરૂપી માંકડું તો યુક્તિ યુક્ત વાતનું પણ ખંડનજ કરવા તત્પર થઇ જાય છે. તે કેવલ આપમતિ મુજબ વાતને ખેંચી જાય છે. તેથી સાચી વાતને પણ ખોટી પાડવા પ્રયત્ન કરવા તે ચુકતું નથી, મધ્યસ્થ મન તો સત્યનેજ સત્ય તરીકે સ્વીકારે છે.

૩. સ્વઇષ્ટ અર્થ સાધવામાં કુશલ અને અન્ય અર્થમાં ઉદાસીન એવા સર્વ નયોમાં જે સમભાવે રહે છે, લગારે હઠ તાણ કરતાજ નથી તે મહામુનિને મધ્યસ્થ જાણવા. મધ્યસ્થ મુનિ સર્વ નય વચનોને સાપેક્ષપણે વિચારી સ્વહિત સાધવામાં તત્પર રહે છે.

૪. સર્વ કોઇ પોતપોતાના કર્માનુસારે ચેષ્ટા કરે છે અને તે મુજબ ફલ ભોગવે છે તેમાં મધ્યસ્થ રાગ કે રોષ કરતો જ નથી, સર્વત્ર સાક્ષી ભાવે વર્તતાં સ્વહિત સુખે સાધી શકાય છે. માટે સર્વ અનુકુલ યા પ્રતિકૂલ સંયોગોમાં રાગ દ્વેષ ત્યજીને સર્વદા સમભાવે રહેવા સાવધાન થવું યુક્ત છે.

૫. જ્યાં સુધી પોતાનું મન પારકા ગુણદોષ જોવા દોરાઇ જતું હોય ત્યાં સુધી મધ્યસ્થ માણસે તેને આત્મભાવમાં જોડી દેવું યોગ્ય છે. જ્યાં સુધી મન સ્વગુણમાં સ્થિર ન થાય અથવા આત્મ અવગુણ ઓળખી તેને દૂર કરવા તત્પર ન થાય ત્યાં સુધી પવિત્ર જ્ઞાન ધ્યાનના અભ્યાસથી સમતાની વૃદ્ધિ કરવી.

૬. જેમ નદીઓના રસ્તા જુદા જુદા છતા તે સર્વે સમુદ્રને જઇ મલે છે, તેમ જુદાં જુદાં સાધનો છતાં મધ્યસ્થજનો અ-

વશ્ય મોક્ષ પામે છે. મધ્યસ્થતા સર્વ સુખનું મૂલ છે. મધ્યસ્થ માણસ સર્વ સાથે મૈત્રીભાવ રાખી શકે છે, તેમજ સર્વ ગુણવંતમાંથી ગુણ ગ્રહીશકે છે. મધ્યસ્થનું હૃદય દયાર્દ્ર હોય છે તથા મધ્યસ્થ ગમે તેવા નિર્દય ઉપર પણ રોષ રાખતો નથી. મધ્યસ્થ જ મોક્ષસુખનો અધિકારી છે.

૭. અમે રાગ માત્રથી જિન આગમને માનતા નથી, તેમજ દ્વેષ માત્રથી અન્ય આગમની ઉપેક્ષા કરતા નથી કિંતુ મધ્યસ્થ દૃષ્ટિથી સત્યાસત્યનો નિર્ણય કરીને તેમ કરીયે છીયે.

૮. તેમજ મધ્યસ્થ દૃષ્ટિથીજ સર્વનું હિત ઇચ્છી અધિકારી વર્ગને માટે આવો હિતોપદેશ આપીયે છીયે. તેમાંથી કોઇ અંશ રુચિથી સેવનાર મધ્યસ્થનું અવશ્ય કલ્યાણ થવું સંભવે છે.

॥ १७ ॥ निर्भयाष्टकम् ॥

यस्य नास्ति परापेक्षा, स्वभावाऽद्वैतगामिनः ॥
तस्य किं न भयभ्रान्ति, क्लान्तिसंतान तानवं ॥ १ ॥
भव सौख्येन किं भूरि, भयज्वलन भस्मना ॥
सदा भयोज्झितं ज्ञानं, सुखमेव विशिष्यते ॥ २ ॥
न गोप्यं क्वापि नारोप्यं, हेयं देयं च न क्वचित् ॥
क्व भयेन मुनेः स्थेयं, ज्ञेयं ज्ञानेन पश्यतः ॥ ३ ॥
एकं ब्रह्मास्त्रमादाय, निघ्नन् मोहचमूं मुनिः ॥

बिभेति नैव संग्राम, शीर्षस्थ इव नागराद् ॥ ४ ॥
मयूरी ज्ञान दृष्टिश्चेत्, प्रसर्पति मनोवने ॥
वेष्टनं भयसर्पाणां, न तदानंदचंदने ॥ ५ ॥
कृतमोहास्त्रवैफल्यं, ज्ञानवर्म बिभर्त्ति यः ॥
क भीस्तस्य क वा भंगः, कर्म संगरकेलिषु ॥ ६ ॥
तूलवल्लघवोमूढा, भ्रमन्त्यभ्रेभयानिलैः ॥
नैकं रोमापि तै र्ज्ञान, गरिष्ठानां तु कंपते ॥ ७ ॥
चित्ते परिणतं यस्य, चारित्रमकुतोभयं ॥
अखंडज्ञानराज्यस्य, तस्य साधोः कुतो भयं ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. જેને કોઇની કંઇપણ પરવા નથી એવા એક સરખા ઉદાસીન સ્વભાવવાળા મહાપુરૂષને ભય ભ્રાંતિજન્ય કષ્ટ પરંપરા હોયજ કેમ? મધ્યસ્થદષ્ટિ મહાપુરૂષ સદા નિર્ભય-ભયભ્રાંતિથી મુક્તજ રહે છે.

૨. ભારે ભયથી ભરેલા સંસારસુખથી શું ? તેથી સર્યું. ભય ભરેલું સુખ તે દુઃખરૂપજ છે. સર્વથા ભય રહિત સહજ આત્મિક સુખજ સુખરૂપ ગણવા યોગ્ય છે. આધિ વ્યાધિ અને ઉપાધિજન્ય દુઃખથી ભરેલા સંસારમાં સુખ માત્ર નામનુંજ છે. જન્મમરણથી મુક્ત કરે એવું સ્વાભાવિક જ્ઞાનસુખજ સાચું છે.

૩. સમ્યગ્ જ્ઞાનવડે જ્ઞેય-પદાર્થને યથાર્થ જોનાર મુનિને ભય રાખવાનું શું પ્રયોજન છે? સહજ સુખમાં ઝીલી રહેલા મુનિને પુદ્ગલિક સુખનું પ્રયોજન નથી. પુદ્ગલ ઉપરથી મૂર્ચ્છા ઉઠી જવાથી સહજ નિવૃત્તિ સુખ સંપજે છે.

૪. નિર્મલ જ્ઞાનરૂપી-શસ્ત્રને ધારી, મોહની ફોજનો ઘાત કરનાર મુનિ સંગ્રામના મોખરે ઉભેલા હાથીની પેરે લગારે બીતા નથી. તે તીક્ષ્ણ જ્ઞાન ધારાવડે સાવધાનપણે સકળ મોહ સુભટોને વિદારી નાંખી શિવશ્રીને સંપાદન કરે છે.

૫. જેના મનમાં ખરી જ્ઞાનકલા જાગી છે તે સદા ભય-રહિત આનંદમાં મસ્ત રહે છે; જે વનમાં મયુરો વિચરે છે ત્યાં ભુજંગનો ભય હોયજ કેમ? જ્યાં કેસરી ક્રીડા કરતો હોય ત્યાં ગજનો પ્રચાર સંભવેજ કેમ? જ્યાં જળહળતો સૂર્ય ઉ-દય પામ્યો હોય ત્યાં અંધકાર રહેવા પામેજ કેમ? તત્ત્વદષ્ટિ પણ તેવીજ પ્રભાવવાળી છે.

૬. મોહાસ્ત્રને-નિષ્ફળ કરવા સમર્થ જ્ઞાનબખ્તર જેણે ધાર્યું છે તેને કર્મસંગ્રામમાં ભય કે ભંગ હોયજ શાનો? તત્ત્વદ-ષ્ટિને મોહનો ભયજ નથી. તે ગમે તેવા સમ યા વિષમ સં-યોગોમાંથી સાવધાનપણે પસાર થઇ જાય છે.

૭. મોહથી મુંઝાયેલા જીવો ભયભીત થકા ભવ અટવીમાં ભમ્યાજ કરે છે. મૂઢ જીવો ભયભીત થકા કંપ્યાજ કરે છે. પ-રંતુ પ્રબલ જ્ઞાનવંતનું તો એક પણ રૂંવાડું કંપતું નથી, તે તો નિર્ભયપણે સ્વાભાવિક આત્મસુખમાં મગ્ન રહે છે.

૮. જેના ચિત્તમાં નિર્ભય ચારિત્ર પરિણમ્યું છે એવા અ-

ખંડ જ્ઞાન તેજથી તપતા સાધુ મુનિરાજને શાથી ભય સંભવે ? શુદ્ધ ચારિત્રવંતને કશો ભય નથી. શુદ્ધ ચારિત્ર સર્વ ભયને દૂર કરી અખંડ અનંત સુખ સાધી શકે છે.

॥ १८ ॥ अनात्मशंसाष्टकम् ॥

गुणैर्यदि न पूर्णो ऽसि, कृतमात्म प्रशंसया ॥
गुणैरेवासि पुर्णश्चेत्, कृतमात्म प्रशंसया ॥ १ ॥
श्रेयोद्रुमस्य मूलानि, स्वोत्कर्षांभः प्रवाहतः ॥
पुण्यानि प्रकटी कुर्वन्, फलं किं समवाप्स्यसि ॥ २ ॥
आलंबिता हिताय स्युः, परैः स्वगुणरश्मयः ॥
अहो स्वयं गृहीतास्तु, पातयन्ति भवोदधौ ॥ ३ ॥
उच्चत्व दृष्टि दोषोत्थ, स्वोत्कर्षज्वर शान्तिकं ॥
पूर्वपुरुष सिंहेभ्यो, भृशं नीचत्व भावनं ॥ ४ ॥
शरीररूप लावण्य, ग्रामारामधनादिभिः ॥
उत्कर्षः परपर्यायै, श्चिदानन्द घनस्यकः ॥ ५ ॥
शुद्धाः प्रत्यात्म साम्येन, पर्यायाः परिभाविताः ॥
अशुद्धाश्चा ऽपकृष्टत्वान्, नोत्कर्षाय महामुनेः ॥ ६ ॥
क्षोभं गच्छन् समुद्रोऽपि, स्वोत्कर्षपवनेरितः ॥

गुणौघान् बुद्बुदी कृत्य, विनाशयसि किं मुधा॥७॥
निरपेक्षानवच्छिन्ना, नंतचिन्मात्रमूर्तयः ॥
योगिनो गलितोत्कर्षा, प्रकर्षानल्पकल्पनाः ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. જો તું ગુણોથી પૂર્ણ નથી તો આત્મ-પ્રશંસા કરવાથી સર્યું. તેમજ જો તું ગુણથી પૂર્ણ છે, તોપણ આત્મ-પ્રશંસા કરવાનું કંઇ પણ પ્રયોજન નથી. કેમકે ગુણહીનને ખોટી આત્મ—પ્રશંસાથી કંઇ ફાયદો થતો નથી. તેમજ સંપૂર્ણ ગુણવંતને કૃત કૃત્યપણાથી પરસ્પૃહા નષ્ટ થઇ જવાથી પોતાની પ્રશંસા પોતાના મુખે કરવાનું કંઇ પણ પ્રયોજન રહેતુંજ નથી.

૨. જેમ જલના પ્રબલ પ્રવાહથી વૃક્ષનાં મૂલાડીયાં ઉઘાડાં પડી જવાથી તેને ફલ બેસતાં નથી, તેમ આત્મ-ઉત્કર્ષથી કરેલાં સુકૃતોને પ્રગટ કરી વખાણવાથી વિશિષ્ટ આત્મ લાભ સંપાદન થઇ શકતો નથી.

૩. આપણા ગુણોનું બીજા અવલંબન કરે તે હિતકારી થાય છે, પણ જો પોતાના ગુણ પોતેજ ગાવા બેસે તો તેથી અધોગતિની પ્રાપ્તિ થાય છે. ગુણગ્રાહી જનોને ગુણીના ગુણ ગાવા ઉચિત અને હિતકારી છે પણ ગુણી માણસે સ્વમુખે સ્વગુણ ગાવા અનુચિત અને અહિતકારીજ છે. માટે મોક્ષાર્થી જનોએ સદા ગુણગ્રાહી થવા સાથે આત્મશ્લાઘાનો સમૂળગો ત્યાગ કરવો ઉચિત છે. સ્વશ્લાઘાર્થી પ્રાણી લઘુતાનેજ પામે છે.

૪. આપણામાં અન્ય કરતાં અધિકતા માનવારૂપી દોષથી ઉત્પન્ન થયેલા સ્વાભિમાનરૂપી જ્વરને શાન્ત કરવાનો ઉત્તમ ઉપાય એ છે કે આપણે પૂર્વ પુરૂષ સિંહોથી લઘુતા ભાવવી. પૂર્વ પુરૂષ સિંહોના પવિત્ર ચરિત્રને સારી રીતે સંભારી યાદ લાવતાં આપણું ગુમાન આપોઆપ ગળી જાય છે,

૫. શરીર, રૂપ, લાવણ્ય, ગ્રામ, આરામ, અને ધન વિગેરે પર પર્યાયોવડે સ્વ ઉત્કર્ષ માનવો, આત્માનંદી જીવને બિલકુલ ઉચિત નથી. તેવી વસ્તુ વડે તો કેવળ પુદ્ગલાનંદી જીવોજ ગર્વ કરે છે, પણ આત્માનંદી કરતા નથી.

૬. જ્ઞાનાદિક શુદ્ધ પર્યાયો પણ પ્રત્યેક આત્માને સરીખા હોવાથી અને શરીર વિગેરે અશુદ્ધ પર્યાયો અપકૃષ્ટ (નજીવા) હોવાથી તે વડે મહામુનિને સ્વોત્કર્ષ કરવો લાયક નથી. શુદ્ધ પર્યાયોવડે પણ ગર્વ કરવો યુકત નથી તો નજીવા શરીરરૂપ લાવણ્યાદિક અશુદ્ધ પર્યાયોવડે તો ગર્વ કરવોજ કેમ ઘટે ?

૭. ગુરૂ મહારાજ શિષ્યને ઉપદેશે છે કે, ભાઇ તું દીક્ષિત છતાં સ્વોત્કર્ષ વડે સંયમનો ક્ષોભ કરીને ગુણ રત્નોનો વ્યર્થ વિનાશ શા માટે કરે છે ? ગમે તેટલા ગુણને પામેલો સંયમી સ્વગુણનો ગર્વ કરવાથી હાનિજ પામે છે.

૮. સ્પૃહા રહિત અને અખંડ અનંત જ્ઞાનનાજ નમુનારૂપ યોગી જનો સ્વ ઉત્કર્ષ અને પર અપકર્ષ સંબંધી સર્વ કલ્પનાઓથી મુકતજ રહે છે. સ્વ સ્વરૂપમાં સ્થિત યોગીજનો કેવલ નિઃસ્પૃહ હોવાથી આપ બડાઇ કે પરનિન્દા કરતાજ નથી. તેઓ તો પરમ સુખમય નિવૃત્તિ માર્ગજ પસંદ કરે છે, પરપરિણતિરૂપ કુત્સિત પ્રવૃત્તિ તેમને પસંદ પડતીજ નથી.

॥ १९ ॥ तत्त्वदृष्ट्यष्टकम् ॥

रूपे रूपवती दृष्टि, र्दृष्ट्वा रूपं निमुह्यति ॥
मज्जत्यात्मनि नीरुपे, तत्त्वदृष्टिस्त्वरूपीणी ॥ १ ॥
भ्रमवाटी बहिर्दृष्टि, र्भ्रमच्छाया तदीक्षणं ॥
अभ्रान्तस्तत्त्वदृष्टिस्तु, नास्यां शेते सुखाशया ॥ २ ॥
ग्रामारामादि मोहाय, यद्दृष्टं बाह्ययादृशा ॥
तत्त्वदृष्ट्या तदेवांत, र्नीतं वैराग्य संपदे ॥ ३ ॥
बाह्यदृष्टिः सुधा सार, घटिता भाति सुंदरी ॥
तत्त्वदृष्टेस्तु सा साक्षा, द्विण्मूत्रपिठरोदरी ॥ ४ ॥
लावण्य लहरी पुण्यं, वपुःपश्यति बाह्यदृक् ॥
तत्त्वदृष्टिः श्वकाकानां, भक्ष्यं कृमिकुलाकुलं ॥ ५ ॥
गजाश्वैर्भूपभवनं, विस्मयाय बहिर्दृशः ॥
तत्राश्वेभवनात्कोऽपि, भेदस्तत्त्वदृशस्तुन ॥ ६ ॥
भस्मना केशलोचेन, वपु र्धृतमलेन वा ॥
महान्तं बाह्यदृग्वेत्ति, चित्साम्राज्येन तत्त्ववित् ॥७॥
न विकाराय विश्वस्यो, पकारायैवनिर्मिताः ॥
स्फुरत्कारुण्यपीयूष, वृष्टयस्तत्त्व दृष्टयः ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. બાહ્યદૃષ્ટિ જીવ પુદ્ગલિક રુપ જોઇને મુંઝાય છે–મૂઢ બની જાય છે, પણ અરુપી એવી તત્ત્વ દૃષ્ટિ તો નિર્મલ નિરાકાર આત્મ સ્વરૂપમાંજ મગ્ન થઇ રહે છે. બાહ્યદૃષ્ટિ બહાર દોડે છે. અને અંતરદૃષ્ટિ સ્વભાવમાં રમે છે.

૨. બાહ્યદૃષ્ટિ એ ભ્રમની વાડી છે અને બાહ્યદૃષ્ટિથી જોવું એ ભ્રમની છાયા છે. તેમાં ભ્રાંતિ રહિત તત્ત્વદૃષ્ટિ તો સુખની આશાથી સૂતો નથી. પણ પુદ્ગલાનંદી–બાહ્યદૃષ્ટિ જરુર તેમાં સુખ બુદ્ધિથી વિશ્રાંતિ કરે છે.

૩. ગામ, આરામ આદિ બાહ્યદૃષ્ટિથી જોતાં જરૂર જીવને મોહ ઉપજાવે છે, પણ તત્ત્વદૃષ્ટિથી જોતાં તો તે વૈરાગ્યરસની વૃદ્ધિ માટેજ થાય છે, બાહ્યદૃષ્ટિ જીવ મધની માંખીની જેમ તેમાં મુંઝાઇ મરે છે, પણ તત્ત્વદૃષ્ટિ તો સાકરની માંખીની પેરે મિષ્ટ સ્વાદ લઇ તેમાંથી સુખે મુક્ત થઇ શકે છે. તત્ત્વદૃષ્ટિપણું જાગતાં ચક્રવર્તી પોતે પોતાની સકલ સમૃદ્ધિને સહજમાં તજી દઇ સંયમનો સ્વીકાર કરે છે. પરંતુ મૂઢ દૃષ્ટિ એવો ભીખારી પોતાનું રામપાત્ર પણ ત્યજી શકતો નથી, એ સર્વ મોહનોજ મહિમા છે.

૪. બાહ્યદૃષ્ટિ જીવ, સુંદરી (સ્ત્રી) ને અમૃતના નિચોલથી ઘડેલી માને છે, પણ તત્ત્વદૃષ્ટિ તો તેણીને વિષ્ટા મૂત્રાદિક અશુચિયુક્ત દેહવાલીજ માને છે. બાહ્યદૃષ્ટિ કોઇ સુંદર સ્ત્રીને દેખી તેણીના રુપ લાવણ્યમાં મુંઝાઇ તેમાં પંતગની પેરે ઝંપલાય છે, પણ તત્ત્વદૃષ્ટિ તો તેણીને અશુચિમય સમજીને તેથી

તદ્દન દૂરજ રહેવા ઇચ્છે છે. તત્ત્વદષ્ટિ વિષય સુખને વિષ સમાનજ લેખે છે.

૫. બાહ્યદષ્ટિ જીવ શરીરને લાવણ્ય લહરીથી પવિત્ર માને છે, પણ તત્ત્વદષ્ટિ તો નાના પ્રકારના કરમીયાં વિગેરેથી ભરપૂર દેહને ફક્ત કાગડા કુતરાવડે ભક્ષણ કરવા યોગ્યજ માને છે. તેને બાહ્યદષ્ટિની પેરે ક્ષણિક, અશુચિ અને ભૌતિક દેહ પ્રપંચમાં મુંઝાઇ સ્વકર્તવ્ય વિમુખ થવાનું હોતું નથી. તે તો ક્ષણ વિનાશી દેહદ્વારા બની શકે તેટલું સ્વહિત સાધી લેવા સાવધાન થઈ રહે છે પણ વિનાશી દેહનો વિશ્વાસ કરતોજ નથી.

બાહ્યદષ્ટિ જીવ રાજાના મહેલમાં હાથી, ઘોડાની સાહેબી જોઇ ચકિત થઇ જાય છે, પરંતુ તત્ત્વદષ્ટિને તો તેમાં હાથી ઘોડાના વનથી કંઇ વિશેષ લાગતું નથી. તેને તો તેવો મહેલ અને તેવું વન સમાનજ લાગે છે.

૭. બાહ્યદષ્ટિ જીવ, ભસ્મ લગાવવાથી, કેશનો લોચ કરવાથી અને મલમલીન દેહ રાખવાથી કોઇને મહંત માને છે. પણ તત્ત્વદષ્ટિ તો તેની અંતર સમૃદ્ધિથીજ તેને તેવો લેખે છે. તત્ત્વદષ્ટિ આત્મા બાહ્યદષ્ટિની પેરે ઉપરના ડોલડિમાક માત્રથી કોઇને મોટો માની લેતા નથી. તેતો તેના સદ્ભૂત ગુણોની સારી રીતે પરીક્ષા કરીનેજ તેમ માને છે.

૮. અત્યંત કરૂણારૂપી અમૃતને વર્ષનારા તત્ત્વદષ્ટિ પુરૂષો વિશ્વના તિલમાત્ર અહિતને માટે નહિં, કિંતુ કેવળ ઉપકારને માટેજ નિર્માણ થયેલા છે; તત્ત્વદષ્ટિ મહાપુરુષોનો જન્મ લોકના અભ્યુદય માટે જ થાય છે. તેઓ પરમાર્થથી અંધલોકોને, આંખો આપીને ઉદ્ધરે છે. તેઓ પરમાર્થ પંથ બતાવીને અવળે

રસ્તે ચઢેલાઓને સવલે રસ્તે દોરે છે. તેઓજ અનાથના નાથ અને અશરણના શરણ છે. તેઓજ વિશ્વના ખરા મિત્ર, બંધુ કે પિતા છે, અને તેથીજ સદા સુખના અર્થી જનોવડે અવલંબવા યોગ્ય છે. તેવા નિઃસ્વાર્થ મિત્ર વિના વિશ્વનો કદાપિ ઉદ્ધાર થવાનોજ નથી. જ્યારે ત્યારે તેવા નિષ્કારણ બંધુ મલ્યેજ મુક્તિ મળવાની છે, તેથી મોક્ષાર્થી જનોએ તેવા જગત્ બંધુનીજ જપમાળા ગણવી યોગ્ય છે. તેવા પરોપકારી પિતાની સેવા સાચા દિલથી કરનારા સાધક પુરુષોની સિદ્ધિ જ્યાં ત્યાં સુખેથી થઇ શકે છે, માટે તેજ કરવા યોગ્ય છે.

॥ २० ॥ सर्व समृद्धि—अष्टकम् ॥

बाह्यदृष्टि प्रचारेषु, मुद्रितेषु महात्मनः ॥
अंतरेवावभासन्ते, स्फुटाः सर्वास्समृद्धयः ॥ १ ॥
समाधि नंदनं धैर्यं, दंभोलिः समता शची ॥
ज्ञानं महा विमानं च, वासवश्रीरियं मुनेः ॥ २ ॥
विस्तारित क्रिया ज्ञान, चर्म छत्रो निवारयन् ॥
मोहम्लेच्छ महावृष्टिं, चक्रवर्ती न किं मुनिः ॥ ३ ॥
नवब्रह्मसुधाकुंड, निष्ठाधिष्ठायको मुनिः ॥
नागलोकेशवद् भाति, क्षमां रक्षन् प्रयत्नतः ॥ ४ ॥
मुनिरध्यात्म कैलाशे, विवेक वृषभ स्थितः ॥

शोभते विरतिज्ञप्ति, गंगागौरीयुतः शिवः ॥ ५ ॥
ज्ञानदर्शनचंद्रार्क, नेत्रस्य नरकच्छिदः ॥
सुखसागर मग्नस्य, किं न्यूनं योगिनो हरेः ॥ ६ ॥
या सृष्टिर्ब्रह्मणो बाह्या, बाह्यापेक्षावलंबिनी ॥
मुनेः परानपेक्षांत, र्गुणसृष्टि स्ततो ऽधिका ॥ ७ ॥
रत्नै स्त्रिभिः पवित्रा या, श्रोतोभि रिव जान्हवी ॥
सिद्धयोगस्य साप्यर्हत्, पदवी न दवीयसी ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧ બાહ્યદષ્ટિપણાનો દોષ નષ્ટ થયે છતે મહાત્મા પુરુષને અંતરમાંજ સર્વ સમૃદ્ધિ સ્ફુટતર ભાસે છે. આમ બનવાથી તત્વદષ્ટિપણું અધિકાધિક નિર્મલ થતું જાય છે તથા નિર્મલ તત્વદષ્ટિના યોગે સકલ સમૃદ્ધિ સહજ ઘટમાં પ્રગટે છે. જેથી સહજાનન્દ યુક્ત થવાથી વિષયાસક્તિ વિગેરે વિકારો સ્વતઃ વિનાશ પામે છે. અને નિર્મલ જ્ઞાનાદિ સદ્ગુણો પૂર્ણ રીતે પ્રગટે છે.

૨. સમાધિરુપી નંદનવન, ધૈર્યરુપી વજ્ર, સમતારુપી ઇંદ્રાણી, અને જ્ઞાનરુપી વિશાલ વિમાન, એવી ઇંદ્રની સાહેબી મુનિને ઘટમાંજ પ્રગટે છે. તત્વદષ્ટિ નિર્ગ્રંથ મુનિરાજને ઇંદ્રથી અધિક સાહેબી અંતરમાં પ્રગટે છે.

૩. વિશાલ જ્ઞાન અને ક્રિયારૂપી ચર્મરત્ન અને છત્રરત્ન-

થી મોહરુપી મ્લેચ્છ રાજાની મહાવૃષ્ટિને નિવારતા મુનિરાજ ચક્રવર્તીની બરોબરી કરે છે. નિર્મલ જ્ઞાન દર્શન અને ચારિત્રરુપી રત્નત્રયી આરાધક મુનિરાજ કોઈ રીતે ચક્રવર્તીથી ન્યૂન નથીજ, કિંતુ અધિકજ છે.

૪. નવનવા જ્ઞાનામૃતના કુંડમાં મગ્ન રહી પ્રયત્નથી ક્ષમાનું પાલન કરનારા મુનિ, પૃથ્વીનું પાલન કરનારા નાગેંદ્રની પેરે શોભે છે. અધ્યાત્મ જ્ઞાનરુપી અમૃતના કુડમાંજ મગ્ન રહી સહજ શાંતિને સાક્ષાત્ અનુભવનારા ક્ષમાશ્રમણો આત્મગુણથી નાગેંદ્ર કરતાં અધિક શોભે છે.

૫ અધ્યાત્મરુપી કૈલાશમાં વિવેકરુપી વૃષભ ઉપર આરુઢ થયેલા મુનિ જ્ઞપ્તિ (જ્ઞાન) અને નિવૃત્તિ (ચારીત્ર) યુક્ત હોવાથી ગંગા અને ગૌરી યુક્ત શિવ–શંકરની પેરે શોભે છે. તત્વથી જોતાં અધ્યાત્મ ગિરિના ઉચ્ચ શિખર ઉપર રહેલા અને સદ્વિવેક વૃષભ ઉપર સ્વાર થઇ સમ્યગ્ જ્ઞાનક્રિયાને સમતાથી સેવનારા નિર્ગ્રંથ અણગારો સદગુણોમાં કોઇ રીતે શિવ–શંકરથી ઉતરતા નથી.

૬. જ્ઞાન અને દર્શનરુપી ચંદ્ર અને સૂર્ય જેવાં નિર્મલ નેત્રોવાલા, નરકને છેદવાવાલા અને સુખસાગરમાં શયન કરનારા મુનિરાજ કોઇ રીતે હરિથી ન્યુન નથી. પરમાર્થથી વિષ્ણુ કરતાં વધારે સમૃદ્ધ છે.

૭. પરસ્પૃહારહિત સહજ અંતરગુણ સૃષ્ટિને કરનારા મુનિરાજ બાહ્ય વસ્તુઓની અપેક્ષાવાલી બાહ્ય સૃષ્ટિને રચનાર બ્રહ્મા કરતાં બહુ ચઢિયાતા છે. નિઃસ્પૃહપણે આત્મ ગુણોનેજ પ્રગટ કરનારા મુનિયો ઉપાધિ યુક્ત બાહ્ય સૃષ્ટિના કરનારાં બ્રહ્માને

સદ્‌ગુણોથી ઉલ્લંઘી જાય એમાં આશ્ચર્ય શું ? નિરૂપાધિક ગુણ-સૃષ્ટિ કરવી એજ મુનિનું કર્તવ્ય છે.

૮ જેમ ત્રિવેણીથી ગંગા નદી પવિત્ર મનાય છે, તેમ રત્નત્રયીથી પવિત્ર ગણાતી શ્રી તીર્થંકરની પદ્વી પણ સિદ્ધયોગી મહાપુરુષ મુનિરાજને કંઇ દુર્લભ નથી. જેણે મન વચન અને કાયાને બરાબર નિયમમાં રાખી યોગ સાધના કરી છે એવા સિદ્ધયોગી મહાપુરુષને તીર્થંકર મહારાજની પરમ પવિત્ર પદ્વી પામવી પણ સુલભજ છે.

॥ २१ ॥ कर्मविपाक ध्यानाष्टकम् ॥

दुःखं प्राप्य न दीनः स्यात्, सुखं प्राप्य च विस्मितः॥
मुनिः कर्म विपाकस्य, जानन् परवशं जगत् ॥ १ ॥
येषां भ्रूभंग मात्रेण, भज्यन्ते पर्वता अपि ॥
तैरहो कर्म वैषम्ये, भूपैर्भिक्षा ऽपिं नाप्यते ॥ २ ॥
जाति चातुर्य हीनो ऽपि, कर्मण्यभ्युदयावहे ॥
क्षणाद्रंको ऽपि राजा स्या, च्छत्रच्छन्नदिगंतरः ॥ ३ ॥
विषमा कर्मणः सृष्टि, र्दृष्टा करभपृष्ठवत् ॥
जात्यादि भूति वैषम्या, त्का रति स्तत्र योगिनः ॥४॥
आरूढा प्रशमश्रेणिं, श्रुत केवलिनो ऽपि च ॥
भ्राम्यन्ते ऽनन्त संसार, महो दुष्टेन कर्मणा ॥ ५ ॥

अर्वाक् सर्वापि सामग्री, श्रांतेव परितिष्ठति ॥
विपाकः कर्मणः कार्य, पर्यंत मनुधावति ॥ ६ ॥
असाव चरमावर्ते, धर्मं हरति पश्यतः ॥
चरमावर्ति साधोस्तु, छलमन्विष्य हृष्यति ॥ ७ ॥
साम्यं बिभर्त्ति यः कर्म, विपाकं हृदि चिंतयन् ॥
स एव स्याच्चिदानन्द, मकरन्द मधुव्रतः ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. સર્વે જગજંતુઓ ઉદિત કર્માઽનુસારેજ સુખ દુઃખ પામે છે, એવું સમજનારા મુનિ દુઃખને પામીને દીન થતા નથી તેમ સુખને પામીને ચકિત થતા નથી. મુનિ સમજે છે કે જગત્ માત્ર કર્મ વિપાકને પરવશ છે.

૨. જેમની ભૃકુટી ફરતાં પર્વતોનો પણ ભુકો થઇ જાય એવા ભૂપોને વિષમકર્મ યોગે ભિક્ષા સરખી પણ મળતી નથી. દૈવ વિપરીત છતે મોટા ભૂપાલને પણ પેટ ભરવાને ફાંફાં મારવાં પડે છે.

૩. ઉત્તમજાતિ અને ચતુરાઇ રહિત છતાં અત્યંત અનુકુલ કર્મયોગે ક્ષણવારમાં રાંક પણ એક છત્ર રાજ્ય પામે છે. પ્રબલ પુન્યનો ઉદય થયે છતે ભીખારી જેવો માણસ પણ વિશાલ રાજ્યવાલો રાજા થઇ પડે છે.

૪. કર્મની રચના ઉંટના બરડાની જેવી વાંકીજ છે કેમકે,

જાતિ, કુલ, બુદ્ધિ, બલ, ઐશ્વર્ય પ્રમુખમાં પ્રગટ વિષમતા દેખાય છે, સર્વ કોઇને તે એક સરખાં હોતાં નથી. પૂર્વકૃત કર્મ અનુસારે તે સારાં નરસાં કે વધારે ઘટાડે હોઇ શકે છે. કર્મની વિચિત્રતા પ્રમાણે ફલની વિચિત્રતા સમજનારા મુનિજનોને તેવી વિષમ સ્થિતિમાં રતિપ્રીતિ હોવી ઘટે નહિં, તેમને પ્રાપ્ત સુખ દુઃખમાં સમભાવજ રાખવો યુક્ત છે.

૫. અહો! અતિ આશ્ચર્યની વાત છે કે ઉપશમશ્રેણિ ઉપર આરુઢ થયેલા શ્રુતકેવળી (ચૌદ પૂર્વધર) મુનિયો પણ દુષ્ટ કર્મના યોગે પતિત થઇને અનંત સંસાર પરિભ્રમણ કરે છે. જ્યારે આવા સમર્થ પુરુષોને પણ કર્મવિપાક છળે છે, તો બીજા સામાન્ય માણસોનું તો શું કહેવું? દુષ્ટ કર્મની પ્રબલતા પાસે પ્રાણીઓનું કંઇ પણ ચાલતું નથી.

૬. આત્મ સાધકની સકલ સામગ્રી કાર્યસિદ્ધિ થયાં પહેલાંજ થાકી ગઇ હોય તેમ અટકી પડે છે. પણ કર્મ–વિપાક તો સ્વકાર્ય પર્યંત કર્મકારકને અનુસર્યા કરે છે. તે તો તેનું શુભાશુભ ફલ તેના કરનારને ચખાડયા વિના વિરમતોજ નથી. કર્મના પ્રબલ વેગને કોઇ રોકી શકતું નથી. કર્મનો વિપાક પોતાની પૂર્ણ સત્તા કર્મના કરનારની ઉપર બજાવે છે. કાયર પુરૂષ તેની પાસે ફાવી શકતો નથી. સમર્થ સાધક તો રાગદ્વેષ કર્મની જડ કાઢી સકલ કર્મનું મૂલથીજ નિકંદન કરે છે.

૭. આ કર્મ–વિપાક દીર્ઘ સંસારી જીવના ધર્મને જોતાં જોતાંમાં હરી લેછે, અને પરિત્ત સંસારી સાધુનું તો છલ જોઇને ભારે ખુશી થાય છે. કર્મને કંઈ શરમ નથી તે વાત અક્ષરે અક્ષર સાચી છે. તે પરમ પવિત્ર ધર્મ મહારાજ સાથે પણ પૂર્ણ

વૈર રાખે છે. ધર્મરાજાનું શરણ લેનાર સાથે પોતાનું વૈર શોધતોજ ફરે છે. અને લાગ ફાવે તો વૈર વાળવાનું ચુકતો નથી. ગમે તેટલી આત્મ ઉન્નતિને પામેલાને પણ સ્વ સાધ્યથી ચુકાવી નીચે ગબડાવી પાડે છે. આવા દુષ્ટ કર્મવિપાકથી વેગળા રહેવા ઇચ્છનારે તેની રાગદ્વેષરૂપી માઠી જડ ખોદી કાઢવી જોઇયે. રાગદ્વેષનો સમૂલગો નાશ કરવાથી મોહનો સર્વથા ક્ષય થાય છે, અને મોહનો ક્ષય થવાથી સકલ કર્મ વર્ગનો સ્વતઃ ક્ષય થઇ જાય છે.

૮. કર્મના વિપાકને હૃદયમાં ચિંતવતો છતો જે સમ વિષમ સ્થિતિમાં સમભાવજ રાખે છે–તેવે વખતે જે હર્ષ વિષાદ પામતો નથી, તેજ મહાપુરૂષ જ્ઞાનામૃતનો રસ ચાખવા સમર્થ થઈ શકે છે. તેવા સમર્થ પુરૂષ સિંહજ સહજાનંદ મગ્ન થઈ અંતે અખંડ શાસ્વત સુખના ભાગી થઇ શકે છે.

॥ २२ ॥ भव–उद्वेगाष्टकम् ॥

यस्य गंभीर मध्यस्या, ज्ञानं वज्रमयं तलं ॥
रुद्धा व्यसनशैलौघैः, पंथानो यत्र दुर्गमाः ॥ १ ॥
पाताल कलशा यत्र, भृतास्तृष्णा महानिलैः ॥
कषायाश्चित्त संकल्प, वेला वृद्धिं वितन्वते ॥ २ ॥
स्मरौर्वाग्निर्ज्वलत्यंत, यत्र स्नेहेन्धनः सदा ॥
यो घोर रोगशोकादि, मत्स्यकच्छप संकुलः ॥ ३ ॥
दुर्बुद्धि मत्सरद्रोहै, र्विद्युद्दुर्वात गर्जितैः ॥

यत्र सां यात्रिका लोकाः, पतन्त्युत्पात संकटे ॥ ४ ॥
ज्ञानी तस्माद् भवांभोधे, र्नित्योद्विग्नो ऽति दारुणात् ॥
तस्य संतरणोपायं, सर्वयत्नेन कांक्षति ॥ ५ ॥
तैल पात्रधरो यद्व, द्राधावेधोद्यतो यथा ॥
क्रिया स्वनन्य चित्तःस्या, द्भवभीत स्तथा मुनिः ॥६॥
विषं विषस्य वन्हेश्च, वन्हिरेव यदौषधं ॥
तत्सत्यं भवभीताना, मुपसर्गेऽपि यन्नभीः ॥ ७ ॥
स्थैर्यं भवभयादेव, व्यवहारे मुनिर्व्रजत् ॥
स्वात्माराम समाधौ तु, तदप्यंतर्निमज्जति ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. કર્મ વિપાકને સમ્યક્ ચિંતવતો મુનિ ભવથી ઉદ્વિગ્ન-ઉદાસી થયો છતો જેને તરી પાર જવા પ્રતિદિન પ્રયત્ન કર્યા કરે છે તેજ ભવ સમુદ્રનું સ્વરૂપ કહે છે.–જેનો મધ્ય ભાગ બહુ ઉંડો છે. જન્મ મરણાદિક જન્ય અનંત દુઃખરૂપ જલ રાશિથી અથાગ ભરેલો છે, જેનું અજ્ઞાન રૂપ વજ્રમય તળું છે–અજ્ઞાન અવિવેક યા મિથ્યા ભ્રમના આધારેજ સંસારની સ્થિતિ રહેલી છે; અજ્ઞાનના જોરથીજ ચાર ગતિ યા ૮૪ લક્ષ જીવાયોનિમાં પુનઃ પુનઃ અવતરવા રૂપી સંસાર ભ્રમણ થાય છે; તથા આધિ,

વ્યાધિ અને ઉપાધિ જન્ય અનેક કષ્ટ રૂપી પર્વતોથી જેની વાટ વિષમ છે. આવી વિષમ સ્થિતિમાં જીવને પરિભ્રમણ કરવું પડે છે, છતાં અજ્ઞાન વશવર્તી જીવો તેથી ઉદ્વિગ્ન (વિરક્ત) થતા નથી.

૨. વળી જેમાં તૃષ્ણારૂપી તોફાની પવનથી ભરેલા ક્રોધાદિ કષાયોરૂપી ચાર મોટા પાતાલ કલશા વિવિધ વિકલ્પરૂપી વેલાની વૃદ્ધિ કરે છે, સંસારી જીવ તૃષ્ણા તરંગમાં તણાતા કષાયને વશપડી ચિતમાં સંકલ્પ વિકલ્પોને પેદા કરી પરમ દુઃખના ભાગી થાય છે, છતાં અજ્ઞાનના જોરથી વિષય તૃષ્ણાને તજી તેઓ ક્લિષ્ટ કષાયોને જીતી સુખ સમાધિ સાધવા અલ્પ પણ પ્રયત્ન સેવી શકતા નથી. એવા અજ્ઞાની જીવો આપ મતિથી અવળા ચાલી દુઃખ દાવાનલમાં સ્વયંપચાય તેમાં આશ્ચર્ય શું?

૩. વળી જેમાં કામ–અગ્નિરૂપી વડવાનલ બલી રહ્યા છે, જે સ્નેહરૂપી ઈંધનથી સદા જાજ્વલ્યમાન રહે છે, અને ભયંકર રોગ શોકાદિ મચ્છ કચ્છપોથી જે ચોતરફ વ્યાપ્ત દીસે છે. છતાં અવિવેકી જીવો તેમાંજ રતિ ધારણ કરી ઝંપલાય છે પણ પ્રત્યક્ષ દુઃખરાશિથી મુક્ત થવા પ્રયત્ન કરતા નથી. આવા વિવેક શૂન્ય સંસારીની વારંવાર વિડંબના થયા કરે છે.

૪. વળી દુર્બુદ્ધિ, મત્સર, અને દ્રોહરૂપી વિજલી, વંટોલીયા અને ગર્જારવ વડે જેમાં ભ્રમણ કરનારા લોકો વિવિધ ઉત્પાતના સંકટમાં આવી પડે છે છતાં જડ–યાત્રા (પુદ્ગલ–પ્રેમ) ને તજી તન્મયપણે તીર્થ–યાત્રાદિક ધર્મકરણી કરતા નથી, આવા પુદ્ગલાનંદી જીવોને પરાધીનપણે અનેક આપદાઓ વેઠવી પડે છે. એમ સમજીને આત્મકલ્યાણ સાધવાને સમયજ્ઞ પુરૂષ શું કરે છે તે શાસ્ત્રકાર પોતેજ જણાવે છે.

૫. આવા ભયંકર ભવસમુદ્રથી અત્યન્ત ઉદ્વેગ પામેલો જ્ઞાની પુરૂષ તેને તરી પાર જવાનો ઉપાય સર્વ યત્નથી આદરે છે. સમયજ્ઞ પુરૂષ આવા ભયંકર સંસારને તરવા પ્રમાદને તજી રત્નત્રયીનું સમ્યગ્ સેવન કરે છે.

૬. જેવી રીતે સંપૂર્ણ તેલના પાત્રને હાથમાં લઇ ચાલનાર તેમજ રાધાવેધને સાધનાર સાવધાન થઇ રહે તેવીજ રીતે ભવભીરૂ મુની સ્વચરિત્ર ક્રિયામાં સાવધાન થઇ વર્તે છે. જન્મ મરણનાં અનંત દુઃખથી બીધેલા ભવભીરૂ મુનિ ધર્મકરણીમાં પ્રમાદશીલ થતાજ નથી. પ્રત્યક્ષ પુદ્ગલિક સુખ તજીને દેહને દમવા તે કેમ ઉજમાલ થતા હશે? એવી શિષ્યની શંકાનું શાસ્ત્રકાર સમાધાન કરે છે.

૭. જેમ વિષનું ઔષધ વિષ છે, અને અગ્નિથી દગ્ધ થયેલાનું ઔષધ અગ્નિજ છે તેમ ભવભીરૂ મુનિને ઉપસર્ગ સંબંધી દુઃખનો ડર લાગતોજ નથી. જેમ કોઇને સાપ કરડયો હોય ત્યારે તેને લીમડો ચવરાવે છે, અને અગ્નિથી દાઝેલાને અગ્નિનોજ શેક કરે છે, તેમ જન્મ મરણનાં દુઃખથી ત્રાસ પામેલા મુનિ તે દુઃખને કાપવા માટે વિવિધ ઉપસર્ગ સંબંધી દુઃખને સમભાવે સહન કરે છે તેથી તે ભવ દુઃખથી મુક્ત થઇ શકે છે. એવી સંપુર્ણ ખાત્રીથીજ વિવિધ ઉપસર્ગ પરિષહાદિક સંબંધી દુઃખને સમયજ્ઞ મુનિ સ્વાધીનપણેજ સમભાવથી સહન કરવા તત્પર રહે છે.

૮. ભવભીરૂપણાથી જ વિવેકવાન્ મુનિ ધર્મ વ્યવહારને સ્થિરતાથી સેવે છે. જન્મ મરણના ભયથીજ સમયજ્ઞ મુનિ વ્યવહાર માર્ગનું દૃઢ આલંબન લઈ નિશ્ચય માર્ગને સાધે છે. વીતરાગ પ્રણીત સ્યાદ્વાદ માર્ગનું સાવધાનપણે સેવન કરવા સમયજ્ઞ

મુનિ ચૂકતા નથી તેનું મુખ્ય કારણ ભવભયજ છે. એમ સાધ્ય દૃષ્ટિથી શુદ્ધ વ્યવહારનું સેવન કરતાં કરતાં જ્યારે પોતાના આત્મામાં સહજ સમાધિ જાગે છે, જ્યારે સાક્ષાત્ આત્મ-અનુભવ જાગે છે ત્યારે ભવભય પણ અંતર સમાઈ જાય છે.

॥ २३ ॥ लोकसंज्ञात्यागाष्टकम् ॥

प्राप्तः षष्ठगुणस्थानं, भवदुर्गाद्रिलंघनम् ॥
लोकसंज्ञारतो न स्याद्, मुनिर्लोकोत्तर स्थितिः ॥१॥
यथा चिंतामणिं दत्ते बठरोबदरीफलैः ॥
हाहा जहाति सद्धर्मं, तथैव जनरंजनैः ॥ २ ॥
लोकसंज्ञा महानद्या, मनुश्रोतोऽनुगा न के ॥
प्रतिश्रोतोऽनुगस्त्वेको, राजहंसो महामुनिः ॥ ३ ॥
लोकमालंब्य कर्तव्यं, कृतं बहुभिरेव चेत् ॥
तथा मिथ्यादृशां धर्मो, न त्याज्यः स्यात्कदा च न ॥४॥
श्रेयोऽर्थिनो हि भूयांसो, लोके लोकोत्तरे च न ॥
स्तोकाहि रत्नवणिजः, स्तोकाश्चस्वात्म साधकाः॥५॥
लोकसंज्ञाहताहंत, नीचैर्गमन दर्शनैः ॥
शंसयन्ति स्व सत्यांग, मर्मघातमहाव्यथां ॥ ६ ॥

आत्मसाक्षिक सद्धर्म, सिद्धौ किं लोकयात्रया ॥
तत्र प्रसन्नचंद्रश्च, भरतश्चनिदर्शने ॥ ७ ॥
लोकसंज्ञोज्जितः साधुः, परब्रह्मसमाधिमान् ॥
सुखमास्ते गतद्रोह, ममता मत्सर ज्वरः ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. સંસારરૂપી વિષમ ઘાટીનો પાર પમાડનાર પ્રમત્તગુણુસ્થાનક જેને પ્રાપ્ત થયું છે એવા લોકોત્તર સ્થિતિવાલા મુનિ લોકસંજ્ઞાનો ત્યાગજ કરે છે. વિષય કષાયને વિવશ થઇ જેમ દુનિયા દોરાય છે તેમ શ્રેષ્ઠ મર્યાદાશીલ મુનિરાજ લોકપ્રવાહમાં ખેંચાઇ જતા નથી. તેતો સ્વભાવમાં સ્થિત છતા સંયમ આચરણમાં સદા સાવધાન થઇ રહે છે.

૨. જેમ કોઈ મૂર્ખ બોરડીનાં ફલ લઇ બદલામાં ચિંતામણી રત્ન આપી દે છે, તેમ મૂઢ માણુસ જનરંજન માટે શ્રેષ્ઠ ધર્મને હારી જાય છે, જેને સત્ય ધર્મની કદર નથી તે બાપડાથી ચિંતામણી જેવો અમૂલ્ય ધર્મ સાચવી શકાતો નથી.અને લોકરંજન માટે શ્રેષ્ટ લાભને ચુકી જાય છે. પાછળથી તેને દુનિયાની દેખાદેખી કરવાથી બહુ કષ્ટ સહન કરવું પડે છે.

૩. લોકસંજ્ઞા એ એક મોટી નદીનો પ્રબલ પ્રવાહ છે તેમાં પ્રવેશેલા કોણુ કોણુ તણાયા નથી ? તેને તરીને પાર જવાને સમર્થ તો કેવલ સામેપૂરે ચાલનારા રાજહંસ સમાન મહામુનિરાજ-

જ છે. જે લોકસંજ્ઞાનો સર્વથા ત્યાગ કરવા અનુકૂલ પ્રયત્ન સેવે છે તેજ મુનિરાજ તેનો ત્યાગ કરી શકે છે. બાકીના તો લોકપ્રવાહમા તણાયા જાય છે. લોકપ્રવાહમાં તણાતા પુરુષાર્થહીનને તારવા કોઇ સમર્થ થતું નથી. જો જનરંજન તજી કેવલ સ્વપર કલ્યાણાર્થે સંયમ માર્ગનું સારી રીતે સેવન કરાય તો પ્રબલ પુરુષાર્થ યોગે જરુર તેનો જય કરી શકાય. એવા આત્મ વીર્યથી તેનો સર્વથા જય કરી સર્વોત્તમ સંયમને આરાધી અનંતા આત્માઓ અક્ષય સુખને સાધી શકયા છે.

૪. જો સર્વે કરે તેજ કરવું ઠીક માનીયે તો તો કદાપિ પણ મિથ્યાત્વનો ત્યાગ કરી શકાશે નહિં. જયારે સત્ય માર્ગનું શોધન કરી તેનોજ સ્વીકાર કરશું ત્યારેજ આપણે સત્ય–સાચા સુખને પામી શકશું. તે વિના તો જેમ ધુમાડાના બાચકા ભરતાં કંઇ હીરો હાથમાં આવે નહિં તેમ સત્ય માર્ગને તજી સ્વચ્છંદ પણે ચાલતાં ખરૂં સુખ મલી શકે નહિં. એવા સત્યમાર્ગને શોધી ચાલનારા વિરલાજ હોય છે.

૫. શ્રેયના અર્થી જીવો લૌકિક કે લોકોત્તર માર્ગમાં થોડાજ દીસે છે. જેમ રત્નના વ્યાપારી થોડા હોય છે તેમ આત્મ–સાધક પણ થોડાજ હોય છે. જેમ રત્નની ખાણ દુર્લભ હોય છે તેમ કલ્યાણાર્થી ઉત્તમ જીવો પણ દુર્લભ હોય છે. ખરૂં આત્માર્થીપણું આવવું જીવને દુર્લભ છે તે વિના સત્યમાર્ગને શોધી તેને દ્રઢપણે અવલંબવો કઠીનજ છે.

૬. લોકસંજ્ઞાથી પરાભવ પામેલા પ્રાણી સ્વશ્રેયથી ચુકે છે છતાં લોક દેખાવો કરવા જે તેઓ નીચા વળીને ચાલે છે તે એમ જણાવે છે કે તેમના સત્ય અંગમાં મર્મઘાતની મહાવ્યથા થયેલી

છે, તેથીજ તેઓ વાંકા વળીને ચાલતા લાગે છે. લોક સંજ્ઞાનો આમાં આલેખ કર્યો લાગે છે.

૭. શ્રેષ્ઠ ધર્મની સિદ્ધિ આત્મ-સાક્ષિક છતાં લોક દેખાવો કરવાનું કામ શું? મનથી જીવ કર્મ બાંધે છે અને મનથીજ છોડી શકે છે તો પછી લોક દેખાવો કરવાથી શું વળે:? જેમ પ્રસન્નચંદ્ર રાજઋષિને તથા ભરત મહારાજાને સાક્ષાત્ અનુભવાયું તેમ સમ્યગ્ વિચારી સ્વકલ્યાણના અર્થિજીવોએ લોક દેખાવો કરવાની બુદ્ધિ તજી દેવી.

૮. લોકસંજ્ઞા રહિત સાધુ પરદ્રોહ, મમતા, અને મત્સર દોષથી મુક્ત હોવાથી સહજ સમાધિમાં મસ્ત થઈ રહે છે. જે મહાશય મુમુક્ષુએ લોકસંજ્ઞા તજી દીધી છે તેને ઉક્ત દોષોનું સેવન કરવું પડતુંજ નથી. તેથી તે શુદ્ધ સંયમને સાધતાં સ્વાભાવિક સુખમાં મગ્ન થઇ રહે છે. પરઉપાધિ રહિત હોવાથી નિર્ગ્રંથ મુનિ ઉત્તમ નિવૃત્તિ ધારી સહજ સમાધિ સુખને પામી શકે છે. પણ પરઉપાધિ ગ્રસ્ત એવું કોઇપણ તેવું સ્વભાવિક સુખ સ્વપ્નમાં પણ પામી શકતો નથી. એટલાજ માટે મોક્ષ સુખના અર્થિ જનોએ લોક સંજ્ઞાનો જરૂર ત્યાગ કરવો જોઇયે. અન્યથા જપ તપ સંયમ સંબંધી સકલ ધર્મ કરણી કેવળ કષ્ટરૂપ થઇ પડશે. ઉક્તસર્વ ધર્મ કરણી જો વિવેકથી આત્મ કલ્યાણ અર્થેજ કરવામાં આવશે તો તે સઘળી લેખે પડશે, માટે કેવળ ગતાનુગતિકતા તજી વસ્તુ સ્વરૂપ સમજીનેજ સાધન કરવું હિતકારી છે.

॥ २४ ॥ शास्त्राऽष्टकम् ॥

चर्मचक्षुर्भृतः सर्वे, देवाश्चावधिचक्षुषः ॥
सर्वतश्चक्षुषः सिद्धाः, साधवः शास्त्रचक्षुषः ॥ १ ॥
पुरस्थितानिवोर्ध्वाध, स्तिर्यग्लोक विवर्तिनः ॥
सर्वान् भावानपेक्षन्ते, ज्ञानिनः शास्त्रचक्षुषा ॥ २ ॥
शासनात् त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते ॥
वचनं वीतरागस्य, तत्तु नान्यस्य कस्यचित् ॥ ३ ॥
शास्त्रे पुरस्कृते तस्माद्, वीतरागः पुरस्कृतः ॥
पुरस्कृते पुनस्तस्मिन्, नियमात् सर्वसिद्धयः ॥ ४ ॥
अदृष्टाऽर्थेऽनुधावंतः, शास्त्र दीपं विना जडाः ॥
प्राप्नुवन्तिपरं खेदं, प्रस्खलन्तः पदे पदे ॥ ५ ॥
शुद्धोंच्छाद्यपि शास्त्राज्ञा, निरपेक्षस्य नो हितं ॥
भौतहंतुर्यथा तस्य, पदस्पर्श निवारणं ॥ ६ ॥
अज्ञानाहि महामंत्रं, स्वाच्छंद्यज्वर लंघनं ॥
धर्मारामसुधाकुल्यां, शास्त्रमाहुर्महर्षयः ॥ ७ ॥
शास्त्रोक्ताचारकर्ता च, शास्त्रज्ञः शास्त्रदेशकः ॥
शास्त्रैकदृग्, महायोगी, प्राप्नोति परमं पदम् ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. સર્વે મનુષ્ય તિર્યંચો ચર્મચક્ષુને ધારણ કરનારા છે, એટલે કે તેમને ચામડાની ચક્ષુ છે. દેવતા માત્રને અવધિજ્ઞાનરૂપી ચક્ષુ છે. સર્વ સિદ્ધ ભગવાનોને પ્રદેશે પ્રદેશે ચક્ષુ છે કેમકે તેઓ અનંત જ્ઞાન અને દર્શન ગુણથી યુક્ત છે. અને સાધુ મુનિરાજોને શાસ્ત્રરૂપી દિવ્ય ચક્ષુ હોય છે. હવે શાસ્ત્ર ચક્ષુ કેવી ઉપયોગી છે તે બતાવે છે.

૨. જ્ઞાની પુરૂષો શાસ્ત્ર ચક્ષુવડે ઉર્ધ્વ અધો અને તીર્છા–ત્રણે લોકમાં વર્તતા સર્વ ભાવોને પ્રત્યક્ષની પેરે દેખે છે. જેમ નિર્મલ આરીસામાં સામી વસ્તુઓનાં પ્રતિબિંબ સારી રીતે પડી રહે છે તેમ નિર્મલ જ્ઞાનચક્ષુથી પણ ત્રિભુવનવર્તી સર્વ પદાર્થોનું યથાર્થ ભાન થઇ શકે છે. માટેજ મુમુક્ષુજનો વિનય પૂર્વક અહોનિશ જ્ઞાનનું આરાધન કરવા ઉજમાલ રહે છે. હવે પ્રસંગોપાત ગ્રંથકર્ત્તા શાસ્ત્રનું લક્ષણ કહે છે.

૩. મોક્ષ માર્ગનું શાસન–યથાર્થ કથન કરવાથી અને ત્રાણ–રક્ષણ કરવા સમર્થ હોવાથી શાસ્ત્ર શબ્દ સાર્થક થાય છે. એવું શાસ્ત્ર તો વીતરાગનાં વચનરૂપ હોય છે. તે વિના અન્ય રાગી દ્વેષી કે મોહાધીનનાં વચન સત્ શાસ્ત્રરૂપ હોઇ શકતાં નથી. વીતરાગ પ્રભુનાં વચન સર્વ દોષ રહિત અને સર્વ ગુણ સહિત હોવાથી શાસ્ત્રરૂપે માન્ય કરવા યોગ્ય છે. પરંતુ તેવા ગુણ વિનાના અન્ય વાગાડંબરીનાં વચન સત્ શાસ્ત્રરૂપ નહિ હોવાથી મુમુક્ષુ વર્ગને માન્ય કરવા યોગ્ય નથી. તેના સત્ શાસ્ત્ર માનવાથી માન-

નારને શો ફાયદો થાય છે તે શાસ્ત્રકાર પોતેજ બતાવે છે.

૪. સત્શાસ્ત્રને આગલ કર્યાથી વીતરાગને આગલ કર્યા સમજવા. અને વીતરાગને આગળ કર્યે છતે નિશ્ચે સર્વ સિદ્ધિયો સંપજે છે. વીતરાગ પ્રભુની પવિત્ર આજ્ઞાઓને માન્ય કરનારના સર્વ મનોરથ સીજે છે. એકાંત હિતકારી પ્રભુની પવિત્ર વાણીનો અનાદર કરનાર અજ્ઞાની જનોના કેવા હાલ થાય છે તે શાસ્ત્રકાર બતાવે છે.

૫. શાસ્ત્રરૂપી દિવ્ય દીપક વિના અજાણ્યા વિષયમાં એકદમ દોડતા દુર્બુદ્ધિજનો માર્ગમાં પગલે પગલે સ્ખલના પામતા પરમ ખેદને અનુભવે છે. સત્ શાસ્ત્રરૂપી દિવ્ય ચક્ષુ વિના જીવને સત્યમાર્ગ સૂજતોજ નથી તેથી સત્ય માર્ગથી ચુકી જીવ આડોઅવલો અથડાઇ બહુ હેરાન થાય છે. સ્વકપોલ કલ્પિત માર્ગે ચાલતાં જીવને એવા જોખમમાં ઉતરવું પડે છે. જો વીતરાગ વચનનું શરણુ લહી તે મુજબ વર્તન કરાય તો કંઇપણ ભીતિ રાખવાનું કારણુ રહે નહિ.

૬. શાસ્ત્રઆજ્ઞા નિરપેક્ષ—સ્વચ્છંદચારી ગમે તેવી ઉગ્રક્રિયા કરે તોપણુ તેથી તેનું હિત થઇ શકશે નહિં, પણુ જો વીતરાગ પ્રભુની પવિત્ર આજ્ઞા મુજબ—શાસ્ત્ર પરતંત્રપણે અલ્પ પણુ અનુષ્ઠાન સેવશે તે તેને જરૂર હિતકારી થઇ શકશે. કેટલાક અણુસમજથી શાસ્ત્રઆજ્ઞાને લોપીને સદ્ગુરૂથી જૂદા પડી પ્રથમ તો ઉગ્રક્રિયા કરવાનો વિચાર રાખે છે પણુ પાછલથી સમયોચિત સારણાદિકના અભાવે તે શિથિલ થઇ જાય છે. સારી બુદ્ધિથી પણુ સ્વચ્છંદપણે સદ્ગુરૂને તજવામાં અહિતજ રહેલું છે. તેથી

અલ્પદોષ તજતાં ભારે દોષ સેવવો પડે છે. જેમ મનોહર મોર પીંછી માટે બૌદ્ધ ગુરૂની આજ્ઞા નહિ છતાં તેના ભક્ત ભૂમિપાલે ગુરૂનાં ચરણ સ્પર્શનો દોષ નિવારવા બાણવડે તે પીંછી લેતાં તે ગુરૂનોજ ઘાત કર્યો તેમ કમસમજવાલા આપમતિથી અલ્પદોષ તજતાં અધિક દોષનેજ સેવે છે.

૭. માટે મહામુનિયો શાસ્ત્રને અજ્ઞાનરૂપી સર્પને દમવા જાંગુલી મંત્ર સમાન, સ્વચ્છંદતા રૂપી જ્વરને શાન્ત કરવા લંઘન (લાંઘણ) સમાન, અને સત્ધર્મરૂપી આરામને સિંચવા અમૃતની નીક સમાન લેખે છે. સમયજ્ઞ સત્પુરૂષો એવા સત્શાસ્ત્રના ૪ લાભને ક્ષણવાર પણ ચૂકતા નથી.

૮. શાસ્ત્રોક્ત આચારને સેવવાવાલા શાસ્ત્ર–રહસ્યને સમ્યગ્ જાણવાવાળા, શાસ્ત્રના માર્ગનેજ બતાવવાવાળા અને શાસ્ત્ર સન્મુખજ દૃષ્ટિ રાખવાવાળા મહાયોગી–મુનિ નિશ્ચે પરમપદને પામેછે માટે મોક્ષાર્થિ જનોએ એવા સત્શાસ્ત્ર–સેવી સત્પુરૂષોજ સદા સેવવા યોગ્ય છે.

॥ २५ ॥ परिग्रहाष्टकम् ॥

न परावर्त्तते राशे, र्वक्रतां जातु नोज्झति ॥
परिग्रह ग्रहः कोऽयं, विडंबित जगत्त्रयः ॥ १ ॥
परिग्रहग्रहावेशा, दुर्भाषित रजः किरां ॥
श्रूयन्ते विकृताः किं न, प्रलापा लिंगिना मपि ॥२॥

यस्त्यक्त्वा तृणवद्बाह्य, मान्तरं च परिग्रहं ॥
उदास्ते तत्पदांभोजं, पर्युपास्ते जगत्त्रयी ॥ ३ ॥
चित्तेन्त ग्रंथ गहने, बहिर्निर्ग्रंथता वृथा ॥
त्यागात्कंचुक मात्रस्य, भुजगो नहि निर्विषः ॥४॥
त्यक्ते परिग्रहे साधोः, प्रयाति सकलं रजः ॥
पालित्यागे क्षणादेव, सरसः सलिलं यथा ॥५॥
त्यक्तपुत्रकलत्रस्य मूर्च्छा मुक्तस्य योगिनः ॥
चिन्मात्र प्रतिबद्धस्य, का पुद्गल नियंत्रणा ॥ ६ ॥
चिन्मात्रदीपको गच्छेद्, निर्वात स्थानसंनिभैः ॥
निष्परिग्रहतास्थैर्यं, धर्मोपकरणै रपि ॥ ७ ॥
मूर्च्छाछन्नधियां सर्वं, जगदेव परिग्रहः ॥
मूर्च्छयारहितानां तु, जगदेवाऽपरिग्रहः ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. શાસ્ત્ર ઉપદેશ સાંભળી—સદ્દહીને પરિગ્રહનું સ્વરૂપ સમજીને તેનો વિવેક ધારવો જરૂરનો છે. પ્રાયઃ પરિગ્રહજ પ્રાણિઓને પીડાવાનું કારણ છે. માટે તેનો અવશ્ય પરિહાર કરવો જોઈએ તેજ વાત સ્ફુટ બતાવે છે, ત્રણે જગતના જીવોની વિ-

વિધ વિડંબના કરનાર પરિગ્રહ એવો તો આકરો ગ્રહ છે કે તે મુલ રાશિથી બદલાતો નથી તેમજ વક્રતા ત્યજતો નથી.

૨. પરિગ્રહરુપી પિશાચથી પરાભવ પામેલા લિંગધારી સાધુઓ પણ પોતાની (સાધુ) પ્રકૃતિને તજી જેમ તેમ લવતા ફરે છે, અનેક ઉન્માદ કરે છે, વેષ વિગોવણા કરે છે અને અંતે અધોગતિમાં જાય છે એ સર્વ પરિગ્રહનોજ પ્રભાવ સમજવો.

૩. ધનધાન્યાદિક એ બાહ્ય પરિગ્રહ છે અને વેદોદયથી થતી વિષય-અભિલાષા, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુગંછા, મિથ્યાત્વ અને કષાય એ અભ્યંતર પરિગ્રહ છે. તે બંને પરિગ્રહને તૃણની જેમ તજીને જે જગતથી ઉદાસી (ન્યારા) છે, તેના ચરણ કમળને જગત્ માત્ર પુજે છે. પણ જે તે પરિગ્રહમાં મુંઝાઇ પરસ્પૃહા કરે છે તેતો જગત માત્રના દાસજ છે. મુર્છા-મમતાનેજ જ્ઞાની પુરુષો પરિગ્રહ કહે છે.

૪. જેમ સર્પ કાંચલી ઉતારી નાંખવાથી નિર્વિષ થઇ જતો નથી તેમ બાહ્ય પરિગ્રહના ત્યાગ માત્રથી ખરું સાધુપણું પ્રાપ્ત થતું નથી. કેમકે વિવેક વિના ધન વિગેરે તજવા માત્રથી કાંઇ વિષય અભિલાષાદિક અંતર વિષ ટલી શકતું નથી. માટે મુમુક્ષુજનોએ તો વિષય અભિલાષાદિક અંતર વિષ વારવા પ્રથમ ખપી થવું જોઈએ. જયાં સુધી વિષયવાસના જાગૃત છે, જયાં સુધી હાસ્યાદિક દોષોનું મુત્કલની જેમ સેવન કરાય છે, જયાં સુધી તત્વ દૃષ્ટિ થવા યત્ન કરાતો નથી અને જયાં સુધી ક્રોધ, માન, માયા અને લોભની સેવા કર્યા કરાય છે, ત્યાં સુધી સાધુપણું છેટુંજ સમજવું. અંતર વિષ ટલતાંજ સાધુપણું સંપજેછે.

૫. જેમ સરોવરની પાલ તોડી નાંખવાથી માંહેનું સર્વ જલ ક્ષણ માત્રમાં બહાર વહી જાય છે, તેમ પરિગ્રહરુપી પાલ તોડવાથી–મુર્છાનો ત્યાગ કરવાથી સર્વ કર્મમલનો ક્ષણવારમાં નાશ થાય છે. ગમે તેટલી કષ્ટકરણી કરતા છતાં અંતરનો મેલ ધોવા માટે મુર્છાનો ત્યાગ કર્યા વિના શુદ્ધ થવાતું નથી. માટે વિવેકપૂર્વક બાહ્ય અને અંતર ઉભય પરિગ્રહનો પરિહાર કરવો ઘટે છે.

૬. સ્રી પુત્ર લક્ષ્મી વિગેરેની મૂર્છા તજી કેવલ જ્ઞાન ધ્યાનનોજ અભ્યાસ કરનારા સાધુપુરૂષોને પુદ્ગલની શી પરવા છે ? સ્રી પુત્રને તજીને જો પુનઃ પરિગ્રહ મમતાથી લોક પરિચય કરી જ્ઞાન ધ્યાન ન કર્યું, સંયમમાર્ગ સમ્યગ્ સેવ્યો નહિં. મૂર્છા મમતાજ વધારી તો પ્રથમનાં સ્રી પુત્રાદિકને તજીને શું કમાણા? ઉલટી ઉપાધિ વધારવાથી વિશેષે વિડંબનાપાત્ર થવાના. તેમ ન થાય એવું લક્ષ રાખવુંજ જોઇયે.

૭. જેમ વાયરા વિનાના સ્થળવડે દીવો સ્થિર રહી શકે છે–બુઝાતો નથી તેમ ધર્મ-ઉપગરણોવડે નિષ્પરિગ્રહતા સાધી શકાય છે. ધર્મની વૃદ્ધિ કરનારાં સાધનજ ધર્મ–ઉપગરણ ગણાય છે. તેમનું મમતારહિત સેવન કરતાં છતાં ગમે તે અક્ષય સુખના અધિકારી થઇ શકે છે. પણ જો તેમાંજ ઉલટી મમતા કરવામાં આવે તો તે ઉપગરણ કેવળ અધિકરણ (શસ્ત્ર) રૂપજ ગણાય. માટે મમતા રહિત જ્ઞાનદર્શન કે ચારિત્રનાં ઉપગરણોવડે આત્મ ઉપગારની સિદ્ધિ થાય તેમ યત્નથી પ્રવર્તવું. એમ વિવેકથી ધર્મ ઉપગરણને સેવનારને ધર્મની વૃદ્ધિજ થાય છે. પણ જો તેમાં વિવેકની ખામીથી ઉલટી મમતા સ્થપાય તો તેથી ધર્મની

વૃદ્ધિના બદલે હાનિ થવાનો પ્રસંગ આવે છે. માટે જેમ ધર્મો- પગરણનું સાર્થકપણુ થાય તેમ વિવેકથીજ વર્તવું યુક્ત છે.

૮ આવાં કારણસર શાસ્ત્રકાર કહે છે કે મૂર્છાવડે જેની બુદ્ધ અંજાઇ ગઈ છે તેને આખું જગત પરિગ્રહરૂપ જ છે, અને જે મહાત્માએ મૂર્છા (મમતા) ને સમૂલગી મારી છે, તેને તો જગ- તમાં જરા પણ પરિગ્રહનો લેપ લાગેજ નહિ. આ ઉપરથી મૂ- ર્છા ઉતારવી કેટલી વિષમ છે તે તથા મૂર્છા ઉતાર્યાવી કેટલું બધું સુખ થાય છે, તેનું સહજ ભાન થઇ શકે છે. ગમે એવું દુષ્કર કાર્યપણ પુરૂષાર્થથી સાધી શકાય છે. એમ સમજી કાયરતા તજી પરિગ્રહનો પ્રસંગ તજવા પ્રયત્ન કરવો ઘટે છે.

॥ २६ ॥ अनुभवाऽष्टकम्

संध्येव दिन रात्रिभ्यां, केवलश्रुतयोः पृथक् ॥
बुधैरनुभवो दृष्टः, केवलाऽकारुणोदयः ॥ १ ॥
व्यापारः सर्वशास्त्राणां, दिक्प्रदर्शन मेव हि ॥
पारं तु प्रापयत्येकोऽ नुभावे भव वारिधेः ॥ २ ॥
अतींद्रियं परंब्रह्म विशुद्धाऽनुभवं विना ॥
शास्त्रयुक्ति शतेनापि, न गम्यं यद् बुधाजगुः ॥ ३ ॥
ज्ञायेरन् हेतुवादेन, पदार्था यद्यतींद्रियाः ॥
कालेनैतावता प्राज्ञैः कृत स्यात्तेषु निश्चयः ॥ ४ ॥

केषां न कल्पना दर्वी, शास्त्रक्षीरान्नगाहिनी ॥
विरला स्तद्रसास्वाद, विदोऽनुभवजिह्वया ॥ ५ ॥
पश्यतु ब्रह्म निर्द्वंद्वं, निर्द्वंद्वाऽनुभवं विना ॥
कथं लीपीमयी दृष्टि, र्वाङ्मयी वा मनोमयी ॥ ६ ॥
न सुषुप्ति रमोहत्वा, न्नाऽपि च स्वाप जागरौ ॥
कल्पनाशिल्पविश्रान्ति, स्तुर्यैवानुभवो दशा ॥ ७ ॥
अधिगत्याखिलं शब्द, ब्रह्म शास्त्रदृशा मुनिः
स्वसंवेद्यं परंब्रह्मा, नुभवेनाधिगच्छति ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧ જેમ દિવસ અને રાત્રિથી સંધ્યા જૂદી છે, તેમ અનુભવ જ્ઞાન પણ કેવલ જ્ઞાન શ્રુત જ્ઞાનથી જુદું છે. જેમ સૂર્ય-ઉદય પહેલાં અરૂણોદય થાય છે તેમ કેવલ જ્ઞાન પ્રગટયાં પહેલાં અનુભવ જ્ઞાનનો ઉદય થાય છે. પછી અવશ્ય અલ્પકાળમાં કેવલ જ્ઞાન પ્રગટ થાય છે. જેમ અરૂણોદય રાત્રિના અંતે થાય છે, તેમ અનુભવ જ્ઞાન પણ શ્રુત જ્ઞાનના અંતે પ્રગટે છે. એટલે કે શ્રુત જ્ઞાન કારણ છે અને અનુભવ જ્ઞાન કાર્યરૂપ છે. સમ્યગ્ જ્ઞાન વિના કદાપિ કોઈને પણ અનુભવ પ્રગટે નહિ. માટે કાર્યાર્થી જેમ કારણનું સેવન કરે તેમ અનુભવના અર્થીએ શ્રુત જ્ઞાનનું અવશ્ય સેવન કરવું.

૨ શાસ્ત્રો તો ફકત દિગ્દર્શન કરાવે છે. બાકી સંસારનો પાર તો અનુભવજ કરાવે છે. જેમ કોઇ માર્ગમાં મળેલું માણસ માર્ગભ્રષ્ટને ખરા માર્ગની દિશા બતાવી દે છે તેમ શાસ્ત્ર પણ મોક્ષનો માર્ગ આમ છે એમ બતાવી દે છે. પણ જેમ સાથે લીધેલો ભોમિયો ઠેઠ માર્ગે પહોંચાડી આપે છે, તેમ સહજ અનુભવ જ્ઞાન પણ ઠેઠ પાર પહોંચાડે છે.

૩. વિશુદ્ધ અનુભવ વિના શાસ્ત્રની સેંકડો યુક્તિવડે પણ પરમાત્મતત્ત્વ સમજી શકાય તેવું નથી. જેનું સ્વરૂપજ શબ્દ, રૂપ, રસ, ગંધ, અને સ્પર્શરહિત હોવાથી અતીંદ્રિય છે, તેનું પ્રતિપાદન અક્ષર–વર્ણ વાકયમાત્રથી શી રીતે થઇ શકે. એક અરૂપી આત્મદ્રવ્ય અને બીજું દૃષ્ટાંત દઇને તે સુખેથી સમજી શકાય એવું કંઇ ઉપમાન નજરેજ પડતું નથી, તેથી અંતે એવાજ નિશ્ચય ઉપર આવી શકાય કે પરમાત્મતત્ત્વ જેવું કંઈ બીજું છેજ નહિ. તે તત્ત્વ પામેલા સર્વ સમાનજ છે, તથા તેવો સત્ય અનુભવ થયેજ તે તત્ત્વ સમજી શકાય એમ છે, પણ અનુભવ જ્ઞાન પ્રગટયા વિના પરમાત્મતત્ત્વ યથાર્થ સમજી શકાય તેમ નથી. માટે તેવો અનુભવ પ્રગટાવવા શ્રુતજ્ઞાન વિષયે પૂરતો પ્રયત્ન કરવો યુકત છે.

૪. જો હેતુવાદે કરી આવા અતીંદ્રિય પદાર્થોનો નિશ્ચય થાતો હોત તો તો તે કયારનો કરવા પંડિતો ચુકત નહિ, પણ તેમ કરવું અશકય જાણીને તેઓ કરી શકયા નથી. તર્ક, અનુમાન કે યુક્તિ વિગેરેથી તેઓએ આત્માદિ અરૂપિ–દ્રવ્યનો નિશ્ચય કર્યો હોતતો તે સંબંધી કોઇ જાતનો વિવાદ રહેતજ નહિ. પણ તેમ થઇ શકેજ નહિ. તેમ કરવાને અનુભવજ્ઞાનની ખાસ

જરૂર છે. સ્વાનુભવી પણ પરમાત્મતત્ત્વને યથાર્થ જાણતાં છતાં પોતેજ જાણીને વિરમે છે. તે પદાર્થ અતીંદ્રિય હોવાથી સ્વાનુભવ વિના શ્રોતાના ગ્રાહ્યમાં આવતો નથી–આવી શકતો નથી. સ્વાનુભવ થયે તે સેહેજ યથાર્થપણે સમજી શકાય છે.

૫. કેટલાક પંડિતોની કલ્પના કડછી, શાસ્ત્ર-ક્ષીરમાં ફરી, છતાં તેઓ અનુભવ-જીભ વિના તેનો સ્વાદ મેળવી શક્યા નહિં. અનુભવજ્ઞાન પ્રગટ થયેજ સર્વજ્ઞપ્રણીત શાસ્ત્રનો યથાર્થ સ્વાદ ચાખી શકાય છે.

૬. અદ્વિતીય અનુભવ જાગ્યા વિના લિપીવાળી, વાણીવાળી, અને મનવાળી રૂપિદૃષ્ટિથી અરૂપિ–અદ્વિતીય અનુપમ પરમાત્મ તત્ત્વને કેમ જોઈ શકાય ! જ્યારે અપૂર્વ સામ્ય સેવનથી અનુપમ અનુભવ જાગશે ત્યારેજ અતીંદ્રિય તત્ત્વનું યથાર્થ ભાન થશે. તે વિના કેવલ અક્ષરમય લીપી, વાણી, કે મનવાળી રૂપીદૃષ્ટિથી અરૂપી એવા શુદ્ધ આત્મતત્ત્વનું યથાર્થ ભાન થઇ શકવાનું નહિ. કાર્યાર્થીએ કાર્યાનુકૂલ કારણોનું સેવન કરવુંજ જોઇએ. તે વિના ઇષ્ટકાર્ય સિદ્ધિજ નથી. માટે શુદ્ધ આત્મતત્ત્વના કામી પુરૂષે નિર્દ્વંદ્વ (સર્વ ક્લેશરહિત શુદ્ધ) અનુભવ માટે પ્રયત્ન કરવો.

૭. સુષુપ્તિ, શયન, જાગર અને ઉજાગર એ ચાર દશાઓ શાસ્ત્રમાં વર્ણવી છે. તેમાં પ્રબલ મોહના ઉદયવાલી પ્રથમ દશા તથા વિવિધ કલ્પનાવાલી (સવિકલ્પક) શયન અને જાગર દશા આ અનુભવ જ્ઞાનમાં ઘટી શકે નહિ, તેમાં તો સમસ્ત વિકલ્પની વિશ્રાન્તિ શાન્તિરૂપ નિર્વિકલ્પ ચોથી ઉજાગર દશાજ હોવી ઘટે છે.

૮. શાસ્ત્રદૃષ્ટીથી સમસ્ત શબ્દ સ્વરૂપને સમ્યગ્ પામીને મુનિ, અનુભવગમ્ય શુદ્ધ આત્મતત્ત્વને અનુભવ જ્ઞાનવડે પામે છે. એટલે કે સમ્યગ્ શ્રુત જ્ઞાનના અભ્યાસથી અનુભવજ્ઞાન પામીને મુનિ શુદ્ધ સ્વરૂપને જાણે જોવે છે.

॥ २७ ॥ योगाष्टकम् ॥

मोक्षेण योजनाद्योगः, सर्वोऽप्याचारइष्यते ॥
विशिष्य स्थानवर्णार्था, लंबनैकाग्र्य गोचरः ॥ १ ॥
कर्मयोग द्वयं तत्र, ज्ञानयोग त्रयं विदुः ॥
विरतेष्वेष नियमाद्, बीज मात्रं परेश्वपि ॥ २ ॥
कृपा निर्वेद संवेग, प्रशमोत्पत्तिकारिणः ॥
भेदाःप्रत्येकमत्रेच्छा, प्रवृत्तिस्थिर सिद्धयः ॥ ३ ॥
इच्छा तद्वत्कथाप्रीतिः, प्रवृत्तिः पालनंपरः ॥
स्थैर्यं बाधकभी हानिः, सिद्धिरन्यार्थ साधनं ॥ ४ ॥
अर्थालंबनयोश्चैत्य, वंदनादौ विभावनं ॥
श्रेयसे योगिनः स्थान, वर्णयोर्यत्नएव च ॥ ५ ॥
आलंबनमिह ज्ञेयं, द्विविधं रूप्य रूपि च ॥
अरूपिगुणसायुज्यं, योगोऽनालंबनं परः ॥ ६ ॥

प्रीतिभक्ति वचोऽसंगैः, स्थानाद्यपि चतुर्विधं ॥
तस्मादयोग योगाप्ति, र्मोक्षयोगः क्रमाद् भवेत् ॥ ७ ॥
स्थानाद्ययोगिनस्तीर्थो, च्छेदाद्यालंबनादपि ॥
सूत्रदाने महादोष, इत्याचार्याः प्रचक्षते ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. જીવને મોક્ષસુખ સાથે જોડી આપે એવો સર્વ સદાચાર 'યોગ' ના નામથી ઓળખાય છે. તેના પાંચ પ્રકાર આ પ્રમાણે છે. ૧ સ્થાન (આસન-મુદ્રા વિશેષ) ૨ વર્ણ (અક્ષર વિશેષ) ૩ અર્થ ૪ આલંબન (પ્રતિમાદિ) અને ૫ એકાગ્રતા (મનની નિશ્ચલતા.)

૨. તેમાં પુર્વલા બે કર્મયોગ કહેવાય છે, અને પાછલા ત્રણ. જ્ઞાન યોગ કહેવાય છે. આ યોગ વિરતિ (નિવૃત્તિશીલ) વંતમાં નિશ્ચયથી હોય છે, અને બીજમાત્ર તો અનેરામાં પણ હોય છે. એ વચનમાં એવો ધ્વનિ થાય છે કે યોગના અર્થીએ નિવૃત્તિશીલ થવું જોઇયે.

૩. આ પાંચે યોગમાંના પ્રત્યેકના કૃપા, નિર્વેદ, સંવેગ અને શીતલતાને કરનારા ૧ ઇચ્છા, ૨ પ્રવૃત્તિ, ૩ સ્થિરતા અને સિદ્ધિ એવા ચ્યાર ચ્યાર ભેદો કહેલા છે. તે દરેકનું લક્ષણ આ પ્રમાણે.

૪. તેવા યોગ-સેવીની કથામાં પ્રિતિ થાય તે ઇચ્છા યોગ. ઉક્ત યોગનું પાલન કરવામાં તત્પરતા થાય તે પ્રવૃત્તિ યોગ. તે યોગનું સેવન કરતાં અતિચારાદિક દુષણ લાગે નહિ, લાગવાની બીક પણ રહે નહિં, તે સ્થિરતા યોગ અને સ્વયં યોગ.

ની સિદ્ધિ પૂર્વક અન્ય (ભવ્ય) જીવોને યોગની પ્રાપ્તિ કરાવવી તેનું નામ સિદ્ધિ યોગ સમજવો.

૫. પૂર્વોકત યોગોમાંના અર્થ અને આલંબન યોગનું ચૈત્યવંદન, તથા ગુરૂવંદનાદિક કરતાં સ્મરણ રાખવું. તેમાં તથા સ્થાન અને વર્ણયોગમાં યોગી પુરૂષે સ્વશ્રેય માટેજ પ્રયત્ન કરવાનો છે. ઉકત યોગાસેવનમાં જેમ અધિક પ્રયત્ન તેમ એકાગ્રતા દ્વારા અધિક શ્રેય સધાય છે.

૬. આલંબન બે પ્રકારે છે. ૧ રૂપી અને ૨ અરૂપી. તેમાં જિન મુદ્રાદિકરૂપી આલંબન છે. અને અરૂપી એવા સિદ્ધ ભગવાનના અનંત જ્ઞાનાદિક ગુણોમાંજ એકાગ્ર ઉપયોગ હેવો તે અરૂપી આલંબન છે. તેનું બીજું નામ નિરાલંબન યોગ છે. અનાલંબન યોગ ઉત્કૃષ્ટ યોગ છે.

૭. વળી પ્રિતિ, ભક્તિ, વચન અને અસંગભેદે કરીને સ્થાનાદિ યોગ ચાર ચાર પ્રકારે છે. પૂર્વોકત ઇચ્છાદિક ચ્યાર પ્રકારવાલા સ્થાનાદિક પાંચે યોગોના ૨૦ ભેદ થાય છે. અને તેમના પ્રત્યેક પ્રીતિ વિગેરે ચ્યાર ચ્યાર ભેદ ગણુતા યોગના ૮૦ ભેદ થાય. તેથકી ' અયોગ ' યોગની અનુક્રમે પ્રાપ્તિ થતાંજ મોક્ષ યોગની અક્ષય અવ્યાબાધ સુખની સંપ્રાપ્તિ થાય છે. એમ સમજી મોક્ષાર્થી સજ્જનોએ ઉપર બતાવેલા યોગનાં અંગોનું આદરથી સેવન કરવું ઘટે છે. કેટલાંક અનુષ્ઠાન પ્રીતિપૂર્વક અને કેટલાંક ભકિત પૂર્વક જ કરવાનાં કહ્યાં છે. જેમકે દેવવંદન, ગુરૂવંદન, વિગેરે ભકિતપૂર્વક કરવાનાં છે. અને પ્રતિક્રમણ, કાયોત્સર્ગ (કાઉસ્સગ્ગ,) પચ્ચખ્ખાણ વિગેરે પ્રીતિપૂર્વક કરવાનાં. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ ને લક્ષમાં રાખી સર્વજ્ઞકથિત સિદ્ધા-

ન્તને અનુસરીને વિધિપૂર્વક ધર્મવર્તન કરવું તે વચનઅનુષ્ઠાન છે. પૂર્વોક્ત પ્રીતિ ભકિતયુકત વચનઅનુષ્ઠાનને આચરતા અનુક્રમે અભ્યાસ બલથી મન, વચન, કાયાની, એકાગ્રતા સધાતાં અસંગ ક્રિયાનો અપૂર્વ લાભ મળે છે. અસંગ ક્રિયા સાધનારને મોક્ષ સુલભ છે. માટે મોક્ષાર્થીજનોએ મન, વચન, અને કાયાના યોગોને પરભાવમાં જતાં વારી સ્વભાવસન્મુખ કરવા જોઈયે. પુદ્ગલિક સુખની ઇચ્છા તજીને સહજ આત્મસુખમાંજ પ્રીતિ કરવી જોઈએ. કરવામાં આવતી ધર્મક્રિયાના પણ પવિત્ર હેતુ-ફલ સંબંધી સારી સમજ મેળવી તેમાં યોગ્ય આદર કરવો જોઇએ. જેમ બને તેમ અવિધિ દોષ તજી વિધિરસિક થવું જોઇએ.

૮. ઉકત સ્થાનાદિક યોગનો અનાદર કરનારા અને સ્વચ્છંદે ચાલનારાને સૂત્ર-દાન દેવામાં મોટો દોષ છે, એવો સમર્થ આચાર્યોનો અભિપ્રાય છે. શાસનનો ઉચ્છેદ થઇ જશે એવી બીકથી પણ પ્રભુની પવિત્ર આજ્ઞાથી વિમુખને શાસ્ત્ર શિખવવામાં મોટામાં મોટું પાપ છે.

॥ २८ ॥ नियागाष्टकम् ॥

यः कर्महुतवान् दीप्ते, ब्रह्माग्नौ ध्यान धाय्यया ॥
स निश्चितेनयागेन, नियागप्रतिपत्तिमान् ॥ १ ॥
पापध्वंसिनिनिष्कामे, ज्ञानयज्ञे रतो भव ॥
सावद्यैः कर्मयज्ञैःकिं, भूतिकामनयाविलैः ॥ २ ॥

वेदोक्तत्वान्मनः शुध्या, कर्मयज्ञोऽपि योगिनः ॥
ब्रह्मयज्ञ इतीच्छंतः, श्येनयागं त्यजन्ति किम् ॥ ३ ॥
ब्रह्मयज्ञं परं कर्म, गृहस्थस्याधिकारिणः ॥
पूजादिर्वीतरागस्य, ज्ञानमेव तु योगिनः ॥ ४ ॥
भिन्नोद्देशेन विहितं, कर्म कर्मक्षयाक्षमं ॥
क्लृप्तभिन्नाधिकारं च, पुत्रेष्ट्यादिवदिष्यता ॥ ५ ॥
ब्रह्मार्पणमपि ब्रह्म, यज्ञांतर्भावसाधनं ॥
ब्रह्माग्नौ कर्मणो युक्तं, स्वकृतत्व स्मये हुते ॥ ६ ॥
ब्रह्मण्यर्पित सर्वस्वो, ब्रह्मदृग् ब्रह्मसाधनः ॥
ब्रह्मणा जुह्वद्ब्रह्म, ब्रह्मणि ब्रह्मगुप्तिमान् ॥ ७ ॥
ब्रह्माऽध्ययननिष्ठावान्, परब्रह्म समाहितः ॥
ब्रह्मणो लिप्यतेनाघै, र्नियागप्रतिपत्तिमान् ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. નિશ્ચિત યાગ (પૂજા) તે નિયાગ કહેવાય છે. તેનું સ્વરૂપ સમજાવે છે. જે શુદ્ધ બ્રહ્માગ્નિમાં ધ્યાન–સાધનથી વિવિધ કર્મને હોમે છે તે નિશ્ચિત યાગવડે નિયાગી કહેવાય છે.

૨. પાપના ક્ષય કરનાર એવા નિષ્કામ (પુદ્‌ગલિક કામના

રહિત) જ્ઞાન-યજ્ઞમાં રતિ કરવી યુક્ત છે. વૈભવની ઇચ્છાથી મ-લીન એવા પાપયુકત કર્મ-યજ્ઞ કરવાનું શું પ્રયોજન છે? જે-મને પાપનો ક્ષય કરી નિષ્પાપ થવા ઇચ્છા હોય તેમને તો પાપયુકત કર્મયજ્ઞોનો અનાદર કરી કેવલજ્ઞાન-યજ્ઞનો જ આદર કરવો ઘટે છે. કેમકે લોહી ખરડયું વસ્ત્ર લોહીથી સાફ થઇ શકે નહિ, પણ શુદ્ધ જલ વિગેરેથી જ સાફ થઇ શકે છે. તેમ પા-પથી ખરડાએલું મન પાપયુકત કર્મ-યજ્ઞથી શુદ્ધ થઇ શકે નહિં. પણ પાપરહિત એવા જ્ઞાનયજ્ઞથી તો તે અવશ્ય શુદ્ધ થઇ શકે. માટેજ નિષ્કામ એવા જ્ઞાન-યજ્ઞમાં રકત થવું, જ્ઞાની-વિવેકીને ઉચિત છે. પણ પાપયુકત કર્મ-યજ્ઞ કરવાં તો ઉચિત નથીજ.

૩. કર્મ-યજ્ઞ પણ કરવાનું વેદમાં કથન હોવાથી મનની શુદ્ધિથી તે પણ જ્ઞાન-યજ્ઞનું ફલ આપે છે એવું ઇચ્છનારા બ્રહ્મ-જ્ઞાનીઓ શ્યેન યાગને કેમ તજે છે? જો બીજાં કર્મ-યજ્ઞથી મનની શુદ્ધિ સંભવે છે તો આથી કેમ નહિં? એમ સમજી વિવેકી જનોએ પાપ-યુક્ત સર્વ કર્મ-યજ્ઞોનો પરિહાર કરવો ઘટે છે.

૪. શ્રી વીતરાગની પૂજા. સદ્ગુરુને દાન, દીન દુખીનો ઉ-દ્ધાર વિગેરે ગૃહસ્થ-અધિકારીને યોગ્ય શ્રેષ્ઠ આચરણ બ્રહ્મયોગનું કારણ હોવાથી જ્ઞાનયોગ કહી શકાય છે, પરંતુ જ્ઞાની-મુનિને તો ફકત જ્ઞાન-યોગજ સેવવા યોગ્ય છે. ગૃહસ્થ યોગ્ય આચાર સાધુને સેવવાનો નથી. કેમકે બન્નેનો અધિકાર ભિન્ન છે.

૫. જૂદા હેતુથી કરેલી ક્રિયા કિલષ્ટ-કર્મોનો ક્ષય કરી શકે નહિં. એતો પાપ-કર્મને ક્ષય કરવાની પવિત્ર બુદ્ધિથી જ ઉ-ચિત ક્રિયા વિવેકથી કરવામાં આવે તો જ તેથી પાપ-કર્મનો

ક્ષય થાય છે. પણ તેથી વિરુદ્ધ આચરણથી તો કદાપિ થઇ શકે નહિં. સ્વ સ્વ અધિકાર મુજબ કરેલી કરણી સુખદાયી નિવડે છે. સાધુ સાધુ યોગ્ય અને ગૃહસ્થ ગૃહસ્થ યોગ્ય કરણી કરતાં સુખી થાય છે, પણ સાધુ પોતે ગૃહસ્થ યોગ્ય અને ગૃહસ્થ પોતે સાધુ યોગ્ય કરણી કરવા જતાં ઉલટા અનર્થ પામે છે. પુત્રેષ્ટિ-નીપેરે (પુત્ર માટે કરવામાં આવતો યજ્ઞ વિશેષ "પુત્રેષ્ટિ" કહેવાય છે, તેનીપરે) અધિકાર વિરુદ્ધ અને નિર્દોષ શાસ્ત્ર વિરુદ્ધ આચરણથી અનથજ સંભવે છે. એમ સમજીને સુનિપુણ જનો પાપયુકત યજ્ઞોથી સદંતર દુર રહે છે, અને પવિત્ર એવી ધર્મકરણી પણ પવિત્ર ઉદ્દેશથી કરે છે.

૬. બ્રહ્માર્પણ કરવું એનેજ જો જ્ઞાન યજ્ઞનું ખરેખરૂં સાધન કહેવામાં આવે તો તેથી પણ સ્વકૃતત્વ–અહંકાર એટલે પોતે કર્યાપણાનો ગર્વ ગાલી નાંખી જ્ઞાનાગ્નિમાં કર્મનોજ હોમ કરવો ઘટે છે. પ્રથમ અહંકારનો હોમ કરતાં કર્મનોજ હોમ કરવો ઠરેછે. માટેજ પાપયુકત કર્મ–યજ્ઞ કરવાનો કદાગ્રહ તજી ગૃહસ્થોએ તેમજ સાધુઓએ ઉપરની યુક્તિયુકત વાત વિવેકથી વિચારી સ્વ સ્વઉચિત સદાચાર સેવવો જ યોગ્ય છે.

૭–૮. આત્મસમર્પણ કરનાર, તત્ત્વદર્શી, તત્ત્વસાધક, તત્ત્વજ્ઞાનવડે અજ્ઞાનનો ઉચ્છેદ કરનાર, શુદ્ધ બ્રહ્મચર્ય સેવનાર, તત્ત્વઅભ્યાસમાં રકત રહેનાર, અને સ્વરૂપમાંજ રમણ કરનાર એવા નિશ્ચિત યાગ સંપન્ન સાધુઓ કદાપિ પાપકર્મથી લેપાતા નથી, નિર્લેપ રહેવા ઇચ્છનાર સાધુએ અનંતરોકત લક્ષણ ધારવાં જોઇયે. બાકી તો અહંતા, મમતા, અજ્ઞાન, અવિવેકાચરણ, અને સ્વાર્થ અંધતાદિક સર્વ અપલક્ષણો તો કેવળ દુર્ગતિનાં જ કારક છે, માટે એ સર્વથી અલગા થઇ સ્વહિત સાધવું ઘટે છે.

॥ २९ ॥ पूजाष्टकम् ॥

दयांभसा कृतस्नानः, संतोषशुभवस्त्रभृत् ॥
विवेक तिलकभ्राजी, भावना पावनाशयः १ ॥
भक्ति श्रद्धान घुसृणो, न्मिश्रपाटी रज द्रवैः ॥
नव ब्रह्मांगतो देवं, शुद्धमात्मानमर्चय ॥ २ ॥
क्षमा पुष्पस्रजं धर्म, युग्म क्षौमद्वयं तथा ॥
ध्यानाभरणसारं च, तदंगे विनिवेशय ॥ ३ ॥
मदस्थान भिदा त्यागै, र्लिखाग्रे चाष्ट मंगलीं ॥
ज्ञानाग्नौ शुभ संकल्प, काकतुंडं च धूपय ॥ ४ ॥
प्राग् धर्म लवणोत्तारं, धर्मसंन्यास वन्हिना ॥
कुर्वन् पूरय सामर्थ्य, राजन्नीराजना विधिं ॥ ५ ॥
स्फुरन् मंगलदीपं च, स्थापयानुभवं पुरः ॥
योग नृत्य परस्तौर्य, त्रिक संयमवान् भव ॥ ६ ॥
उल्लसन्मनसः सत्य, घंटां वादयत स्तव ॥
भाव पूजा रतस्येत्थं, करक्रोडे महोदयः ॥ ७ ॥
द्रव्य पूजोचिता भेदो, पासना गृहमेधिनां ॥
भाव पूजा तु साधूना, मभेदोपासनात्मिका ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. પૂજ્ય પૂજા બે પ્રકારની છે. એક દ્રવ્યપૂજા તથા ભાવપૂજા. શુદ્ધ લક્ષથી કરવામાં આવતી દ્રવ્યપૂજા ભાવપૂજાનું કારણ હોવાથી અધિકારી જીવને અધિક ઉપકારી થાય છે. ગૃહસ્થ દ્રવ્યપૂજાનો મુખ્યપણે અધિકારી છે, અને મુનિ ભાવપુજા નાજ અધિકારી છે. પરંતુ ગૃહસ્થ પણ શુદ્ધ લક્ષથી દ્રવ્યપૂજાવડે ભાવ સાધી શકે છે. તેથી તે અંતે ભાવપૂજાનો પણ અધિકારી થઈ શકે છે. માટે સ્વ સ્વઉચિત કર્તવ્ય કરવામાં પ્રમાદ નહિં કરતાં શુદ્ધ લક્ષપૂર્વક આત્માર્પણ કરતાં રહેવું જોઇએ. પ્રથમ ભાવપૂજાનું સ્વરૂપ પ્રતિપાદન કરે છે, એવા શુદ્ધ લક્ષથી જો ગૃહસ્થ દ્રવ્યપૂજા કરવામાં આદરવંત થાય તો તે પણ અંતે તે ભાવને પામે. મુનિનું તો ખાસ કર્તવ્યજ છે. માટે તેને ઉદ્દેશીને મુખ્યપણે અત્ર કથન છે, પણ એવું લક્ષ ગૃહસ્થને પણ કર્તવ્ય છે.

૨. હે ભાઇ ! નિર્મલદયા-જલથી સ્નાન કરી સંતોષરૂપી શુભ વસ્ત્રને ધારી, વિવેકરૂપ તિલક કરી, ભાવનાવડે પવિત્ર આશય બની, ભકિતરૂપ કેશર ઘોલી, શ્રદ્ધારૂપ ચંદન ભેળવી, તેમજ અન્ય ઉત્તમ ગુણરૂપ કસ્તુરી પ્રમુખ સંયોજી નવવિધ બ્રહ્મચર્યરૂપ નવ અંગે શુદ્ધ આત્મારૂપ દેવાધિદેવની તું ભાવથી પૂજા કર.

૩, ક્ષમારૂપી સુગંધી પુષ્પમાલા તથા દ્વિવિધ ધર્મરૂપ વસ્ત્ર યુગલ તથા શુભ ધ્યાનરૂપ શ્રેષ્ઠ આભરણ હે મહાનુભાવ ! તે પ્રભૂના અંગે તું સ્થાપ. અર્થાત્ એવા સદ્દગુણોને તું ધારણ કર. એ સદ્દગુણો તારે અવશ્ય ધારવા જેવાજ છે.

૪. વલી આઠે મદના ત્યાગ કરવારૂપ અષ્ટમંગળ ને તું આગલ સ્થાપન કર. તથા જ્ઞાન-અગ્નિમાં શુભ અધ્યવસાયરૂપ કૃષ્ણાગરૂનો ધુપ કર.

૫. શુદ્ધ ધર્મરૂપી અગ્નિવડે અશુદ્ધ ધર્મરૂપી લુણ ઉતારીને દેદીપ્યમાન વીર્યોલ્લાસરૂપી આરતી ઉતારો. એટલે સરાગવૃત્તિ તજી વીતરાગ વૃત્તિ ધારો-ધારવાના ખપી થાઓ. સરાગદશા એ અશુદ્ધ ધર્મ છે. અને વીતરાગદશા એ શુદ્ધ આત્મધર્મ છે. માટે અશુદ્ધ આત્મદશાને તજી શુદ્ધ આત્મદશાના કામી થાઓ.

૬. શુદ્ધ આત્મ-અનુભવરૂપ દેદીપ્યમાન મંગલદીવાને તમે પ્રભુની આગળ સ્થાપો, અને યોગાસેવન રૂપ નૃત્ય કરતાં સુ-સંયમરૂપ વિવિધ વાજીંત્ર બજાવો. અર્થાત્ સદ્બુદ્ધિથી તત્ત્વ પરીક્ષા કરી શુદ્ધ અનુભવ જગાવો, અને તેમ કરી પ્રમાદ વે-રીને દુર તજી સાવધાન થઇ શુદ્ધ સંયમનું સેવન કરવા પ્રવૃત્ત થાઓ. રત્નત્રયીનું પાલન કરો.

૭. આ પ્રમાણે સત્ય-ઘંટાવાદને કરનારા ઉલ્લસિત મનવાળા, ભાવ પૂજામાં મગ્ન થયેલા મહાપુરૂષનો મહોદય સુલભ છે. તા-ત્પર્યકે શ્રીવીતરાગ વચનાનુસારે વર્તી સત્ય પ્રરૂપણા કરનારા પ્રસન્ન ચિત્તવાલા સાત્વિક પુરૂષોજ પરમાત્મ પ્રભુની પવિત્ર આ-જ્ઞાના અખંડ પાલનરૂપ ભાવપૂજાના પૂર્ણ અધિકારી હોવાથી પ-રમપદને સુખેથી પામી શકે છે, પણ સ્વચ્છંદચારી, કલુષિત મનવાલા, કાયર માણસો કંઇ પામી શકતા નથી, એમ સમજી પરમપદના અર્થીએ સ્વછંદ-ચારિતા, કલુષતા, તથા કાયરતા, પરિહરી, શાસ્ત્ર પરતંત્રતા, કષાયરહિતતા, તથા અપ્રમત્તતા અવશ્ય આદરવા ખપી થવું.

૮. આ ભાવ પૂજામાં પ્રસ્તાવે કહેલી દ્રવ્ય પૂજા મુખ્યપણે વ્યવહારદષ્ટિ એવા ગૃહસ્થોનેજ આદરવા યોગ્ય છે. અને ભાવ-પૂજા તો મુખ્યપણે નિશ્ચયદષ્ટિ એવા મુનિરાજોનેજ ઉપાસના યોગ્ય છે. કલ્યાણ પણ તેમજ સંભવે છે. ઇત્યલમ્. ॥

॥ ३० ॥ ध्यानाष्टकम् ॥

ध्याता ध्येयं तथा ध्यानं, त्रयं यस्यकतां गतं ॥
मुनेरनन्यचित्तस्य, तस्य दुःखं न विद्यते ॥ १ ॥
ध्यातान्तरात्मा ध्येयस्तु, परमात्मा प्रकीर्तितः ॥
ध्यानं चैकाग्र्य संवित्तिः, समापत्ति स्तदेकता ॥२॥
मणाविव प्रतिच्छाया, समापत्तिः परात्मनः
क्षीणवृत्तौ भवेद्ध्याना, दंतरात्मनि निर्मले ॥ ३ ॥
आपत्तिश्च ततः पुण्य, तीर्थकृत् कर्मबंधतः ॥
तद्भावा भिमुखत्वेन, संपत्तिश्च क्रमाद् भवेत् ॥ ४ ॥
इत्थं ध्यानफलाद्युक्तं, विंशति स्थानकाद्यपि ॥
कष्टमात्रं त्वभव्याना, मपि नो दुर्लभं भवे ॥
जितेंद्रियस्य धीरस्य, प्रशान्तस्य स्थिरात्मनः ॥
सुखासनस्य नासाग्र, न्यस्तनेत्रस्य योगिनः ॥६॥
रुद्धबाह्य मनोवृत्ते, र्धारणा धारयारयात् ॥

प्रसन्नस्या प्रमत्तस्य, चिदानंद सुधालिहः ॥ ७ ॥
साम्राज्यम प्रतिद्वंद्व, मंतरेव वितन्वतः ॥
ध्यानिनो नोपमा लोके, सदेव मनुजेऽपिहि ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. ધ્યાતા, ધ્યેય, અને ધ્યાન એ ત્રણે જેને એકતાને પામ્યા છે એવા એકાગ્ર ચિત્તવાળા મુનિને કંઇ પણ દુઃખ નથી. જેટલી એ બાબતમાં ખામી છે તેટલુંજ દુઃખ શેષ છે એમ સમજવું અને જેમ તે ખામી જલદી દુર થઇ જાય તેમ સાવધાનપણે તેનો ખપ કરવો.

૨. બાહ્યદષ્ટિપણું તજીને અંતર દૃષ્ટિથી આત્મ-નિરીક્ષણ કરનારો અંતર-આત્મા ધ્યાતા-ધ્યાન કરવાનો અધિકારી છે. સમસ્ત દોષને દલી નિર્મલ સ્ફટિક જેવું શુદ્ધ સ્વરૂપ જેમને સંપૂર્ણ પ્રગટયું છે, એવા પરમાત્મા, ધ્યેય-ધ્યાનગોચર કરવા યોગ્ય છે. આવા ધ્યેયમાં એકતાનું સંલગ્ન ભાન તે ધ્યાન અને એ ત્રણેની અભેદતા થવી તે એકતા અથવા લય કહેવાય છે. એવી એકતામાં હું ધ્યાતા છું અને પ્રભુજી ધ્યેય છે, એવું ભાન પણ હોતું નથી, એટલે હું પ્રભુના ધ્યાનમાં લીન થયો છું, એવો પણ ભેદભાવ રહેતો નથી. તેમાં તો કેવલ એકાકાર વૃત્તિજ બની રહે છે.

૩. જેમ ચંદ્રકાન્ત વિગેરે મણિમાં સામી વસ્તુનું પ્રતિબિંબ પડી રહે છે તેમ (ધ્યાનવડે) અંતરમલનો ક્ષય થયે

છતે નિર્મળ એવા અંતર-આત્મામાં પરમાત્માની પ્રતિછાયા (પ્રતિબિંબ) પડિ રહે છે. સર્વ અંતરમલનો સર્વથા ક્ષય થયે છતે તે અંતર આત્માજ પરમાત્મારૂપ થઈ રહે છે. તે પહેલાં પણ ધ્યાનના દૃઢ અભ્યાસી મુમુક્ષુને એકતા થતાં તેનામાં પરમાત્મ સ્વરૂપ ઝલકી રહે છે.

૪. ધ્યાન કરતાં પ્રથમ તો આત્મ-અનુભવ સારી રીતે થાય છે એટલે કે સ્વરૂપ સાક્ષાત્કાર થાય છે. ત્યારબાદ પવિત્ર એવા તીર્થંકર નામ કર્મના બંધથી ક્રમે કરીને તે ભાવની સન્મુખતાથી તીર્થંકર પદની પ્રાપ્તિ થાય છે. આ વચનથી એવો પરમાર્થ પ્રગટપણે સમજાય છે કે પવિત્ર ધ્યાનના પ્રભાવથી આત્માનુભવ જાગે છે, અને તેથી શ્રી તીર્થંકર નામ કર્મ જેવો પ્રકૃષ્ટ પુણ્ય પ્રકૃતિ પણ બંધાય છે.

૫. આ પ્રમાણે તીર્થંકર પદવીની પ્રાપ્તિ રૂપ ધ્યાનનું ફળ પ્રભવે છે, એવો વીસ સ્થાનકાદિક તપ પણ કરવો યુક્ત છે, કષ્ટ માત્ર રૂપ તપ તો અભવ્ય જીવોને પણ સુલભ છે. કેવલ સંસારિક સુખને ચાહનારા અભવ્યને અયોગ્યતાથી પરમાર્થ-ફલની પ્રાપ્તિ થઇ શકતી નથી.

૬-૭-૮. હવે ધ્યાન કરવાને યોગ્ય જીવની કેવી દશા હોય છે, તે કંઇ વિશેષતાથી જણાવે છે. જીતેન્દ્રિય, ધીર, પ્રશાન્ત, સ્થિરતાવંત, સુખાસન, અને નાશિકાના અગ્રભાગે સ્થાપી છે દ્રષ્ટિ જેણે, તથા ધ્યેય વસ્તુમાં ચિત્તને સ્થિર બાંધી રાખવા રૂપ ધારણાના અખંડ પ્રવાહથી જેણે બાહ્ય મનોવૃત્તિનો શીઘ્ર રોધ કર્યો છે, પ્રસન્ન, અપ્રમત્ત, અને જ્ઞાનાનંદરૂપી અમૃતને આસ્વાદ કરનારા, તેમજ અનુપમ એવા આત્મ-સામ્રાજ્યનો અંત-

રમાંજ અનુભવ કરનારા, એવા ધ્યાની-યોગીની બરોબરી કરે એવો કોઇ પણ દેવલોકમાં કે મનુષ્ય લોકમાં નથી. સુખાસન એટલે ધ્યાનમાં વિઘ્ન ન પડે એવા અનુકુળ પદ્માસનાદિને સેવનાર જેને ભવવાસનાનો ક્ષય થયો છે, એટલે વિષય તૃષ્ણા જેની શમી ગઇ છે, અને નિઃસ્પૃહતાથી જગતથી ન્યારો રહી શાન્તપણે સહજ-સ્વભાવમાં જ રહી જે પ્રમાદ રહિત પરમાત્મ સ્વરૂપને એકાગ્રપણે ધ્યાવે છે, એવા આત્મ ગુણ-વિશ્રામી સુપ્રસન્ન ધીર મહાપુરૂષની જગતમાં કોણ હોડ કરી શકે? આવા મહાપુરૂષોને જ અનેક પ્રકારની ઉત્તમ લબ્ધિ, સિદ્ધિ વિગેરે સંભવે છે, અને આવા ધ્યાતા પુરૂષોજ અંતે ધ્યેય રૂપ થાય છે.

॥ ३१ ॥ तपाष्टकम् ॥

ज्ञानमेव बुधाः प्राहुः, कर्मणां तापना त्तपः ॥
तदाभ्यंतर मेवेष्टं, बाह्यं तदुपबृंहकम् ॥ १ ॥
आनुस्रोतसिकी वृत्ति, र्बालानां सुखशीलता ॥
प्रातिस्रोतसिकी वृत्ति, र्ज्ञानिनां परमं तपः ॥ २ ॥
धनार्थिनां यथा नास्ति, शीततापादि दुस्सहं ॥
तथा भवविरक्तानां, तत्त्वज्ञानार्थिनामपि ॥ ३ ॥
सदुपायाप्रवृत्ताना, मुपेय मधुरत्वतः ॥
ज्ञानिनां नित्य मानंद, वृद्धिरेव तपस्विनां ॥ ४ ॥

इत्थं च दुःखरूपत्वात्, तपो व्यर्थ मितीच्छतां
बौद्धानां निहता बुद्धि, बौद्धानंदा परीक्षयात् ॥ ५ ॥
यत्रब्रह्म जिनार्चा च, कषायाणां तथा हतिः ॥
सानुबंधा जिनाज्ञा च, तत्तपः शुद्धमिष्यते ॥ ६ ॥
तदेव हि तपः कार्यम्, दुर्ध्यानं यत्र नो भवेत् ॥
येन योगा न हीयन्ते, क्षीयन्ते नेंद्रियाणि वा ॥ ७ ॥
मूलोत्तर गुणश्रेणि, प्राज्य साम्राज्यसिद्धये ॥
बाह्यमाभ्यंतरं चेत्थं, तपः कुर्याद् महामुनिः ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. કર્મને શિથિલ કરી નાંખનાર હોવાથી જ્ઞાનજ તપ છે, એમ તત્ત્વજ્ઞાનીઓ કહે છે. તે તપ બે પ્રકારનું છે, એકતો બાહ્ય અને બીજું અભ્યંતર તેમાં કર્મ માત્રનો ક્ષય કરવા સમર્થ એવો અભ્યંતર તપજ શ્રેષ્ઠ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ એ અભ્યંતર તપના ભેદ છે. આવા અભ્યંતર તપની પુષ્ટિ માટેજ બાહ્ય તપ કરવાનો કહ્યો છે. અનશન (ઉપવાસ વિગેરે) ઉનોદર્ય (અલ્પ આહાર કરવો તે) વૃત્તિ સંક્ષેપ (ભોગોપભોગના સંબંધમાં વિશેષ નિયમ પાળવા તે) રસત્યાગ, કાયક્લેશ, અને સંલીનતા

(આસન જય કરવા નિયમ વિશેષ) એ બાહ્ય તપના છ પ્રકાર છે. વિવેકી આત્મા બાહ્યતપ સાધનવડે અભ્યંતર તપની અધિક અધિક પોષણા કરતોજ રહે છે.

૨. ઇંદ્રિયો અને મન દોરી જાય તેમ દોરાવારૂપ બાલજીવોની અનુસ્રોત વૃત્તિ તો સર્વને સુખસાધ્ય છે, પણ તેમનો જય કરી સામાપૂરે ચાલવા જેવી જ્ઞાની પુરૂષોની પ્રતિસ્રોત વૃત્તિજ પરમ તપરૂપ છે. પ્રથમની વૃત્તિ શીખવી પડતી નથી અને બીજી તો ખાસ શીખવી પડે છે.

૩. જેમ ધનના અર્થીને શીત તાપ વિગેરે સહવા કઠીન પડતા નથી, તેમ તત્ત્વજ્ઞાનના અર્થી એવા ભવવાસથી વિમુખ જીવોને પણ તે સહેવા સુલભ થઇ પડે છે.

૪. કલ્યાણ સાધવાના શ્રેષ્ઠ ઉપાયમાં લાગેલા તત્ત્વજ્ઞાની તપસ્વીને તેમાં મિઠાશ ઉપજવાથી નિરંતર આનંદની વૃદ્ધિજ થતી જાય છે. નિત્ય ચઢતે પરિણામે સદુપાયદ્વારા તે આત્મ કલ્યાણને સાધે છે. વિવેકીને તપ સુખ રૂપજ છે.

૫. આથી સિદ્ધ થાય છે કે " દુઃખરૂપ હોવાથી તપ કરવો વ્યર્થ છે એમ ઇચ્છનાર બાધ લોકોની મતિ મારી ગઇ છે " કેમકે તપથી તો દુઃખને બદલે સહજ આનંદની વૃદ્ધિ થાય છે. માટે એવા કાયર અને સ્વચ્છંદી સુખ શીલજનોના વચન સાંભળી મહા મંગલ મય તપમાં મંદ આદર ન થવું. યથાશક્તિ ઉભય તપમાં અવશ્ય ઉદ્યમ કરવો.

૬. જે તપ કરતાં, બ્રહ્મચર્યની ગુપ્તિ (શીલ સંરક્ષણ); વીતરાગની ભક્તિ, તથા કષાયની શાન્તિ સુખે સધાય છે, તેમજ જિનેશ્વર પ્રભુની પવિત્ર આજ્ઞાનું પ્રતિપાલન થાય છે, તેનું

જરા પણ ઉલ્લંઘન થતું નથી. તેવો તપ શુદ્ધ-દોષ રહિત હોવાથી અવશ્ય આચરવા યોગ્યજ છે, તપસ્યા કરવાવાળાએ ઉત્તમ ફલ મેળવવા ઉપરની બાબત લક્ષમાં રાખવા યોગ્ય છે. કેમકે તે પ્રમાણે વર્તતાંજ તપસ્યા લેખે થાય છે. એટલે આત્મા નિર્મલ થતો જાય છે, અને અંતે સર્વ કર્મમલનો ક્ષય થતાં અક્ષય સુખ સંપ્રાપ્ત થાય છે.

૭. તપ કરતાં લગારે દુર્ધ્યાન થાય નહિ, સ્વાધ્યાય ધ્યાનાદિક સંયમ-યોગમાં ખામી આવે નહિ, તેમ ધર્મકાર્યમાં સહાયભુત થનારી ઇંદ્રિયો સમૂલગી ક્ષીણ થઈ જાય નહિ, એમ ખાસ ઉપયોગ રાખીને સ્વશક્તિ ગોપવ્યા વિના સમતાભાવ લાવીને શ્રી તીર્થંકર દેવે પણ સેવેલા તપનો દરેક મોક્ષાર્થીએ અવશ્ય આદર કરવો.

૮. અહિંસાદિક પાંચ મહાવ્રત અને આહારશુદ્ધિ વિગેરે મૂલ તથા ઉત્તર સંયમ ગુણોની શ્રેણિરૂપ શ્રેષ્ઠ સામ્રાજ્યની સિદ્ધિ કરવા માટે મહામુનિ પણ ઉભય પ્રકારના તપનું યથાર્થ સેવન કરવામાં પ્રમાદ કરે નહિ. કેમકે સંયમવડે જોકે નવાં કર્મ રોકાય છે, પણ સંચિત કર્મનો ક્ષય તો તપ વડેજ થાય છે. અને ત્યારેજ અક્ષય પદની પ્રાપ્તિ થઇ શકે છે. માટે સંયમની ખરી સફલતા પણ તપથીજ સિદ્ધ થાય છે.

॥ ३२ ॥ सर्वनयाश्रय—अष्टकम् ॥

धावन्तोऽपि नयाः सर्वे, स्युर्भावे कृतविश्रमाः ॥
चारित्रगुण लीनः स्या, दिति सर्वनयाश्रितः ॥ १ ॥

पृथङ् नया मिथः पक्ष, प्रतिपक्ष कदर्थिताः ॥
समवृत्ति सुखास्वादी, ज्ञानी सर्वनयाश्रितः ॥ २ ॥
नाप्रमाणं प्रमाणं वा, सर्वमप्य विशेषितं ॥
विशेषितं प्रमाणं स्या, दिति सर्वनयज्ञता ॥ ३ ॥
लोके सर्वनयज्ञानां, ताटस्थ्यं वाप्यनुग्रहः ॥
स्यात्पृथङ् नयमूढानां, स्मयार्तिर्वातिविग्रहः ॥ ४ ॥
श्रेयः सर्वनयज्ञानां, विपुलं धर्मवादतः ॥
शुष्क वादाद्विवादा च्च, परेषां तु विपर्ययः ॥ ५ ॥
प्रकाशितं जनानां यै, र्मतं सर्व नयाश्रितम् ॥
चित्ते परिणतं चेदं, येषां तेभ्यो नमोनमः ॥ ६ ॥
निश्चये व्यवहारे च, त्यक्त्वा ज्ञाने च कर्मणि ॥
एक पाक्षिक विश्लेषा, मारूढाः शुद्ध भूमिकां ॥ ७ ॥
अमूढ लक्ष्याः सर्वत्र, पक्षपात विवर्जिताः ॥
जयंति परमानंद,–मयाः सर्वनयाश्रयाः ॥ ८ ॥

॥ रहस्यार्थ ॥

૧. અનંત ધર્મ (ગુણ) વાળી વસ્તુના બીજા બધા ધર્મની સામાન્યતઃ ઉપેક્ષા કરી મુખ્યપણે અમુક એકજ ધર્મને સ્થાપ-

નાર નય કહેવાય છે. તેવા નય અનંતા હોવા ઘટે છે તોપણ અત્ર સ્થુલતાથી સાત નયનું કથન કર્યું છે, તેમાં શેષ સર્વેનો સમાવેશ થઇ જાય છે. નૈગમ, સંગ્રહ, વ્યવહાર, રુજુસૂત્ર, શબ્દ, સમભિરુઢ, અને એવંભૂત. એ સાતે નયનાં નામ છે. તેનું વિશેષ વ્યાખ્યાન બીજા ગ્રંથોથી જાણવા યોગ્ય છે. અત્ર તો ફક્ત સમુચ્ચય નયોનું સ્વરૂપ કહેલું છે. સર્વે નયો ઉતાવલા છતાં સ્વવસ્તુ–ધર્મમાં વિશ્રામ કરનારા છે. અર્થાત્ વસ્તુ ધર્મને તજી બહાર જતા નથી, એમ સમજી ચારિત્ર ગુણમાં લીન સાધુ સર્વ નયનો સમાશ્રય કરે છે, સર્વ નયનો અભિપ્રાય સાથે મળતાંજ સંપૂર્ણ વસ્તુ–અનંત ધર્માત્મક સમજાય છે, બીજી રીતે બોલિયે તો સર્વ નયનો એકી સાથે આશ્રય કરનારજ ચારિત્ર ગુણમાં લીન હોઈ શકે છે, પણ બીજો નહિં.

૨. જૂદા જૂદા નયો પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષથી કદર્થિત થાય છે. અર્થાત્ એકેક જૂદા જૂદા નયનેજ અવલંબનારની માંહોમાંહે સ્વપક્ષ અને પરપક્ષથી કદર્થના થયા કરે છે. પણ સર્વ નયને સરખી રીતે આદરનાર તો સમતા સુખનોજ આસ્વાદ કરે છે. તાત્પર્ય એવો નીકળે છે કે સમતારસ (શાન્તરસ) નો અર્થી જને તો સર્વ નયનો સરખી રીતેજ આશ્રય કરવો યોગ્ય છે. અર્થાત્ નિરપેક્ષપણે કોઇ નયનું ખંડન મંડન કરવા પ્રવર્ત્તવું નહિં.

૩. સામાન્ય કથન માત્ર, અપ્રમાણ પણ નથી તેમ પ્રમાણ પણ નથી. તેની તેજ વાત સ્યાત્ પદથી વિશેષિત થાય તો તે પ્રમાણભૂત થાય છે. જેમકે વસ્તુ નિત્ય છે, એ કથન સામાન્ય હોવાથી અપ્રમાણ નથી તેમ પ્રમાણ પણ નથી. પણ "સ્યાત્

નિત્યં" એ કથન વિશેષિત હોવાથી પ્રમાણરુપ છે. તેમજ 'સ્યાત્ અનિત્યં' એવું કથન પણ પ્રમાણભૂતજ છે. કેમકે દરેક વસ્તુ દ્રવ્યપણે નિત્ય છે પણ પર્યાયપણે તો અનિત્ય છે, જેમ આત્મા દ્રવ્યપણે નિત્ય છે પણ મનુષ્યાદિ પર્યાયપણે અનિત્ય છે. એમ પ્રત્યેક વસ્તુ કથંચિત્ નિત્યાનિત્ય હોઇ શકે છે. એ પ્રમાણેજ સર્વ નયનું રહસ્ય સમજવાનું છે. તાત્પર્ય કે એકલો-નિરપેક્ષ નય પ્રમાણ પણ નથી તેમ અપ્રમાણ પણ નથી. પણ બીજા નયની અપેક્ષાવાળો-સાપેક્ષ નયજ પ્રમાણભૂત થાય છે માટેજ સર્વ નયાશ્રિતતા શ્રેષ્ઠ છે.

૪ સર્વ નયજ્ઞ પોતે સાપેક્ષદૃષ્ટિ હોવાથી તટસ્થ રહિ શકે છે, અથવા અન્યજનોનું સમાધાન કરી શકવાથી ઉપકારી નીવડે છે. પણ પૃથક-એકાંત-નિરપેક્ષ નયમાં આગ્રહવંતને તો અહંકારજન્ય પીડા અથવા ભારે કલેશજ પેદા થાય છે, કેમકે તેવા કદાગ્રહીને સ્વપક્ષનું મંડન કરવાનો અને પરપક્ષનુ ખંડન કરવાનો સહજ ગર્વ આવે છે અને તેમ કરવા જતાં સહેજે કલેશ વધે છે. એવુ કિલષ્ટ પરિણામ સાપેક્ષદષ્ટિ એવા સર્વ નયજ્ઞને કદાપિ આવવાનો સંભવ નથી. સ્વપરહિત પણ એમજ સાધી શકાય છે. માટે સર્વ નયજ્ઞતાજ શ્રેષ્ઠ છે.

૫. સર્વ નયજ્ઞનેજ ધર્મચર્ચાથી ઘણો લાભ લઈ શકે છે. બાકી બીજાને તો શુષ્કવાદ કે વિવાદથી લાભને બદલે ઉલટો તોટો (ગેરલાભ) જ થાય છે.

૬. જેમણે સર્વ નયાશ્રિત ધર્મ પ્રકાશ્યો છે અને તે જેમને અંતરમાં પરિણમ્યો છે તેમને અમારો વારંવાર પ્રણામ છે. સત્ય-સાપેક્ષ કથક અને કારક એ ઉભયની બલિહારી છે.

૭-૮. નિશ્ચય અને વ્યવહાર તેમજ જ્ઞાન અને ક્રિયામાં એકાન્ત પક્ષ તજીને જેમણે સ્યાદ્વાદનો સ્વીકાર કર્યો છે એવા તત્ત્વદૃષ્ટિ, પક્ષપાત વર્જિત, અને સર્વ નયનો આશ્રય કરનારા પરમાનંદી પુરુષોજ જગતમાં જયવંતા વર્તે છે. એકાંત પક્ષજ સર્વ કદાગ્રહ અને દુઃખનું મૂળ છે. એમ સમજીનેજ સર્વ નયાશ્રિત સત્પુરુષોજ એકાન્ત નહિં ખેંચતાં સર્વત્ર જ્ઞાન અને ક્રિયા, ઉત્સર્ગ અને અપવાદ, તથા નિશ્ચય અને વ્યવહારનો સ્વીકાર કરે છે. ઇતિશમ્.

॥ उपसंहार ॥

पूर्णो मग्नः स्थिरोऽमोहो, ज्ञानी शान्तो जितेन्द्रियः ॥
त्यागी क्रियापरस्तृप्तो, निर्लेपो निस्पृहो मुनिः ॥ १ ॥
विद्याविवेक संपन्नो, मध्यस्थो भयवर्जितः ॥
अनात्म शंसकस्तत्त्व, दृष्टिः सर्वसमृद्धिमान् ॥ २ ॥
ध्याता कर्मविपाकाना, मुद्विग्नो भववारिधेः ॥
लोक संज्ञाविनिर्मुक्तः, शास्त्रदृग् निष्परिग्रहः ॥ ३ ॥
शुद्धानुभववान् योगी, नियागप्रतिपत्तिमान्
भावार्चाध्यान तपसां, भूमिः सर्वनयाश्रयः ॥ ४ ॥
स्पष्टं निष्टंकितंतत्त्व, मष्टकैः प्रतिपत्तिमान् ॥
मुनिर्महोदयज्ञान, सारं समधिगच्छति ॥ ५ ॥

॥ रहस्यार्थ ॥

૧-૫. અક્ષય અને અવ્યાબાધ એવું મોક્ષસુખ મેળવી આપનાર શ્રેષ્ઠ જ્ઞાનસંપન્ન કોણ થઇ શકે છે? તેનું સમાધાન કરે છે. જે સર્વથા ઉપાધિ મુક્ત થઈ સહજ ગુણસંપત્તિનેજ સાર લેખી તેનેજ ગ્રહે છે, તેમાંજ મગ્ન થાય છે, તેમાંજ સ્થિરતા કરે છે, ઇતર કોઇ વસ્તુમાં મુંઝાતો નથી, બીજા સંકલ્પ-વિકલ્પ કરતોજ નથી પણ શાન્ત ચિત્તથી સ્વભાવમાંજ રમે છે, મન અને ઈંદ્રિયો ઉપર જેણે જય મેળવ્યો છે પણ તેમને પરાધીન થઇ રહેતો નથી, બાહ્યભાવનો જેણે ત્યાગ કર્યો છે, અને અંતરભાવ જેને જાગૃત થયો છે, તેનીજ પુષ્ટિ માટે જે પ્રયત્ન કરે છે પણ બીજી નકામી બાબતમાં રાચતો નથી, સહજ સંતોષી છે, એટલે જેણે વિષયાદિ તૃષ્ણાને છેદી છે, જે જગતથી ન્યારોજ રહે છે, તેમાં લેપાતો નથી, જે કોઇની આશા રાખતો નથી, કેવળ નિસ્પૃહ થઇ રહે છે, જે સારાસારને સારી રીતે સમજે છે અને સમજીને અસારના પરિહાર પૂર્વક સાર માર્ગને સંગ્રહે છે, સુખ દુઃખમાં સમદર્શી છે, તેમાં હર્ષ વિષાદ કરતોજ નથી, જે ભય તજી નિર્ભયપણે સ્વ-ઇષ્ટ સાધે છે, જે કદાપિ સ્વ-શ્લાઘા કે પરનિન્દા કરતોજ નથી જે તત્ત્વદૃષ્ટિ હોવાથી વસ્તુને વસ્તુગતેજ જાણે-જોવે છે, જે ઘટમાંજ સકલ સમૃદ્ધિ રહેલી માને છે, જે કર્મનું સ્વરૂપ યથાર્થ સમજીને શુભાશુભ કર્મના ઉદયમાં સામ્ય (સમતા) ધારે છે, પણ મનમાં તે સંબંધી સંકલ્પ-વિકલ્પ કરતો નથી, વળી જે આ ભવ-સમુદ્રથી ઉદ્વિગ્ન છતો તેનો વેગે પાર પામવા માટે નિત્ય પ્રમાદ-

રહિત પ્રયત્ન કર્યા કરે છે, જેણે લોક સંજ્ઞા તજી છે એટલે મિથ્યા લોભ લાલચમાં નહિ તણાતાં જે સામા પૂરે તરે છે, જે શાસ્ત્ર દૃષ્ટિથી સર્વભાવને પ્રત્યક્ષની પેરે દેખે છે, જેણે મૂર્છાને તો મારી નાખી છે તેથી કોઇ પણ પદાર્થમાં પ્રતિબંધ કરતો નથી; જેને શુદ્ધ અનુભવ જાગ્યો તેથી જેણે ચોથી ઉજાગરદશા ધારી છે, અને કેવળ જ્ઞાન પણ જેને અતિનિકટજ રહેલું છે, જેથી અવંધ્ય (અચુક) મોક્ષફળ મળે એવો સમર્થ યોગ જેણે સાધ્યો છે, વીતરાગ આજ્ઞાનું અખંડ આરાધન કરવારૂપ નિશ્ચિત યાગ જેણે સેવ્યો છે, ભાવપૂજામાં જે તલ્લીન થયો છે, શ્રેષ્ટ ધ્યાન જેણે સાધ્યું છે, તેમજ સમતાપૂર્વક વિવિધ તપને સેવી જેણે કઠીન કર્મનો પણ ક્ષય કર્યો છે, અને સર્વ નયમાં જેણે સમાનતા બુદ્ધિ સ્થાપી છે, તેથી તટસ્થપણે રહી સર્વત્ર સ્વપરહિત સુખે સાધી શકે છે, એવા પરમાર્થદર્શી નિષ્પક્ષપાતી મુનિરાજ અનંતરોકત ૩૨ અષ્ટક વડે સ્પષ્ટ એવા નિશ્ચિત તત્વને પામીને, પરમ પદ પ્રાપક ‘ જ્ઞાનસાર ’ ને સમ્યગ્ આરાધી શકે છે.

निर्विकारं निराबाधं, ज्ञानसारमुपेयुषां ॥
विनिवृत्तपराशानां, मोक्षोऽत्रैव महात्मनां ॥ ६ ॥
चित्तमार्द्रीकृतं ज्ञान,–सार सार स्वतोर्मिभिः
नाप्नोति तीव्रमोहाग्नि, प्लोष शोष कदर्थनां ॥ ७ ॥

॥ रहस्यार्थ ॥

૬. સર્વથા વિકારવર્જિત (નિર્દોષ) અને વિરોધરહિત એવા આ જ્ઞાનસારને પ્રાપ્ત થયેલા અને પરઆશાથી મુકત થ-ચેલા મહાત્માઓને અહિંજ મોક્ષ છે. અર્થાત્ એવા યોગીશ્વરો જીવનમુકત છે.

૭. જ્ઞાનસારના ઉત્તમ રહસ્ય વડે જેનું મન દ્રવિત (શાન્ત શીતલ) થયું છે, તેને તીવ્ર મોહ અગ્નિથી દાઝવાનો ભય નથી. અર્થાત્ આનુ સાર રહસ્ય જેને પરિણમ્યું છે તેને મોહ પરાભવ કરી શકતો નથી.

अचिन्त्या कापि साधूनां, ज्ञानसार गरिष्ठता ॥
गतिर्ययोर्ध्वमेव स्या, दधः पातः कदापि न ॥ ८ ॥
क्लेशक्षयो हि मंडूक, चूर्णतुल्यः क्रियाकृतः ॥
दग्धतच्चूर्णसदृशो, ज्ञानसार कृतः पुनः ॥ ९ ॥
ज्ञानपूतां परेऽप्याहुः, क्रियां हेमघटोपमां ॥
युक्तं तदपि तद्भावं, न यद्भग्नापि सोज्झति ॥१०॥
क्रियाशून्यं च यज्ज्ञानं, ज्ञानशून्या च याक्रिया ॥
अनयोरंतरं ज्ञेयं, भानु खद्योत योरिव ॥ ११ ॥
चारित्रं विरतिः पूर्णा, ज्ञानस्योत्कर्ष एव हि ॥
ज्ञानाद्वैतनये दृष्टि, र्देयातद्योग सिद्धये ॥ १२ ॥

॥ रहस्यार्थ ॥

૮. જ્ઞાનસારથી ગુરૂ (વજનવાળા) થયા છતાં સાધુજનો ઉંચી ગતિજ પામે છે. કદાપિ નીચી ગતિમાં જતાજ નથી એ આશ્ચર્ય છે. કેમકે ભારે વજનવાળી વસ્તુ તો સ્વભાવિક રીતે નીચેજ જવી જોઇયે.

૯. જ્ઞાન વિના શુષ્ક ક્રિયાથી માત્ર નામનોજ ક્લેશ ક્ષય થાય છે અને જ્ઞાનસારની સહાયથી તો સમૂળગો ક્લેશનો ક્ષય થઇ શકે છે.

૧૦. જ્ઞાનયુક્ત ક્રિયા સોનાના ઘડા જેવી છે, એમ વેદ વ્યાસાદિક કહે છે તે વ્યાજબી છે કેમકે કદાચ તે ભાંગે તોપણ સોનું જાય નહિં. ફકત ઘાટ ઘડામણ જાય. તેમ કદાચ કર્મવશાત્ જ્ઞાની ક્રિયાથી પતિત થઇ જાય તોપણ તત્ ક્રિયા સંબંધી તેની ભાવના નષ્ટ થઇ જતી નથી.

૧૧. ક્રિયા શૂન્ય જ્ઞાનમાં અને જ્ઞાન શૂન્ય ક્રિયામાં જેટલો સૂર્ય અને ખજુવામાં આંતરો છે તેટલોજ આંતરો છે. અર્થાત્ ક્રિયા રહિત પણ ભાવના જ્ઞાન સૂર્ય સમાન છે અને જ્ઞાન શૂન્ય શુષ્ક ક્રિયા માત્ર ખજૂવા જેવી છે.

૧૪. વિભાવથી સંપૂર્ણ વિરમવા રૂપ યથાર્થ ચારિત્ર પણ વિશિષ્ટ જ્ઞાનનુંજ ફળ છે એમ સમજીને એવા ઉત્કૃષ્ટ ચારિત્રની સિદ્ધિ માટે જ્ઞાનથી અભિન્ન એવા સંયમમાર્ગમાં દૃષ્ટિ દેવી. જેથી સંયમની પુષ્ટિ થાય એવો જ્ઞાન યોગનો અભ્યાસ પ્રમાદ રહિત કરવો. સંપૂર્ણ અભ્યાસથી સહજ ચારિત્ર સિદ્ધ થશે.

सिद्धिं सिद्धपुरे पुरंदरपुरस्पर्धावहे लब्धवां ॥
श्चिद्दीपोऽयमुदारसारमहसा दीपोत्सवे पर्वणि ॥
एतद् भावन भाव पावन मन श्चंचच्चमत्कारिणां ॥
तैस्तैर्दीप्तिशतैः सुनिश्चयमतैर्नित्योऽस्तु दीपोत्सवः १३

---

૧૪. સ્વર્ગપુરી જેવા સિદ્ધપુરમાં દીવાલી પર્વ સમયે ઉદાર અને સાર જ્યોતિયુક્ત આ જ્ઞાનસાર રૂપ ભાવદીપક પ્રગટ થયો, અર્થાત્ આ ગ્રંથ સિદ્ધપુર નગરમાં દીવાલીના દિવસે પૂર્ણ કર્યો. આ ગ્રંથમાં કહેલા સુંદર ભાવથી ભાવિત પવિત્ર મનવાળા ભવ્ય જીવોને આવા સેંકડો ગમે ભાવ દીપકો વડે નિત્ય દિવાળી થાઓ ! એવી આ ગ્રંથકારની અંતર આશિષ છે.

केषांचिद्विषयज्वरातुरमहो चित्तं परेषां विषा–
वेगोदर्क कुतर्क मूर्छित मथान्येषां कुवैराग्यतः ॥
लग्नालर्क मबोध कूप पतितं चास्ते परेषामपि ॥
स्तोकानां तु विकारभार रहितं तद् ज्ञानसाराश्रितं१४

૧૪. કેટલાકનું ચિત્ત વિષય પીડાથી વિહ્વલ હોય છે. કેટલાકનું ચિત્ત કુત્સિત (મંદ) વૈરાગ્યથી હડકવાવાળું હોવાથી જે તે વિષયમાં ચોતરફ દોડતું હોય છે. કેટલાકનું વળી વિષય વિષના આવેગથી થતા કુતર્કોમાં મગ્ન થયેલું હોય છે, તેમજ કેટલાકનું તો અજ્ઞાનરૂપ અંધકૂપમાં ડૂબેલું હોય છે. ફક્ત

થોડાકનુ ચિત્ત જ્ઞાનસારમાં લાગેલું હોવાથી વિકાર વિનાનું હોય છે. તાત્પર્ય કે જ્ઞાનસારની પ્રાપ્તિ મહા ભાગ્યેજ થઈ શકે છે. જેમનું ચિત્ત વિકાર રહિત હોવાથી અધિકારી (યોગ્ય) બન્યું છે તેમનેજ આ જ્ઞાનસાર સંપ્રાપ્ત થઇ શકે છે. બાકીના યોગ્યતા વિનાના ને તેની પ્રાપ્તિ થઇ શકતી નથી.

जातोद्रेक विवेक तोरण ततो धावल्यमातन्वते ॥
हृद्गेहे समयोचितः प्रसरति स्फीतश्च गीतध्वनिः ॥
पूर्णानंदघनस्य किं सहजया तद्भाग्य भंग्याभवन् ॥
नैतद् ग्रंथ मिषात् करग्रहमहश्चित्रं चरित्रश्रियः ॥१५॥

---

૧૫. ચારિત્ર લક્ષ્મીનો થતો વિવાહ મહોત્સવ આ ગ્રંથના મિષથી પૂર્ણાનંદી આત્માના સહજ તેની ભાગ્ય રચનાવડે વૃદ્ધિ પામેલા વિવેકરુપી તોરણની શ્રેણિવાળા મનમંદિરમાં ધવલતાને વિસ્તારે છે અને સ્ફીત (વિશાળ) મંગળ ગીતનો ધ્વનિ પણ માંહે પ્રસરી રહ્યો છે. તાત્પર્ય કે ચારિત્ર લક્ષ્મીનો પૂર્ણાનંદઘન (આત્મા) ની સાથે વિવાહ થાય છે ત્યારે તેનું મન ઉચ્ચ પ્રકારના વિવેકવાળું અને ઉજવલ નિર્મલ બને છે. તેમજ મહા મંગલમય સ્વાધ્યાય ધ્યાનનો ઘોષ બન્યો રહે છે. લૌકિકમાં પણ વિવાહ સમયે ઘરમાં ઉંચા તોરણ બાંધવામાં આવે છે, ઘરને ધોળવામાં આવે છે અને વિવિધ વાજિંત્ર તથા મંગળ ગીત

ગાવામાં આવે છે તેમ અહિં ચારિત્ર લક્ષ્મીને વરનાર પૂર્ણાનંદીને સર્વ પરમાર્થથી થયું છે. સમ્યગ્ જ્ઞાન અને ચારિત્રના મેળાપથી સર્વત્ર આવી ઘટના થાય છે અને થશે. એમાં શું આશ્ચર્ય છે? અપિતુ કંઈજ નહિં.

भावस्तोमपवित्रगोमयरसै र्लिप्तैव भूः सर्वतः ॥
संसिक्ता समतोदकैरथपथि न्यस्ता विवेक स्रजः ॥
अध्यात्मामृतपूर्णकामकलशश्चक्रेऽत्र शास्त्रे पुरः ॥
पूर्णान्दघने पुरं प्रविशति स्वीयंकृतं मंगलम् ॥ १६ ॥

---

૧૬. પૂર્ણાનંદઘન પોતે અપ્રમાદ નગરમાં પ્રવેશ કર્યે છતે, પવિત્ર ભાવનાઓ રુપી ગોમયથી ભૂમિ લિંપેલી છે, ચોતરફ સમતારુપી જળનો છંટકાવ કરેલો છે, માર્ગમાં વિવેકરૂપી પુષ્પની માળાઓ પાથરેલી છે, અને અધ્યાત્મરુપી અમૃતથી ભરેલો મંગલ કલશ આ શાસ્ત્રદ્વારાજ આગળ કરેલો છે. એમ વિવિધ ઉપચારથી નિજ ભાવ મંગલ કર્યું છે.

गच्छे श्री विजयादिदेव सुगुरोः स्वच्छे गुणानां गणैः॥
प्रौढिं प्रोढिम धाम्नि जीतविजयप्राज्ञाः परामैयरुः ॥

तत्सातीर्थ्यभृतां नयादि विजय प्राज्ञोत्तमानां शिशोः ॥
श्रीमन् न्याय विशारदस्य कृतिनामेषाकृतिः प्रीतये॥१७॥

---

૧૭. જ્ઞાનદર્શન અને ચારિત્રાદિક ગુણોના સમૂહથી નિર્મલ અને ઉન્નતિના સ્થાનરૂપ શ્રી વિજયદેવ સૂરિના ગચ્છમાં પ્રાજ્ઞ શ્રી જિતવિજયજી શ્રેષ્ઠ ઉન્નતિને પામ્યા. તેમના ગુરૂભાઈ શ્રી નય વિજયજી પંડિતમાં શ્રેષ્ઠ થયા. તેમના શિષ્ય શ્રીમન્ ન્યાય વિશારદ બિરૂદના ધરનાર શ્રી યશોવિજયજીની આ રચના પંડિત લોકોની પ્રીતિને અર્થે થાઓ! વિવિધ ગુણ વિશાળ એવા તપગચ્છમાં થયેલા પંડિત શ્રી નયવિજયજીના શિષ્ય શ્રી યશોવિજયજીએ આ જ્ઞાનસાર સૂત્રની રચના કીધી છે. આ ગ્રંથમાં શાન્ત રસનીજ પ્રધાનતા હોવાથી તે રસજ્ઞ પંડિતોને અભીષ્ટજ થશે. કેમકે સર્વ રસમાં પ્રધાનરસ શાન્તરસજ છે અને તે રસની સિદ્ધિથીજ આત્મા નિરૂપાધિક સુખ પામી શકે છે.

આ અપૂર્વ અને અતિશય ગંભીર ગ્રંથનું સ્વરૂપ નિરૂપણ કરતાં જે કંઇ પુણ્યાર્જન થયું હોય તેથી અમને તથા શ્રોતા જનોને પવિત્ર શાન્ત રસની પુષ્ટિ થાઓ! તથાસ્તુ.! શુભં-સ્યાત્ સર્વ ભૂતાનામ્.

શ્રી કલ્યાણ મસ્તુ.

वैराग्य अने उपदेश रहस्य.

(૧) જે પરાઇ નિંદા વિકથા કરવામાં મુંગો છે, પરસ્રીનું મુખ જોવામાં આંધળો છે, અને પરાયું ધન હરવામાં પાંગળો છે, તેવો મહાપુરૂષજ જગમાં જયવંતો વર્તે છે, પરનિંદા, પરસ્રીમાં રતિ અને પરદ્રવ્ય હરણ મહા નિંદ્ય છે.

(૨) જે આક્રોશ ભરેલાં વચનોથી દૂભાતો નથી અને ખુશામતથી ખુશી થઇ જતો નથી, જે દુર્ગન્ધથી દુગંછા કરતો નથી, અને ખુશબોથી રાજી થઇ જતો નથી, જે સ્રીના રૂપમાં રતિ ધારતો નથી, અને મૃતશ્વાનથી સૂગ લાવતો નથી, એવો સમભાવી ઉદાસી યોગીશ્વરજ સર્વત્ર સુખ સમાધિમાં રહે છે.

(૩) જેને શત્રુ અને મિત્ર બંને સમાન છે, જેને ભોગની લાલસા તૂટી ગઇ છે, અને તપશ્ચર્યામાં જેને ખેદ થતો નથી, જેને પથ્થર અને સુવર્ણ (રત્નાદિક) બંને સમાન છે, એવા શુદ્ધ હૃદયવાળા સમભાવી યોગીજનોજ ખરા યોગધારી છે.

(૪) કુરંગની જેવા ચંચળ નેત્રવાળી અને કાળા નાગની જેવા કુટિલ કેશને ધારવાવાળી કામિનીના રાગ પાશમાં જે નથી પડી જાતા તેજ ખરા શુરવીર છે.

(૫) સ્રીના મધ્યમાં કૃશતા, ભ્રુકુટીમાં વક્રતા; કેશમાં કુટીલતા, હોઠમાં રકતા, ગતિમાં મંદતા, સ્તનભાગમાં કઠીનતા, અને ચક્ષુમાં ચંચળતા સ્પષ્ટ જોઇને ફકત કામાકુલ મંદમતિ જનોજ વૈરાગ્યની વૃદ્ધિ માટેજ થાય છે.

(૬) સ્રીયો કપટ કરી ગદ્‌ગદ્‌ વાણીથી બોલે છે, તેને

કામાંધજનો પ્રેમઉકિત તરીકે લેખે છે. વિવેકી હંસો તેથી ઠગાઇ જતા નથી.

(૭) જયાં સુધી આહારની લોલુપતા તજી નથી, સિદ્ધાંતના અર્થરૂપી મહૌષધિનું સમ્યગ્ સેવન કર્યું નથી, અને અધ્યાત્મ અમૃતનું વિધિવત્ પાન કર્યું નથી, ત્યાં સુધી વિષય જવરનું જોર જોઇએ તેવું ઘટતું નથી. વિષય તાપની શાંતિ માટે રસલૌલ્યના ત્યાગ પૂર્વક સિદ્ધાંતસાર ચૂર્ણ તથા તત્વામૃતનું સમ્યગ સેવન કરવુંજ જોઇએ.

(૮) ભરયૌવન વયમાં કામને જય કરનાર ધન્ય ધન્ય છે.

(૯) જેણે જાણી જોઇને કામિનીને તજી છે, અને સંયમશ્રીને સેવી છે, એવા સુવિવેકી સાધુને કુપિત થયેલો પણ કામ કંઇ કરી શકતો નથી.

(૧૦) પ્રિયાને દેખતાંજ કામજવરની પરવશતાથી સંયમ–સત્વ ક્ષીણુ થઈ જાય છે, પણ નરકગતિના વિપાક સાંભરતાંજ તત્વવિચાર પ્રગટ થવાથી ગમે તેવી વ્હાલી વલ્લભા પણ વિખ જેવી ભાસે છે.

(૧૧) જેમણે યૌવન વયમાં પવિત્ર ધમ ધુરાને ધારી મહાવ્રતો અંગીકાર કર્યા છે; તેવા ભાગ્યશાળી ભવ્યોથીજ આ પૃથ્વી પાવન થયેલી છે.

(૧૨) કામદેવના બંધુભૂત વસંતને પામીને સકળ વનરાજી પણ વિવિધ વર્ણવાળી માંજરના મિષથી રોમાંચિત થયેલી લાગે છે, તેમાં સિદ્ધાંતના સારનું સતત સેવન કરવાથી, જેમનું મન વિષય તાપથી લગારે તપ્ત થતું નથી, એવા સંત સુસાધુ જનોનેજ ધન્ય છે.

(૧૩) સ્વાધ્યાયરૂપી ઉત્તમ સંગીત યુક્ત, સંતોષરૂપી શ્રેષ્ઠ પુષ્પથી મંડિત, સમ્યગ્ જ્ઞાન વિલાસરૂપી ઉત્તમ મંડપમાં રહી શુભ ધ્યાન શય્યાને સેવી, તત્ત્વાર્થ બોધરૂપી દીપકને પ્રગટી, અને સમતારૂપી શ્રેષ્ઠ સ્ત્રીની સાથે રમણ કરી કેવલ નિર્વાણ સુખના અભિલાષી મહાશયોજ રાત્રીને સમાધિમાં ગાળેછે.

(૧૪) શુદ્ધ ધ્યાનરૂપી મહા રસાયણમાં જેનું મન મગ્ન થયું છે. તેને કામિનીના કટાક્ષ વગેરે વિવિધ હાવભાવો શું કરનાર છે ?

(૧૫) સમ્યગ્ જ્ઞાનરૂપી જેના ઉંડા મૂળ છે, સમકિતરૂપી જેની મજબૂત શાખા છે, એવા વ્રત-વૃક્ષને જેણે શ્રદ્ધાજળથી સિંચ્યું છે તે તેને અવશ્ય મોક્ષફળ આપે છે. સ્વર્ગાદિકના સુખ તો પુષ્પાદિકની પેરે પ્રાસંગિક છે, તેતો સહજમાં પ્રાપ્ત થઇ શકે છે.

(૧૬) ક્રોધાદિક ઉગ્ર કષાયરૂપી ચાર ચરણવાળા, વ્યામોહરૂપી સૂંઢવાળા, રાગ દ્વેષરૂપી તીક્ષ્ણ દીર્ઘ દાંતવાળા અને દુર્વાર કામથી મદોન્મત્ત થયેલા, મહા મિથ્યાત્વરૂપી દુષ્ટ ગજને સમ્યગ્ જ્ઞાન–અંકુશના પ્રભાવથી જેણે વશ કર્યો છે, તે મહાનુભાવેજ ત્રણે લોકને સ્વવશ કર્યા છે એમ જાણવું.

(૧૭) યશકીર્તિને માટે પોતાનું સર્વસ્વ આપીદે એવા, અને પોતાના સ્વામીને માટે પ્રાણ પણ આપીદે એવા, બહુ જનો મળી આવશે; પણ શત્રુમિત્ર ઉપર જેમનું મન સમરસ (સરખું) વર્તે છે એવા તો કોઈ વિરલાજ દેખાય છે.

(૧૮) જેનું હૃદય દયાર્દ્ર છે, વચન સત્યભૂષિત છે, અને

કાયા પરમાર્થ સાધનારી છે, એવા વિવેકવાનને કળિકાળ શું કરી શકવાનો છે ?

(૧૯) જે કદાપિ અસત્ય બોલતોજ નથી, જે રણસંગ્રામમાં પાછી પાની કરતો નથી, અને યાચકોનો અનાદર કરતો નથી, તેવા રત્નપુરુષથીજ આ પૃથ્વી રત્નવતી કહેવાય છે. કેમકે કહેવાય છે કે–' બહુરત્ના વસુંધરા. '

(૨૦) સર્વ આશારુપી વૃક્ષને કાપવા કુવાડા જેવો કાળ, જો સર્વની પાછળ પડયો ન હોત તો વિવિધ પ્રકારના વિષય સુખથી કોઇ કદાપિ વિરક્ત થાતજ નહિં.

(૨૧) જગતની કલ્પિત માયામાં ફસાઇ જીવો મમતાથી મારું મારું કર્યા કરે છે, પણ મૂઢતાથી સમીપવર્તી કોપેલા કૃતાંત-કાળને દેખી શકતા નથી. નહિં તો જગતની મિથ્યા મોહ માયામાં અંજાઇ જઇ મારું મારું કરીને તેઓ કેમ મરે ?

(૨૨) છતી સામગ્રીનો સદુપયોગ કરવામાં બેદરકાર રહેનારને કાળ સમીપ આવ્યે છતે મનમાં ખેદ થાય છે કે હાય ! મેં સ્વાધીન પણે કાંઇ પણ આત્મ સાધન ન કર્યું, હવે પરાધીન પડેલો હું શું કરી શકું ? પ્રથમથીજ સાવધાનપણે સત્ સામગ્રીને સફલ કરી જાણનારને પાછળથી ખેદ કરવો પડતોજ નથી.

(૨૩) પ્રથમ પ્રમાદવડે તપ જપ વ્રત પચ્ચખ્ખાણ નહિં કરનાર કાયર માણસ પાછળથી વ્યર્થ માત્ર દૈવનેજ દોષ દેછે. ખરો દોષ તો પોતાનોજ છે કે પોતે છતી સામગ્રીએ સવેળા ચેત્યો નહિ,

(૨૪) બાળ શીઘ્ર યોવન વયને પ્રાપ્ત કરતો અને જુવાન જરા અવસ્થાને પ્રાપ્ત થતો અને તેપણ કાળને વશ થયો છતો,

દષ્ટ નષ્ટ થયો દેખાય છે; એવા પ્રત્યક્ષ કૌતુકવાળા બનાવ દેખ્યા બાદ બીજા ઇંદ્રજાળનું શું પ્રયોજન છે? આ સંસારજ અનેક પાત્ર યુક્ત વિચિત્ર નાટકરુપજ છે.

(૨૫) કર્મનું વિચિત્રપણું તો જૂવો? કે મોટો રાજાધિરાજ પણ દુર્દૈવ યોગે ભીખ માગતો દેખાય છે; અને એક પામર ભીખારી જેવો મોટું સામ્રાજ્ય સુખ પામે છે. એ પૂર્વકૃત કર્મનોજ મહિમા છે.

(૨૬) પરલોક જતાં પ્રાણીને પુત્રાદિક સંતતી તેમજ લક્ષ્મી વિગેરે કામે આવતાં નથી. ફકત પુણ્યને પાપજ તેની સાથે જાય છે.

(૨૭) મોહના મદથી માનવી મનમાં ધારે છે કે, ધર્મ તો આગળ કરાશે. પણ વિકરાળ કાળ અચાનક આવીને તે બાપડાનો કોળીયો કરી જાય છે. પવિત્ર ધર્મનું આરાધન કરવામાં પ્રમાદ સેવનાર ખરેખર ઠગાઇ જાય છે, માટેજ કહ્યું છે કે ‘કાલે કરવું હોય તે આજે કર અને આજે કરવું હોય તે અબઘડીએ કર.’ કેમકે કાલને કાળનો ભય છે.

(૨૮) રાવણ જેવા રાજવી, હનુમાન જેવા વીર અને રામચંદ્ર જેવા ન્યાયીનો પણ કાળ કોળીયો કરી ગયો તો બીજાનું તો કહેવુંજ શું? આથીજ કાળ સર્વભક્ષી કહેવાય છે, એ વાત સત્ય છે.

(૨૯) સુકૃત યા સદાચરણ વિના માયામય બંધનોથી બંધાયેલા સંસારી જીવોની મુકિત–મોક્ષ શી રીતે થઇ શકે વારૂ?

(૩૦) આ મનુષ્ય જન્મરૂપી ચિંતામણી રત્ન પામીને, જે ગફલત કરે છે, તે તેને ગુમાવીને પાછળથી પસ્તાવો કરે છે.

કામ ક્રોધ, કુબોધ, મત્સર, કુબુદ્ધિ અને મોહ માયાવડે જીવો સ્વજન્મને નિષ્ફળ કરી નાંખે છે.

(૩૧) આ મનુષ્ય દેહાદિક શુભ સામગ્રીનો સદુપયોગ કરવાથી નિર્વાણ સુખ સ્વાધીન થઇ શકે તેમ છતાં, રાગાંધ બની જીવ મોહમાયામાં મુંઝાઇ મૂઢની જેમ કોટી મૂલ્યવાળું રત્ન આપી કાંગણી ખરીદે છે.

(૩૨) ભયંકર નર્કાદિકનો મોટો ડર ન હોત તો કોઇ કદાપિ પાપનો ત્યાગ કરી શકત નહિ; અને સદ્ગુણનો માર્ગ સેવી શકત નહિ.

(૩૩) જેણે નિર્મલ શીલ પાળ્યું નથી, શુભ પાત્રમાં દાન દીધું નથી અને સદ્ગુરૂનું વચન સાંભળીને આદર્યું નથી, તેનો દુર્લભ માનવ ભવ અલેખે ગયો જાણવો.

(૩૪) સંયોગનું સુખ ક્ષણીક છે; દેહ વ્યાધિગ્રસ્ત છે અને ભયંકર કાળ નજદીક આવતો જાય છે: તોપણ ચિત્ત પાપ કર્મથી વિરકત કેમ થતું નથી? અથવા સંસારની માયાજ વિલક્ષણ છે.

(૩૫) આ સંસાર ચક્રમાં જીવે અનંતશઃ જન્મ મરણના અસહ્ય દુઃખ સહ્યાં છતાં હજી તેથી મન ઉદ્વિગ્ન થતું નથી, અને પાપ ક્રિયામાં તો તે અહોનિશ મગ્નજ રહે છે.

(૩૬) અહો આંકેલા સાંઢની પેરે ચિત્ત સ્વેચ્છા મુજબ નિંદ્ય માર્ગમાં ભમ્યા કરે છે; પણ ચારિત્ર ધર્મની ધુરાને અને મહાવ્રતના ભારને વહન કરતું નથી (આથીજ આત્માની સંસાર ચક્રમાં બહુ પ્રકારે ખરાબી થાય છે.

(૩૭) પૂર્વ પુણ્યયોગે અનુકૂળ સામગ્રી મળ્યા છતાં પ્રમા-

દના વશથી જીવ કંઇ પણ આત્મ સાધન કરી શકતો નથી, તેથીજ તેને સંસાર ચક્રમાં પુનઃ પુનઃ ભમવું પડે છે.

(૩૮) જેણે સંસાર સંબંધી સર્વ દુઃખનાં મૂળ કારણભૂત ક્રોધ, માન, માયા, અને લોભરૂપી ચારે કષાયોને હઠાવવા પ્રયત્ન કર્યો નથી, તે બાપડાએ હાથમાં આવેલું મનુષ્ય જન્મરૂપી કલ્પવૃક્ષનું અમૃત ફળ ચાખ્યુંજ નથી.

(૩૯) બાલ્યવય ક્રીડા માત્રમાં, યોવનવય વિષયભોગમાં અને વૃદ્ધ અવસ્થા વિવિધ વ્યાધિના દુઃખમાં હારી જનારને સુકૃતના અભાવે પરલોકમાં કંઈ પણ સુખ સાધન મળી શકતું નથી.

(૪૦) જે દ્રવ્યના લોભથી જીવ અનેક આકરાં જોખમમાં ઉતરે છે તે દ્રવ્યનું અસ્થિરપણું વિચારીને સંતોષવૃત્તિ ધારવી ઉચિત છે.

(૪૧) આ મન મર્કટ મોહ મદિરાના મદથી મત્ત બન્યું છતું; અનેક પ્રકારની કુચેષ્ટા કરવા તત્પર રહે છે, સત્ સમાગમરૂપી અમૃત સિંચન વિના મનનું ઠેકાણું પડવું મહા મુશ્કેલ છે. સદ્બોધથી કેળવાઇને લાંબા અભ્યાસે તે પાંસરૂ થાય છે.

(૪૨) નિર્મળ શીલવ્રતધારી શ્રાવકને, પરસ્ત્રીથી અને ઉત્તમ ચારિત્રધારી સાધુજનને સર્વ સ્ત્રીથી નિરંતર ચેતતા રહેવાની ખાસ જરૂર છે. પ્રમાદથી ઘણા પતિત થઇને પાયમાલ થઇ ગયા છે.

(૪૩) જો વિષયભોગમાં નિત્ય જતું મન રોકવામાં આવ્યું નહિં તો; ભસ્મ ચોળવાથી ધૂમ્ર પાન કરવાથી, વસ્ત્ર ત્યાગથી, તેમજ અનેક બીજાં કષ્ટ સહન કરવાથી કે જપમાળા ફેરવવાથી શું વળવાનું હતું ?

(૪૪) અમૃત જેવાં મધુર વચનથી ખળ પુરૂષોને જે સન્માર્ગમાં જોડવા ઇચ્છે છે; તે મધના બીંદુથી ખારા સમુદ્રને મીઠો કરવા વાંછે છે અને નિર્મળ જળથી કોયલાને સાફ કરવા માગે છે, જે બનવું કેવળ અશકય છે.

(૪૫) કુમતિને સર્વથા તિલાંજલી દઇને, સુમતિનો સર્વદા આદર કરનાર મહામતિ દુર્ગતિને દળીને સદ્‌ગતિનો ભાગી થઇ શકે છે.

(૪૬) કમળના પત્ર ઉપર રહેલા જળબિંદુ સમાન જીવિતને, ચંચળ લેખીને વિવિધ વિષય ભોગથી વિરમીને, મોક્ષાર્થી જીવે દાન શીલ તપ અને ભાવના રૂપી પવિત્ર ધર્મનું સેવન કરવુંજ ઉચિત છે.

(૪૭) સર્વ સંયોગિક ભાવોને ક્ષણુ વિનાશી સમજીને, ગુરૂકૃપાથી શીઘ્ર સ્વહિત સાધી લેવા બનતો શ્રમ કરવો વિવકીને ઉચિત છે.

(૪૮) જેમણે દુર્જનની સંગતિ કરી તેણે ધર્મ સાધનની આ અપૂર્વ તક ખોઇ છે; એમ નિશ્ચયથી સમજવું. દુર્જન દ્વિજિહ્‌વ સર્પની જેવાજ ઝેરીલા હોવાથી સામાને પણ વિક્રિયા ઉપજાવે છે.

(૪૯) જો પરમાત્મામાં પૂર્ણ પ્રેમ જાગ્યો નહિ યાતો સંપૂર્ણ ગુણાનુરાગ જાગ્યો નહિ, તો વિવિધ શાસ્ત્ર પરિશ્રમ માત્રથી શું વળ્યું ?

(૫૦) મિથ્યાડંબરથી જીવ પરીણામે ભારે દુઃખી થાય છે. મિથ્યા દમામથી જીવ ઉંધું વેતરવા જાય છે, જેમાં નિશ્ચે હાનિજ પામે છે. એવો દંભ નિશ્ચે દુર્ગતિનુંજ મૂળ છે. માટે

સર્વ પ્રકારે કપટવૃત્તિ તજીને સરલ ભાવજ ધારણ કરવો, મોક્ષાર્થીને યુકત છે. દંભ યુકત સર્વ કષ્ટ કરણી મિથ્યા થાય છે, નિર્મળ જ્ઞાન વૈરાગ્ય યોગેજ દંભની દુષ્ટ ઘાટી ઉલ્લંઘી શકાય છે.

(૫૧) હે હૃદય! કરુણા સમાન બીજો કોઇ અમૃતરસ નથી. પરદ્રોહ સમાન બીજું હાલાહુલ ઝેર નથી, સદાચરણ સમાન બીજો કલ્પવૃક્ષ નથી, ક્રોધ સમાન કોઇ દાવાનળ નથી, સંતોષ ઉપરાંત કોઇ પ્રિય મિત્ર નથી. અને લોભ સમાન કોઇ શત્રુ નથી. આમાંથી યુકતાયુકત વિચારીને તુજને રુચે તે આદર? હિતકારી માર્ગજ આદરવો એ સદ્વિવેક પામ્યાનું સાર છે.

(૫૨) હે ભાઇ જો તું નિર્વાણ સુખને વાંછતો હોય તો પરમ શાંન્તિરુપી પ્રિયાનો આદર કર; કેમકે તેણી શીલ શ્રદ્ધા, ધ્યાન, વિવેક, કારુણ્ય ઐાચિત્ય, સદ્બોધ અને સદાચરણાદિક અનેક ગુણ રત્નોથી અલંકૃત છે. ક્ષાન્તિ-ક્ષમાનું સમ્યગ્ સેવન કર્યા વિના કોઇ કદાપિ મોક્ષપદ પામી શકેજ નહિ.

(૫૩) જે રાગદ્વેષ અને મોહાદિક દુષ્ટ દોષોથી સર્વથા મુકત થઇ, પરમાત્મપદને પ્રાપ્ત થયા છે, અને જેમનું વચન સર્વ વિરોધરહિત છે, જે જગત્ ત્રયના નિષ્કારણ બંધુ છે; એવા પરમ કારુણિક સર્વજ્ઞ પુરુષજ શરણ કરવા યોગ્ય છે. એવા આપ્ત પુરુષના વચન અનુસારે વર્તનારા સત્પુરુષો પણ મોક્ષાર્થી સજ્જનોએ સાવધાનપણે સેવન કરવા યોગ્યજ છે.

(૫૪) જ્યાં સુધી સુકૃતવડે કરેલો પૂણ્યનો સંચય પ્હોંચે છે, ત્યાં સુધીજ સર્વ પ્રકારની અનુકુલ સુખ સામગ્રી મળી આવે છે, એમ સમજીને શુભ ધર્મકરણી કરવા મન સદોદિત રહે તેમ પ્રમાદરહિત વર્ત્તવું

(૫૫) જ્યાં સુધી દુષ્કૃત–કરેલો પાપ સંચય ન્હોંચે છે ત્યાંસુધીજ સર્વ પ્રકારની પ્રતિકુળતાવાળાં કારણુ મળી આવે છે, એમ સમજીને પૂર્વ પાપનો ક્ષય કરવા ઉદિત દુઃખને સમભાવે સહન કરવા પૂર્વક નવાં પાપ કર્મથી સદા નિવર્ત્તીને શુભ ધર્મ-કરણી કરવા સદા સાવધાન રહેવું યુકત છે.

(૫૬) જેમણે આ અમૂલ્ય મનુષ્ય જન્મ પામીને પ્રમાદને પરવશ થઇ ધર્મ આરાધ્યો નહિ, તેમજ છતે ધને કૃપણુતાથી તેનો સદુપયોગ કર્યો નહિ, એવા વિવેક વિકળને મોક્ષની પ્રાપ્તિ દૂરજ છે.

(૫૭) આકાશ મધ્યે પણ કદાચ પર્વતશિલા મંત્રતંત્રના યોગે લાંબો કાળ લટકી રહે, દૈવ અનુકૂળ હોય તો બે હાથના બળે કદાચ સમુદ્ર પણ તરાય અને ધોળે દહાડે પણ કદાચ ગ્રહ યોગથી આકાશમાં સ્ફુટ રીતે તારાઓ દેખાય, પરંતુ હિંસાથી કોઈનું કદાપિ કંઈ પણ કલ્યાણ સંભવતુંજ નથી.

(૫૮) જેમ જ્યોતિશ્ચક્ર રાત્રી અને દિવસનું મંડન છે, તેમ અખંડ શીલ સતીઓ અને યતિઓનુ ખરેખરૂં ભૂષણ છે.

(૫૯) માયાવડે વેશ્યા, શીલવડે કુલ બાલિકા, ન્યાયવડે પૃથ્વીપતિ, અને સદાચારવડે યતિ મહાત્મા શોભે છે.

(૬૦) જ્યાં સુધીમાં શરીર વ્યાધિગ્રસ્ત થઈ ન જાય, જ્યાં સુધીમાં જરા અવસ્થાથી દેહ જર્જરિત થઇ ન જાય, અને જ્યાં સુધીમાં ઇંદ્રિયોનું બળ ઘટી ન જાય, ત્યાં સુધીમાં સ્વસ્વશકિત અને યોગ્યતા મુજબ પવિત્ર ધર્મનું સેવન કરવું યુકત છે, સદ્ ઉદ્યમથી સકળ કાર્યની સિદ્ધિ થાય છે; અને પ્રમાદાચરણુથી સકળ કાર્યને હાનિ ન્હોંચે છે.

(૬૧) મદ્ય (Intoxication) વિષય (evil propensities) કષાય (wrath etc.) નિદ્રા (Idleness) અને વિકથા–કપોલ કથારૂપ પાંચ પ્રકારના પ્રમાદ જીવોને દુરંત વ્યથામાં પાડે છે.

(૬૨) જગત્ ગુરૂ જિનેશ્વર પ્રભુના પવિત્ર વચનનું ઉલ્લંઘન કરીને સ્વચ્છંદ વર્ત્તન ચલાવવું એજ પ્રમાદનું વ્યાપક લક્ષણ છે.

(૬૩) એવા પ્રમાદના જોરથી ચૌદ પૂર્વધર સમાન સમર્થ પુરૂષો પણ સત્ય ચારિત્ર ધર્મથી ચલાયમાન થઇ પતિત થઇ ગયા છે, તો બીજા અલ્પજ્ઞ અને ઓછા સામર્થ્યવાળાઓનું તો કહેવુંજ શું ?

(૬૪) થોડું ઋણ, થોડું વ્રણ, (ચાંદુ) થોડો અગ્નિ અને થોડા કષાયનો પણ કદાપિ વિશ્વાસ કરવો નહિ. કેમકે તે સર્વ થોડામાંથી વધીને મોટું ભયંકર રૂપ ધારણ કરે છે.

(૬૫) જ્યાં સુધી ક્રોધાદિ ચારે કષાયોનો સર્વથા ક્ષય થાય નહિ, થોડો પણ કષાય શેષ રહ્યો ત્યાં સુધી તેનો વિશ્વાસ કરવો નહિ. થોડા પણ અવશિષ્ટ રહેલા કષાયની ઉપેક્ષા કરવાથી ક્વચિત્ ભારે વિષમ પરીણામ આવે છે, માટે તેમનો સર્વથા ક્ષય કરવા સતત્ પ્રયત્ન કરવો યુક્ત છે.

(૬૬) જ્ઞાની પુરૂષો ક્રોધાદિક ચારે કષાયને ચંડાળચોકડી તરીકે ઓળખાવે છે, અને તેનાથી સર્વથા અળગા રહેવા આગ્રહ કરે છે.

(૬૭) રાગ અને દ્વેષ એ બંને ક્રોધાદિક ચારે કષાયનું પરિણામ છે, અથવા તો રાગ અને દ્વેષથી ઉક્ત ક્રોધાદિ ચારે

કષાયની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે. એમ સમજીને રાગદ્વેષ-નોજ અંત કરવા ઉજમાળ થવું યુકત છે. તે બંનેનો અંત થયે પૂર્વોકત ચારે કષાયનો સ્વતઃ અંત થઇ જાય છે.

(૬૮) રાગદ્વેષ એ બંને મોહથકી પ્રભવે છે, તેથી તે બંને મોહનાજ પુત્ર તરીકે ઓળખાય છે, રાગને કેસરી સિંહ જેવો બળવાન કહ્યો છે. અને દ્વેષને મદોન્મત્ત હાથી જેવો મસ્ત માન્યો છે. તેથી તેમનો જય કરવા જ્ઞાની પુરૂષો મોટા સામર્થ્યની જરૂર જોવે છે.

(૬૯) રાગ અને દ્વેષ કેવળ મોહનાજ વિકારભૂત હોવાથી, જ્ઞાની પુરૂષો મોહનેજ મારવાનું નિશાન તાકે છે. મોહ સર્વ કર્મમાં અગ્રેસર છે.

(૭૦) મોહનો ક્ષય થયે છતે શેષ સર્વ પરિવાર પણ સ્વતઃ ક્ષય થાય છે. પણ તેની પ્રબળતા વડે સર્વ શેષ પરિવારનું પણ પ્રાબલ્ય વધતું જાય છે. દુનીયામાં બળવાનમાં બળવાન શત્રુ મોહજ છે.

(૭૧) કામ, ક્રોધ, મદ મત્સરાદિક સર્વ મોહનાજ પરિવાર છે, એમ સમજીને મોહ ક્ષયાર્થીએ તે સર્વથી ચેતતા રહેવાની ખાસ જરૂર છે.

(૭૨) હું અને મ્હારૂં એવા ગુપ્ત મંત્રથી મોહે જગતને આંધળું કરી નાંખ્યું છે. અર્થાત્ મમતાથીજ મોહની વૃદ્ધિ થતી જાય છે.

(૭૩) નહિ હું અને નહિ મારૂં એ મોહનેજ મારવાનો ગુપ્ત મંત્ર છે. અર્થાત્ નિર્મલતાજ મોહને મારવાનું પ્રબળ સાધન છે.

(૭૪) આત્માનું શુદ્ધ સ્વરૂપ સમજવાથી તેમજ પરભાવને બરાબર પીછાનવાથી મોહનું જોર પાતળું પડે છે.

(૭૫) સ્ફટિક રત્નોની જેવું નિર્મલ આત્માનું સ્વરૂપ છે, છતાં કર્મકલંકથી તે મલીનતાને પામેલું હોવાથી, જીવ તેમાં મુગ્ધતાથી મુંઝાય છે.

(૭૬) કર્મકલંક દૂર થયે છતે જેવું ને તેવું નિર્મલ આત્મ સ્વરૂપ પ્રગટે છે, ત્યારે આત્માને તેનો સાક્ષાત્ અનુભવ થાયછે.

(૭૭) કર્મકલંકને દૂર કરવા માટે સર્વજ્ઞ પ્રભુએ સમ્યગ્ જ્ઞાન, દર્શન અને ચારિત્રરુપી શ્રેષ્ટ સાધન બતાવેલું છે,

(૭૮) એજ સાધનથી પૂર્વે અનેક મહાશયોએ આત્મ શુદ્ધિ કરી છે, વર્તમાન કાળે સાક્ષાત કરે છે; અને આગામી કાળે કરશે એમ સમજીને ઉક્ત સાધનમાં દ્રઢતર ઉદ્યમ કરવો યુક્ત છે.

(૭૯) જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એજ આત્માનું અનન્ય લક્ષણ છે. એથી ભિન્ન વિપરીત લક્ષણ અજીવ જડનુંજ છે.

(૮૦) સ્વ લક્ષણાંકિત સદ્ગુણોમાં રમણ કરવું તે સ્વભાવ રમણ કહેવાય છે, અને તેથી વિપરીત દોષોમાં વિભાવ પ્રવૃત્તિ કહેવાય છે. મોક્ષાર્થીએ વિભાવ પ્રવૃતીને તજી સ્વભાવ રમણજ કરવું ઉચિત છે, એમ કરવાથી આત્માનું શુદ્ધ સ્વરુપ પ્રગટ થાય છે.

(૮૧) સમ્યગ્ જ્ઞાન, દર્શન, અને ચારિત્રરુપી રત્નત્રયીનું સંસેવન કરવાથી જેમને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત–વીર્યરુપી અનંત ચતુષ્ટયી પ્રાપ્ત થયેલ

છે; એવા પરમાત્મપદ પ્રાપ્ત મહાપુરુષોજ મોક્ષાર્થીઓ એ ધ્યાવા યોગ્ય છે,

(૮૨) એવા પરમાત્માનું ધ્યાન કરવાથી મન સ્થિર થાય છે, ઇંદ્રિયો અને કષાયનો જય થાય છે, અને શાંત રસની પુષ્ટિથી આત્મા પોતેજ પરમાત્મપદનો અધિકારી થાય છે, ઘન ઘાતિ કર્મનો ક્ષય થતાંજ પોતે પરમાત્મ રુપ થાય છે, માટે મોક્ષાર્થી જનોએ એવાજ પરમાત્મ પ્રભુનું ધ્યાન કરવું કે જેથી અંતે પોતે પણ તદ્રૂપજ થાય.

(૮૩) એવા પરમાત્મપદ પ્રાપ્ત પુરુષો પણ અવશિષ્ટ અઘાતિ કર્મ ક્ષય થતાં સુધી તો શરીરધારીજ હોય છે પણ સંપૂર્ણ કર્મથી મુકત થયે છતે તેઓ શરીરમુકત–અશરીરી પૂર્ણ સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થાય છે અને એકજ સમયમાં સર્વથા સર્વ બંધન મુકત થયા છતા લોકના અગ્ર ભાગે જઇ અક્ષય સ્થિતિને ભજે છે.

(૮૪) ત્યાં તેઓ અનંત જ્ઞાનાદિક સ્વરૂપ સ્વભાવમાં સ્થિત છતાં પરમાનંદમાં મગ્ન રહે છે જન્મ મરણાદિક સર્વ બંધનથી સર્વથા મુકતજ રહે છે એવા સિદ્ધ પરમાત્મા પણ અનંત છે.

(૮૫) એવા સિદ્ધ ભગવાનના સદ્દગુણોનું અનુકરણ કરીને જે તેમનું અભેદપણે ધ્યાન કરે છે તે સ્ફીતાશયો પણ તેવીજ સ્થિતિને અંતે ભજે છે.

(૮૬) એવા ભાવી સિદ્ધ પુરૂષો પણ અનંત છે.

(૮૭) ઉત્તમ પ્રકારના આચાર વિચારમાં કુશલપણે પોતે પ્રવર્તતા છતા અન્ય મોક્ષાર્થી વર્ગને પ્રવર્તાવનારા આચાર્ય મહારાજા, પવિત્ર અંગ ઉપાંગરૂપ આગમ સિદ્ધાંતને સંપૂર્ણ જા-

ણીને અન્ય વિનીત વર્ગને પરમાર્થ દાવે પઢાવનારા ઉપાધ્યાય મહારાજા, તથા પવિત્ર રત્નત્રયીના પાલન પુર્વક અન્ય આત્માર્થી જનોને યથાશકિત આલંબન આપનારા મુનિરાજ મહારાજા, સર્વોત્તમ લોકોત્તર માર્ગના સેવનથી પૂર્વોકત પરમાત્મ પદના પૂર્ણ અધિકારી હોવાથી અનુક્રમે પરમાત્મપદ પામીને સંપૂર્ણ સિદ્ધરૂપ થાય છે.

(૮૮) જેઓ સંસારીક સુખ સંયોગોની અનિત્યતા વિચારીને સંસારના સર્વ સંબંધથી વિરકત થઈ ઉદાસીન ભાવ ધારણ કરી પરમાત્મ પંથને અનુસરવા કટિબદ્ધ થઇ સ્વ સ્વભાવમાં સ્થિત થઇ સિદ્ધ પરમાત્માને અભેદ ભાવે ધ્યાવે છે તેઓ સર્વ દુઃખબંધનને છેદીને નિશ્ચે સિદ્ધ દશાને પ્રાપ્ત થાય છે.

(૮૯) એવા મહાપુરૂષોનો સમાગમ મોક્ષાર્થી જીવોને પરમ આશીર્વાદરૂપ છે એમ સમજીને સર્વ પ્રમાદ તજી સત્સમાગમનો અનતો લાભ લેવા ચુકવું નહિ, એવા સત્સમાગમથી ક્ષણ વારમાં અપૂર્વ લાભ સંપાદન થાય છે.

(૯૦) જેમનું મન સત્સમાગમ વડે જ્ઞાન વૈરાગ્યમાં તરબોળ રહે છે તેમનું સુખ તેઓજ જાણે છે. પ્રિયાના આલિંગનથી કે ચંદનના રસથી જેવી શીતળતા વળતી નથી એવી શીતળતા વૈરાગ્ય રસની લ્હેરીયોથી પ્રભવે છે. જેમ વૈરાગ્ય રસની વૃદ્ધિ થાય તેમ પ્રયત્ન કરવો જરૂરનો છે.

(૯૧) વૈરાગ્ય રસથી અનાદિ કાળનો રાગાદિકનો તાપ ઉપશમે છે, તૃષ્ણા શાંત થાય છે, અને મમત્વભાવ દૂર થાય છે, યાવત્ મોહનું જોર નરમ પડે છે અને ચારિત્રમાર્ગની પુષ્ટિ થાય છે.

(૯૨) વૈરાગ્ય રસની અભિવૃદ્ધીથી એવી તો ઉત્તમ ઉદાસીન દશા છાય જાય છે કે તેથી સર્વત્ર સમાનભાવ વર્તે છે. નિંદા-સ્તુતિમાં તેમજ શત્રુ-મિત્રમાં સમપણું આવવાથી હર્ષ શોક થતા નથી. અનુકૂળ કે પ્રતિકૂળ સર્વ સંયોગોમાં સમચિત્તપણું આવે છે તેથી સ્વભાવની શુદ્ધિ વિશેષે થાય છે.

(૯૩) વરાગ્યની વૃદ્ધિથી સંસારવાસ કારાગૃહ જેવો ભાસે છે અને તેથી વિરકત થઇ પારમાર્થીક સુખ માટે યત્ન કરવા મન દોરાય છે.

(૯૪) શાંત રસથી પુષ્ટિ થતાં દ્રવ્ય અને ભાવ કરૂણાની વૃદ્ધિ થાય છે અને શાંત રસના સમુદ્ર એવા વીતરાગ પ્રભુના વચન ઉપર પૂર્ણ પ્રતીતિ આવે છે જેથી ગમે તેવી કસોટીના વખતે પણ સત્ય માર્ગથી ચલાયમાન થવાતું નથી,

(૯૫) પ્રશમ રસની પુષ્ટિ થવાથી અપરાધી જીવનું મનથી પણ પ્રતિકુળ-અહિત ચિંતવન કરાતું નથી આવી રીતે વિવેક વર્તનથી મોક્ષ મહેલનો મજબૂત પાયો નંખાય છે અને સકળ ધર્મકરણી મોક્ષ સાધકજ થાય છે.

(૯૬) ચિરકાળના લાંબા અભ્યાસથી શાંતવાહિતા યોગે અહિંસાદિક મહાવ્રતોની દૃઢતા અને સિદ્ધિ થાય છે જેથી સમીપવર્તી હિંસક જીવો પણ પોતાનો ક્રૂર સ્વભાવ તજી દઇને શાંત ભાવને ભજે છે અને સાતિશયપણાથી દેવ દાનવાદિક પણ સેવામાં હાજર રહે છે. આવો અપૂર્વ મહિમા શાંત-વૈરાગ્ય રસનોજ છે એમ સર્વ મોક્ષાર્થી જનોને વિશેષે પ્રતીત થાય છે તેથી તેમાં તેઓ અધિક પ્રયત્ન કરે છે.

(૯૭) જેમને મન, વચન અને કાયામાં સંપૂર્ણ સ્થિરતા

પ્રાપ્ત થઇ છે એવા યોગીશ્વરો ગામમાં કે અરણ્યમાં દિવસે કે રાત્રીમાં સરખી રીતે સ્વ સ્વભાવમાંજ સ્થિત રહે છે. કદાપિ સંયમ માર્ગમાં અરતિ ભજતાજ નથી. સુવર્ણની પેરે વિષમ સંયોગમાં ચડવાને તે વર્તે છે.

(૯૮) જેઓ ફકત અન્યનેજ શિખામણ દેવામાં શૂરા છે તેઓ ખરી રીતે પુરૂષની ગણનામાંજ નથી. પણ જેઓ પોતાનેજ ઉત્તમ શિખામણો આપીને ચારિત્ર માર્ગમાં સ્થિર કરે છે, તેઓ ખરેખર સત્ પુરૂષોની ગણનામાં ગણાવા યોગ્ય છે.

(૯૯) કાંચનને જેમ જેમ અગ્નિમાં તપાવવામાં આવે છે તેમ તેમ તેનો વાન વધતોજ જાય છે. શેલડીના સાંઠાને જેમ જેમ છેદવામાં કે પીલવામાં આવે છે તેમ તેમ તે સરસ મિષ્ટ રસ સમર્પે છે. તેમજ ચંદનને જેમ જેમ ઘસવામાં કે કાપવામાં આવે છે તેમ તેમ તે તેના ઘસનાર ને કે કાપનારને ઉત્તમ પ્રકારની સુગંધ અથવા ખુશબો આપે છે. તેવીજ રીતે સત્પુરૂષોને પ્રાણાંત કષ્ટ પડયે છતે પણ કદાપિ પ્રકૃતિનો વિકાર થતોજ નથી તે તો તેવે વખતે ઉલટી અધિક ઉજળી થઇ આત્મલાભ ભણી થાય છે. આવાજ પુરૂષો જગતમાં ખરા પુરૂષની ગણનામાં ગણાવા યોગ્ય છે.

(૧૦૦) યોગી પુરૂષોને વૈરાગ્ય—પુષ્ટિથી જે અંતરંગ સુખ થાય છે તેવું સુખ ઇંદ્રાદિકને સ્વપ્નમાં પણ સંભવતું નથી. કેમકે ઈંદ્રાદિકનું સુખ વિષયજન્ય હોવાથી કેવળ બહિરંગ-બાહ્ય—કલ્પિતજ છે.

(૧૦૧) મધ્ય-ઉદરની દુર્બલતાથી કૃસોદરી—સ્ત્રી શોભે છે, તપોનુષ્ઠાનવડે થયેલી શરીરની દુર્બલતાથી યતિ મુની શોભે છે,

અને મુખની કૃશતાથી ઘોડો શોભે છે, પણ તેઓ કંઇ આભુ-ષણથી શોભતાં નથી. સર્વ કોઇ સ્વ સ્વ લક્ષણ લક્ષિત છ-તાંજ શોભે છે.

(૧૦૨) જે સ્ત્રીનાં પ્રેમાળ વચન સાંભળીને ચંચળ–ચિત્ત થતો નથી, તેમજ સ્ત્રીના નેત્ર કટાક્ષથી પણ લગારે સંક્ષોભ પામતો નથી તેજ યોગીશ્વર રાગદ્વેષ વિવર્જિત હોવાથી જગ-તમાં જયવંતો વર્ત્તે છે.

(૧૦૩) અનેક દોષથી ભરેલી કામની કુપિત થયે છતે પણ કામાતુર જીવ તેણીનો આદર કરતો જાય છે. એવી કામાં-ધતાને ધિક્કાર પડો.

(૧૦૪) જેનો સંયોગ થયો છે તેનો વિયોગ તો અવશ્ય વ્હેલો મોડો થવાનોજ છે. ત્યારે વિયોગ વખતે શા માટે હૃદયને શલ્યરુપ શોક કરવોજ જોઇયે ! તેવા દુઃખદાયી શોકથી શું વળવાનું છે ?

(૧૦૫) મમતા વિના શોક થતો નથી. જ્ઞાન વૈરાગ્યથી તે મમતા ઘટે છે, સમ્યગ્જ્ઞાન યા અનુભવ જ્ઞાનથી મોહની ગાંઠ તૂટે છે અને હૃદયનું બળ વધવાથી ઘટમાં વિવેક જાગવાથી શોકાદિકને અંતરમાં પેસવાનો અવકાશ મળતો નથી.

(૧૦૬) કફના વિકારવાળું નારીનું મુખ કયાં અને અ-મૃતથી ભરેલો ચંદ્રમા કયાં ? તે બંને વચ્ચે મહાન્ અંતર છ-તાં મંદબુદ્ધિ એવા કામી લોકો તેમનું ઐક્ય–સરખાપણુંજ માને છે.

(૧૦૭) હાથીના કાનની માફક ચપળ–ક્ષણવારમાં છેહ દે

એવા વિષય ભોગને પરિણામે માઠા વિપાક આપવાવાળા જાણ્યા છતાં તજી ન શકાય એ કેવળ મોહનીજ પ્રબળતા દેખાય છે,

(૧૦૮) એક એક ઈંદ્રિયની વિષય લંપટતાથી પતંગીયા, ભમરા, માછલાં, હાથી અને હરણ પ્રાણાંત દુઃખ પામે છે, તો એકી સાથે પાંચેઇંદ્રિયોને પરવશ પડેલા પામર પ્રાણીયોનું તો કહેવુંજ શું ?

૧૦૯ જેમ ઇંધનથી અગ્નિ શાંત થતો નથી, પરંતુ તે વૃદ્ધિજ પામે છે તેમ વિષય ભોગથી ઇંદ્રિયો તૃપ્ત થતી નથી, પરંતુ તેથી તૃષ્ણા વધતી જાય છે, અને જેમ જેમ વિશેષે વિષય સેવન કરવા જીવ લલચાય છે તેમ તેમ અગ્નિમાં આહુતિની પેરે કામાગ્નિની વૃદ્ધિ થયા કરે છે.

(૧૧૦) અનુભવ જ્ઞાનિયોએ યુક્તજ કહ્યું છે કે જ્ઞાન વૈરાગ્યજ પરમમિત્ર છે, કામ ભોગજ પરમશત્ર છે, અહિંસાજ પરમ ધર્મ છે અને નારીજ પરમ જરા છે (કેમકે જરા વિષય લંપટીનો શીઘ્ર પરાભવ કરે છે.)

(૧૧૧) વળી યુક્તજ કહ્યું છે કે તૃષ્ણા સમાન કોઇ, વ્યાધિ નથી, અને સંતોષ સમાન કોઇ સુખ નથી.

(૧૧૨) પવિત્ર જ્ઞાનામૃત યા વરાગ્ય રસથી આત્માને પોષવાથી તૃષ્ણાનો અંત આવે છે, અને સંતોષ ગુણની પ્રાપ્તિ અને વૃદ્ધિ થાય છે.

(૧૧૩) સંતોષ સર્વ સુખનું સાધન હોવાથી મોક્ષાર્થી જનોએ તે અવશ્ય સેવન કરવા યોગ્ય છે. અને લોભ સર્વ દુઃખ-

નું મૂળ હોવાથી અવશ્ય તજવા યોગ્ય છે. લોભ-બુદ્ધિ તજવાથી સંતોષ ગુણ વાધે છે,

(૧૧૪) ક્રોધાદિ ચારે કષાય, સંસારરૂપી મહાવૃક્ષનાં ઉંડા મજબુત મૂળ છે. સંસારનો અંત કરવા ઈચ્છનાર મોક્ષાર્થીએ કષાયનોજ અંત કરવો યુક્ત છે. કષાયનો અંત થયે છતે ભવનો અંત થયોજ સમજવો.

(૧૧૫) ઉપશમ ભાવથી ક્રોધને ટાળવો, વિનયભાવથી માનને ટાળવો, સરલભાવથી માયા કપટનો નાશ કરવો અને સંતોષથી લોભનો નાશ કરવો. કષાયને ટાળવાનો એજ ઉપાય જ્ઞાનીયોએ બતાવ્યો છે.

(૧૧૬) રાગ અને દ્વેષથી ઉક્ત ચારે કષાયને પુષ્ટિ મળે છે, માટે વીતરાગ પ્રભુએ સર્વ કર્મનો જડ જેવા રાગ અને દ્રેષનેજ મૂળથી ટાળવા વારંવાર ઉપદેશ કર્યો છે. દ્વેષથી ક્રોધ અને માનની તથા રાગથી માયા અને લોભની વૃદ્ધિ થાય છે. રાગ દ્વેષનો ક્ષય થવાથી સર્વ કષાયનો સ્વતઃ ક્ષય થઈ જાય છે. માટે મોક્ષાર્થીએ રાગ દ્વેષનો અવશ્ય ક્ષય કરવો યુકત છે.

(૧૧૭) વિષય ભોગની લાલસાથી રાગ દ્વેષની ઉત્પત્તિ અને વૃદ્ધિ થાય છે, માટે મોક્ષાર્થીએ વિષય લાલસાને તજીને સહજ સંતોષ ગુણ સેવવો યુકત છે-

(૧૧૮) વિવિધ વિષયની લાલસાવાળું મલીન મનજ દુર્ગતિનું મૂળ છે, માટે એવા મનનેજ મારવા મહાશયો ભાર દઈને કહે છે.

(૧૧૯) મનને માર્યાથી ઇંદ્રિયો સ્વતઃ મરી જાય છે. ઇંદ્રિયોના મરણથી વિષયલાલસાનો અંત આવવાથી રાગદ્વેષરૂપ

કષાયનો પણ અંત આવે છે, રાગદ્વેષ રૂપ કષાયનો ક્ષય થવાથી ઘાતિ કર્મનો ક્ષય થાય છે, અને અનંત જ્ઞાનાદિક સહજ અનંત ચતુષ્ટયી પ્રગટ થાય છે. યાવત્ અવશિષ્ટ અઘાતિ કર્મનો પણ અંત થતાંજ અજ અવિનાશી મોક્ષ પદવી પ્રાપ્ત થાય છે.

(૧૨૦) મન અને ઇંદ્રિયોને વશ કરીને વિષયલાલસા તજવાથી આવો અનુપમ લાભ થતો જાણીને કોણ હતભાગ્ય કામ ભોગની વાંછા કરીને આવા શ્રેષ્ઠ લાભ થકી ચૂકશે ? મુમુક્ષુ જનોને તો વિષયવાંછા હાલાહલ ઝેર જેવી છે.

(૧૨૧) વિષયલાલસા હાલાહલ ઝેરથી પણ આકરી છે કેમકે ઝેરતો ખાધા બાદજ જીવનું જોખમ કરે છે અને વિષયનું ચિંતવન કરવા માત્રથી ચારિત્ર પ્રાણનું જોખમ થાય છે, અથવા વિષ ખાધું છતું એકજ વખત મારે છે, પણ વિષયવાંછા તો જીવને ભવોભવ ભટકાવે છે.

(૧૨૨) વિષયસુખને વૈરાગ્ય યોગે તજીને ફરી વાંછનાર વમન ભક્ષી શ્વાનની ઉપમાને લાયક છે.

(૧૨૩) યોગમાર્ગથી પતિત થતા મુમુક્ષુને યોગ્ય આલંબન આપીને પાછો માર્ગમાં સ્થાપવામાં અનર્ગળ લાભ રહેલો છે.

(૧૨૪) જેમ રાજીમતિયે રથનેમિને તથા નાગિલાએ ભવદેવ મુનિને તથા કોશાએ સિંહ ગુફાવાસી સાધુને પ્રતિબોધ આપીને સંયમ માર્ગમાં પુનઃ સ્થાપ્યા, તેમ નિઃસ્વાર્થ બુદ્ધિથી મોક્ષાર્થી જીવને અવસર ઉચિત આલંબન આપનાર મોટો લાભ હાંસલ કરી શકે છે.

(૧૨૫) મોક્ષાર્થી જનોએ હમેશાં ચઢતાના દાખલા

લેવા યોગ્ય છે પણ પડતાના દાખલા લેવા યોગ્ય નથી. ચઢતાના દાખલાથી આત્મામાં શુરાતન આવે છે, અને પડતાના દાખલાથી કાયરતા આવે છે.

(૧૨૬) ચ્હાય તો પુરૂષ હોય કે સ્ત્રી હોય પણ ખરો પુરૂષાર્થ સેવવાથીજ તે સદ્ગતિ સાધી શકે છે. પુરૂષ છતાં પુરૂષાર્થહીન હોય તો તે પુંગણમાં નથી અને સ્ત્રી છતાં પુરૂષાર્થયોગે પુંગણનામાં ગણવા યોગ્યજ છે. પૂર્વે અનેક ઉત્તમ સ્ત્રીઓએ પુરૂષાર્થના બળે પરમ પદનો અધિકાર પ્રાપ્ત કર્યો છે. મોક્ષાર્થી જનોએ એવા ચઢતાના દાખલા લેવા યોગ્ય છે. તેથી સ્વપુરૂષાર્થ જાગૃત થાય છે.

(૧૨૭) કેવળ પુરૂષજ પરમપદનો અધિકારી છે, સ્ત્રીને તેવો અધિકાર નથી, એમ બોલનારા પક્ષપાતી યા મિથ્યાભાષી છે. ખરી વાત તો એ છે કે જે ખરો પુરૂષાર્થ સેવે છે, તે ચ્હાય તો પુરૂષ હોય યા તો સ્ત્રી હોય પણ અવશ્ય પરમપદનો અધિકારી હોવાથી પરમ-પદ મોક્ષ સુખને સાધી શકે છે. પુરૂષની પેરે અનેક સ્ત્રીઓએ પૂર્વે પરમપદ સાધેલું છે.

(૧૨૮) સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્રનું વિધિવત્ પાલન કરવું તે ખરો પુરૂષાર્થ છે. પુરૂષાર્થ હીન કાયર માણુસો તેમ કરી શકતાં નથી.

(૧૨૯) અહિંસાદિક પાંચ મહાવ્રત તથા રાત્રીભોજનનો સર્વથા ત્યાગ કરવારૂપી છઠું વ્રત વિવેકબુદ્ધિથી સમજીને ગ્રહણ કરી સિંહની પેરે શુરવીરપણે તે સર્વ વ્રતોનું યથાવિધિ પાલન કરવું તથા અન્ય યોગ્ય-અધિકારી સ્ત્રીપુરૂષોને શુદ્ધમાર્ગ સમજા-

વી સન્માર્ગમાં સ્થાપી તેમને યથોચિત સહાય આપવી તે ખરો કલ્યાણનો માર્ગ છે.

(૧૩૦) સર્વ જીવોને આત્મ સમાન લેખીને કોઇને કોઇ રીતે મનથી, વચનથી કે કાયાથી હણવો નહિ, હણાવવો નહિ કે હણનારને સંમત થવું નહિ એ પ્રથમ મહાવ્રતનું સ્વરૂપ છે. એમ સર્વત્ર સમજી લેવાનું છે.

(૧૩૧) ક્રોધાદિક કષાયથી, ભયથી કે હાસ્યથી જુઠ બોલવું નહિં, જુઠ બોલાવવું નહિ તેમજ જુઠ બોલનારને સંમત થવું નહિં એ બીજું મહાવ્રત છે. પવિત્ર શાસ્ત્રના માર્ગને મુકીને સ્વછંદે બોલનાર મૃષાવાદીજ છે.

(૧૩૨) પવિત્ર શાસ્ત્રની આજ્ઞા વિરૂદ્ધ કોઈ પણ ચીજ સ્વામીની રજા વિના લેવી નહિ, લેવડાવવી નહિ, તેમજ લેનારને સંમત થવું નહિ. સંયમના નિર્વાહ માટે જે કાંઈ અશન વસનાદિક જરૂર હોય તે પણ શાસ્ત્ર આજ્ઞા મુજબ સદ્ગુરૂની સંમતિ લઇને અદીનપણે ગવેષણા કરતાં નિર્દોષ મળે તોજ ગ્રહણ કરવું એ ત્રીજું મહાવ્રત કહ્યું છે.

(૧૩૩) દેવ, મનુષ્ય કે તિર્યંચ સંબંધી વિષયભોગ મન, વચન, કે કાયાથી સેવવા નહિ બીજાને સેવડાવવા નહિ અને સેવનારને સંમત થવું નહિ એ ચોથું મહાવ્રત જાણવું.

(૧૩૪) કંઇ પણ અલ્પ મૂલ્યવાળી કે બહુ મૂલ્યવાળી વસ્તુ ઉપર મુર્છા રાખવી નહિ, સંયમને બાધકભૂત કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરવો નહિ, કરાવવો નહિ, તેમજ કરનારને સંમત થવું નહિ. એ પાંચમું મહાવ્રત છે.

(૧૩૫) અશન, પાણી, ખાદિમ કે સ્વાદિમ રાત્રી સમયે (સૂર્ય અસ્ત પછી અને સૂર્ય ઉદય પહેલાં) સર્વથા વાપરવા નહિ, વપરાવવા નહિ તેમજ વાપરનારને સંમત થવું નહિ એ છઠું વ્રત છે.

(૧૩૬) પૂર્વોક્ત સર્વ મહાવ્રતોનું યથાવિધિ પાલન કરતાં જેમ રાગદ્વેષની હાની થાય તેમ સાવધાનપણે પ્રવૃત્તિ નિવૃત્તિ માર્ગ સ્વીકારી તેનો યથાર્થ નિર્વાહ કરવો, અને અન્ય આત્માર્થીજનોને યથાશક્તિ યથાવકાશ સહાય કરવી તે ઉત્તમ પ્રકારનો પુરૂષાર્થ છે.

(૧૩૭) સદ્‌ગુરૂનું શરણુ લહી તેમની પવિત્ર આજ્ઞાનુસારે વર્તનાર મહાશયોનો સકળ પુરૂષાર્થ સફળ થાય છે.

(૧૩૮) સદ્‌ગુરૂની કૃપાથી પ્રાપ્ત થયેલા સદ્‌બોધવડે, સંયમમાર્ગમાં આવતા અપાયો સહેલાઈથી દૂર કરી શકાય છે.

(૧૩૯) મુમુક્ષુજનોએ ચંદ્રની પેરે શીતળ સ્વભાવી, સાયરની જેવા ગંભીર, ભારંડ પંખીની જેવા પ્રમાદ રહીત, અને કમળની પેરે નિર્લેપ થવું જોઇએ. યાવત્ મેરૂ પર્વતની પેરે નિશ્ચળતા ધારીને સિંહની જેમ શુરવીર થઇને વૃષભની પેરે નિર્મળ ધર્મની ધુરા મુનિજનોએ અવશ્ય ધારવી જોઇએ.

(૧૪૦) મુમુક્ષુજનોએ કંચન અને કામનીને દૂરથીજ તજવાં જાઈએ.

(૧૪૧) મુમુક્ષુજનોએ રાય અને રંકને સરખા લેખવા જોઈએ, તથા સમભાવથી તેમને ધર્મ ઉપદેશ આપવો જોઇએ.

(૧૪૨) મુમુક્ષુજનોએ નારીને નાગણી સમાન લેખી તેણીનો

સંગ સર્વથા તજવો જોઇએ. નારીના સંગથી નિશ્ચે કલંક ચડે છે.

(૧૪૩) મુમુક્ષુજનોએ સમરસ ભાવમાં ઝીલતાં થકાં શાસ્ત્ર અવગાહન કર્યા કરવું જોઇએ.

(૧૪૪) મુમુક્ષુજનોએ અધિકારીની હિતશિક્ષા હૃદયમાં ધારીને સ્વશકિતને ગોપવ્યા વિના તેનું યત્નથી પાલન કરવું જોઇએ. કોઇ રીતે અધિકારીની હિતશિક્ષાનો અનાદર નજ કરવો જોઇએ.

(૧૪૫) મુમુક્ષુજનોએ ક્ષુધાદિકનો ઉદય થયે છતે ગુર્વાદિકની સંમતી લઇને નિર્દોષ આહાર પાણીની ગવેષણા કરી તેવો નિર્દોષ આહાર પ્રમુખ મળે તો તે અદીનપણે લઇને ગુર્વાદિકની સમીપે આવીને તેની આલોચના કરી ગુર્વાદિકની રજાથી અન્ય મુમુક્ષુ જનની યથાયોગ્ય ભક્તિ કરીને લોલુપતા રહીત લાવેલો આહાર સંયમના નિર્વાહ માટે વાપરતાં મનમાં સમભાવ રાખી તેને વખાણ્યા કે વખોડયાવિના પવિત્ર મોક્ષના માર્ગમાં પુનઃ કટિબદ્ધ થઇને વિશેષે ઉદ્યમ કરવો જોઇએ.

(૧૪૬) મુમુક્ષુજનોની શાસ્ત્ર આજ્ઞા મુજબ વર્તીને કરવામાં આવતી માધુકરી ભિક્ષાને જ્ઞાની પુરુષો ‘ સર્વ સંપતકરી ’ કહે છે.

(૧૪૭) મુમુક્ષુજનોની શાસ્ત્ર આજ્ઞા વિરુદ્ધ વર્તીને કરવામાં આવતી ભિક્ષાને જ્ઞાની પુરુષો ‘ બલહરણી ’ કહીને બોલાવે છે.

(૧૪૮) કેવળ અનાથ અશરણ એવાં આંધળાં પાંગળાં વિગેરે દીનજનોની ભિક્ષાને જ્ઞાની પુરુષો ‘ વૃત્તિ ભિક્ષા ’ કહીને બોલાવે છે.

(૧૪૯) મુમુક્ષુજનોએ શાસ્ત્ર વિરુદ્ધ માર્ગે વર્ત્તતાં થતી 'બલહરણી' ભિક્ષાને સર્વથા તજીને શાસ્ત્ર વિહિત માર્ગે વર્તીને 'સર્વ સંપત્કરી' ભિક્ષાનોજ ખપ કરવો યુક્ત છે.

(૧૫૦) મુમુક્ષુ જનોએ અકૃત, અકારિત અને અસંકલ્પિતજ આહાર ગવેષીને ગ્રહણ કરવો જોઈએ. પોતે નહિ કરેલો નહિ કરાવેલો તેમજ પોતાને માટે ખાસ સંકલ્પીને ગૃહસ્થાદિકે નહિ કરેલો કે કરાવેલોજ આહાર મુમુક્ષુજનોને કલ્પે છે. તેવો પણ આહાર ગવેષણા કરતાં મળી શકે છે.

(૧૫૧) યતિ ધર્મ યાને મુમુક્ષુ માર્ગ અતિ દુષ્કર કહ્યો છે કેમકે તેમાં એવા નિર્દોષ આહારથીજ સંયમ નિર્વાહ કરવાનો કહ્યો છે.

(૧૫૨) ગૃહસ્થ જનો પોતાના માટે અથવા પોતાના કુટુંબને માટે અન્ન પાનાદિક નીપજાવતા હોય તેમાં એવો શુભ વિચાર કરે કે આપણે માટે કરવામાં આવતા આ અન્ન પાણી માંથી કદાચ ભાગ્ય યોગે કોઇ મહાત્માના પાત્રમાં થોડું પણ અપાશે તો મોટો લાભ થશે. આવો શુભ વિચાર ગૃહસ્થ જનોને હિતકારીજ છે.

(૧૫૩) એવા શુભ ચિંતન યુકત ગૃહસ્થોએ પોતાને માટે કે પોતાના કુટુંબને માટે નીપજાવેલાં અન્ન પાણી વિગેરે મુમુક્ષુમુનિને લેવામાં બાધક નથી.

(૧૫૪) નિર્દોષ આહાર લાવી વિધિવત્ તે વાપરનાર મુનિ સંયમની શુદ્ધિ કરી શકે છે. તેથી ઉલટી રીતે વર્તતાં સંયમની વિરાધના થાય છે.

(૧૫૫) મુમુક્ષુજનોએ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ સંબંધી સર્વ વિષય આસકિતથી સાવધપણે દૂર રહેવું યુકત છે.

(૧૫૬) મુમુમુજનોએ વિષય વાસનાનેજ હઠાવવા યત્ન કરવો જોઇએ.

(૧૫૭) મુમુક્ષુજનોએ ગૃહસ્થોનો પરિચય તજીને બ્રહ્મચર્યની ખૂબ પુષ્ટિ થાય તેમ પવિત્ર જ્ઞાન ધ્યાનનો સતત અભ્યાસ કરવો જોઇએ.

(૧૫૮) મુમુક્ષુજનોએ સ્ત્રી, પશુ, પંડગ વિનાનું સંયમને અનુકૂળ સ્થાનજ રહેવાને પસંદ કરવું જોઇએ.

(૧૫૯) મુમુક્ષુજનોએ કામવિકાર પેદા થાય એવી કોઇ પણ ચેષ્ટા કરવી ન જોઇએ. સ્ત્રી કથા, સ્ત્રી શય્યા, સ્ત્રીનાં અંગોપાંગનું નિરીક્ષણ, સ્ત્રી સમીપે સ્થિતિ, પૂર્વે કરેલી કામક્રિડાનું સ્મરણ, સ્નિગ્ધ ભોજન તથા પ્રમાણાતિરિકત ભોજન, તથા શરીર વિભૂષાદિક સર્વે તજવાં જોઇએ.

(૧૬૦) મુમુક્ષુજનોએ પૂર્વે થયેલા મહા પુરૂષોના પવિત્ર ચરિત્રને જાણીને તેમનું બનતું અનુકરણ કરવાને સદા સાવધાન રહેવું જોઇએ.

(૧૬૧) મુમુક્ષુજનોએ ગમે તેવા સંયોગોમાં સંયમથી ચલાયમાન થવું ન જોઇએ. દેવ, મનુષ્ય કે તિર્યંચે કરેલા સર્વ અનુકૂળ કે પ્રતિકૂળ ઉપસર્ગ પરીષહોને અદીનપણે આત્મકલ્યાણાર્થે સહન કરવા જોઇએ.

(૧૬૨) મુમુક્ષુજનોએ માર્ગમાં ચાલતાં ધુસરા પ્રમાણ

ભૂમિને આગળ જોતાં કોઇ પણ ન્હાના કે મોટા જીવને જોખમ ન પહોંચે તેમ કરૂણા નજરથી તપાસીને ચાલવું જોઇએ.

(૧૬૩) મુમુક્ષુજનોએ જરૂર પડતું બોલતાં કોઇને અપ્રીતિ ન ઉપજે એવું હિત, મિત, મિષ્ટ અને સત્ય, ધર્મને બાધક ન થાય તેવું ભાષણ કરવું જોઇએ.

(૧૬૪) મુમુક્ષુજનોએ સંયમના નિર્વાહ માટે જરૂર પડયે છતે ૪૨ દોષ રહીત આહાર પાણી વિગેરે ગુર્વાદિકની સંમતિથી લાવીને વિધિવત્ વાપરવાં જોઇએ.

(૧૬૫) મુમુક્ષુજનોએ કોઇપણ વસ્તુ લેતાં યા મૂકતાં કોઈ પણ જીવની વિરાધના થઈ ન જાય તેમ સંભાળીને તે વસ્તુ લેવી મૂકવી જોઇએ.

(૧૬૬) મુમુક્ષુજનોએ લઘુનીતિ, વડીનીતિ વિગેરે શરીરના સર્વ મળનો ત્યાગ નિર્જીવ સ્થાનમાં જઇને વિધિવત્ કરવો જોઇએ.

(૧૬૭) મુમુક્ષુજનોએ મુખ્યપણે મનને ગોપવીને ધર્મ ધ્યાનમાં જોડાવું જોઇએ. જેમ બને તેમ તેને વિવિધ વિકલ્પ જાળથી મુક્ત રાખવું જોઈએ.

(૧૬૮) મુમુક્ષુજનોએ મુખ્યપણે તથાપ્રકારના કારણવિના મૌનજ ધારણ કરી રહેવુંજ જોઇએ. જરૂર જણાતાં સત્ય નિર્દોષજ ભાષણ કરવું જોઇએ.

(૧૬૯) મુમુક્ષુજનોએ મુખ્યપણે સંયમાર્થે જવા આવવાની જરૂર ન હોય તો કયાને કાચબાની પેરે ગોપવી રાખવી જોઇએ. સ્થિર આસન કરીને પવિત્રજ્ઞાન ધ્યાનનોજ અભ્યાસ કરવો જોઇએ.

(૧૭૦) મુમુક્ષુજનોએ ચાલવાની, બેસવાની, ઉઠવાની, સુ-વાની, ખાવાની, પીવાની કે બોલવાની જે જે ક્રિયા કરવી પડે તે તે કોઇ જીવને ઇજા ન થાય તેમજ સંભાળથીજ કરવી જોઇએ.

(૧૭૧) મુમુક્ષુજનોએ રસગૃદ્ધ નહિ થતાં પરિમિતભોજી થવું જોઇએ.

(૧૭૨) મુમુક્ષુજનોએ સંયમ અનુષ્ઠાનને સમજપૂર્વક પ્ર-માદ રહિત સેવીને અન્ય મુમુક્ષુજનોને યથાશકિત સંયમમાં સહાયભૂત થવું જોઇએ. એક ક્ષણ માત્ર પણ કલ્યાણથીએ પ્ર-માદ કરવો ન જોઇએ.

(૧૭૩) પ્રીય મનોહર અને સ્વાધીન ભોગને જે જાણી જોઇને તજે છે, તેજ ખરો ત્યાગી કહેવાય છે.

(૧૭૪) વસ્ત્ર, ગંધ, માલ્ય, અલંકાર તથા સ્ત્રી શય્યાદિક નહિ મળવા માત્રથી ભોગવતો નથી, પણ મનથી તો તેવા વિ-ષયમાં સાર માનીને મગ્ન રહે છે તે ત્યાગી કહેવાય નહીં.

(૧૭૫) જો જળમાં મચ્છની પદ પંક્તિ માલુમ પડે કે આકાશમાં પંખીની પદ પંકિત જણાય, તોજ સ્ત્રીના ગહન ચરિત્રની સમજ પડી શકે, તાત્પર્ય કે સ્ત્રીના ચરિત્રનો પાર પામવો અશકય છે.

(૧૭૬) પ્રિયાલાપથી કોઇની સાથ વાત કરતી કામની ક-ટાક્ષ વડે કોઇ અન્યને સાનમાં સમજાવતી હોય તેમ વળી હૃ-દયથી તો કોઈ બીજાનું ધ્યાન [ચિંતવન] કરતી હોય, એવી સ્ત્રીની ચંચળતાને ધિક્કાર પડો. સ્ત્રીઓ પ્રાયઃ કપટનીજ પેટી હોય છે.

(૧૭૭) જો મન વૈરાગ્યના રંગથી રંગાયલું ન હોય તો દાન, શીલ, અને તપ કેવળ કષ્ટરૂપજ થાય છે. વૈરાગ્ય યુકત કરેલી સર્વ ધર્મકરણી કલ્યાણકારી થાય છે. માટે જેમ બને તેમ વૈરાગ્ય ભાવની વૃદ્ધિ કરવી યુકત છે. તે વિના અલુણા ધાન્યની પેરે ધર્મકરણીમાં લ્હેજત આવતી નથી, વૈરાગ્ય યોગે તેમાં ભારે મીઠાશ આવે છે.

(૧૭૭) અભિનવ આધ્યાત્મિક શાસ્ત્રા વાંચવાથી સહજે વૈરાગ્યની વૃદ્ધિ થાય છે.

(૧૭૯) મૈત્રી, મુદિતા, કરૂણા અને મધ્યસ્થ એવી ચાર ભાવનાઓનું સંયમના કામીએ અવશ્ય સેવન કરવું જોઇએ.

(૧૮૦) જગતના સર્વ જંતુઓ આપણા મિત્ર છે, કોઇ પણ આપણા શત્રુ નથી, તે સર્વ સુખી થાઓ, કોઇ દુઃખી ન થાઓ, સર્વે સુખના માર્ગે ચાલો એવી મતિને મૈત્રીભાવના કહે છે.

(૧૮૧) સદ્ગુણીના સદ્ગુણો જોઈને ચિત્તમાં રાજી થવું. જેમ ચંદ્રને દેખીને ચકોર રાજી થાય છે, અથવા મેઘનો ગર્જારવ સાંભળીને મોર રાજી થાય છે; તેમ ગુણીને દેખી પ્રમુદિત થવું, અંતઃકરણમાં આનંદની ઉમીઓ ઉઠે તેનું નામ મુદિતા ભાવના કહેવાય છે.

(૧૮૨) કોઇ પણ દુઃખીને દેખી દયાર્દ્ર દીલથી શકિત અનુસારે તેને સહાય કરવી તેમજ ધર્મ કાર્યમાં સીદાતા સાધર્મી ભાઇને યોગ્ય આલંબન આપવું તેનું નામ કરૂણા ભાવના કહેવાય છે.

(૧૮૩) જેને કોઈ પણ પ્રકારે હિતોપદેશ અસર કરી

શકે નહિ એવા અત્યંત કઠોર મનવાળા જીવ ઉપર પણ દ્વેષ નહિ કરતાં તેવાથી દૂરજ રહેવું તેનું નામ મધ્યસ્થ ભાવના કહેવાય છે.

(૧૮૪) બીજી પણ અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, લોક સ્વભાવ, બોધિ દુર્લભ અને સ્વતત્વનું ચિંતનરૂપ દ્વાદશ અનુપ્રેક્ષા,–ભાવના કહી છે.

(૧૮૫) ભાવનાભવનાશિની અર્થાત્ આવી ઉત્તમ ભાવનાથી ભવ સંતતિનો ક્ષય થઇ જાય છે. અને શાંતરસની વૃદ્ધિથી ચિત્તની શાંતિ–પ્રસન્નતા થાય છે. માટે મોક્ષાર્થી જનોએ અવશ્ય ઉકત ભાવનાઓનો અભ્યાસ કર્યા કરવો યુકત છે.

(૧૮૬) ગમે તેટલી કળા પ્રાપ્ત થાય, ગમે તેવો આકરો તપ તપાય, અથવા નિર્મળ કિર્ત્તિ પ્રસારે પરંતુ અંતરમાં વિવેક કળા જો ન પ્રગટી તો તે સર્વ નિષ્ફળજ છે. વિવેક કળાથી તે સર્વની સફળતા છે.

(૧૮૭) વિવેક એ એક અભિનવ સૂર્ય યા અભિનવ નેત્ર છે. જેથી અંતરમાં વસ્તુ તત્ત્વનું યથાર્થ દર્શન થાય એવું અજવાળું થાય છે. માટે બીજી બધી જંજાળ તજીને કેવળ વિવેકકળા માટે ઉદ્યમ કરવો યુકત છે.

(૧૮૮) સત્ સમાગમ યોગે હિતોપદેશ સાંભળવાથી યા તો આપ્ત પ્રણીત શાસ્ત્રના ચિર પરિચયથી વિવેક પ્રગટે છે.

(૧૮૯) વિવેકવડે સત્યાસત્યનો નિર્ણય કરી શકાય છે. તે વિના હિતાહિત કૃત્યાકૃત્ય ભક્ષ્યાભક્ષ્ય પેયાપેય, ઉચિતાનુચિત

કે ગુણદોષની ખાત્રી થઇ શકતી નથી. વિવેક વડેજ અસત્ વસ્તુનો ત્યાગ કરીને સદ્ વસ્તુનો સ્વીકાર કરી શકાય છે.

(૧૯૦) જેમ નિર્મળ આરિસામાં સામી વસ્તુનું બરાબર પ્રતિબિંબ પડી રહે છે, તેમ નિર્મળ વિવેકયુકત હૃદયમાં વસ્તુનું યથાર્થ ભાન થાય છે. જેમ સૂક્ષ્મદર્શક યંત્રથી સુક્ષ્મ વસ્તુ સહેલાઇથી દેખી શકાય છે, તેમ વિવેકના અધિકાધિક અભ્યાસથી સુક્ષ્મમાં સુક્ષ્મને દુરમાં દુર રહેલાં પદાર્થનું યથાર્થ ભાન થઈ શકે છે માટે જ્ઞાની પુરૂષો વિવેક રહીતને પશુ માનેછે,

(૧૯૧) વિવેકી પુરૂષ આ મનુષ્ય ભવના ક્ષણને પણ લાખેણો (લક્ષ મુલ્ય અથવા અમુલ્ય) લેખે છે.

(૧૯૨) જેમ રાજ હંસ પક્ષી ક્ષીર નીરને જુદાં કરીને ક્ષીર માત્ર ગ્રહે છે, તેમ વિવેકી પુરૂષ દોષ માત્રને તજી ગુણ માત્રને ગ્રહણ કરે છે.

(૧૯૩) મનની ક્ષુદ્રતા (પારકાં છિદ્ર જોવાની બુદ્ધિ) મટવાથીજ ગુણ ગ્રાહકતા આવે છે, ગુણ ગુણીનો યોગ્ય આદરસત્કાર કરવારૂપ વિનયગુણથી ગુણ ગ્રાહકતા વધતી જાય છે.

(૧૯૪) વિનય સર્વગુણોનું વશીકરણ છે. ભકિત યા બાહ્યસેવા, હૃદય પ્રેમ યા બહુમાન, સદ્‌ગુણની સ્તુતિ અવગુણને ઢાંકવા અને અવજ્ઞા, આશાતના, હેલના, નિંદા કે ખિંસાથી દુર રહેવું એવા વિનયના મુખ્ય પાંચ પ્રકાર છે.

(૧૯૫) જેમ અણધોયેલા મેલા વસ્ત્ર ઉપર રંગ ચડી શકતો નથી. અથવા વિષમ ભૂમિમાં ચિત્ર ઉઠી શકતું નથી. તેમ વિનયાદિ ગુણ હીનને સત્ય ધર્મની પ્રાપ્તી થઇ શકતી નથી.

(૧૯૬) વિનયાદિ સદ્દગુણ સંપન્નને સહેજે ધર્મની પ્રાપ્તી થઇ શકે છે.

(૧૯૭) વિનયાદિશુન્યને વિદ્યાદિકળા ઉલટી અનર્થકારી થાય છે, માટે પ્રથમ વિનયાદિકનો જ અભ્યાસ કરવો યોગ્ય છે.

(૧૯૮) ધર્મની યોગ્યતા પાત્રતા પ્રાપ્ત કરવી એ પ્રથમ અવશ્યનું છે. તૃણ થકી ગાયને દુધ થાય છે અને દુધ થકી સર્પને ઝેર થાય છે. એ ઉપરથીજ પાત્રાપાત્રનો વિવેક ધારવો પ્રગટ સમજાય છે.

(૧૯૯) ધર્મની યોગ્યતા મેળવવા માટે નીચેના ૨૧ ગુણોનો ખુબ અભ્યાસ કરવો ખાસ જરૂરનો છે.

૧ અક્ષુદ્રતા–ગંભીરતા–ગુણ ગ્રાહકતા. ૨ સામ્યતા–પ્રસન્નતા ૩ નિરોગતા–અંગ સૌષ્ટવ–સુંદરાકૃતિ. ૪ જનપ્રિયતા–લોકપ્રિયતા ૫ અક્રુરતા–મનની કોમળતા–નરમાશ. ૬ ભીરૂતા–પાપથી યા અપવાદથી બીવાપણું. ૭ અશઠતા–નિષ્કપટીપણું–સરલતા. ૮ દાક્ષિણ્યતા મોટાની અનુજ્ઞા પાળવી તે. ૯ લજ્જાળુતા મર્યાદા શીલપણું માજા ૧૦ દયાળુતા–કરૂણા. ૧૧ સમદૃષ્ટિ–મધ્યસ્થતા–નિષ્પક્ષપાતપણું. ૧૨ ગુણરાગીપણુ. ૧૩ સત્યવાદીપણું–સત્યપ્રિયતા ૧૪ સુપક્ષતા–ધર્મીકુટુંબ હોવાપણું. ૧૫ દીર્ઘ દર્શિતા–લાંબી નજર પહોંચાડવાપણું. ૧૬ વિશેષજ્ઞતા–લાંબી સમજ. ૧૭ વૃદ્ધાનુસારીપણું શિષ્ટાનુસારિતા. ૧૮ વિનીતતા–નમ્રતા. ૧૯ કૃતજ્ઞતા–કર્યા ગુણનું જાણપણું. ૨૦ પરોપકારતા–પરહિતૈષિતા. ૨૧ લબ્ધલક્ષતા–કાર્યદક્ષતા–સુનિપુણતા. કળાકાશલ્ય.

(૨૦૦) પુર્વોકત ગુણના અભ્યાસ રહિત યોગ્યતા વિનાજ

ધર્મની પ્રાપ્તી થવી વંધ્યાપુત્ર અથવા શશશૃંગની પેરેઅશક્ય છે.

(૨૦૧) યોગ્ય જીવને પણ સત્ય ધર્મની પ્રાપ્તિ બહુધા શ્રમણ નિર્ગ્રંથદ્વારા હિતોપદેશ સાંભળવાથીજ થાય છે. માટે યોગ્ય જીવોને પણ સત્સમાગમની ખાસ અપેક્ષા રહેછેજ.

(૨૦૨) હજારો ગ્રંથ વાંચવાથી સાર ન મળે એવો સરસ સાર ક્ષણ માત્રમાં સત્સમાગમથી ભાગ્ય યોગે મળી શકે છે.

(૨૦૩) દુર્જનો છતે યોગે તેવા લાભથી કમનશીબજ રહે છે.

(૨૦૪) સજ્જનોને તો દુર્જનોની હૈયાતીથી અભિનવ જાગૃતિ રહે છે.

(૨૦૫) દુર્જનો સજ્જનોના નિષ્કારણ શત્રુ છે. પણ સજ્જનો તો સમસ્ત જગતના નિષ્કારણ મિત્ર છે.

(૨૦૬) દુર્જનોને દ્વિજીહ્વ સર્પ જેવા કહ્યા છે તે યથાર્થજ છે. કેમકે તે એકાંત હિતકારી સજ્જનને પણ કાટે છે.

(૨૦૭) સજ્જનો તો એવા ખારીલા—ઝેરીલા દુર્જનોને પણ દુહવવા ઇચ્છતા નથી એજ તેમનું ઉદાર આશયપણું સૂચવે છે

(૨૦૮) કાગડાને કે કોયલાને ગમે તેટલો ધોયો હોય તોપણ તે તેની કાળાશ તજેજ નહિ તેમ દુર્જનને પણ ગમે તેટલું જ્ઞાન આપો પણ તે કદાપિ કુટિલતા તજવાનો નહિ.

(૨૦૯) સજ્જનને તો ગમે તેટલું સંતાપશો તોપણ તે તેમની સજ્જનતા કદાપિ તજશેજ નહિ.

(૨૧૦) સજ્જનજ સત્ય ધર્મને લાયક છે. માટે બીજી ધમાલ તજી દઇને કેવલ સજ્જનતાજ આદરવા પ્રયત્ન કરો,

(૨૧૧) વીતરાગ સમાન કોઇ મોક્ષદાતા દેવ નથી.

(૨૧૨) નિર્ગ્રંથ સાધુ સમાન કોઇ સન્માર્ગ દર્શક સાથી નથી.

(૨૧૩) શુદ્ધ અહિંસા સમાન કોઈ ભવદુઃખવારક ઔષધ નથી.

(૨૧૪) આત્માના સહજ ગુણોનો લોપ કરે એવા રાગદ્વેશ અને મોહાદિક દોષોને સેવવા સમાન કોઇ પ્રબળ હિંસા નથી.

(૨૧૫) આત્માના જ્ઞાન દર્શન અને ચારિત્રાદિક સદ્‌ગુણોને સાચવી રાખવા અથવા તે સહજ ગુણોનું પોષણ કરવું તેના સમાન કોઇ શુદ્ધ અહિંસા નથી.

(૨૧૬) આત્મ હિંસા તજયા વિના કદાપિ આત્મ દયા પાળી શકવાના નથી. રાગદ્વેષ અને મોહ–મમતાદિક દુષ્ટ દોષોને તજીને સહજ આત્મ ગુણમાં મગ્ન રહેવું એજ ખરી આત્મ દયા છે. બીજી ઔપચારિક જીવદયા પાળવાનો પણ પરમાર્થ રાગાદિ દુષ્ટ દોષોને આવતા વારવાનો અને જ્ઞાન દર્શન અને ચારિત્રાદિક સદ્‌ગુણોને પોષવાનોજ છે.

(૨૨૭) સત્યાદિક મહાવ્રતો પાળવાનો પણ એજ મહાન્ ઉદ્દેશ છે, યાવત્ સકલ ક્રિયાનુષ્ઠાનનો ઉંડો હેતુ શુદ્ધ અહિંસા વ્રતની દૃઢતા કરવાનોજ છે.

(૨૨૮) એવી શુદ્ધ સમજ દીલમાં ધારી સંયમક્રિયામાં સાવધાન રહેનારા યોગીશ્વરો અવશ્ય આત્મહિત સાધી શકે છે.

(૨૨૯) એવી શુદ્ધ સમજ દીલમાં ધાર્યા વિના કેવળ અંધશ્રદ્ધાથી ક્રિયાકાંડને કરનારા સાધુઓ શીઘ્ર સ્વહિત સાધી શકતા નથી.

(૨૩૦) શુદ્ધ સમજવાળા જ્ઞાની પુરૂષોનો પૂર્ણ શ્રદ્ધાથી આશ્રય લહી સંયમ પાળનારા પ્રમાદ રહિત સાધુઓ પણ અવશ્ય આત્મહિત સાધી શકે છે. કેમકે તેમના નિયામક (નિ-

-યંતા નાયક) શ્રેષ્ઠ છે.

(૨૩૧) સુવિહિત સાધુજનો મોક્ષમાર્ગના ખરા સારથી છે એવી શુદ્ધ શ્રદ્ધાથી મોક્ષાર્થી ભવ્ય જનોએ, તેમનું દૃઢ આલંબન કરવું અને તેમની લગારે પણ અવજ્ઞા કરવી નહિ.

(૨૩૨) ગ્રહણ કરેલાં વ્રત યા મહાવ્રતને અખંડ પાળનાર સમાન કોઇ ભાગ્યશાળી નથી, તેનુંજ જીવિત સફળ છે.

(૨૩૩) ગ્રહણ કરેલાં વ્રત કે મહાવ્રતને ખંડીને જે જીવે છે તેની સમાન કોઇ મંદભાગ્ય નથી. કેમકે તેવા જીવિત કરતાં તો ગ્રહણ કરેલા વ્રત કે મહાવ્રતને અખંડ રાખીને મરવુંજ સારૂં છે.

(૨૩૪) જેને હિતકારી વચનો કહેવામાં આવતાં છતાં બિલકુલ કાને ધારતો નથી અને નહિં સાંભળ્યા જેવું કરે છે તેને છતે કાને બ્હેરોજ લેખવો યુક્ત છે, કેમકે તે શ્રોત્રને સફળ કરી શકતો નથી.

(૨૩૫) જે જાણી જોઇને ખરો રસ્તો તજીને ખોટે માર્ગે ચાલે છે, તે છતી આંખે આંધળો છે એમ સમજવું.

(૨૩૬) જે અવસર ઉચિત પ્રિય વચન બોલી સામાનું સમાધાન કરતો નથી તે છતે મુખે મૂંગો છે, એમ શાણા માણસે સમજવું.

(૨૩૭) મોક્ષાર્થી જનોએ પ્રથમપદે આદરવા યોગ્ય સદ્‌ગુરૂનું વચનજ છે.

(૨૩૮) જન્મ મરણના દુઃખનો અંત થાય એવો ઉપાય વિચક્ષણ પુરૂષે શીઘ્ર કરવો યુક્ત છે કેમકે તે વિના કદાપિ તત્ત્વથી શાંતિ થતી નથી.

(૨૩૯) તત્ત્વજ્ઞાન પૂર્વક સંયમાનુષ્ઠાન સેવવાથીજ ભવનો

અંત થાય છે.

(૨૪૦) પરભવ જતાં સંબલ માત્ર ધર્મનુંજ છે માટે તેનો વિશેષે ખપ કરવો; તે વિનાજ જીવ દુઃખની પરંપરાને પામે છે.

(૨૪૧) જેનું મન શુદ્ધ-નિર્મળ છે તેજ ખરો પવિત્ર છે એમ જ્ઞાનીયો માને છે.

(૨૪૨) જેના અંતર-ઘટમાં વિવેક પ્રગટ્યો છે, તેજ ખરો પંડિત છે એમ માનવું.

(૨૪૩) સદ્‌ગુરુની સુખકારી સેવાને બદલે અવજ્ઞા કરવી એજ ખરું વિષ છે.

(૨૪૪) સદા સ્વપરહિત સાધવા ઉજમાલ રહેવું એજ મનુષ્ય જન્મનું ખરું ફલ છે.

(૨૪૫) જીવને બેભાન કરી દેનાર સ્નેહ રાગજ ખરી મદિરા છે એમ સમજવું.

(૨૪૬) ધોળે દહાડે ધાડ પાડીને ધર્મધનને લૂંટનારા વિષયોજ ખરા ચોર છે.

(૨૪૭) જન્મ મરણનાં અત્યંત કટુક ફળને દેનારી તૃષ્ણાજ ખરી ભવવેલી છે.

(૨૪૮) અનેક પ્રકારની આપત્તિને આપનાર પ્રમાદ સમાન કોઇ શત્રુ નથી.

(૨૪૯) મરણ સમાન કોઇ ભય નથી અને તેથી મુક્ત કરનાર વૈરાગ્ય સમાન કોઈ મીત્ર નથી, વિષયવાસના જેથી નાબુદ થાય તેજ ખરો વૈરાગ્ય જાણવો.

(૨૫૦) વિષયલંપટ-કામાંધસમાન કોઇ અંધ નથી કેમકે તે વિવેક શુન્ય હોય છે.

(૨૫૧) સ્ત્રીના નેત્ર કટાક્ષથી જે ન ડગે તેજ ખરો શુરવીર છે.

(૨૫૨) સંત પુરુષોના સદુપદેશ સમાન બીજું અમૃત નથી. કેમકે તેથી ભવ તાપ ઉપશાંત થવાથી જન્મ મરણનાં અનંત દુઃખોનો અંત આવે છે.

(૨૫૩) દીનતાનો ત્યાગ કરવા સમાન બીજો ગુરુતાનો સીધો રસ્તો નથી.

(૨૫૪) સ્રીનાં ગહન ચરિત્રથી ન છેતરાય તેના જેવો કોઇ ચતુર નથી.

(૨૫૫) અસંતોષી સમાન કોઇ દુઃખી નથી કેમકે તે મંમણ શેઠની જેવો દુઃખી રહે છે,

(૨૫૬) પારકી યાચના કરવા ઉપરાંત કોઇ મોટું લઘુતાનું કારણ નથી.

(૨૫૭) નિર્દોષ-નિષ્પાપ વૃત્તિસમાન બીજું સારૂં જીવિતનું ફળ નથી.

(૨૫૮) બુદ્ધિબળ છતાં વિદ્યાભ્યાસ નહિ કરવા સમાન બીજી કોઇ જડતા નથી.

(૨૫૯) વિવેકસમાન જાગૃતિ અને મુઢતાસમાન નિદ્રા નથી.

(૨૬૦) ચંદ્રની પેરે ભવ્ય લોકોને ખરી શીતળતા કરનાર આ કલિકાલમાં ફક્ત સજ્જનોજ છે.

(૨૬૧) પરવશતા નર્કની પેરે પ્રાણીઓને પીડાકારી છે.

(૨૬૨) સંયમ યા નિવૃત્તિસમાન કોઇ સુખ નથી.

(૨૬૩) જેથી આત્માને હિત થાય તેવુંજ વચન વદવું તે સત્ય છે પણ જેથી ઉલટું અહિત થાય એવું વચન વિચાર્યા

વિના વદવું તે સત્ય હોય તો પણ અસત્યજ સમજવું. આથી જ અંધને પણ અંધ કહેવાનો શાસ્ત્રમાં નિષેધ કરેલો છે.

अध्यात्म–गीता.

પ્રણમીયે વિશ્વ હિત[1] જૈન વાણી,
મહાનંદ તરૂ સીંચવા અમૃત પાણી;
મહા મોહપુર ભેદવા વજ્ર પાણિ[2],
ગહન ભવફંદ છેદન કૃપાણિ[3]. ૧
દ્રવ્ય અનંત પ્રકાસક ભાસક તત્ત્વ સ્વરૂપ,
આતમ તત્ત્વ વિબોધક સત્ ચિદ્ રૂપ;
નય નિક્ષેપ પ્રમાણે જાણે વસ્તુ સમસ્ત.
ત્રિકરણ જોગે પ્રણમું જૈનાગમ સુપ્રશસ્ત[4]. ૨
જેણે આતમા શુદ્ધતાએ પિછાણ્યો,
તેણે લોક અલોકનો ભાવ જાણ્યો;
આત્મા રમણી મુનિ જગવિદિતા,
ઉપદિશી તેણે અધ્યાત્મ ગીતા. ૩
દ્રવ્ય સર્વના ભાવનો જાણુગ પાસગ એહ,
જ્ઞાતા કર્તા ભોકતા રમતા પરિણતિ ગેહ;
ગ્રાહક રક્ષક વ્યાપક ધારક ધર્મ સમૂહ,
દાન લાભ ભોગ ઉપભોગ તણો જે વ્યૂહ. ૪
સંગ્રહે એક આયા વખાણ્યો, નૈગમે અંશથી જે પ્રમાણ્યો;

૧ સર્વને હિતકારી. ૨ ઈંદ્ર. ૩ તલવાર. ૪ અતિ સુંદર.

દુવિધ વ્યવહાર નય વસ્તુ વહેંચે, અશુદ્ધ વળી શુદ્ધ ભાષન પ્રપંચે. ૫

અશુદ્ધપણે પણુસય તેસઠ્ઠી[૧] ભેદ પ્રમાણ,
ઉદય વિશેષે દ્રવ્યના ભેદ અનંત કહાણ;
શુદ્ધપણે ચેતનતા પ્રગટે જીવ વિભિન્ન,
ક્ષયોપશમિક અસંખ્ય ક્ષાયક એક અનુન્ન[૨].

નામથી જીવ ચેતન પ્રબુદ્ધ, ક્ષેત્રથી અસંખ્ય દેશી વિશુદ્ધ;
દ્રવ્યથી સ્વગુણ પર્યાય પિંડ, નિત્ય એકત્વ સહજ અખંડ. ૭

ઉજ્જુસુએ[૩] વિકલ્પ પરિણામે[૪] જીવ સ્વભાવ,
વર્તમાન પરિણત મય વ્યક્ત ગ્રાહક ભાવ;
શબ્દનયે નિજ સત્તા જોતો ઇહતો[૫] ધર્મ,
શુદ્ધ અરૂપી ચેતન અણગ્રહતો નવ[૬] કર્મ ૮

ઇણી પેરે શુદ્ધ સિદ્ધાત્મરૂપી, મુકત પરશકિત વ્યકત અરૂપી;
સમકિતી દેશયતિ સર્વ વિરતિ, ધરે સાધ્યરૂપે સદા તત્ત્વ પ્રીતિ. ૯

સમભિરૂઢ નયે નિરાવરણી જ્ઞાનાદિક ગુણ મુખ્ય,
ક્ષાયક અનંત ચતુષ્ટયી[૭] ભોગી મુગ્ધ અલક્ષ્ય;
એવંભૂતિ નિર્મળ સકળ સ્વધર્મ પ્રકાસ,
પૂરણ પર્યાય પ્રગટે પૂરણ શકિત વિલાસ. ૧૦

એમ નય ભંગ સંગે સનૂરો, સાધના સિદ્ધતા રૂપ પૂરો;
સાધક ભાવ ત્યાં લગે અધૂરો, સાધ્ય સિદ્ધે નહિ હેતુ સૂરો. ૧૧

કાળ અનાદિ અતીત અનંતે જે પર રકત,
સંગાંગી પરિણામે વર્તે મોહાસકત;

૧ પાંચસો અને ત્રેસઠ. ૨ સંપૂર્ણ. ૩ ૠજુસુત્ર નયે. ૪ અનુસારે ૫ અભિલષતો, ઇચ્છતો. ૬ નવાં ૭ અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય.

પુદ્ગલ ભોગે ધારે પુદ્ગળ ખંધ,
પર કર્તા પરિણામે બાંધે કર્મનો બંધ. ૧૨
બંધક વીર્ય કરણે ઉદીરે, વિપાકી પ્રકૃતિ ભોગવે દળ વિખેરે;
કર્મ ઉદયાગતા સ્વગુણ રોકે[1], ગુણ વિના જીવ ભવોભવે ઢોકે.[2] ૧૩
આતમગુણ આવરણે ન ગ્રહે આતમ ધર્મ,
ગ્રાહક શકિત પ્રયોગે જોડે પુદ્ગળ શર્મ;[3]
પરલાભે પરભોગને યોગે થાયે પર કીરતાર,
એ અનાદિ પ્રવર્તે વાધે પર વિસ્તાર. ૧૪
એમ ઉપયોગ વીર્યાદિ લબ્ધિ,પરભાવ રંગી કરે કર્મ વૃદ્ધિ;
પરદયાદિક યદા સુહ વિકલ્પે, તદા પુણ્ય કર્મ તણો બંધ કલ્પે. ૧૫
તેહજ હિંસાદિક દ્રવ્યાશ્રવ કરતો ચંચળ ચિત્ત,
કટુક વિપાકે ચેતન મેળે,[4] કર્મ વિચિત્ત;[5]
આતમ ગુણને હણતો હિંસક ભાવે થાય.
આતમધર્મ[6] નો રક્ષક ભાવ અહિંસ કહાય. ૧૬
આત્મગુણ રક્ષણા તેહ ધર્મ, સ્વગુણ વિધ્વંસણાતે અધર્મ;
ભાવ અધ્યાત્મ પ્રવૃત્તિ, તેહથી હોય સંસાર છિત્તિ[7] ૧૭
એહ પ્રબોધનો કારણ તારણ સદ્ગુરૂ સંગ,
શ્રુત ઉપયોગી ચરણાનંદી કરી ગુરૂ રંગ,
આતમ તત્ત્વાલંબી રમતા આતમ રામ,
શુદ્ધ સ્વરૂપને ભોગે યોગે જસુ[8] વિસરામ. ૧૮
સદ્ગુરૂ યોગથી બહુલા જીવ, કોઇ વળી સહજથી થઈ સજીવ;
આત્મ શકિત કરી ગંઠી[9]ભેદી, ભેદજ્ઞાની થયો આત્મવેદી, ૧૯

---

૧ અટકાવે. ૨ રખડે. ૩ સુખ. ૪ એકઠા કરે, સંચે. ૫ વિચિત્ર.
૬ જ્ઞાનાદિક આત્મગુણ. ૭ છેદ. ૮ જેને. ૯ મોહગ્રંથિ–રાગદ્વેષની ગાંઠ.

દ્રવ્ય ગુણ પર્યાય અનંતની થઇ પરતીત,
જાણ્યો આતમ કર્તા ભોકતા ગઇ પરભીત;
શ્રદ્ધાયોગે ઉપન્યો ભાસન સુનયે સત્ય,
સાધ્યાલંબી ચેતના વળગી આતમતત્ત્વ. ૨૦

ઇંદ્ર ચંદ્રાદિ પદવી રોગ જાણ્યો, શુદ્ધ નિજ શુદ્ધતા ધન પિછાણ્યો;
આત્મધન અન્ય આપે ન ચોરે, કોણ જગ દીન વળી કોણ જોરે ૨૧

આતમ સર્વ સમાન નિધાન મહા સુખકંદ,
સિદ્ધતણા સાધર્મી ? સત્તાએ ગુણવૃંદ;
જેહસ્વજાતિ તેહથી કોણ કરે વધ બંધ,
પ્રગટયો ભાવ અહિંસક જાણે શુદ્ધ પ્રબંધ, ૨૨

જ્ઞાનની તીક્ષ્ણતા ચરણ તેહ, જ્ઞાન એકત્વતા ધ્યાન ગેહ.
આત્મ તાદાત્મ્યતા[1] પૂર્ણ ભાવે, તદા નિર્મળાનંદ સંપૂર્ણ પાવે.૨૩

ચેતન અસ્તિ સ્વભાવમાં જેહને ભાસે ભાવ,
તેહથી ભિન્ન અરોચક રોચક આત્મસ્વભાવ.
સમકિત ભાવે ભાવે આતમ શકિત અનંત,
કર્મ નાસનો ચિંતન નાણે ચિંતે તે મતિમંદ. ૨૪

સ્વગુણ ચિંતન રસે બુદ્ધિ ઘાલે, આત્મ સત્તા ભણી જે નિહાળે;
શુદ્ધ સ્યાદ્વાદપદ જે સંભાળે,[2] પરઘરે[3] તેહ મતિ કેમ વાળે. ૨૫

પુન્ય પાપ બે પુદ્ગળ દળ પાસે પરભાવ,
પરભાવે પરસંગત પામે દુષ્ટ વિભાવ;
તે માટે નિજ ભોગી યોગીસર સુપ્રસન્ન,
દેવ નરક તૃણ મણિ સમ[4] ભાસે જેહને મન્ન. ૨૬

૧ તન્મયતા, અભેદતા એકતા. ૨ બરાબર કાળજીથી (વીતરાગની આજ્ઞાને) પાળે. ૩ નકામી વસ્તુમાં. ૪ ન્યુનાધિકતા રહિત.

તેહ સમતા રસ તત્ત્વ સાધે,
નિશ્ચલાનંદ અનુભવ આરાધે;
તીવ્ર ઘનઘાતિ[૧] નિજ કર્મ તોડે,
સંધિ[૨] પડિલેહિને[૩] તે વિછોડે. ૨૭

સમ્યગ્ રત્નત્રયી રસ સાચો ચેતન રાય.
જ્ઞાનક્રિયા ચ્ચે ચકચુરે સર્વ અપાય[૪],
કારક[૫] ચક્ર સ્વભાવે સાધે પૂરણ સાધ્ય,
કર્તા કારણ કારજ એક થયા નિરબાધ. ૨૮

સ્વગુણ આયુધ થકી કર્મ ચુરે,
અસંખ્યાત ગુણ નિર્જરા તેહ પુરે;
ટળે આવરણથી ગુણ વિકાસે,
સાધના શક્તિ તેમ તેમ પ્રકાસે. ૨૯

પ્રગટયો આતમ ધર્મ થયા સવિ સાધન રીત,
બાધકભાવ ગ્રહણતા ભાગી જાગી નીત;
ઉદય ઉદીરણ તે પણ પૂરણ નિર્જરા કાજ,
અનભિસંધી બંધકતા નીરસતા[૬] આતમરાજ. ૩૦

દેશપતિ જબ થયો નિત્ય રંગી,
તદા કોણ થાય કુનય ચાલ સંગી;
યદા આતમા આત્મભાવે રમાવ્યો,
તદા બાધક ભાવ દુરે ગમાવ્યો. ૩૧

---

૧ જ્ઞાનાવરણી, દર્શનાવરણી, મોહની અને અંતરાય કર્મ. ૨ લાગ. ૩ જોઇને. ૪ વિઘ્ન. ૫ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અને અધિકરણરૂપ ષટ. ૬ અનાઉપયોગે બંધાતા કર્મની ઓછાશ.

સહજ ક્ષમા ગુણુ શકિતથી છેદ્યો ક્રોધ સુભટ,
માર્દવ[૧] ભાવ પ્રભાવથી ભેદ્યો માન મરટ્ટ;
માયા આર્જવ[૨] યોગે લોભે તે નિઃસ્પૃહ ભાવ,
મોહ મહાભડ[૩] ધ્વંસે ધ્વંસ્યો[૪] સર્વ વિભાવ. ૩૨

એમ સ્વભાવિક થયો આત્મ વીર, ભોગવે આત્મ સંપદા સુધીર;
જે ઉદયાગતા પ્રકૃતિ વળગી, અવ્યાપક થયો ખેરવે તેહ અળગી. ૩૩

ધર્મ ધ્યાન એક તાનમેં ધ્યાવે અરિહા સિદ્ધ,
તે પરિણુતિથી પ્રગટી તાત્વિક સહજ સમૃદ્ધ;[૫]
સ્વ સ્વરૂપ એકત્વે તન્મય ગુણુ પર્યાય,
ધ્યાને ધ્યાતા નિરમોહીને વિકલ્પ જાય. ૩૪

યદા નિર્વિકલ્પી થયો શુદ્ધ બ્રહ્મ, તદા અનુભવે શુદ્ધ આનંદ શર્મ;
ભેદ રત્નત્રયી તીક્ષ્ણુતાએ, અભેદ રત્નત્રયી મેં સમાએ. ૩૫

દર્શન જ્ઞાન ચરણુ ગુણુ સમ્યગ્ એક એકના હેતુ,
સ્વ સ્વ હેતુ થયા સમકાલે તેહ અભેદ ભાષેતુ;
પૂર્ણ સ્વજાતિ સમાધિ ઘનઘાતિ દલ છિન્ન,
ક્ષાયિક ભાવે પ્રગટે આતમ ધર્મ વિભિન્ન. ૩૬

પછી યોગ[૬] રૂંધી થયો તે અયોગી, ભાવ શૈલે સિતાએ[૭] અભંગી
પંચ લઘુ અક્ષરે કાર્યકારી, ભવોગ્રહી[૮] કર્મ સંતતિ વિડારી. ૩૭

સમશ્રેણે એક સમયે પહોંત્યા જે લોકાંત,
અપુસમાણુ[૯] ગતિ નિર્મળ ચેતન ભાવ મહાંત;
ચરમ ત્રિભાગ વિહીન[૧૦] પ્રમાણે જસુ અવગાહ,

---

૧ નમ્રતા, લઘુતા–વિનય. ૨ સરલતા. ૩ સુભટ—વીર. ૪ વિનાશ્યો. ૫ સમૃદ્ધિ—અનર્ગલ ધન. ૬ મન, વચન અને કાયા. ૭ મેરૂપર્વતની જેવી નિશ્ચળતા, શૈલેશીકરણુ ૮ અઘાતિ. ૯ અસ્પર્શમાન. ૧૦ ૨/૩.

આતમ ભેદ અરૂપ અખંડા ડનંદાબાહ. ૩૮
જીહાં એક સિદ્ધાત્મ તિહાં છે અનંતા,
અવન્ના અગંધા નહિ ફાસમંતા,[1]
આતમગુણ પૂર્ણતાવંત સંતા, નિરાબાધ,
અત્યંત સુખાસ્વાદ વંતા, ૩૯
કર્તા કારણ કારજ નિજ પરિણામિક ભાવ,
જ્ઞાતા જ્ઞાયક ભોગ્ય ભોગ્યતા શુદ્ધ સ્વભાવ;
ગ્રાહક રક્ષક વ્યાપક તન્મયતાએ લીન,
પૂરણ આતમ ધર્મ પ્રકાસ રસે લયલીન. ૪૦

દ્રવ્યથી જીવ ચેતન અલેશી, ક્ષેત્રથી જે અસંખ્ય પ્રદેશી;
ઉત્પાદ વળી નાસ ધ્રુવ કાળધર્મ, શુદ્ધ ઉપયોગ ગુણ ભાવ શર્મ. ૪૧

સ્યાદ્વાદ આતમ સત્તા રૂચિ સમકિત તેહ,
આતમ ધર્મનો ભાસન નિર્મળ જ્ઞાની જેહ;
આતમ રમણી ધ્યાની આતમ લીન,
આતમ ધર્મ રમો તેણે[2] ભવ્ય સદા સુખ પીન.[3] ૪૨

અહો ભવ્ય તમે ઓળખો જૈન ધર્મ, જેણે પામીયે શુદ્ધ અધ્યાત્મમર્મ;
અલ્પકાળે ટળે દુષ્ટ કર્મ, પામીએ સોય આનંદ શર્મ. ૪૩

નય નિક્ષેપ પ્રમાણે જાણે જીવાજીવ,
સ્વપર વિવેચન કરતાં થાયે લાભ સદૈવ;
નિશ્ચયને વ્યહારે વિચરે જે મુનિરાજ,
ભવસાગરના તારણ નિર્ભય તેહ જહાજ. ૪૪

વસ્તુતત્ત્વે રમ્યા તે નિગ્રંથ, તત્ત્વ અભ્યાસ તિહાં સાધુ પંથ;

---

૧ વર્ણ ગંધ અને સ્પર્શરહિત, અરૂપી શુદ્ધ સહજ સ્વરૂપી. ૨ તે માટે. ૩ પુષ્ટ.

તીણે ગીતાર્થ ચરણે રહીજે, શુદ્ધ સિદ્ધાન્ત રસ તો લહીજે. ૪૫

શ્રુત અભ્યાસી ચોમાસી વાસી લીમડી ઠામ,
શાસન રાગી સોભાગી શ્રાવકનાં બહુ ધામ;
ખરતર ગછ પાઠક શ્રી દીપચંદ સુપસાય.

દેવચંદ્ર નિજ હરખે ગાયો આતમ રાય. ૪૬

આત્મરમણ કરવા અભ્યાસે, શુદ્ધ સત્તા રસીને ઉલ્લાસે;
દેવચંદ્રે રચી આત્મગીતા, આત્મરમણી મુનિ સુપ્રતીતા.[1] ૪૭

ઇતિ અધ્યાત્મ ગીતા;

ક્ષમા છત્રીશી.

આદર જીવ ક્ષમા ગુણ આદર, મ કરીશ રાગ ને દ્વેષજી;
સમતાયે શીવસુખ પામીજે, ક્રોધે કુગતિ વિશેષજી. આ૦ ૧
સમતા સંજમ સાર સુણીજે, કલ્પસૂત્રની શાખેજી;
ક્રોધ પૂર્વ કોડિ ચારિત્ર બાળે, ભગવંત એણીપેરે ભાખેજી. આ૦ ૨
કુણ કોણ જીવ તર્યા ઉપશમથી, સાંભળ તું દૃષ્ટાંતજી;
કુણ કોણ જીવ ભમ્યા ભવમાંહે, ક્રોધ તણે વિરતંતજી. આ૦ ૩
સોમલ સસરે શીશ પ્રજાળ્યો, બાંધી માટીની પાળજી;
ગજસુકમાળ ક્ષમા મન ધરતો, મુક્તિ ગયો તતકાળજી. આ૦ ૪
કુળવાળુઓ સાધુ કહાતો, કીધો ક્રોધ અપારજી;
કોણિકની ગણિકા વશ પડિયો. રડવડિયો સંસારજી. આ૦ ૫
સોવનકાર કરી અતિ વેદન, વાધસું વીંટયું શીશજી;
મેતારજ મુનિ મુગતિ પહોત્યો, ઉપશમ એહ જગીશજી. આ૦ ૬

---

૧ સુપ્રસિદ્ધ.

કુરૂડ અકુરૂડ બે સાધુ કહાતા, રહ્યા કુણાલા ખાળજી;
ક્રોધ કરી કુગતે તે પહોત્યા, જનમ ગમાયો આળજી. આ૦ ૭
કર્મ ખપાવી મુગતે પહોતા, ખંધક સૂરિના શિષ્યજી;
પાલક પાપીયે ઘાણી પીલ્યા, નાણી મનમાં રીશજી. આ૦ ૮
અચ્છંકારી નારિ અછંકી, તોડયો પિયુશું નેહજી;
બબ્બર કુળ સહ્યાં દુઃખ બહોળાં, ક્રોધ તણાં ફળ એહજી આ૦ ૯
વાઘણે સર્વ શરીર વલૂર્યું, તત્ક્ષણ છોડયા પ્રાણજી;
સાધુ સુકોશળ શિવસુખ પામ્યા, એહ ક્ષમાગુણ જાણજી. આ૦ ૧૦
કુણ ચંડાળ કહિજે બિહુમેં, નિરતી નહિ કહે દેવજી;
રૂષી ચંડાળ કહીજે વઢતો, ટાળે વેઢની ટેવજી. આ૦ ૧૧
સાતમી નરકે ગયો તે બ્રહ્મદત, કાઢી બ્રાહ્મણ આંખજી;
ક્રોધ તણાં ફળ કડવાં જાણી, રાગદ્વેષ ઘા નાંખજી. આ૦ ૧૨
ખંધક રૂષીની ખાલ ઉતારી, સહ્યા પરીસહ જેણજી;
ગરભાવાસના દુઃખથી છુટયો, સબળ ક્ષમાગુણ તેણજી. આ૦ ૧૩
ક્રોધ કરી ખંધક આચારજ, હુઓ અગ્નિ કુમારજી;
દંડક નૃપનો દેશ પ્રજાળ્યો, ભમશે ભવહ મઝારજી. આ૦ ૧૪
ચંડરૂદ્ર આચારજ ચલતાં; મસ્તક દીધ પ્રહારજી;
ક્ષમા કરંતાં કેવળ પામ્યો, નવ દિક્ષીત અણગારજી. આ૦ ૧૫
પાંચવાર રૂષીને સંતાપ્યો; આણી મનમાં દ્વેષજી;
પંચભવ સીમદહ્યો નંદનાદિક, ક્રોધતણાં ફળ દેખજી. આ૦ ૧૬
સાગરચંદનું શીશ પ્રજાળી, નિશિ નભસેન નરિંદજી;
સમતા ભાવ ધરી સુરલોકે, પુહુતો પરમાનંદજી. આ૦ ૧૭
ચંદના ગુરૂણીયેં ઘણું નિભ્રંછી, ધિગ્ ધિગ્ તુજ આચારજી;
મૃગાવતી કેવળ સિરિ પામી, એહ ક્ષમા અધિકારજી. આ૦ ૧૮

સાંબ પ્રદ્યુમ્ન કુમારે સંતાપ્યો, કૃષ્ણ દ્વૈપાયન સાહજી;
ક્રોધ કરી તપનું ફળ હાર્યો, કીધો દ્વારિકા દાહજી. આ૦ ૧૯
ભરતને મારણ મૂઠિ ઉપાડી, બાહુબળ બળવંતજી
ઉપશમ રસ મનમાંહિ આણી, સંજમ લે મતિમંતજી. આ૦ ૨૦
કાઉસગમાં ચડિયો અતિ ક્રોધે પ્રસનચંદ્ર રૂષિરાયજી;
સાતમી નરકતણાં દલ મેળ્યાં, કડુઆ તેણે કષાયજી. આ૦ ૨૧
આહારમાંહે ક્રોધે રૂષિ થુંકયો, આણ્યો અમૃત ભાવજી.
કુરગડુએ કેવળ પામ્યું, ક્ષમાતણે પરભાવજી. આ૦ ૨૨
પાર્શ્વનાથને ઉપસર્ગ કીધા, કમઠ ભવાંતર ધીઠજી;
નરક તિર્યંચતણાં દુઃખ લાધાં, ક્રોધતણાં ફળ દીઠજી. આ૦ ૨૩
ક્ષમાવંત દમદંત મુનિશ્વર, વનમાં રહ્યા કાઉસ્સગ્ગજી;
કૌરવ કટક હણ્યો ઈંટાળે, ત્રોડ્યાં કર્મના વર્ગજી. આ૦ ૨૪
સજ્યા પાળક કાને તરૂઓ, નાખ્યો ક્રોધ ઉદીરજી;
બિહું કાને ખીલા ઠોકાણા, નવિ છુટા મહાવીરજી. આ૦ ૨૫
ચાર હત્યાનો કારક હુંતો, દઢ પ્રહારિ અતિરેકજી;
ક્ષમા કરીને મુક્તિ પહોત્યો, ઉપસર્ગ સહી અનેકજી. આ૦ ૨૬
પોહોરમાંહે ઉપજંતો હાર્યો, ક્રોધે કેવળ નાણજી;
દેખો શ્રીદમસાર મુનીશ્વર, સૂત્ર ગુણ્યો ઉઠ્ઠાણજી. આ૦ ૨૭
સિંહ ગુફાવાસી રૂષિ કીધો, થુલિભદ્ર ઉપર કોપજી;
વેશ્યા વચને ગયો નેપાળે, કીધો સંજમ લોપજી. આ૦ ૨૮
ચંદ્રાવતંસક કાઉસગ રહિયો, ક્ષમાતણો ભંડારજી;
દાસી તેલ ભર્યો નિશિ દીવો સુર પદવી લહી સારજી. આ૦ ૨૯
એમ અનેક તર્યા ત્રિભુવનમે, ક્ષમા ગુણે ભવિ જીવજી;
ક્રોધ કરી કુગતે તે પહોત્યા, પાડંતા મુખ રીવજી. આ૦ ૩૦

વિષ હલાહલ કહીએ વિરૂઓ, તે મારે એકવારજી;
પણ કષાય અનંતી વેળા, આપે મરણ અપારજી. આ૦ ૩૧
ક્રોધ કરંતા તપ જપ કીધાં. ન પડે કાંઇ ઠામજી;
આપ તપે પરને સંતાપે, ક્રોધ શું કેહો કામજી. આ૦ ૩૨
ક્ષમા કરંતા ખરચ ન લાગે, ભાંગે કોડ કલેશ જી
અરિહંત દેવ આરાધક થાવે, વ્યાપે સુયશ પ્રદેશજી. આ૦ ૩૩
નગરમાંહે નાગોર નગીનો, જ્યાં જિનવર પ્રાસાદજી
શ્રાવક લોક વશે અંત સુખીયા, ધર્મતણે પ્રસાદજી. આ૦ ૩૪
ક્ષમા છત્રીશી ખાંતે કીધી, આતમ પર ઉપકારજી;
સાંભળતાં શ્રાવક પણ સમજ્યા, ઉપશમ ધર્યો અપારજી. આ૦ ૩૫
જુગ પ્રધાન જિણચંદ સુરિશ્વર, સકળચંદ તસુ શિષ્યજી.
સમય સુંદર તસુ શિષ્ય ભણે એમ,ચતુર્વિધ સંઘજગીસજી. આ૦ ૩૬

ઇતી ક્ષમાછત્રીશી સંપૂર્ણ.

यति धर्म बत्रिशी.

દોહા.

ભાવ યતિ તેને કહો, જ્યાં દશવિધ યતિ ધર્મ;
કપટ ક્રિયામાં માલ્હતા, મહીયાં બાંધે કર્મ. ૧
લૌકિક લોકોત્તર ક્ષમા, દુવિધ કહી ભગવંત;
તેહમાં લોકોત્તર ક્ષમા, પ્રથમ ધર્મ છે તંત. ૨
વચન ધર્મ નામે કહ્યો, તેહના પણ બહુ ભેદ;
આગમ વયણે જે ક્ષમા. તેહ પ્રથમ અપખેદ. ૩
ધર્મ ક્ષમા નિજ સહજથી, ચંદન ગંધ પ્રકાર;
નિરતિચાર તે જાણીએ, પ્રથમ સૂક્ષ્મ અતિચાર. ૪

ઉપકારે અપકારથી, લૌકિક વળી વિવાગ;
બહુ અતિચાર ભરી ક્ષમા, નહિ સંયમને લાગ. ૫
બાર કષાયે ક્ષય કરી, જે મુનિ ધર્મ લહાય;
વચન ધર્મ નામે ક્ષમા, જે બહુ તિહાં કહાય. ૬
મદ્દવ અજ્જવ મુત્તિ તવ, પંચ ભેદ એમ જાણ;
ત્યાં પણ ભાવ નિયંઠને, ચરમ ભેદ પ્રમાણ. ૭
ઇહ લોકાદિક કામના, વિણ અણસણ મુખ જોગ;
શુદ્ધ નિર્જરા ફળ કહ્યો; તપ શિવસુખ સંયોગ. ૮
આશ્રવ દ્વારને રુંધિયે, ઇંદ્રિય દંડ કષાય;
સત્તર ભેદ સંયમ કહ્યો, એહિજ મોક્ષ ઉપાય. ૯
સત્ય સૂત્ર અવિરુદ્ધ જે, વચન વિવેક વિશુદ્ધ;
આલોયણ જળ શુદ્ધતા, શૌચ ધર્મ અવિરુદ્ધ. ૧૦
ખગ ઉપાય મનમે ધરે, ધર્મોપગરણ જેહ;
વરજિત ઉપધિ ન આદરે, ભાવ અકિંચન તેહ. ૧૧
શીલ વિષય મન વૃત્તિ જે, બ્રહ્મ તેહ સુપવિત્ત;
હોય અનુત્તર દેવને, વિષય ત્યાગનો ચિત્ત. ૧૨
એ દસવિધ યતિધર્મ જે, આરાધે નિત્યમેવ;
મૂળ ઉત્તર ગુણ યતનથી, તેહની કીજે સેવ. ૧૩
અંતર જતના વિણ કિશ્યો, બાહ્ય ક્રિયાનો લાગ;
કેવળ કંચુકિ પરિહરે, નિર્વિષ હુએ ન નાગ. ૧૪
દોષરહિત આહાર લ્યે, મનમાં ગારવ રાખિ;
તે કેવળ આજીવિકા, સૂયગડાંગની સાખિ. ૧૫
નામ ધરાવે ચરણનું, વિગર ચરણ ગુણખાણ;
પાપ શ્રમણ તે જાણીયે, ઉત્તરાધ્યયન પ્રમાણ. ૧૬

શુદ્ધ ક્રિયા ન કરી શકે, તો તું શુદ્ધું ભાખ;
શુદ્ધ પ્રરૂપક હોઇ કરી, જિનશાસન સ્થિતિ રાખ. ૧૭
ઉસન્નો પણ કરમ રજ, ટાળે પાળે બોધ;
ચરણ કરણ અનુમોદતા, ગચ્છાચારે સોધ. ૧૮
હીણો પણ જ્ઞાને અધિક, સુંદર સુરુચિ વિશાળ;
અલ્પાગમ મુનિ નહિ ભલો, બોલે ઉપદેશ માળ. ૧૯
જ્ઞાનવંતને કેવળી; દ્રવ્યાદિક અહિ નાણ;
બૃહત્ કલ્પ ભાષે વળી, સરસા ભાષ્યા જાણ. ૨૦
જ્ઞાનાદિક ગુણ મચ્છરી, કષ્ટ કરે તે ફોક;
ગ્રંથિ ભેદ પણ તસ નહી, ભૂલે ભોળા લોક. ૨૧
જયોં જોહાર જવેહરી, જ્ઞાને જ્ઞાની તેમ;
હીણાધિક જાણે ચતુર, મૂરખ જાણે કેમ. ૨૨
આદર કીધે તેહને, ઉન્મારગ થીર હોય;
બાહ્ય ક્રિયા મત રાચજો, પંચાશક અવલોય. ૨૩
જેહથી મારગ પામીયો, તેહને સામો થાય;
પ્રત્યનીક તે પાપીયો નિશ્ચયેં નરકે જાય. ૨૪
સુંદર બુદ્ધિપણે કર્યો, સુંદર સરવ ન થાય;
જ્ઞાનાદિક વચને કરી, મારગ ચાલ્યો જાય. ૨૫
જ્ઞાનાદિક વચને રહ્યા, સાધે જે શીવ પંથ;
આતમ જ્ઞાને ઉજળો, તેહ ભાવ નિગ્રંથ. ૨૬
નિંદક નિશ્ચે નારકી, બાહ્ય રૂચિ મતિ અંધ;
આતમ જ્ઞાને જે રમે, તેહને તો નહિ બંધ. ૨૭
આતમ સાખે ધર્મ જે, ત્યાં જનતું શું કામ;?
જન મન રંજન ધર્મનું, મૂલ ન એક બદામ. ૨૮

જગમાં જન છે બહુ સુખી, રૂચિ નહી કો એક;
નિજ હિત હોય તિમ કીજીયે, ગ્રહી પ્રતિજ્ઞા ટેક. ૨૯
દૂર રહી જે વિષયથી, કીજે શ્રુત અભ્યાસ;
સંગતિ કીજે સંતની, હુઈયે તેહના દાસ. ૩૦
સમતાસેં લય લાઇયે, ધરિ અધ્યાતમ રંગ;
નિંદા તજીયે પરતણી, ભજીયે સંયમ ચંગ. ૩૧
વાચક યશ વિજયેં કહી, એ મુનિને હિત વાત;
એહ ભાવ જે મુનિ ધરે, તે પામે શીવ સાત. ૩૨

ઇતિ સંયમ બત્તીસી સંપૂર્ણ.

"जैन कोमना हितनी खातर खास निर्माण करेली समयानुसारी बहु उपयोगी सूचनाओ."

१. विदेशी भ्रष्ट वस्तुओथी आपणे सदंतर दूर रहेवुं अने स्वदेशी पवित्र वस्तुओनोज उपयोग निश्चयपूर्वक करवो अने कराववो.

२. आपणा पवित्र तीर्थोनी रक्षा माटे आपणे विशेषे सावधान रहेवुं.

३. कोइ पण प्रकारना खोटा व्यसनथी सावधानपणे दूर रहेवुं. अने अन्य भाइ व्हेनोने दूर रहेवा प्रेरणा कर्या करवी.

४. शांत रसथी भरपूर जिन–प्रतिमाने जिनवत् लेखी तेवी शांत दशा प्रगटाववा प्रतिदिन पूजा अर्चादिक करवा कराववा पूरतुं लक्ष राखवुं तथा रखाववुं.

५. परम सुख शांतिने आपवावाळी श्री जिन वाणीनो स्वाद मेळववा दिवस रात्रीमां थोडो वखत पण जरुर श्रम लेवो, अभ्यास राखवो.

६. जैन तरीके आपणुं शुं शुं कर्तव्य छे ते पू-

रा तोरथी जाणी लेवा अने जाणीने ते प्रमाणे वर्तवा पूरो ख्याल राखवो.

७. शरीर सारुं होय तो धर्मसाधन सारी रीते साधी शकाय छे. एवी बुद्धिथी शरुआतथीज शरीरनी संभाळ राखवा सावचेत रहेवु. वळी बाळलग्न, वृद्धाविवाह, परस्त्री तथा वेश्यागमन, कुपथ्य भोजन अने कुदरतविरुद्ध वर्तनथी नाहक विर्यनो नाश थवा साथे शरीर कमजोर थायज छे, एम समजी उक्त अनाचारोथी सदंतर दूर रहेवा खास लक्ष राखतां रहेवुं.

८. आवकना प्रमाणमांज खर्च करवा तेमज नकामा उडाउ खर्चो बंध करी बचेला नाणांनो सदुपयोग करवा करावबा पूरतुं लक्ष राखवुं अने रखाववुं.

९. धर्मादा खाते जे रकम खर्चवा धारी होय ते विलंब कर्या विना विवेकथी खर्ची देवी कारणके सदा काळे सरखा परिणाम रही शकता नथी. वळी लक्ष्मी पण आज छे, अने काले नथी.

१०. ज्ञानदान समान कोइ दान नथी, एम

समजी सहुए तेमां यथाशक्ति सहाय करवी, तत्त्वज्ञाननो फेलावो थवा पामे तेवो प्रबंध करवो, केमके शासननी उन्नतिनो खरो आधार तत्त्वज्ञान उपरज छे.

११, जैनी भाइ ब्हेनोमां पण केटलाक भागे कळा कौशल्यनी खामीथी, प्रमादथी तथा अगमचेतीपणाना अभावथी बहुधा नातवरा विगेरे नकामा खर्चो करवाथी दुःखी हालत थवा पामेली छे, ते दूर थाय तेवी देशकाळने अनुसारे उछरती प्रजाने तालीम (केळवणी) आपवी दरेक स्थळे शरु करवानी पूरी जरुर छे.

१२. वीतराग प्रभुनो उपदेश सारी आलमने उपगारी थइ शके एवो होवाथी तेनो जेम प्रसार थवा पामे तेम प्रयत्न कर्या करवो. जिनेश्वर भगवाने आपेली शिखामणोनुं सार ए छे केः—

क. सर्व जीवनुं भलुं करवा कराववा बनती काळजी राखवी.

ख. सादाइ अने नरमाश राखवी.

ग. समजु अने सरल (विवेकी) बनवुं.

घ. निर्लोभी थइ संतोष वृत्तिमांज सुख मानवुं.

ङ. आळस तजी चीवट राखी यथाशक्ति आत्मसाधन करवुं.

च, मन, वचन अने कायाने काबुमां राखवा तत्पर रहेवुं.

छ. सत्यनुं स्वरुप समजीने सत्यज बोलवुं, हितमित भाषण करवुं.

ज. अंतःकरण साफ राखी शुद्ध व्यवहार सेववो कोइ रीते मलीनता आदरवी नहि.

झ. उदार दिलथी आत्मार्पण करवुं, स्वार्थता तजी परमार्थ प्रति प्रेम लगाडवो, परार्थ परायण रहेवुं.

ञ. उत्तम प्रकारनुं सद्वर्तन (आदरवुं) सेववुं.

१३. काळ मुख कुसंपने जेम तेम दाटी दइ सुखदायी संपने वधारवा शासन रसिक जनोए भगीरथ प्रयत्न सेववा तत्पर थवुं.

१४. हानिकारक रीत रीवाजोने दूर करवा कराववा पूरतुं मथन करवुं.

१५. सीदाता साधर्मी जनोने विवेकथी सहाय आपवा मेदान पडवुं.

१६. जे उत्तम पुरुषे आपणने उपगार कर्यो होय, तेनी सामा थइ तेने नुकशान करवानी अगर तेनुं बुरु बोलवानी प्रवृत्ति स्वार्थने खातर अगर प्राणांत कष्ट आवे छते पण करवी नाहि.

१७. कोइए करेला अपराधथी गुस्से थइ तेनो अनादर करवाने बदले शांतिथी तेनुं खरुं स्वरुप समजावी ठेकाणे पाडवामांज सार छे.

१८. द्रव्य, क्षेत्र, काळ अने भावने लक्षमां राखीने उचित प्रवृत्ति करतां नम्रता धारण करशे, तेज भव्यजनो स्वपर हितने साधवा समर्थ थइ शकशे. रागद्वेष अने मोहने सर्वथा तजी सर्वज्ञ सर्वदर्शी थइ आपणने पण एवाज–निर्मळ निर्दोष थवा जिनेश्वर भगवान उपदिशे छे.

उक्त सूचना मुजब वर्तवा सकळ उपदेशक मुनिमंडळ तथा अन्य उत्साही श्रावक वर्ग खरा जीगरथी प्रयत्न करे तो सारो अने संगीन लाभ स्वल्प समयमां थवो संभवे छे. सुज्ञेषु किंबहुना.

समाप्त.